બુજ્ઝ! બુજ્ઝ! ચંડકોસિઆ

પંન્યાસ મુક્તિવલ્લભવિજય

બુજ્ઝ ! બુજ્ઝ ! ચંડકોસિઆ

લેખક
પંન્યાસ મુક્તિવલ્લભવિજય

પ્રકાશક
પ્રજ્ઞા પ્રબોધ પરિવાર
હીરેન પેપર માર્ટ
મહાદેવસિંગ ચાલ, કોલડુંગરી,
સહાર રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.
ફોન : ૨૬૮૪૧૬૬૦ / ૬૬૨૪૪૬૬૦ / ૨૬૮૪૦૯૬૮ (ઘર) : ૨૬૧૬૬૧૪૩

■ પ્રાપ્તિસ્થાન :

હીરેન પેપર માર્ટ
મહાદેવસિંગ ચાલ, કોલડુંગરી,
સહાર રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.
ફોન : ૨૬૮૪૧૬૬૦ / ૬૬૨૪૪૬૬૦ / ૨૬૮૪૦૯૬૮ (ઘર) : ૨૬૧૬૬૧૪૩

નવભારત સાહિત્ય મંદિર
૧૪૩, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ – ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૭૨૧૩ / ૨૨૦૮ ૫૫૯૩

નવભારત સાહિત્ય મંદિર
ફતાસાની પોળની સામે, ગાંધીરોડ, અમદાવાદ.
ફોન : ૨૨૧૩ ૯૨૫૩ / ૨૨૧૩ ૨૯૨૧

જૈન પ્રકાશન મંદિર
૩૦૯/૪, ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ, અમદાવાદ – ૩૮૦૦૦૧.
ફોન : ૨૫૩૫ ૬૮૦૬

મહેશભાઈ વી. વોરા
૩, વીરેશ્વર છાયા, થાણાવાલા લેન, તેજપાલ રોડ,
વિલે પાર્લા (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૫૭.
ફોન : ૨૬૧૬ ૬૬૪૨ / ૨૨૯૧૬૮૫૪

અરિહંત કટલરી
આંબાચોકની પાછળ, પોલીસ ગેટની બાજુમાં,
ભાવનગર
ફોન : ૨૫૧૨૪૯૨

■ **દસમું સંસ્કરણ : ૨૦૦૬** : (વિ.સં. ૨૦૬૨)

■ **મૂલ્ય : ૫૦-૦૦**

■ મુદ્રક :
યશ પ્રિન્ટર્સ
૩૯, ફરિયાવાલા એસ્ટેટ, અવતાર હોટલની સામે,
ઈસનપુર, નારોલ હાઈવે, અમદાવાદ-૩૮૨ ૪૪૩
ફોન : ૨૫૭૩૧૧૬૪, ૫૫૨૩૮૨૨૩

બુજ્ઝ ! બુજ્ઝ ! ચંડકોસિઆ

મારું હૃદય એક અરણ્ય,
નિર્જન અને વેરાન.
અંદર આવવાની હિંમત પણ કોણ કરે ?
ત્યાં આવવાની ઇચ્છા પણ કોને થાય ?
અંદર વસે છે એક બિહામણો કોપભુજંગ...
ભારે ચંડ અને મહારૌદ્ર,
ચંડકૌશિક તેનું નામ.
ધસમસતો ફૂંફાડા મારે, ઝેરીલા ડંખથી દંશે, આંખથી પણ કાતિલ ઝેર છોડે.
કાળો કેર વર્તાવ્યો છે તેણે.
કેટલાયને ભોંયભેગા તેણે કરી નાંખ્યા છે.
ભયનું મહાસામ્રાજ્ય તેણે ફેલાવી દીધું હતું.
પણ, આ ભયંકર અરણ્યમાં કોઇનાં પગલાં પડયાં. નિર્ભીકતા અને મક્કમતાની સાથે એક દિવ્ય કરુણાનો મંગલધ્વનિ તે મધુર પગરવમાંથી ફૂટીને પ્રસરતો હતો.
પગરવ પેલા કાળોતરા નાગના કાને પડ્યો.
રાફડામાંથી ધસમસતો બહાર આવ્યો.
પ્રાણની સોદાબાજી કરવાનું આ દુઃસાહસ કોને સુઝ્યું હશે ?
અસ્તિત્વનો વિલય પામી જવાના દુષ્ટ મનોરથો કોને ઊઠ્યા ?
દૂરથી તે આવનાર પર દૃષ્ટિ પડી,
હવે નાગ એકદમ છંછેડાયો.
નયનોનાં વિષકુંડાંમાં કાતિલ ઝેર ભરીને તેની પર છાંટયા...
પણ, કોઇ અસર ન ઊપજી.
ઝેરમાં ભેળસેળ હશે ?
જે હોય તે...
હવે ડરામણા ફૂંફાડા માર્યા...
પણ તે બિચારા ડરામણા ન બની શક્યા.
હવે તે વ્યક્તિ બહુ નજીક આવી ગઇ હતી.
તે વ્યક્તિ નહિ પણ વિભૂતિ હતી.
સૌમ્યતાનો શુભ્ર અવતાર જ જાણે !
મૂર્તિમંત કરુણા જ જાણે !

ભલે ગમે તે હોય, કોઇનેય છોડયાં નથી, તેનેય નહિ છોડું. હજુ ડંખનું જીવલેણ અને કાતિલ શસ્ત્ર બાકી હતું...
તે તો તેના પ્રાણ હરીને જ રહેશે.
એક જીવલેણ ડંખ પગના અંગૂઠે મારી દીધો...
પણ,
કેમ આજે બધું ઊધું બની રહ્યું છે ?
"આ તો લોહીને બદલે સફેદ દૂધ !"
કોપભુજંગ સ્તબ્ધ બનીને નીરખી રહ્યો...
આ મહાવિભૂતિ કોણ છે ?
તે તો ભગવદ્‌ભાવ રૂપે હૃદયનાં અરણ્યમાં પદાર્પણ કરી ચૂકેલા ક્ષમાવીર પ્રભુ વીર હતા...
તે પુણ્યમૂર્તિનાં નયનો પર દૃષ્ટિ ટેકવીને ભુજંગ સ્થિર બન્યો અને પેલી કરુણામૂર્તિના હોઠનાં દ્વારો ખુલ્યાં.
કાન પર વચનામૃતનો છંટકાવ થયો.
"બુજ્ઝ ! બુજ્ઝ ! ચંડકોસિઆ..."
મંત્રના પ્રત્યેક અક્ષરમાં સમત્વનો મહાઘોધ પડેલો હતો ને પ્રત્યેક અક્ષરમાં દિવ્ય પ્રેરણાનો મહોદધિ ભંડારાયેલો હતો.
ચિંતનની કૂંચીથી તે અક્ષરોનાં તાળાં ખોલવાનો પ્રયત્ન કર્યો... મહાપુરૂષોનાં શાસ્ત્ર વચનો, અનેક ચિંતકોનાં ચિંતનો, અનેક સર્જકોનાં સર્જનો મારી મદદે દોડી આવ્યા.
તે બધાની સહાયથી
પેલા મંત્રાક્ષરની પેટીઓમાંથી મેં સમતાનો અર્ક બહાર કાઢવા માંડયો...
તે અર્કની અનેક મધુર વાનગીઓ બનાવી અને આ મનોહર થાળમાં તેને પીરસી છે.
હું ય આરોગું.
તમે ય આરોગો,
અને, પછી જુઓ, પેલો ચંડ નાગ કેવો ઠંડો પડી જાય છે !

ચૈત્ર વદ - ૫
રવિવાર, તા. ૧૮-૮-૯૩,
પૂના

મુનિ મુક્તિવલ્લભવિજય

સૂરજ ધીમા તપો...

- પૂ.આ.દે. શ્રી વિજય અભયશેખર સૂરિ મ.સા.

વિજ્ઞાનવાદ અને યંત્રોની બોલબાલાવાળા આ યુગમાં માનવી ઉર્જા માટે કેવો રઘવાયો બન્યો છે એનાથી ભાગ્યે જ કોઇ અજાણ હશે. જ્યાંથી જે રૂપમાં શક્તિ મળે એ રૂપમાં એને મેળવીને પોતાની શક્તિની ભૂખ ભાગવા માટે એ તૈયાર થયો છે. વિદ્યુત, પેટ્રોલ, ડીઝલ, કોલસા, અણુશક્તિ, સોલાર શક્તિ વગેરે ઉર્જાના મુખ્ય સ્ત્રોતો છે. આ બધામાં ઉર્જાનો જે સંચય થાય છે તે બધાનું મૂળ ઉદ્ગમ સ્થાન વિચારીએ તો સૂર્ય જ હોવું જણાય છે.

જેમ કે, જળવિદ્યુત... ઊંચાઇ પર રહેલા પાણીમાં રહેલી શક્તિ ટર્બાઇન્સ દ્વારા વિદ્યુતમાં રૂપાંતરિત થાય છે. ઊંચાઇ પર પાણી આવ્યું ક્યાંથી ? પર્વત પર વરસવાથી... આટલે ઊંચે વરસ્યું શી રીતે ? વાદળાં દ્વારા... વાદળા રૂપે બનવા માટે પાણીને ઊંચાઇએ પહોંચાડનાર છે સૂર્યની ગરમી.

પૃથ્વી પર જ્યાં સૂર્યકિરણો પડે છે ત્યાં જો વનસ્પતિ હોય તો ફોટો સિન્થેસિસની પ્રક્રિયા દ્વારા વનસ્પતિનો આહાર બને છે ને કેલરી વગેરે રૂપે શક્તિસંચય થાય છે જે માનવીને શારીરિક શક્તિ બક્ષે છે. માંસાહારી માનવીઓ જે પશુનું માસ ખાતા હોય તે પશુઓ પણ છેવટે સાક્ષાત્ કે પરંપરાએ વનસ્પત્યાહારી હોવાથી પરંપરાએ સૂર્યકિરણોમાંથી જ એનર્જી મેળવનારા સિદ્ધ થાય છે.

જ્યાં વનસ્પતિ નથી હોતી એવી જમીન પર પણ સેકંડો વર્ષ સુધી પ્રતિદિન પડતી ગરમી હવામાં અદ્ધર ઊડી જતી નથી, કિન્તુ એના દ્વારા અંદરના ભાગમાં રહેલા પૃથ્વીના ઘટકો રાસાયણિક ફેરફાર પામી, એ શક્તિને એક ચાર્જડ થયેલી બૅટરીની જેમ, સંગ્રહે છે. આ ઘટકો, આસપાસની ભૂસ્તર વગેરે પરિસ્થિતિને અનુસરીને, પેટ્રોલ, ખનિજ કોલસો, રેડિયોએક્ટીવ ધાતુ વગેરેમાં કોઇ પણ રૂપાંતર પામે છે જે માનવીની ઉર્જાપ્રાપ્તિનાં મહત્વના સ્ત્રોત બને છે.

નાઇટ મેચમાં જે બહુસંખ્યક ફ્લેશ લાઇટો ગોઠવવી પડે છે તે પણ, પ્રકાશ દ્વારા સૂર્ય, માનવીની કેટલી સેવા બજાવી રહ્યો છે એની કંઇક કલ્પના આપી શકે છે. વળી, વૈજ્ઞાનિકોના મતે તો, ચન્દ્ર પરપ્રકાશિત પદાર્થ હોવાથી, જે થોડો ઘણો પ્રકાશ આપે છે તે પણ, સૂર્યને આભારી છે. વૈજ્ઞાનિકો કહે છે કે, જો સૂર્ય ઠંડો પડી જાય તો, પૃથ્વી પર જીવસૃષ્ટિનું નામનિશાન મટી જાય.

આ બધી વાતો પરથી, સૂર્ય, ચંન્દ્ર કરતાં, લાખો-કરોડો ગણો વધુ ઉપયોગી ને ઉપકારી છે એ સ્પષ્ટ છે. તેમ છતાં માનવી ચંદ્રદર્શન ઝંખે છે, ચંદ્રને નીરખી

નીરખી હરખાય છે, ધરાતો નથી, જ્યારે સૂર્ય તરફ તો ભૂલેચૂકેય નજર પડી જાય, તૂર્ત ખેંચી લે છે. શરદપૂર્ણિમા વગેરેની રાત્રે જ્યોત્સ્નાસ્નાન કરવાના પ્રોગ્રામો બનાવે છે. જ્યારે ગ્રીષ્મકાળે, મધ્યાહ્ન સમયે ઘરમાંથી બહાર આવવાનું ટાળે છે. ખૂબ જ આવશ્યક કાર્ય અંગે બહાર નીકળવું પડે તો સૂર્ય પ્રત્યેના ભારે અણગમા સાથે બહાર નીકળે છે ખરો, પણ જેવું કામ પતે, કે તૂર્ત મકાનમાં ભરાઇ જાય છે. એક ક્ષણ પણ વધારે સૂર્યનાં સાંનિધ્યમાં રોકાતો નથી. તેમજ જેટલો કાળ રહે તે વખતે પણ ગોગલ્સ ચડાવીને કે છત્રી ધરીને જાણે કે સૂર્યથી દૂર ભાગે છે...

કોઇપણ ભાષાના પ્રાચીન કે અર્વાચીન કવિઓએ ચન્દ્રના ગુણગાન ગાતી કેટલી કૃતિઓ રચી હશે એના સોમા નહીં, હજારમાં ભાગની કૃતિઓ પણ સૂર્ય પર રચેલી જોવા નહીં મળે. કદાચ કો'ક મળી જાય તો પણ 'સૂરજ ધીમા તપો...' ઇત્યાદિ જણાવનારી હશે... ચન્દ્રમાં કલંક હોવા છતાં એની પ્રશસ્તિઓ ! ને સૂર્યમાં કલંક ન હોવા છતાં પ્રશસ્તિ નહીં, કારણ કે પ્રચંડતા એ જ એનું સૌથી મોટું કલંક છે.

પરિવાર, સંસ્થા કે સમાજ પર એનેકવિધ અજોડ ઉપકાર કરનાર વ્યક્તિ પણ, જો એનો સ્વભાવ પ્રચંડ હોય, તો લોકપ્રિયતા ગુમાવીને અળખામણાં બની જવાનું કેવું પ્રચંડ નુકશાન વહોરી લે છે એ આ વાતો પરથી સ્પષ્ટ છે.

ઊકળતા પાણીમાં કોઇ પણ ચીજનું પ્રતિબિંબ સ્પષ્ટ હોતું નથી. એમ જ્યારે દિમાગમાં ક્રોધાદિનો કોઇ પણ ઊકળાટ હોય ત્યારે પરિસ્થિતિનું યથાર્થ પ્રતિબિંબ ઝીલાતું નથી. બીજી રીતે કહીએ, તો, બેટરી ગમે એટલી પાવરફુલ હોય, પણ જો એને દૃશ્ય પદાર્થ (માર્ગ કે વસ્તુ) પર સ્થિર કરવામાં ન આવે, ને જોર જોરથી ઘુમાવ્યા કરાતી હોય તો એ યથાર્થ દર્શન કરાવતી નથી. એમ ગમે તેવી ધારદાર બુદ્ધિ પણ, ક્રોધાદિના આવેશ કાળે, યથાર્થ નિર્ણય આપતી નથી અને તેથી એ વખતે લેવાયેલો નિર્ણય, ભૌતિક અને આધ્યાત્મિક, બધી રીતે માનવીને, ભારે નુકશાનકર્તા પુરવાર થાય છે.

એક મનુષ્ય જંગલમાં જઇ રહ્યો હતો. તેને રસ્તામાં ચાર સ્ત્રી મળી. તેણે ચારેયનાં નામ-ઠામ પૂછયાં. એકે કહ્યું : હું બુદ્ધિ છું, મારુ સ્થાન દિમાગ છે. બીજીએ કહ્યું : હું લજ્જા છું, મારું સ્થાન આંખમાં છે. ત્રીજીએ કહ્યું : મારું નામ હિમ્મત છે, હું દિલમાં રહું છું. ચોથી બોલી : 'હું તંદુરસ્તી છું, પેટમાં રહું છું.'

તે મનુષ્ય થોડો આગળ ગયો. ત્યાં તેને ચાર પુરુષ મળ્યા. તે ચારેય પુરુષોએ પણ પોતાનો પરિચય આપ્યો. પહેલાએ કહ્યું : હું ક્રોધ છું, દિમાગ મારું સ્થાન છે. બીજો બોલ્યો : હું લોભ છું, આંખ મારુ સ્થાન છે, ત્રીજો બોલ્યો : હું ભય છું,

હૃદયમાં રહું છું. ચોથાએ કહ્યું : હું રોગ છું, શરીરમાં રહું છું.

આ ચાર પુરુષની વાત સાંભળી વિસ્મિત બનેલા મનુષ્યે તેમને કહ્યું : હમણાં જ ચાર સ્ત્રીઓ મળી હતી. તમે કહ્યા તે નિવાસસ્થાનમાં તો તે રહે છે. તમે કેવી રીતે રહો છો ? ચારેય પુરુષે જવાબ આપ્યો : અમે ને આવીએ ત્યાં સુધી એ ચાર સ્ત્રીઓ ત્યાં રહે છે તે વાત સાચી. પણ, અમારા આવતાની સાથે તે ચાર સ્ત્રીઓને સ્થાન ખાલી કરવું પડે છે. આમ, ક્રોધનું આગમન દિમાગમાંથી બુદ્ધિને ભગાડે છે.

છોકરો લાઇન પર આવી ગયો, નોકર વ્યવસ્થિત કામ કરતો થઇ ગયો, જાત જાતની કનડગત કરતાં પાડોશીઓ શાંત થઇ ગયા... આવી સફળતા ક્યારેક જે જોવા મળે છે, તેનું શ્રેય વસ્તુતઃ ક્રોધને નથી હોતું, કિન્તુ અન્ય કશાકને હોય છે.

જંગલમાં રૂઆબપૂર્વક લટાર મારીને ગુફામાં પાછા ફરેલા સિંહની પાછળ-પાછળ શિયાળ પણ ગુફામાં ગયું ને જંગલના રાજાની અદાથી સિંહને કહેવા લાગ્યું : "એય! સાંભળી લે, આજથી તું એકલો આ જંગલમાં રાજા નથી, હું પણ રાજા છું.... શિયાળનાં ગર્વભર્યા જુસ્સાભેર બોલાયેલાં વચનો સાંભળી સિંહ તો ડઘાઇ જ ગયો. એનાં મનમાં શંકાનો કીડો સળવળ્યોઃ "શું આ પણ રાજા બની ગયો છે ? એ વગર આટલા જોશથી બોલે નહીં... તપાસ કરવી પડશે."

"અલ્યા ! તું પણ રાજા બની ગયો છે એ વાતની ખાતરી શું ?"

"જંગલનાં પ્રાણીઓ તમારી આમન્યા જાળવે છે... આજુબાજુ ખસી જાય છે... સલામ ભરે છે... આવું બધું મારા પ્રત્યે પણ કરે જ છે.... ચાલો. મારી સાથે, હું તમને પ્રતીતિ કરાવું."

અને સિંહ શિયાળ સાથે નિરીક્ષણાર્થે પુનઃ નીકળ્યો. બધાં વનચરો સિંહને જોઇ આઘાપાછા થવાં લાગ્યાં.... એટલે શિયાળે કહ્યું : જોયો મારો પ્રભાવ ! છે કોઇની હિંમત કે સામે આવે !!

"હા, તમારી વાત સાચી લાગે છે." સિંહે એકરાર કર્યો ને મિત્રતાનો કરાર કરવા કહ્યું કે - "તમને પણ જંગલના રાજા તરીકે હું માન્યતા આપું છું..... અને તેથી આપણા બંનેનું રાજ્ય વ્યવસ્થિત ચાલે એ માટે હું મિત્રતાનો હાથ લંબાવવા ચાહું છું."

મિત્રતાના પ્રસ્તાવને શિયાળે સ્વીકાર્યો ને એને દૃઢ કરવા બંનેએ નક્કી કર્યું કે

રોજ જંગલમાં લટાર મારવા સાથે નીકળવું. બસ, પછી તો એ રોજનો કાર્યક્રમ બની ગયો. જંગલી પશુઓ તરફથી જે માન-મરતબો મળી રહ્યાં છે તે સિંહને આભારી છે એ વાત ધીમે ધીમે શિયાળ ભૂલી ગયું ને એનો ઘમંડ વધવા લાગ્યો.

એક દિવસ કંઇક સુસ્તી જેવું લાગવાથી સિંહે ઇન્કાર કરતાં શિયાળ એકલું લટાર મારવા નીકળ્યું. ને રોજ શિયાળનો રૂઆબ જોઇ અંદર સમસમી ઊઠતાં વાઘને લાગ મળી ગયો. એક જ તરાપ મારી એણે શિયાળને પૂરું કરી નાખ્યું.

જરાક ખખડાવીને કહ્યું ને નોકર સીધો થઇ ગયો... આપણે માની લઇએ છીએ કે, મારા ક્રોધે નોકરને સીધો કર્યો, પણ હકીકત જુદી હોય છે. એ વખતે અદૃશ્યપણે પુણ્યરૂપી સિંહનું ક્રોધને સાંનિધ્ય હોય છે. બાળક, અંદરના ક્નેકશનને જાણતું નથી, ને બહાર માત્ર એટલું જ જુએ છે કે સ્વીચ ઓન કરી ને લાઇટ થઇ. એટલે એ એટલું જ સમજે છે કે સ્વીચ કરવાથી લાઇટ થાય. જે દિવસે, અંદર કનેકશન કટ થઇ જાય છે, ગમે એટલી સ્વીચ ઓન કર્યા કરે.... લાઇટ થતી નથી. આપણે પણ બાળક જેવા છીએ. ક્રોધ કર્યો ને નોકર શાંત થઈ ગયો, એટલું જ જોઇએ છીએ, પુણ્યના ઉદયને જોઇ શકતા નથી. જે દિવસે એ ઉદય બંધ પડી જાય છે ને સિંહ વિના એકલું ક્રોધ શિયાળિયું બહાર નીકળે છે, પૂર્વે કેટલીય વાર શેઠના ભયંકર આક્રોશ ભરેલા અપમાનજનક અપશબ્દોને શાંતિથી સાંભળી લેનાર ને મનમાં કોઇજ સંકલ્પ-વિકલ્પોનાં દુષ્ટ તોફાનોને ન જગાડનાર નોકર, આ વખતે, સામાન્ય ગાળને પણ સહી લેતો નથી, ને એના મન પર શેઠ પ્રત્યેનો રોષ-દ્વેષ સવાર થઇ જાય છે. 'શેઠ છે તેથી શું થયું ? જેમ ફાવે તેમ બોલવાનું ? એ શેઠના બચ્ચાને હું પણ દેખાડી દઇશ...' ને રાત્રીના સમયે બેચાર ગુંડાઓને બોલાવી લાવી એ શેઠનું કાટલું કઢાવી નાંખે છે. જો ક્રોધ જ નોકરને શાંત કરનારો હોત, તો આ વખતે પણ નોકર શાંત જ થયો હોત, ને કોઇ રીએકશન આવ્યું ન હોત.

પુણ્યના ઉદયકાળે પણ સામી વ્યક્તિને, ક્રોધ દ્વારા વધુમાં વધું દબાવીને-ડરાવીને વશ કરી શકાય છે, જ્યારે ક્ષમા દ્વારા તો એને જીતી શકાય... એનાં આદર-સત્કાર ને પૂજા પામી શકાય છે. ચંડકૌશિક સર્પ જેવો પણ, જો ક્રોધને છોડી દેવા પર પૂજા પામે છે, તો, નિર્વિવાદ છે કે ક્ષમાશીલ બનવા પર આપણે પણ લોકપૂજ્ય બનીશું જ.

સમુદ્રમંથન કરવા પર જ્યારે અમૃત ને ઝેર બન્ને બહાર આવ્યાં, તો શંકરજીએ કહ્યું : "દુનિયાને અમૃત આપો, મને ઝેર, હું ઝેરને પચાવી લઇશ." જે સ્વયં ઝેર પીને દુનિયાને અમૃત આપે છે તે શંકર ભગવાન બની જાય છે. સંગમના ઘોર ઉપસર્ગો ને પરીષહોને સહીને પણ શ્રીવીર પરમાત્માએ તો ક્ષમા ને કરુણા જ વહાવી હતી ને!

મારા અપરાધો પર, મને ક્ષમા ને પ્રેમ જ જોઇએ, પણ હું તો બીજાઓને (તેઓના અપરાધ પર) ક્રોધનું ઝેર જ આપીશ... આવું કરવાવાળો શંકર નથી હોતો, પણ સર્પ જ હોય છે, જે દૂધ પીને પણ ઝેર ઓકે છે. યાદ રાખવું જોઇએ કે... શંકરજીને જ દુનિયાનાં પ્રેમ અને પૂજા મળે છે, સાપને તો તિરસ્કાર અને દંડા જ...

બાકી ક્રોધ દ્વારા સ્વઇષ્ટ કાર્ય સિદ્ધ થવાની ધારણા ભ્રાન્તિરૂપ છે એ નીચેની વાતથી પણ સમજાશ...

જે પરિસ્થિતિને પલટાવા માટે, માનવી ક્રોધનો સહારો લે છે, તે પરિસ્થિતિ સામાન્યથી બે પ્રકારની હોય છે.... સામી વ્યક્તિનું દોષ-અપરાધ ભરેલું વર્તન... અને 'પોતે નિર્દોષ છે' એવી કે અન્ય પણ કોઇ વાતનો સામી વ્યક્તિ દ્વારા અસ્વીકાર.

આ બન્ને પરિસ્થિતિમાં ક્રોધથી તો કાર્યસિદ્ધિ વધુ દૂર જ થાય છે. દોષોને દૂર કરનારી અને તેથી સામેની વ્યક્તિને હિતકર એવી પણ વાત, જો ક્રોધાવિષ્ટ થઇને ઊંચા સાદે કહેવામાં આવે તો અપ્રિય થઇ પડવાથી ઇષ્ટ સિદ્ધિ થતી નથી. ગમે એટલું કર્ણમધુર સંગીત પણ, જ્યારે ફુલ ટયુનમાં મૂકવામાં આવે છે, કર્કશ અને ઘોંઘાટ રૂપ લાગે છે એ ભૂલવું ન જોઇએ. સોનાની લગડી પણ જો લાલચોળ તપાવીને આપવામાં આવે તો એને હાથમાં કોણ ઝાલશે ?

સામાને સ્વવાત સમજાવવા માટે પણ, ક્રોધ નહીં, બલ્કે શાંતિ જ કારગત નીવડે છે. ક્રોધના ધમધમાટમાં, વાતની તથ્યતા ને યુક્તિસંગતતા દબાઈ જાય છે અને ક્રોધ માત્ર જ નજરમાં આવે છે. ક્રોધને તો બધાં જ વર્જ્ય ગણે છે, માટે ક્રોધપૂર્ણ સ્વરે કહેવાયેલી વાતનો પરાજય થાય છે. ઠંડી હથોડી તપેલા લોખંડને ઇચ્છા મુજબનો ઘાટ આપી શકે છે, પણ તપેલું લોખંડ ઠંડી હથોડીને નહીં, આ વાસ્તવિકતાને હંમેશા યાદ રાખવી જોઇએ.

ક્રોધનાં આ કટુ પરિણામો જાણનારા ને અનુભવનારા આપણા દિલમાં પણ 'ભાઇ ! શાંત થા !... ગુસ્સો ન કર !...' એવો ધ્વનિ ઊઠે છે. આ પરમાત્માનો અંશ છે... એમ સમજી લઇને કે દિલના અરણ્યમાં વિકરાળ બની રહેલા ક્રોધરૂપી ચંડકૌશિક સર્પને શાંત પાડવા માટે પ્રભુવીરનો આ **'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિઆ'** ઉપદેશ ધ્વનિ છે.

જંગલમાં તો પ્રભુવીરનો વિજય થયો ને ચંડકૌશિક ઉપશાંત થઇ ગયો. પણ આપણા દિલમાં, પ્રભુવીર અને આ ચંડકૌશિક વચ્ચે થોડી હુંસાતુંસી ચાલે છે ને, છેવટે અનાદિકાળથી ક્રોધના પક્ષમાં રહેલા આપણે પુનઃ ક્રોધ તરફ ઢળી પડવાથી પ્રભુ વીરનો વિજય થઇ શકતો નથી પાછા ક્રોધના કટુ વિપાકોને પશ્ચાત્તાપ

... હવે આ વિષચક્રમાંથી કેમ છૂટાય... ને આપણા દિલમાં રહેલો ચંડકૌશિક કેમ શાંત, ઉપશાંત ને પ્રશાંત બની જાય એ માટે પ્રસ્તુત પુસ્તકમાં અનેક પાસાંઓથી વિચારણા કરવામાં આવી છે, જે પુસ્તકની અનુક્રમણિકા જોવાથી જ ખ્યાલમાં આવી જશે.

પ્રસ્તુત કૃતિ એ, માની લ્યો કે ક્રોધ પર એક વિસ્તૃત Thesis છે,
ક્રોધને નાથવા માટેનું અદ્‌ભુત માર્ગદર્શન છે...
ક્રોધવિજયના લક્ષ્યસ્થાનને પામવા માટે કુશળ ગાઇડ છે...
ક્ષમાસુંદરીના શિલ્પ માટેનું સચોટ શિલ્પશાસ્ત્ર છે...
આ કૃતિના પુરસ્કર્તા મુનિરાજશ્રી મુક્તિવલ્લભ વિજયજી,
સંયમી વિદ્વાન છે,
સિદ્ધહસ્ત લેખક છે,
નોખું ને અનોખું ચિંતન કરનારા કુશળ ચિંતક છે...

એમની કમનીય કલમે કંડારાયેલી આ કૃતિ અનેકના ક્રોધપિશાચને નાથવામાં સફળ બનશે એમાં શંકા નથી. લેખક દ્વારા શ્રી સંઘને અને સમાજને ભવિષ્યમાં પણ સંખ્યાબંધ ચિંતનપ્રદ કૃતિઓ મળતી રહે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરવા સાથે વિરમું છું...

વિષય પૃષ્ઠાંક દર્શિકા

ખંડ - ૧ (૧-૬૫)

ક્રમ	વિષય	પાના નં
૧.	પરિચય એક પિશાચનો	૩
૨.	અગ્નિ અને ઇંધણ	૧૮
	૧. અહંકાર	૨૨
	૨. પરદોષ દર્શન	૨૩
	૩. અપેક્ષા	૨૮
	૪. અધૈર્ય	૨૯
	૫. શંકા	૩૦
	૬. મહત્વ સ્થાપિત કરવાની વૃત્તિ	૩૧
	૭. હઠાગ્રહ	૩૨
	૮. પૂર્વગ્રહ	૩૨
	૯. ઇર્ષ્યા	૩૩
	૧૦. પોતાના વિચારો બીજા પર સ્થાપવાની વૃત્તિ	૩૩
	૧૧. તીવ્ર વિષયાભિલાષ	૩૪
	૧૨. શાસ્ત્રવચનનું અજ્ઞાન, વિસ્મરણ કે ઉપેક્ષા	૩૪
	૧૩. અસહિષ્ણુતા	૩૫
	૧૪. ક્રોધ મોહનીયનો ઉદય	૩૭
	૧૫. નિષ્ફળતા	૩૭
	૧૬. નિર્બળતા	૩૭
	૧૭. અતિશય થાક	૩૮
	૧૮. અતિશય ભૂખ	૩૯
	૧૯. નિરર્થક વાદવિવાદ	૪૦
	૨૦. વચનશક્તિનો દુરુપયોગ	૪૦
	૨૧. રોગ અને માંદગી	૪૨
	૨૨. અતિશય મૈથુનસેવન	૪૩
	૨૩. અન્યના ક્રોધનો ચેપ	૪૩
	૨૪. વાત્સલ્યનો અભાવ	૪૩
	૨૫. સંસ્કાર સિંચનની ઊણપ	૪૪
	૨૬. તામસી ભોજન	૪૪
૩.	થોભો, નહિતર દંડાશો	૪૫
	૧. પરમાત્માની કૃપાની વિમુખતા	૪૫
	૨. પરમપદનું દૂરત્વ	૪૬
	૩. પરલોક બગડે છે	૪૬
	૪. વેરની પરંપરા	૪૭
	૧. ભવાંતરમાં વૈરપરંપરા	૪૭
	૨. વંશજોમાં વૈરપરંપરા	૪૯
	૫. મનની અસ્વસ્થતા અને જીવનમાં અશાંતિ	૫૧
	૬. શરીરમાં રોગો	૫૧
	૭. મૃત્યુમાં અસમાધિ	૫૪
	૮. શક્તિહ્રાસ	૫૫
	૯. ચૈતન્ય સીમિત બને	૫૫
	૧૦. દુર્ભાગ્યનો ઉદય	૫૬
	૧૧. જીવનમાં નીરસતા	૫૮
	૧૨. સહુનો વિશ્વાસ ગુમાવે છે	૫૮
	૧૩. પશ્ચાત્તાપની વેદના	૫૯
	૧૪. ક્રોધના સંસ્કારો વ્યાપક બને છે	૫૯
	૧૫. ચાર પુરુષાર્થનો ઘાત	૬૦
	૧૬. લોકમાં અપયશ	૬૧
	૧૭. સંબંધ વિચ્છેદ	૬૧
	૧૮. સૌંદર્યહાનિ	૬૧
	૧૯. અપાત્ર ઠેરવે છે	૬૨
	૨૦. અન્યને પણ નુકશાન	૬૩
	૨૧. સાધનાને નિષ્ફળ કરે છે	૬૩
	૨૨. કર્મબંધ	૬૩
	૨૩. ભયની લાગણીનું પ્રવર્તન	૬૪
	૨૪. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં નિષ્ફળતા	૬૪
	૨૫. અનેક દોષોનું આગમન	૬૫

ખંડ - ૨ (૬૭-૧૩૭)

ક્રમ	વિષય	પાના નં
૪.	ક્રોધવિજયનું શસ્ત્રાગાર	૬૯
	૧. સામનીતિ	૭૦
	૨. દામનીતિ	૭૨
	૩. દંડ નીતિ	૭૨
	૪. ભેદનીતિ	૭૪
	૫. કાલક્ષેપ	૭૫
	૬. મૌન	૭૭
	૭. પાત્રપરિવર્તન	૮૧
	૮: ઉપદેશ શ્રવણ	૮૨
	૯. સત્સંગ	૮૩
	૧૦. લખાણ દ્વારા અભિવ્યક્તિ	૮૪
	૧૧. રમૂજ અને વિનોદ	૮૫
	૧૨. સંગીત	૮૬
	૧૩. આસન અને પ્રાણાયામ	૮૭
	૧૪. આયનામાં સ્વમુખદર્શન	૮૮
	૧૫. અન્યના ક્રોધમાંથી પ્રેરણા	૮૯
	૧૬. ઉપેક્ષા	૮૯
	૧૭. પ્રવાહનો અન્યત્ર વળાંક	૯૦
	૧૮. યોગ્ય વ્યક્તિની સલાહ	૯૧
	૧૯. પશ્ચાત્તાપની પળોમાં સંકલ્પ	૯૨
	૨૦. પોતાનો દરજ્જો વિચારવો	૯૩
	૨૧. આત્મૌપમ્યભાવ	૯૩
	૨૨. સહુમાં સિદ્ધસ્વરૂપનું દર્શન	૯૫
	૨૩. ક્ષમા પર અનુરાગ	૯૬
	૨૪. ક્ષમાશીલ મહાપુરુષોની કથાઓ	૯૬
	૨૫. સમાધાન વૃત્તિ	૯૭

ક્રમ	વિષય	પાના નં
	૨૬. નિમિત્તોથી દૂર રહેવું	૯૯
	૨૭. સહિષ્ણુતા	૧૦૦
	૨૮. ક્રોધપ્રતિઘાત	૧૦૩
	૨૯. આત્મગવેષણા	૧૦૬
	૩૦. આત્મદષ્ટિ	૧૦૬
	૩૧. ઔદાર્ય	૧૦૮
	૩૨. સ્વાધ્યાય	૧૧૧
	૩૩. પરમાત્મભક્તિ	૧૧૪
	૩૪. ચાર શરણ	૧૧૫
	૩૫. તપ	૧૧૬
	૩૬. ધ્યાન	૧૧૬
	૩૭. જાપ	૧૨૧
	૩૮. નામસ્મરણ	૧૨૨
	૩૯. અભ્યાસ	૧૨૫
	૪૦. ક્ષેત્રાન્તર	૧૨૭
	૪૧. અપરાધીના સ્થાને જાતને મૂકીને વિચારવું	૧૨૮
	૪૨. ગુણદષ્ટિ	૧૩૦
	૪૩. અપથ્ય પરિહાર	૧૩૧
	૪૪. પરલોક દષ્ટિ	૧૩૧
	૪૫. કલ્પના	૧૩૨
	૪૬. પ્રાયશ્ચિત	૧૩૪
	૪૭. તુરત ક્ષમાયાચના	૧૩૪
	૪૮. ક્રોધની સામે ખામોશી	૧૩૫
	૪૯. ભવિતવ્યતાનું ખાનું	૧૩૫
	૫૦. પ્રતિક્રિયાવિરતિ	૧૩૬

ખંડ - ૩ (૧૩૯-૨૦૦)

ક્રમ	વિષય	પાના નં
૫.	ક્ષમાનું આધ્યાત્મિક મૂલ્ય	૧૪૧
	૧. કષાયમુક્તિ એ જ સાચી મુક્તિ	૧૪૧
	૨. ક્ષમા એ જ મહાશસ્ત્ર	૧૪૧
	૩. સાધુ એટલે ક્ષમાશ્રમણ	૧૪૨
	૪. ઉપશમનો મહિમા કલ્પસૂત્રમાં	૧૪૩
	૫. ઉપશમ અને સમ્યગ્દર્શન	૧૪૩
	૬. ઉપશમ અને સમ્યગ્જ્ઞાન	૧૪૪
	૭. ઉપશમ અને સમ્યક્ ચારિત્ર	૧૪૭
	૮. ગુણસ્થાનકનું તત્ત્વજ્ઞાન અને ક્ષમની સાધના	૧૪૭
	૯. સાપેક્ષવાદનો સિદ્ધાંત અને ક્ષમાધર્મ	૧૪૯
૬.	ભાવનાનું રસાયણ	૧૫૫
	૧. કર્મ જ ખરો શત્રુ છે, બીજા તો માત્ર નિમિત્ત છે	૧૫૭
	૨. સર્વ જીવો કર્મવશ છે	૧૬૧
	૩. જાત સુધારણા એ જગત સુધારણાનું પ્રથમ સોપાન છે	૧૬૨
	૪. સર્વ જીવો મારા મિત્ર છે	૧૬૨
	૫. કોઇ પણ સંયોગોમાં મારે મારા ભાવોને કલુષિત કરવા નથી	૧૬૬
	૬. જે થાય તે સારા માટે	૧૭૨
	૭. સહુ કોઇ મારું હિત જ કરે છે	૧૭૭
	૮. દ્વેષને પેદા કરનારો રાગ જ ભયંકર છે	૧૭૮
	૯. ક્ષમાના લાભ અપરંપાર છે	૧૮૧
	૧૦. હું ક્ષમાશીલ મહાવીરનો અનુયાયી છું	૧૮૪
	૧૧. હું પશુ નથી, માનવ છું	૧૮૬
	૧૨. ક્રોધ બિલકુલ બિનજરૂરી છે	૧૮૮
	૧૩. દોષ મારો પણ હોઇ શકે છે	૧૮૯
	૧૪. સંપ ત્યાં જંપ	૧૮૯
	૧૫. બીજો ક્રોધ કરે છે તે મને અનિષ્ટ લાગે છે, તો તે અનિષ્ટનું આચરણ મારાથી કેમ થાય ?	૧૯૦
	૧૬. ક્રોધ અનેક નિર્દોષ વ્યક્તિને અન્યાય કરી દે છે	૧૯૧
	૧૭. ક્ષમા એ જ શ્રેષ્ઠ બદલો છે	૧૯૨
	૧૮. કર્મોદયથી થતું નુકસાન અનિવાર્ય છે ક્રોધથી થતું નુકસાન નિવાર્ય છે	૧૯૩
	૧૯. મારું બગાડવાની કોઇની તાકાત નથી	૧૯૩
	૨૦. ક્રોધાધીન બનવાથી પ્રાપ્ત થયેલા આત્મવિકાસના ઊજળા સંયોગો નિષ્ફળ જશે	૧૯૪
	૨૧. ક્રોધ કરવો એ મોહની આજ્ઞા છે. ક્ષમા રાખવી એ જિનેશ્વરની આજ્ઞા છે	૧૯૪
	૨૨. ઉપશમ એ મારું કર્તવ્ય છે	૧૯૫
	૨૩. ક્રોધનું નિમિત્ત એ પરીક્ષાનો અવસર છે. ક્રોધ કરવો તે પરીક્ષામાં નિષ્ફળતા છે.	૧૯૫
	૨૪. ક્ષમા રાખવાથી ક્ષમાના સંસ્કાર પડે છે. ક્રોધ કરવાથી ક્રોધના સંસ્કાર પડે છે.	૧૯૬
	૨૫. અન્યની વૃત્તિઓ પર મારો અંકુશ શક્ય નથી પણ, મારી વૃત્તિઓ મને આધીન છે.	૧૯૭
	૨૬. ક્રોધ મોટે ભાગે નિષ્ફળ છે.	૧૯૮
	૨૭. ક્ષમા દુર્લભ છે, માટે ઘણી કિંમતી છે.	૧૯૯

ખંડ - ૪ (૨૦૧-૨૧૬)

ક્રમ	વિષય	પાના નં
૭.	પર્યુષણ અને ક્ષમાપના	૨૦૩
૧.	ક્ષમા હાર્દિક જોઇએ	૨૦૬
૨.	ક્ષમા સર્વની જોઇએ	૨૦૮
૩.	ક્ષમાપના બિનશરતી જોઇએ	૨૧૦
૪.	ક્ષમા ચિરંજીવી જોઇએ	૨૧૧
૫.	ક્ષમા જ્ઞાનગર્ભિત જોઇએ	૨૧૧
૮.	ક્ષમાના પાંચ પ્રકાર	૨૧૩
૧.	ઉપકાર ક્ષમા	૨૧૩
૨.	અપકાર ક્ષમા	૨૧૩
૩.	વિપાક ક્ષમા	૨૧૪
૪.	વચન ક્ષમા	૨૧૪
૫.	ધર્મ ક્ષમા	૨૧૪

ખંડ - ૫ (૨૧૭-૨૩૮)

ક્રમ	વિષય	પાના નં
૯.	ક્ષમાના સંબંધનો વ્યાપ	૨૧૯
૧.	સોળ ભાવનાઓ અને ઉપશમ	૨૧૯
૨.	પાંચ મહાવ્રતો અને ક્ષમા	૨૨૬
૧૦.	ક્ષમાનો સાર્વત્રિક સ્વીકાર	૨૨૯
૧.	બ્રાહ્મણ અને ક્ષમા	૨૨૯
૨.	અન્ય વર્ણો અને ક્ષમા	૨૩૦
૩.	પુરાણોમાં ક્ષમા	૨૩૧
૪.	ભગવદ્ ગીતામાં ક્રોધ અને અક્રોધ	૨૩૧
૫.	બૌદ્ધધર્મ અને ક્ષમા	૨૩૩
૬.	કુરાને શરીફ અને ક્ષમા	૨૩૪
૭.	ઇશુ ખ્રિસ્ત અને ક્ષમા	૨૩૫
૮.	જરથોસ્તી અને ક્ષમા	૨૩૬
૯.	જ્ઞાનેશ્વરીમાં અક્રોધ	૨૩૬
૧૦.	પ્રકીર્ણક	૨૩૬

क्रोध उपर क्रोधे चडीने

क्रोधजय करवा नीकळेला

सेनानीओने

अर्पणा

ઉપકાર-સ્મરણયષ્ટિકા

જેમનો અનંત અનુગ્રહ સતત વરસી રહ્યો છે તે.....

- **પંચ પરમેષ્ઠી ભગવંતો**

- ગચ્છાધિપતિ પ્રદાદાગુરુદેવ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવેશ
  શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

- સહજાનંદી દાદાગુરુદેવ પૂજ્યપાદ આચાર્યદેવ
  શ્રીમદ્‌વિજય ધર્મજિતસૂરીશ્વરજી મહારાજા

- **પ્રમોદભાવનિર્ઝર** પૂજ્યપાદ આચાર્યદેવ
  શ્રીમદ્‌વિજય જયશેખરસૂરીશ્વરજી મહારાજા

- સંયમદાતા ગુરુદેવ પૂજ્ય આચાર્યદેવ
  શ્રી વિજય જગવલ્લભવિજય સૂરીશ્વરજી મહારાજા

- અનેક વ્યસ્તતાઓ વચ્ચેથી પણ પોતાના બહુમૂલ્ય સમયનો ભોગ આપીને પુસ્તકને અત્યંત ચીવટથી સાદ્યંત તપાસીને પરિમાર્જન કરી આપનાર તથા ચિંતનસભર સુંદર પ્રસ્તાવના લખી આપનાર વિદ્વદ્વર્ય **પૂ. મુનિરાજ શ્રી અભયશેખરવિજય મ.સા.** (હાલ આચાર્ય)

- અનેક રીતે **સહાયક સહવર્તી મુનિવરો.**

- આ પુસ્તકને સાદ્યન્ત તપાસી આપીને વ્યાકરણ વગેરેની અશુદ્ધિઓ દૂર કરી રાજકોટના પ્રાધ્યાપક **શ્રી જનકભાઇ દવેએ** પરિમાર્જન કરી આપ્યું છે.

ખંડ - ૧

- પરિચય એક પિશાચનો
- અગ્નિ અને ઇંધણ
- થોભો નહીંતર દંડાશો

તમને ખબર છે ?

■ શ્રમણની ભિક્ષાના ૪૨ દોષોમાંથી એક દોષનું નામ ક્રોધપિંડ છે. ક્રોધથી ભય પમાડીને, ધમકી આપીને કે શાપ દઇને સાધુ ભિક્ષા પ્રાપ્ત કરે તો તે ભિક્ષાનું નામ ક્રોધપિંડ. તે શ્રમણને અકલ્પ્ય છે.

■ ઉપદેશમાલા નામના ગ્રન્થમાં ૩૦૨ ક્રમાંકના શ્લોકમાં ક્રોધનાં અનેક સમનાર્થક નામો આપવામાં આવ્યાં છે, તેમાં એક નામ છે અનુશય. અનુશય— પશ્ચાત્તાપ, ક્રોધ કર્યા પછી હંમેશા પશ્ચાત્તાપ થાય છે તેથી ક્રોધનું નામ જ રાખ્યું— અનુશય.

■ સિન્દૂર પ્રકર નામના ગ્રન્થમાં ક્રોધને ગીધની ઉપમા આપવામાં આવી છે. રાગ અને આસક્તિરૂપ સ્મશાનમાં આ ગીધડાને રોજ ઉજાણી થાય છે. કારણ કે, જ્યાં રાગદશા છે ત્યાં રોજબરોજ ક્રોધનાં નવાં નવાં નિમિત્તો મળતાં જ રહે છે.

ભયને આગળ આંખ હોય છે....
કારણ, ભય અગાઉથી જ અનુભવાય છે.

ક્રોધને પાછળ આંખ હોય છે....
કારણ, ક્રોધ થઇ ગયા પછી આંખ ઊઘડે છે.

લોભને આંખ જ નથી હોતી....
કારણ, લોભની પહેલા કે પછી, કોઇ પસ્તાવો નથી.

પરિચય એક પિશાચનો...

અમેરિકા અને ઇરાક વચ્ચેનું ખૂનખાર યુદ્ધ ચાલું હતું. સમગ્ર વિશ્વનું ધ્યાન એ અખાતી યુદ્ધ પર કેન્દ્રિત થયું હતું. દુનિયાભરના સમાચારપત્રોની હેડલાઇન્સમાં જ્યોર્જ બુશ અને સદ્દામ હુસૈનનાં નામ ચમકતાં હતાં. અમેરિકન મહાસત્તાની આગેવાની હેઠળની બહુષ્ટ્રીય સેનાની પ્રચંડ તાકાત એક બાજુ હતી અને બીજી તરફ હતું રાંકડું પાંગળુ ઇરાક. બહુરાષ્ટ્રીય સેનાની અમાપ સંગઠિત તાકાત સામે સ્વશક્તિને માપ્યા વિના બાંયો ચડાવીને સ્વરાષ્ટ્રનો વિનાશ નોતરી રહેલા ઇરાકી પ્રમુખના આ આંધળા સાહસ પર ફિટકાર વરસાવતા બાંગલાદેશના એક યુવાને પોતાના પિતા સમક્ષ અભિપ્રાય વ્યક્ત કર્યો : "સદ્દામ પાગલ છે." પુત્રનું આ વાક્ય સાંભળતાં જ લાલપીળા થયેલા પિતાએ બાજુમાં પડેલી છરી પુત્રની છાતીમાં ખોસી દીધી. પુત્રના ત્યાં જ રામ રમી ગયાં.

અન્ય રાષ્ટ્રના પ્રમુખને 'પાગલ' કહ્યો તેટલી વાતમાં ક્રોધાન્વિત બનીને એક પિતા પોતાના જ યુવાન પુત્રનું ખૂન કરી નાંખે અને બે પગનો ચૂલો બનાવીને કોઇ ખીર રાંધે તો પણ મહાવીર મસ્ત રહે તે કેટલો મોટો વિરોધ !

દાળમાં મીંઠુ ઓછું લાગતા કોઇ થાળી પછાડે અને પ્રભુ વીર પગના અંગૂઠામાં ઝેરી ડંખ દેતા ચંડકૌશિકને પણ કરુણાની ભીંસમાં લપેટે છે.

વહુના હાથે રકાબી ફૂટતા સાસુનું બોઇલર ફાટે છે અને કોઇ બળદની રાસ ઉગામે છે તો ય વીર સમત્વનું સંગીત રેલાવે છે.

ટેસ્ટમેચમાં કોઇ ખેલાડી શૂન્ય રનમાં આઉટ થઇ જતાં કોઇ ક્રિકેટરસિક પથ્થર ફેંકીને ટી.વી.નો સ્કીન તોડી નાંખે છે અને મહામુનિ ગજસુકુમાલ કોઇ અગ્નિ પેટાવીને માથાને શેકી નાંખે તો પણ ક્ષમાનાં અમૃત જ ઘૂંટયા કરે છે.

પગનાં જોડાં કોઇએ સરખાં ન મૂક્યાં તો ય આપણે ભડકી ઊઠીએ છીએ અને ભીનું ચામડું વીંટાળીને કોઇ લાય ઝરતા તડકામાં શેકી નાંખે તો પણ મેતાર્ય મુનિવર પ્રસન્નતાથી સહે છે.

ભાલા અને બરછીના કારમાં પ્રહાર પણ મહામુનિઓની કાયાના એકેય રૂંવાડાને કે હૃદયના એકેય ખૂણાને ક્રોધની કાલિમાથી અભડાવી શક્યા નહોતા અને આપણને તો ઠંડી ચા કે ઊનું પાણી પણ ચિનગારી બનીને ક્રોધગ્નિથી સળગાવી શકે છે.

વગર અપરાધે નિર્જન ભયાનક જંગલમાં સગર્ભાવસ્થામાં એકલા અટૂલા છોડી દેવામાં આવવા છતાં અબળા સીતાજી કર્મવિજ્ઞાનના હૃદયમાં ઘૂંટેલા પાઠોને વાગોળીને પ્રસન્નતાથી તરબતર રહી શકે છે અને એક નાનકડું અપમાન થતાં ક્ષુદ્ર વ્યક્તિ મનને મોટું સમરાંગણ બનાવી દે છે.

ભીડને કારણે કંડક્ટર બસમાં પ્રવેશ ન આપે તો પણ ગુસ્સો આવી પહોંચે છે. રસ્તા ઉપર કોઇનો બળખો પડેલો જોઇને પણ આવેશ આવી જાય છે.

કોઇ તો છાપામાં સમાચાર વાંચીને ય અકળાય છે. કોઇ ગાડી ચૂકી જવાથી ગુસ્સે થઇ જાય છે. એકાએક ઇલેક્ટ્રીસિટીનો પાવર ચાલ્યો જતા કોઇ ક્રોધે ભરાય છે. રસ્તામાં વરસાદ નડે તો વરસાદને કોઇ ગાળો આપે છે. રસ્તા ઉપર ટ્રક ડ્રાઇવર હોર્ન વગાડયા કરે તોય કોઇના ભવાં તંગ થઇ જાય છે. પોસ્ટમાં પોતાની કોઇ ટપાલ ન આવે તો પણ કોઇ સમસમી ઊઠે છે. ટેબલ પરથી કાગળ ઊડી જાય તો પવન પર ચીડાય છે. વ્યાપારમાં પોતાથી કોઇ ખોટો સોદો થઇ જાય તો ગુસ્સે ભરાઇને કેટલાક જાતને ગાળો દેવા મંડી પડે છે અને કોઇક તો વગર કારણે ખુરશીમાં બેઠા બેઠા દાંત કચકચાવીને કાંઇક બબડતા હોય છે. કો'ક મહાશય ચાલતા ચાલતા રૌદ્ર મુખ કરીને હોઠ ફફડાવતાં હોય છે.

ઇ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થયેલા ઇરાનના સમ્રાટ સાઇરસે બેબિલોન પર આક્રમણ કર્યું. માગર્મા ગાઇડ્સ નામની નદીમાં તેના રથનો સફેદ ઘોડો તણાઇ ગયો. આ બનાવથી સમ્રાટ નદી ઉપર ખૂબ ગુસ્સે ભરાયો અને બેબિલોન જીતવાનો વિચાર પડતો મૂકીને નદી ઉપર જ ત્રાટક્યો. પોતાનાં આખા સૈન્યને કામે લગાડીને નદીને ૩૬૦ ટુકડામાં વિભાજીત કરી નાંખીને થોડા જ વખતમાં સૂકવી નાંખી.

પોતાના જીવનનાં પ્રાંગણમાં ક્રોધને ક્યાંરેય પેસવા ન દીધો હોય એવો જણ તો જવલ્લે જ મળશે. ધાર્યું ન થાય તો બાર મહિનાનાં ટેણિયાની ય કમાન છટકે છે અને માની સામે સીધો બાટલીનો ઘા કરે છે. બસો રૂપેડીના પગારદાર ઘાટીનો ય રૂઆબ કોઇવાર જોવા જોવો હોય છે. ક્રોધના આવેશમાં બિચારો એટલું ય વિચારી શકતો નથી કે, શેઠ પાણીચું પકડાવી દેશે તો મારું શું થશે ? ક્યારેક સાસુમા ખીજાયાં હોય તો ક્યારેક નણંદબા રિસાયાં હોય. એની ઝોળીમાં કોઇ પાંચિયા કે દશિયાનો સિક્કો નાંખે તો ભિખારીને ય ગરમ થતા સાંભળ્યા છે. ગુસ્સે થવાનો પરવાનો બાપને જ નથી, દીકરો પણ બાપની સામે ગુસ્સે થઇ શકે છે. વિદ્યાર્થી પણ શિક્ષકને તતડાવી શકે છે. શિષ્ય પણ ગુરુનં ખખડાવી દે છે. પત્ની પણ પતિને સંભળાવી દે છે.

કોઇક ગુસ્સે થઇને તમાચો પરખાવે છે. કોઇક ગાળોનો વરસાદ વરસાવે છે. કોઇ આંખોમાંથી અંગારા છોડે છે. કોઇ વાસણ પછાડીને ગુસ્સો વ્યક્ત કરે છે. કોઇ કાગળ ફાડે, કોઇ રમકડું તોડે. ભૂખ્યા રહેવું એ પણ ક્રોધની અભિવ્યક્તિનો એક રસ્તો છે. બીજા પરના ગુસ્સાનો ભોગ કોક પોતાની જાતને જ બનાવી દે છે અને ભીંત સાથે માથું પછાડે છે.

ક્રોધની પરાકાષ્ઠા ક્યારેક ખૂનનું પગલું પણ ભરાવે તો ક્યારેક આત્મહત્યાનું. ક્યારેક કોઇનો ગુસ્સો કોઇ પર ઉતારી દેવાય છે. શેઠ આસિસ્ટન્ટ પર ગુસ્સે થાય, આસિસ્ટન્ટ ઘરે જઇને પત્ની પર ક્રોધ ઉતારે, પત્ની છોકરાને ધીબે અને ખીજાયેલું છોકરું રમકડું તોડી નાંખે. રમકડાંને ગુસ્સે થતાં આવડતું હોત તો આ પરંપરા હજુ ય આગળ ચાલત.

ક્રોધ એ જગતવ્યાપી રોગ છે. તેનાં ચેપથી બચવું બહુ મુશ્કેલ છે. ગુસ્સાનું ગલનબિંદુ અને ઉત્કલનબિંદુ વ્યક્તિએ વ્યક્તિએ બદલાતું રહેછે. કોઇ મસમોટું નિમિત્તે મળે તો જ ઊકળે છે અને કોક પવન પડી જાય તો પણ ગુસ્સામાં આવી જાય છે. કેટલીક કિટલીઓ જેટલી ઝડપથી ઉકળી જાય છે તેટલી જ ઝડપથી ઠંડી પણ પડી જાય છે. કેવા પ્રકારની ધાતુમાંથી નિર્માણ થયું છે તેના ઉપર દિમાગના ઉષ્ણતામાનની ચડઊતરનો આધાર છે.

દૂધને ફ્રીઝમાં મૂકીને માનવી તેનો આઇસ્ક્રીમ બનાવી શકે છે. પણ પોતાની ખોપરી ઠંડી કરી શકાય તેવું કોઇ ફ્રીઝ હજુ શોધાયું નથી. ઓરડાને એરકન્ડીશનરથી ટાઢોહિમ કરી દેનારો પણ પોતાના કાળજાને કોલ્ડ કરી શકતો નથી. ક્રોધને તાવ કહેવામાં આવે છે. તાવમાં ઉષ્ણતામાન વધે તેમ ક્રોધાવેશ વખતે ઉષ્ણતામાન વધી જાય છે. તાવપીડિત માણસ અસંબદ્ધ બકવાસ કરે, તેવું ક્રોધમાં પણ બને છે. તાવમાં ભોજનની અરુચિ થાય તેમ ક્રોધના આવેશ વખતે અન્ય વ્યક્તિઓ પ્રત્યે અરુચિ પ્રગટે છે. ક્રોધની મુશ્કેલી એ છે કે તે ક્ષયરોગ નથી કે ચાર-ચાર સ્ટેજ દ્વારા બાંગો પોકારીને પોતાના આગમનનાં પહેલેથી એંધાણ આપે. ફ્લુ કે મલેરીયાના તાવમાં તાવ આવતા પહેલાં શરીરમાં કળતર થાય, તેવું ક્રોધમાં બનતું નથી. ક્રોધ તો અચાનક ફાટી નીકળતા પ્લેગ કે કોલેરા જેવો છે અથવા છેલ્લી ઘડીએ પોતાની ઓળખાણ આપતા કેન્સર જેવો છે. તેથી જ ક્રોધની ભયંકરતા વધી જાય છે.

કોઇ ક્રોધી માણસ પોતાના આશ્રમમાં પ્રવેશ કરે ત્યારે રમણ મહર્ષિ તેને આવકાર આપતા :

"સાપભાઈ આવો."

તે કહેતા કે, જે વ્યક્તિ ક્રોધનો ગુલામ છે, તેને માનવીના ખોળિયામાં રહેલો સાપ જ કહેવાય.

એક ગુસ્સાખોર મકાન માલિક અવારનવાર બધા ભાડૂઆતો સાથે ઝઘડી પડતો. તેના ગુસ્સાને કારણે તેનાં કુટુંબીજનો પણ સદા ભયભીત રહેતા. એકવાર નાગપંચમીનો તહેવાર આવ્યો ત્યારે એક ભાડૂઆત તપેલીમાં દૂધ લઇને તે મકાન માલિક પાસે ગયો ને પગે લાગી તેની સામે દૂધ મૂક્યું. મકાનમાલિક તો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. “મારી સામે પણ ન જોનાર આ ભાઇ આજે પ્રેમથી મને દૂધ પાવા કેમ આવ્યા હશે ?” તે ભાઈની સામે પોતાનું આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે તે ભાઇએ જવાબ આપ્યો :

“આજ નાગપંચમી છે. આ દિવસે લોકો નાગને પગે લાગી દૂધ પીવડાવે છે તેથી હું આપને દૂધ પીવડાવવા આવ્યો છું.” આટલું બોલીને તે તો સડસડાટ પગથિયાં ઊતરી ગયો. પણ તેના શબ્દોએ ચમત્કાર સર્જ્યો. રોજ સવારના પહોરથી શરૂ થતાં ઘાંટા અને ઘોંઘાટ બંધ થઇ ગયા.

ક્રોધની જેમ કામ, લોભ, માયા, અસૂયા, આદિ અનેક અહિતકર લાગણીઓનું માનવમન ભોગ બનતું હોય છે. પણ બીજાં દૂષણો કરતાં ક્રોધ અનેક રીતે જુદો પડે છે. સામાન્યથી અન્ય લાગણીઓ તેની ભોગ બનેલી વ્યક્તિને જ નુકસાન કરે છે, પણ ક્રોધની વાત નિરાળી છે. એકનો ક્રોધ અનેકને નુકસાન કરી શકે છે.

એક અપેક્ષાએ એવું પણ લાગે છે કે અન્ય દોષો પરના વિજય કરતાં ક્રોધજય મુશ્કેલ છે. અન્ય લાગણીઓના વિજયમાં અહમ્‌ની સહાય મળી રહે છે. અહમ્ જો અકબંધ રહેતો હોય તો અન્ય વૃત્તિના વશને તોડવામાં માનવીને બહુ કઠિનાઇ નડતી નથી. દાનેશ્વરી થવાથી અહમ્ સંતોષાય છે માટે લોભી માણસ દાનનો માર્ગ પકડીને લોભને જીતી શકે છે. કામવૃત્તિના ત્યાગમાં પણ અહમ્‌ને વજન મળે છે. પણ, ક્રોધને જીતવા માટે અહમ્‌ના સામા પ્રવાહે તરવું પડે છે. કારણ કે, કેટલાક પ્રસંગોમાં ક્રોધ ન કરનારને લોકો નમાલો ગણે છે. ક્રોધનો ત્યાગ ઇચ્છનારે અહમ્‌ની ખેવના છોડવી પડે છે.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચેતનની ચેતનાને ચગદી નાખનારી ચંડાળ ચોકડી છે. આ ચંડાળ ચોકડીને શાસ્ત્રીય પરિભાષામાં ‘કષાય’ કહે છે. मूलं हि संसारतरोः कषायाः। કહીને જ્ઞાની ભગવંતો આ કષાયોની ભયંકરતાને ઓળખાવે છે. ક્રોધને અગ્નિની ઉપમા અપાય છે, અભિમાનને ઝેરીલો અજગર કહ્યો છે, માયાને જ્ઞાનીઓ ભેદી જાળની ઉપમા આપે છે અને લોભ કાળોતરા નાગ જેવો છે.

આ ચાર કષાયોનું સ્વરૂપ સમજાવતું એક કથાનક શાસ્ત્રમાં આવે છે. એક નગરમાં ગંધર્વ નાગદત્ત નામનો એક શ્રીમંત વણિકપુત્ર વૈભવ-વિલાસમાં ગળાબૂડ બનીને જીવન વ્યતીત કરે છે. પોતાના પૂર્વના ભવનો એક મિત્રદેવ તેને પ્રતિબોધ કરવા માટે મદારીનું રૂપ કરીને નગરમાં આવ્યો. તેની પાસે ચાર કરંડિયામાં ચાર સર્પ હતા. આ મદારીના ખેલ જોવા નગરજનો એકત્ર થયા. ગંધર્વ નાગદત્ત પણ ત્યાં આવ્યો. મદારી પેલા ચાર સર્પની સાથે રમવા લાગ્યો. સર્પ ડંખ મારવા છતાં તે મરતો નથી. નાગદત્તને પણ આ ચાર સર્પ સાથે રમવાની ઇચ્છા થઇ. તેણે પોતાની ઇચ્છા વ્યક્ત કરી એટલું જ નહિ, જીદ્દ પકડી. મદારીએ તેના પરિજનોને બોલાવ્યા. ચાર દિશામાં ચાર કરંડિયા રાખ્યા અને ચારેય સર્પની ભયંકરતા સમજાવી.

"જુઓ, આ પ્રથમ સર્પ તો સાક્ષાત્ યમ જેવો છે. લાલ અંગારા જેવી તેની આંખો છે, વીજળી જેવી લબકારા મારતી તેની જીભ છે, મોતના મિત્ર જેવા તેના ફૂંફાડા છે અને ઝેરથી ભરેલી તેની દાઢો છે."

"આ બીજો સર્પ તો એકદમ ઊંચો થઇ જાય છે. તેને આઠ તો ફણા છે. આ સર્પનું ઝેર ચડે તે ઇન્દ્રને પણ ગણકારતો નથી."

"આ ત્રીજી નાગણ દેખાવમાં બહુ સરળ લાગે પણ અત્યંત દુષ્ટ છે. ઝેર એકઠું કર્યે રાખે છે અને લાગ જોઇને ડંખે છે. ઠગીને એવો ડંખ મારશે કે ઊભા જ નહિ થઇ શકો."

"અને આ ચોથો સર્પ તો એનાથી પણ ભયંકર છે. જેને કરડે તેનું પેટ સમુદ્ર જેટલું ઊંડું થઇ જાય છે. ગમે તેટલું મળે તો પણ ધરાય જ નહિ. એવું કોઇ ઝેર નહિ હોય કે જે આ સર્પની દાઢમાં ન હોય."

માત્ર ગંધર્વ નાગદત્ત નહિ, આપણે સહુ કોઇ આ ચાર નાગ સાથે રમ્યા કરીએ છીએ અને ઝેરી ડંખો ખાઇ-ખાઇને રિબાયા કરીએ છીએ.

પહેલો ભયંકર સાપ એટલે ક્રોધ. બીજો બિહામણો નાગ તે અભિમાન. જાતિ, લાભ, કુલ, ઐશ્વર્ય, બલ, રૂપ, તપ અને શ્રુત એ આઠ મદસ્થાનો તે આઠ ફણા છે. ત્રીજી ઝેરીલી નાગણ એટલે માયા. અને ચોથા કાળોતરો નાગ તે લોભ.

લોક વ્યવહારથી વિચારીએ તો ક્રોધનું સિંહાસન આંખમાં છે. અભિમાનનું સિંહાસન ખભા ઉપરે છે. માયાનો વાસ હૃદયમાં છે અને લોભનો નિવાસ પેટમાં કહેવાય છે. એટલે તો લોભી માણસ મોટા પેટવાળો કહેવાય છે.

ક્રોધની સવારી તીખા અને કર્કશ આક્રોશવચનો ઉપર આવે છે. માનની સવારી ક્યારેક રૂઆબભર્યા શબ્દો ઉપર તો ક્યારેક આત્મપ્રશંસાની વાગ્ધારા પર

આવે છે. માયા મીઠા મધ જેવા અને સુંવાળા રેશમ જેવા શબ્દો ઉપર સવાર થઇને બહાર આવે છે અને લોભ ક્યારેક ખુશામતિયાં પોલ્સન બ્રાન્ડ વચનો ઉપર તો ક્યારેક રૂદનભર્યાં દીનવચનો ઉપર સવાર થઇને પધારે છે. ચારેય ગતિમાં આ ચારેય કષાયો છે. પણ ક્રોધની પ્રચુરતા નરકમાં, માનની મનુષ્યને, માયાની પશુને અને લોભની દેવને વધુ હોય છે.

આ ચારેય કષાયો આત્મગુણોની કતલ કરનારા ભયાનક હત્યારા છે. ક્રોધ પ્રેમનો નાશ કરે છે, માન વિનયનો વિનાશ નોંતરે છે. માયા મિત્રોને ભગાડે છે, અને લોભ તો સર્વસ્વનો સંહાર કરી નાંખે છે.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે —

चतारि अेअे कसिणा कसाया,
सिंचन्ति मूलाइं पुणब्भवस्स ।।

આ ચાર કાળિયાઓ ભેગા થઇ ભવપરંપરાનાં મૂળ સિંચ્યાં કરે છે. કષાયની પુષ્ટિમાં સંસારનો વિસ્તાર અને કષાયના નાશમાં સંસારની સમાપ્તિ.

ક્રોધ, આ ચંડાળ ચોકડીના ગેન્ગલીડર તરીકેનો જાણે કે ઠેકો રાખે છે. અહંકારની રક્ષા માટે ક્રોધને ચોકીદાર બનાવવો પડે છે. ઘૂમટો તાણીને ઘરની અંદર ભરાઇ રહેલી મર્યાદાશીલ મહિલા જેવી માયાબાઇની ગુપ્તતાને ટકાવી રાખવા ક્યારેક ક્રોધભાઇને દંડો લઇને બહાર નીકળવું પડે છે, અને ઘણીવાર લોભના ખાડાને પૂરવામાં ક્રોધ ઘણી સહાય કરે છે. માટે મોહ અને અજ્ઞાનના પનારે પડેલા બિચારા કર્મવશ જીવો ક્રોધની આગમાં બળ્યા કરે છે.

જગતના સર્વ ધર્મોએ ક્રોધને વખોડયો છે.'ક્રોધ છોડવા જેવો છે' તે બાબતમાં દુનિયાભરના ધર્મશાસ્ત્રીઓ, તબીબશાસ્ત્રીઓ, વૈદકશાસ્ત્રીઓ, વિચારકો અને માનસશાસ્ત્રીઓ એકમત છે. વિશ્વવિજેતા બનવું સહેલું છે પણ કષાયવિજેતા બનવું મુશ્કેલ છે. વિશ્વનાં બંડને શમાવવાની તાકાત ધરાવનાર સમર્થ પુરુષો પણ મનનાં એક ખૂણામાંથી ઊભા થતા ક્રોધનાં બંડને શમાવવા જતા બાયલા પુરવાર થાય છે. જુલ્મગારોની ગુલામીમાંથી મુક્ત થઇને આઝાદી પ્રાપ્ત કરવી સરળ છે પણ કષાયોની ગુલામીમાંથી મુક્ત થવાનું કાર્ય અતિ કપરું છે.

ક્રોધિત મનોદશા એટલે પાગલ મનોદશા. ક્રોધના આવેશ સમયે મગજની સ્થિરતા ગુમાવીને વ્યક્તિ પાગલપનનાં પટાંગણમાં પ્રવેશ કરે છે. મહાપ્રાજ્ઞનું પાંડિત્ય પણ તે પળોમાં આઘું ખસી જાય છે. ડહાપણનો દરિયો ક્ષણભર આવરણોથી ઢંકાઇ જાય છે. ક્રોધ એટલે આત્મભૂમિ પર સર્જાતો કેટલીક ક્ષણનો મહાપ્રલય. આ

પ્રલયમાં આત્માની ઓજસ્વી ઉર્જાના કુંભ ઢોળાઇ જાય છે. ક્રોધના પ્રલયસર્જક વાવાઝોડામાં વિવેકનો ટમટમતો પ્રદીપ ઓલવાઇ જાય છે અને મનમાં છવાઇ જાય છે ઘટાટોપ અંધકાર. એક યુનાની કહેવત છે : ‘ક્રોધ એક પ્રકારનું તોફાન છે. એ આવે છે ત્યારે વિવેકને નષ્ટ કરી નાખે છે.’ વૃદ્ધ ચાણક્યનીતિ નામનાં ગ્રંથમાં ક્રોધને ‘યમરાજ’ કહેવામાં આવ્યો છે. કોઇ મહર્ષિએ ધર્મવૃક્ષને બાળીને ખાખ કરી નાંખતા આ ક્રોધ માટે લખ્યું છે :

क्रोधो धर्मद्रुमज्वालाजिह्विः स्वपरदाहकः ।

વળી કોઇ મહર્ષિએ ક્રોધને મહાભયંકર તાવ તરીકે ઓળખાવ્યો છે. તાવ તો માત્ર છ મહિનાનાં તેજ અને સ્ફૂર્તિને નષ્ટ કરી નાંખે, પણ ક્રોધ તો કરોડપૂર્વની ઉગ્ર તપસાધનાને ય રાખમાં રગદોળી દેવા સમર્થ છે. ક્રોધ કરવામાં માત્ર ક્ષણ જ પસાર થાય છે, પણ એ ક્ષણના ક્રોધની કિંમત ચૂકવવામાં ઘણી વાર સમગ્ર જીવન ખરચાઇ જાય છે. મચ્છુ નદીનો ડેમ તૂટયો અને મોરબી શહેર પર પાણી ફરી વળ્યાં. આ ઘટના માત્ર કલાકોમાં બની. પણ તેમાં તારાજ થયેલા મોરબીને ફરી બેઠું થતાં વર્ષોનાં વર્ષો વીતી ગયાં. ક્ષમાનો બંધ તૂટતા ક્રોધનાં પૂર આવે છે અને તે ક્ષણોમાં જે તારાજગી સર્જાય છે, તેનો હિસાબ આંકવો મુશ્કેલ છે. તેમાંથી બેઠા થતાં ઘણી વાર વર્ષો નહિ, જીવનો પસાર થઇ જાય છે.

જૈન શાસ્ત્રોમાં અગ્નિશર્માનું કથાનક બહુ પ્રસિદ્ધ છે. તે એક તપસ્વી તાપસ હતો. તાપસી દીક્ષાનો સ્વીકાર કર્યો તે જ દિવસથી એક મહિનાના ઉપવાસનાં પારણાંના દિવસે પણ એક જ ઘરે ભિક્ષા માટે જવાનું અને જે મળે તેનાંથી પારણું કરી લેવાનું. તે ઘરમાં ભિક્ષા ન જ મળે તો ફરી પારણાં વગર જ એક મહિનાના ઉપવાસ ચાલુ કરી દેવાનાં. એક વાર ગુણસેન નામના રાજા તે તાપસોના આશ્રમમાં આવ્યા. આ અગ્નિશર્મા તાપસની ઘોર તપશ્ચર્યા પર તે ઓવારી ગયા. પાંચ દિવસ બાદ તેમનાં પારણાંનો દિવસ હતો. તે પારણાંનો લાભ પોતાને આપવાની તેણે આગ્રહપૂર્વક વિનંતી કરી અને તાપસે તેનો સ્વીકાર કર્યો. પારણાંના દિવસની આતુરતાપૂર્વક રાજા પ્રતીક્ષા કરવા લાગ્યો. પણ પારણાંના દિવસે સવારમાં જ રાજાના મસ્તકમાં અસહ્ય વેદના શરૂ થઇ. વૈદ્યો અને હકીમોને બોલાવવામાં આવ્યા. જડીબુટ્ટીઓનાં ઢગલા થવા લાગ્યા. પણ વેદના જરાય શાંત પડતી નથી. આખા રાજ્ય દરબારનું વાતાવરણ ક્ષુબ્ધ બની ગયું છે. રાજાની વેદનાનું પ્રતિબિંબ સહુ કોઇના ચહેરા ઉપર સ્પષ્ટ દેખાય છે. અગ્નિશર્મા તાપસ પારણાં માટે આવ્યા. પણ આ ગંભીર પરિસ્થિતિમાં તેમને આવકાર આપવાનું પણ કોને સૂઝે ? આવીને ચાલ્યા

ગયા અને ફરી એક માસના ઉપવાસ આરંભી દીધા. વેદના શાંત પડતા રાજાને પારણાંનું સ્મરણ થયું. તપાસ કરતાં જાણ્યું કે, મુનિ તો આવીને પારણું કર્યા વિના જ ચાલ્યા ગયા છે. રાજાને ધ્રાસકો પડયો. દોડતો તાપસના આશ્રમેં પહોચ્યો અને ખૂબ રડયો. અગ્નિશર્માએ બીજું પારણું તેનાં આંગણે કરવાનું વચન આપ્યું. બીજા પારણાના દિવસે રાણીને પુત્રજન્મ થતાં સહુ તેમાં વ્યસ્ત બનેલા હતા અને મુનિનું ધ્યાન કોઇને ન રહ્યું. સતત ત્રીજા મહિનાના ઉપવાસ થયા. ફરી વ્યથિત બનેલા રાજાને આશ્વાસન આપવા તાપસે ત્રીજી વાર વચન આપ્યું. અને યોગાનુયોગ તે પારણાંના દિવસે યુદ્ધની નોબતો વાગી અને રાજા તેની ધમાલમાં ગૂંથાયો. ફરી મુનિનું પારણું ચુકાયું. બબ્બે પારણાં ચુકાવા છતાં સંપૂર્ણ સમભાવને અકબંધ રાખી ચૂકેલા તાપસના ધૈર્યનો હવે અંત આવ્યો. ક્રોધનો જ્વાળામુખી ફાટયો. 'મને પરેશાન કરવાના ઇરાદાથી જ તે મને વારંવાર આમંત્રણ આપે છે.' તેવો પૂર્વગ્રહ બંધાતા મહાસજ્જન રાજા અત્યારે તેને મહાદુષ્ટ અને ભયાનક દુશ્મન તરીકે જણાયો.. હવે ક્યારેય પારણું નહિ કરવાનો અને જીવનભર ઉપવાસ કરવાનો રોષમાં સંકલ્પ કર્યો અને મનથી એક દુષ્ટ સંકલ્પ મૂક્યો. "મારી સઘળી ય ઘોર સાધનાના બદલામાં મારે બીજું કાંઇ ન જોઇએ. ભવોભવ આ રાજાને રિબાવી રિબાવીને મારનારો હું બનું, તે જ મારે જોઇએ." ક્રોધના આવેગમાં પોતાની મહાઅમૂલ્ય સાધનાની આવી મૂર્ખામીભરી સોદાબાજી કરી નાંખી, અને ભવોના ભવો સુધી ખતરનાક વૈરની ભયાનક પરંપરા ચાલી. ક્ષણનાં ક્રોધાવેશે તેનાં કેટલાંય જીવનોને તારાજ કરી નાંખ્યાં. ઉગ્ર તપસાધના ક્રોધના અગ્નિમાં બળીને ખાખ થઇ ગઇ. તેની ભયાનક ભવપરંપરાના વર્ણનો વાંચતા કંપારી છૂટી જાય તેવું છે.

ક્રોધ મનુષ્યને પશુ બનાવી દે છે અને તે પશુતાનાં આવેશમાં તે પશુથી પણ બદતર વર્તન કરી નાંખે છે. બ્રેક ફેઇલ થયા પછી ગાડી કેવા અકસ્માત સર્જે છે ! ક્રોધની ક્ષણોમાં મન પરનાં નિયંત્રણો શિથિલ બની જાય છે અને જે કાંઇ બને છે તે બધું સ્વની સંમતિ વિના બને છે. એટલે ટૂંક સમય માટે જાત સાથે થયેલો સંબંધવિચ્છેદ તેનું નામ ક્રોધ. પોતાની પરવાનગી વિના જ પોતે કાંઇક કરી બેસે તેવી મૂઢતા એ ક્રોધની નીપજ છે. ભગવદ્ગીતામાં ક્રોધ દ્વારા સર્વનાશ કેવી રીતે થાય છે તેનો સુંદર ક્રમ બતાવ્યો છે. ક્રોધમાંથી મૂઢતા ઉત્પન્ન થાય છે. તે મૂઢતા સારાસારનો વિવેક ભુલાવીને અઘટિત કાર્ય કરાવી દે છે. ક્રોધનાં આવેગમાં આપણે 'આપણે' મટી જઇએ છીએ, તેનું જ નામ મૂઢતા. આ મૂઢતામાંથી સ્મૃતિલોપ જન્મે છે. તેથી, વર્તન ઠેકાણા વગરનું બની જાય છે અને કાર્યક્ષમતા ઘટી જાય છે. ક્રોધી વ્યક્તિની પ્રવૃતિમાં સળંગસૂત્રતા નથી જળવાતી, તે આ સ્મૃતિલોપનાં કારણે. તે

જડ જેવો બની જાય છે અને નિષ્ફળતાઓની એક વિઘાતક પરંપરા સર્જાય છે. પોતાની બુદ્ધિ પર તે વિશ્વાસ ગુમાવે છે અને છેવટે આ બુદ્ધિનાશ સર્વનાશમાં પરિણમે છે. ગીતાનો શ્લોક આ રહ્યો :

क्रोधाद् भवति संमोहः, संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात्प्रणश्यति ॥

હોટેસ નામના વિચારકે પણ એક જગ્યાએ લખ્યું છે : "ક્રોધ એક ક્ષણિક ગાંડપણ છે. તેને વશમાં રાખો, નહિ તો, તે તમને વશ કરી દેશે." ગૌતમ બુદ્ધે કહ્યું છે કે, "ઉકળતા પાણીમાં પ્રતિબિંબ દેખાતું નથી તેમ ક્રોધી માણસ પણ પોતાનું હિત શામાં છે, તે જોઇ શક્તો નથી." ક્રોધ કરવો એ અન્યનાં અપરાધોનો બદલો પોતાની જાત ઉપર લેવા બરોબર છે." ક્રોધ પછીનું બીજું પગથિયું એટલે પારાવાર પસ્તાવો.

ક્રોધની ઘટનાં ક્ષણની હોય છે, પણ તેને માટે કલાકો સુધી પશ્ચાતાપની વેદનાના ભોગ બનવું પડે છે. જે ક્રોધની એક ક્ષણ દબાવી શકે તે પસ્તાવાનો આખો દિવસ બચાવી શકે. પાયથાગોરસે પણ કહ્યું છે, "ક્રોધ મૂર્ખતામાંથી શરૂ થાય છે અને પશ્ચાત્તાપમાં પરિણમે છે." આ પશ્ચાત્તાપની પળોમાં તેને પોતાની જાત ઉપર ખૂબ ધિક્કાર થાય છે. ક્રોધની પળો ઘણી નાજુક હોય છે. પશ્ચાત્તાપના કલાકોમાં માનવી હિસાબ કાઢે છે કે, ગુસ્સાની ક્ષણોમાં તેણે કેટલું નુકસાન નોંતર્યું અને તે નુકસાનીનાં આંકડા જાણીને તે હેબતાઇ જાય છે. પશ્ચાત્તાપનાં વિમલ વારિથી ક્રોધની આગ બુઝાય તે પહેલાં તો તન-મનની કેટલીય અમૂલ્ય શક્તિઓ ભસ્મીભૂત થઇ ગઇ હોય છે. આ મરી પરવારેલી શક્તિઓ પાછળ મરસિયા ગાવા સિવાય બીજો કોઇ ઉપાય બચતો નથી.

ક્રોધનો ઉગ્ર આવેશ એક પ્રકારનું મુદતિયું ગાંડપણ જ છે. માત્ર ક્ષણોની મુલાકાતે આવેલો ક્રોધ વ્યક્તિનાં સમગ્ર વ્યક્તિત્વ ઉપર લાંબા ગાળાની અસરો મૂકીને જાય છે. તે ઘાતક અસરોના ભોગ બનીને વ્યક્તિએ વર્ષો સુધી રિબાવું પડે છે. માટે ભગવદ્‌ગીતામાં ક્રોધને આસુરી સંપત્તિ ગણાવવામાં આવી છે તથા નરકનાં દ્વાર તરીકે પણ ક્રોધને ઓળખાવવામાં આવ્યો છે.

પોતાની ઇચ્છા મુજબ બધું થવું જોઇએ એવા આગ્રહમાંથી ક્રોધનો જન્મ થાય છે. પણ, પોતાની ઇચ્છા મુજબ આપણી જાતનું ઘડતર કરવામાં આપણે સફળ થતા નથી. તો બીજાઓ ઉપર આપણી ઇચ્છાઓ ઠોકી બેસાડવાનો દુરાગ્રહ કેવી

રીતે રાખી શકાય ? સામાન્યથી પોતાનું મહત્વ સ્થાપિત કરવા માટે વ્યક્તિ ગુસ્સો કરે છે, પરંતુ મોટા ભાગનાં પ્રસંગોમાં તેનું મહત્વ ઘવાય છે. ઘણીવાર કોઇ આવી પડેલી પરિસ્થિતિને પહોંચી વળવા પોતે સમર્થ ન હોય ત્યારે ક્રોધનું શસ્ત્ર હાથમાં લે છે, પણ તે થાપ ખાઇ જાય છે.

જીવન તો પ્રસંગોનું વહેતું ઝરણું છે. મહાપુરુષો તટ પર ઊભા રહીને તે ઝરણાને માત્ર જોયા કરે છે, માટે સમભાવમાં સ્થિર રહી શકે છે. જે વહેણમાં તણાય છે તેને તો રોજ હૈયાવરાળ છે. કર્તાભાવ છે, ત્યાં ઉકળાટ છે. દષ્ટાભાવ છે ત્યાં આનંદનો ઘૂઘવાટ કરતો દરિયો છે. આફ્રિકામાં વાયોલેટ નામનો એક છોડ થાય છે. તેનાં પાંદડાં ઉપર પાણીનું ટીપું પડતા ડાઘ પડી જાય છે અને પાંદડું સુકાઇ જાય ત્યાં સુધી એ ડાઘ ભૂંસાતો નથી. તેમ જીવનમાં બનતા નાના નાના પ્રસંગોની પણ ગાઢ અસરો મન પર લઇને તેના તીવ્ર પ્રતિભાવો વ્યક્ત કરવાની ઘણાંની પ્રકૃતિ હોય છે.

અંગ્રેજીમાં એક બહુ સરસ વાક્ય છે : A Great Conquerer never fight on small issues. મહાન વડવૈયો નાના નાના મુદ્દા પર લડવા બેસતો નથી. સડસડાટ દોડી જતો ફ્રન્ટીયર મેલ નાનકડા ફ્લેગ સ્ટેશન પર કદી ઊભો રહેતો નથી. કરોડોનું ટર્નઓવર કરનારો મોટો વેપારી નાના પરચૂરણ સોદામાં હાથ ઘાલતો નથી. કોઇ ભાલાથી ભેદી નાંખે કે તલની જેમ ઘાણીમાં પીલી નાખે તો પણ મહામુનિવરો સમતાનાં પ્રાંગણમાં મહાલી શકે છે અને પગારે રાખેલો ઘાટી સલામ ન ભરે તો પણ આપણાં ભવાં તંગ થઇ જાય છે.

બહુહેતુક ક્રોધને ઓળખાવવા માટે જ્ઞાનીઓ ક્રોધના ચાર વિભાગ પાડે છે. પોતાના કોઇ વર્તનથી નુકસાન થતાં પોતાની ભૂલથી ભડકીને પોતાની જાત પર જ ગુસ્સો કરે તે આત્મપ્રતિષ્ઠિત ક્રોધ. અન્ય કોઇ પ્રતિકૂળ વર્તે ત્યારે દાવાનલની જેમ પ્રજવલી ઊઠતો પરવિષયક ક્રોધ તે પરપ્રતિષ્ઠિત ક્રોધ. કૈંક બનાવોમાં પોતે અને અન્ય બન્ને ગુસ્સાનો ભોગ બનેલા હોય છે, ત્યારે તે ઉભયપ્રતિષ્ઠિત ક્રોધ અને કેટલાક તો તીવ્ર ક્રોધ મોહનીય કર્મના ઉદયને કારણે, કોઇ પણ નિમિત્ત વિના ક્રોધે ભરાઇ જતા હોય છે, તે અપ્રતિષ્ઠિત ક્રોધ.

J. K. MORLEY નામનાં એક ચિંતકે માનવીની કક્ષા માપવાનું એક સુંદર સમીકરણ આપ્યું છે. તેણે કહ્યું : The size of a man can be measured by the size of the thing that makes him angry. માલ વગરની ઝીણી ઝીણી વાતમાં પણ ક્રોધ કરે તે નાનો; મોટા પ્રસંગોમાં પણ ક્રોધને કાબૂમાં રાખી શકે તે મોટો.

આ સંસારમાં ત્રણ પ્રાકરના મનુષ્યો આપણને જોવા મળે છે. કેટલાકને વાતવાતમાં ક્રોધ અને સંઘર્ષ કરવામાં જ રસ હોય છે. આવા મનુષ્યો તે **ક્લેશાત્મા.** કેટલાક મનુષ્યોને માત્ર સંસારનાં સંચાલનમાં જ રસ હોય છે, તેવા જીવો તે **કર્મઠાત્મા,** અને, કેટલાક અસ્તિત્વના જંગમાંથી બહાર નીકળીને વ્યક્તિત્વનાં ઘડતરમાં રસ ધરાવતા હોય છે. આવા જીવોને ક્ષમા આદિના ગુણોનાં વિકાસની ખૂબ તત્પરતા હોય છે, તે બધા **ધર્માત્મા.**

સલામતી માટે કદાચ કોઇ સજ્જનને ગુંડા સાથે દોસ્તી રાખવી પડે તો પણ વારંવાર આમંત્રણ આપીને ગુંડાને ઘરમાં પધરાવે નહિ અને જેના ઘરમાં વારંવાર ગુંડાનું આવાગમન થતું હોય તેને કોઇ સજ્જન માને નહિં. ક્રોધ આવો એક ભયાનક ગુંડો છે. તેની સાથે દોસ્તી કેવી છે તેના પરથી વ્યક્તિની ક્ષુદ્રતા કે મહાનતાનું માપ નીકળે છે.

આપણે તો ક્ષુદ્રમાંથી મહાન બનવું છે. ક્ષમાપ્રધાન પ્રભુ વીરની ક્ષમાનો ઊજળો વારસો આપણને મળ્યો છે. આભ તૂટી પડે તો પણ રૂંવાડું ન ફરકે તે મહાવીરની સમતા છે. મહાવીરે ઘૂંટી આપેલા એ સમતાના અમૃતનું આપણે પાન કરીએ અને રગરગમાં તેને પ્રસરાવીએ. પછી નોકર દ્વારા કાચનું ઝુમ્મર તૂટી જતા આંખનો ખૂણો લાલ નહિ થાય. કોઇના ઘોર અપમાનો પણ પચાવી દેવાની તીવ્ર પાચનશક્તિ અંતરમાં ઊભી થશે ત્યારે ક્ષુદ્ર વ્યક્તિઓની નામાવલીમાંથી આપણા નામની બાદબાકી થશે. ક્રોધ પરનાં નિયંત્રણો એ વ્હેંતિયામાંથી વિરાટ બનવાનો જાદુ છે.

ક્રોધની કટુતાને લીમડા સાથે સરખાવવામાં આવે છે. ક્રોધના આવેશમાં આવીને કડવાં વચનો વરસાવનારને લોકો ધુત્કારે છે. એક રાજ્યમાં પ્રજા સુખી અને સમૃદ્ધ હતી, રાજા ન્યાયી હતો અને મંત્રી ચતુર હતો. પણ, યુવરાજ ખૂબ ક્રોધી અને કઠોર હતો. નગરજનોને તે પરેશાન કરતો. તેને સુધારવા રાજા અને મંત્રીએ ઘણા પ્રયત્નો કર્યા પણ સફળતા ન મળી. એક વાર નગરમાં એક સંન્યાસી આવ્યા. રાજાએ પોતાની ચિંતા તેમને કહી. બીજા દિવસે કુમારને સાથે લઇ બાગમાં ફરતાં ફરતાં લીમડાના એક નાના છોડની પાસે આવી સાધુએ કહ્યું : "કુમાર, કેટલો સુંદર છે આ છોડ ? તેનું પાન તો ચાખો !" કુમારે પાન તોડીને ચાખ્યું. પરંતુ તુરત જ થૂકી નાંખ્યું અને પોતાના સ્વભાવ પ્રમાણે ક્રોધનાં આવેશમાં આવીને છોડને ઉખાડીને કચડી નાંખતા બોલ્યો : "આ ચાર પાંદડાનો નાનો અમથો છોડ અત્યારથી જ આટલો કડવો છે તો પૂરું ઝાડ થશે ત્યારે શું થશે !" તુરત સાધુ હસીને બોલ્યા : "વત્સ, તમારી પ્રજા પણ તમારા માટે આવું જ વિચારતી હશે. યુવરાજ છે ત્યારે

જ તે આટલા ક્રોધી અને કઠોર છે, તો રાજા થતાં કેટલા ક્રૂર થશે ! અને તમે છોડને ઉખાડીને કચડી નાંખ્યો તે દશા લોકો પણ તમારી કરે તો નવાઇ નહિ." આટલું કહી સાધુ તો ચાલતા થયા. પણ ક્રોધી કુમાર હવેથી કડવો લીમડો મટીને મીઠી શેરડી બની ગયો.

ક્રોધના રોગથી ગ્રસ્ત બનેલા પ્રત્યેક વ્યક્તિએ આ કુમારના દૃષ્ટાંતને સતત લક્ષ્યમાં રાખવા જેવું છે. જે કડવો બને છે તેને લોકો થૂંકી નાંખે છે અને અવસરે ઉખેડીને ફેંકી પણ દે છે. રાજા હોય કે મંત્રી હોય, સાધુ હોય કે સજ્જન હોય, જ્ઞાની હોય કે તપસ્વી હોય, ક્ષત્રિય હોય કે બ્રાહ્મણ હોય, ક્રોધના આવેગમાં માણસ, હલકો બની જાય છે. મુખમાંથી નીકળતાં વચનો તેને સાવ નીચે અને હલકો બનાવી દે છે. એટલે તો ઋષિઓએ ક્રોધને 'મહાચંડાલ' કહીને વખોડયો છે.

ગંગા કિનારે એક સાધુ કુટિર બાંધીને રહેતા હતા. એક વાર સ્નાન કરીને ગંગામાં કપડાં ધોયાં. ધોયેલા કપડાં રેતીના પટમાં પહોળા કરી સૂકવ્યાં. થોડી વારમાં એક ચંડાલ ગંગામાં સ્નાન કરવા આવ્યો. ગંગામાં સ્નાન કરીને તેણે અક શિલા પર પોતાનાં મેલા વસ્ત્રો ધોવાનું શરૂ કર્યું. કપડા ધોવાનો અવાજ સાંભળી સાધુ કુટિરમાંથી બહાર આવ્યા. જોરથી કપડા ધોતા ચંડાલને જોઇને તેમને થયું : ચંડાલે દાટ વાળી નાખ્યો. મારા વસ્ત્રો ભ્રષ્ટ કરી નાંખ્યાં ! રૂંવાડે રૂંવાડે ક્રોધ વ્યાપી ગયો. પેલાને ખૂબ તતડાવ્યો અને પગમાંથી ચાખડી કાઢી પાંચ-છ વાર બરડામાં ફટકારી.

ચંડાલનો સ્પર્શ થઇ ગયો તેથી ફરી ગંગાસ્નાન કર્યું. તે ગંગામાંથી બહાર નીકળ્યા એટલે પેલો ચંડાલ ફરીથી સ્નાન કરવા નદીમાં ગયો. સાધુને નવાઇ લાગી. તેને પૂછ્યું : "મને તારો સ્પર્શ થયો એટલે શુદ્ધ થવા મેં ફરીવાર ગંગાસ્નાન કર્યું. તું શું કરવા ફરી આ ઠંડીમાં સ્નાન કરવા જાય છે ?"

"મહારાજ, આપ ફરી મારો નહીં તો સાચી વાત કહું !"

"કહે, જે કહેવું હોય તે કહે." સાધુએ ઠંડા પડતા કહ્યું.

"મહારાજ, ચંડાલનો સ્પર્શ થવાથી તમારે નહાવું પડયું, તો મને તો મહાચંડાલનો સ્પર્શ થયો છે. કારણ કે હમણાં તમે ખૂબ ક્રોધમાં હતા અને ક્રોધ તો મહાચંડાલ છે. તમારા ક્રોધનો સ્પર્શ થવાથી મારે સ્નાન કરવું પડે છે."

'પ્રબોધ ચન્દ્રોદય' નામનાં સંસ્કૃત નાટકના એક શ્લોકમાં ક્રોધ પોતાની હોંશીયારી મારે છે : अन्धीकरोमि भुवनं बधिरीकरोमि धीरं सचेतनमचेनतां नयामि । कृत्यं न पश्यति न येन हितं श्रृणोति । धीमानधीतमपि न प्रतिसंदधाति । હું જગતને આંધળુ અને બહેરું કરી નાંખુ છું, ચેતનને જડ બનાવી દઉ છું. કારણ કે મારા પાશમાં

આવેલી વ્યક્તિ કૃત્ય શું છે તે જોઇ શક્તી નથી અને હિતકારી વચનો સાંભળી શક્તી નથી અને પંડિત પુરુષની પંડિતાઇ પણ ક્યાંય ચાલી જાય છે.

મનની અનેક મલિનતાઓમાંથી ક્રોધ જેવી દુષ્ટ મલિનતા બીજી કોઇ નથી. સંતને પણ શયતાન બનાવી દે છે. અંધ આદમી કાંટાળા બાવળિયા સાથે પણ અથડાય અને ગોઝારા કૂવામાં પણ પટકાય. તેમ ક્રોધના અંધાપામાં ભાનભૂલો બનીને ક્રોધાન્ધ વ્યક્તિ સ્વવિનાશ અને સર્વવિનાશ નોંતરી દે છે. ક્રોધને અંધાપો કહેવા પાછળ ઘણાં બધાં કારણો છે :

૧. ક્રોધના આવેગમાં વ્યક્તિને સ્પષ્ટ હોય તો પણ પોતાનો વાંક-ગુનો દેખાતો નથી. અને આ અંધાપો વિચિત્ર છે કે ઘણીવાર ન હોવા છતાં સામેની વ્યક્તિનો દોષ દેખાય છે.

૨. અપરાધી લાગતા વ્યક્તિનો આશય ખરેખર અપરાધ કરવાનો હતો ખરો ? તે વિચારવાની દિશા જ બંધ થઇ જાય છે.

૩. મારા આ ક્રોધના આવેગથી મને અને અન્યને શારીરિક, માનસિક કે અન્ય પ્રકારનું કેટલું કટુ પરિણામ ભોગવવું પડશે, તેની કલ્પના પણ પોતે નથી કરી શકતો.

૪. અપરાધી વ્યક્તિને સજા કરવાનો ક્રોધ સિવાય બીજો કોઇ ઉપાય છે જ નહિં ? તે અંગે પણ તે વિચારી શકતો નથી.

૫. પોતે કોની સામે શું બોલી રહ્યો છે, તેનું તેને ભાન રહેતું નથી.

ક્રોધની એક મોટી મુશ્કેલી એ છે કે, તે કોઇ પણ પ્રકારનો વિચાર કરવાની તક જ આપતો નથી, તેથી સલામતિનાં પગલાં લેવાનું વિકટતમ બની જાય છે. માનવી ઉપર પોતાનું સંપૂર્ણ વર્ચસ્વ સ્થાપી દઇને પોતાનું ધાર્યું કરાવી નાખતા ક્રોધને દૈત્ય કે પિશાચ પણ કહેવામાં આવે છે. પ્રાચીન ગ્રંથોમાં એક કથાનક આવે છે :

કૃષ્ણ, બલદેવ, દારૂક અને સત્યક જંગલમાં ફરવા નીકળ્યા હતા. રાત પડી જતાં જંગલમાં જ રાતવાસો કરવો પડ્યો. એક ઝાડ નીચે બધા સૂતા. વારાફરતી એક જણે જાગીને ચોકી કરવાનું નક્કી કર્યું. ચોકી કરવાનો પહેલો વારો દારૂકનો હતો. એકાએક એક પિશાચ આવ્યો. દારૂક અને પિશાચ વચ્ચે યુદ્ધ થયું. પિશાચને પરાસ્ત કરવા દારૂક જેમ જેમ જોર કરતો ગયો તેમ તેમ પિશાચ વધુને વધુ વિકરાળ બનતો ગયો. એક પ્રહર પછી સત્યકને ઉઠાડયો. તેણે પણ યુદ્ધ ચાલુ રાખ્યું. તેને પણ તેવો જ અનુભવ થયો. તે જ પ્રમાણે બલભદ્રના વારા દરમ્યાન પણ બન્યું.

પણ બીજાની જેમ કૃષ્ણે પિશાચનો સામનો કરવાનો પ્રયત્ન ન કર્યો. પિશાચને જોઇને તેની સામે તેણે હાસ્ય વેર્યું. પિશાચનો વેગ અને આવેગ અર્ધો થઇ ગયો. પિશાચ લડવાના જોમમાં છે પણ કૃષ્ણ લડવાને બદલે તેની પ્રશંસા કરે છે. કૃષ્ણનાં મીઠા હાસ્ય, મીઠા શબ્દો અને મીઠી નજરથી પિશાચનું રૂપ ઘટવા જ માંડયુ. ઘટતા ઘટતા એટલું નાનું થઇ ગયું કે શ્રી કૃષ્ણે હાથમાં લઇને તેને પોતાની નાભિમાં સંતાડી દીધો. પ્રભાતે બાકીનાં ત્રણ જણ ઊઠયા. ત્રણેયના હાથપગ છોલાયેલા હતા, પણ કૃષ્ણને તો કોઇ ઇજા થઇ નહોતી. તેણે નાભિમાંથી પિશાચને કાઢી બતાવ્યો અને કહ્યું : "જુઓ, તમે તેને પડકાર્યો માટે તેનું રૂપ અને જોર વધતા ગયા. હું તેની સાથે મીઠાશથી વર્ત્યો માટે વિજય પ્રાપ્ત કરી શક્યો."

જ્ઞાનીઓએ ક્રોધને આવો પિશાચ કહ્યો છે. ક્રોધનો પ્રતિકાર કરવામાં આવે તેમ તેમ તે બમણો થતો જાય છે. પ્રતિક્રોધ એ ક્રોધને ઠારવાનો ઉપાય નથી પણ તેને વધુ છંછેડતું પેટ્રોલ છે. ક્ષમાથી જ ક્રોધને જીતી શકાય. શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે :

उवसमेण हणे कोहं ।

ઉપશમથી ક્રોધને જીતો.

ગૌતમ બુદ્ધે પણ અક્રોધથી ક્રોધને જીતવાની વાત કરી છે અને આ ઉપશમ, અક્રોધ કે ક્ષમા લાવવા માટે અહંકારને ય ખૂબ નીચોવવો પડે છે. ઉમદાપણાથી હૃદયમાં પ્રગટતી વિશાળતામાં અહંકારની સંકીર્ણતા ઓગળી જાય પછી ક્ષમા પ્રગટ થાય છે.

આ ક્ષમાને લાવવા પહેલા ક્રોધ પિશાચને ઓળખવો પડશે. તેનું વિકરાળ સ્વરૂપ ઓળખાઇ ગયા પછી તેનો ડર ઊભો થાય છે. હૃદયનાં સિંહાસન પરથી ક્રોધ પિશાચને ઉખેડી નાંખવામાં આવે છે ત્યારે ક્ષમાદેવીની પાવન પધરામણી થાય છે. માટે જરૂર છે, પહેલા એ પિશાચને ઓળખવાની, પછી તેનું વિકરાળ બિભત્સ સ્વરૂપ જાણી લેવાની, પછી તેનો ભય ઊભો કરવાની અને અંતે તેને હાંકી કાઢવાની.

ક્રોધ માનવીનાં સમગ્ર વ્યક્તિત્વને મલિન કરી નાંખે છે. તેના બિભત્સ પડછાયામાં માનવીના અન્ય કેટલાય મૌલિક ગુણો ઢંકાઇ જાય છે. ઇન્ટરવ્યૂ આપવા ગયેલા એક યુવકને ઓફિસનું બારણું ખોલતા તકલીફ પડી તેથી ઓફિસમાં પ્રવેશ કરીને તેણે બારણું જોરથી બંધ કર્યું. ત્યારે મેનેજરે તેને કહ્યું : "તમે ઇન્ટરવ્યૂ આપવા આવ્યા છો તો પહેલા બારણાં પાસે જઇને તેની માફી માંગી આવો. કારણ કે આજે બારણા પર ઉતરેલો ગુસ્સો આવતી કાલે મારા ઉપર પણ ઉતરી શકે છે."

અને વાત સાચી છે. ક્રોધનો ગુસ્સો મદિરાનાં નશા જેવો છે. ક્રોધાવિષ્ટ વ્યક્તિને સામે કોણ છે, તે પારખવાની કે ઓળખવાની કોઇ દરકાર હોતી નથી. કેટલી ઓળખાણો આપવી આ ક્રોધની ? તે નાગ જેવો વિષમય છે. આગ જેવો દાહક છે. ચંડાલ જેવો હલકો છે. પિશાચ જેવો વિકરાળ છે. અંધાપા જેવો દૃષ્ટિનાશક છે. મંદિરાની જેમ બેભાન બનાવે છે. તાવ જેવો શક્તિ સંહારક છે. યમ જેવો ઘાતક છે. અવિચારી કૃત્યો કરાવતો હોવાથી તે એક પ્રકારનું પાગલપન છે. સદ્‌ગુણો એ શશિકલા છે ક્રોધ તેને ગ્રસી જતો રાહુ છે. ધર્મ એ મેઘ છે, ક્રોધ તેને વિદારી નાંખતો વાયરો છે. ઉત્તમતા એ વેલડી છે, તેને ઉખેડી નાંખતો હાથી છે ક્રોધ.

ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહમાં એક ક્રોધ છે. અઢાર પાપસ્થાનકમાં પણ ક્રોધે સ્થાન મેળવ્યું છે. કષાયની ચંડાળ ચોકડીનો ગેન્ગલીડર ક્રોધ છે. શાસ્ત્રકારોએ સોળ પ્રકારની સંજ્ઞાઓ વર્ણવી છે, તેમાં પણ એક ક્રોધ છે. તે અભ્યંતર અશુચિ છે, મનનું માલિન્ય છે, મહાન આંતરરિપુ છે. તેને ઓળખીએ. તેનાથી ડરીએ. તેને કાઢીએ અને શંતિથી જીવીએ.

દસો દિશાએ ક્રોધકી, ઊઠી અપરબલ આગિ,
સીતલ સંગિત સાધુકી તહાં ઉબરિયા ભાગિ

- સંત કબીર

દશે દિશાઓમાંથી જ્યારે ક્રોધની પ્રચંડ આગ ભભૂકી ઊઠે ત્યારે ભાગી જઇ સંતજનના શીતલ સત્સંગમાં પહોંચી જશો તો બચી જશો.

મધુર બચન હૈ ઔષધી,
કટુક બચન હૈ તીર
શ્રવણ દ્વારા હવૈ સંચરે
સાલે સકલ સરીર

- સંત કબીર

મીઠા વચન ઔષધિરૂપ છે અને કડવા વચન તીર જેવા છે. કાનના દરવાજેથી અંદર શરીરમાં પેસીને તે અંગે અંગમાં ખૂંચે છે.

અગ્નિ અને ઇંધણ

એક માણસ એક સાધુની કુટિરમાં આવ્યો અને બોલ્યો : "સ્વામી, મને થોડા અગ્નિની જરૂર છે, આપશો ?" કુટિરમાં ક્યાંય અંગારા નહોતા. સાધુએ કહ્યું : "ભાઈ, દેવતા તો બુઝાઇ ગયો છે." પેલાએ તો પણ ફરીથી અંગારાની માંગણી કરી: "મહારાજ એકાદ અંગારો તો જરૂર હશે, જરા તપાસ તો કરો." સાધુ રોષે ભરાયો : "ભાઈ, તમને સંભળાતું નથી ? એકવાર તો કહ્યું કે આગ બુઝાઇ ગઇ છે, નાહકની શું કામ જીદ કરો છો ?"

યાચક જાણભેદુ હતો. તેણે પીછો ન છોડયો, "બાપજી, શું કામ ખોટી ના પાડો છો ? રાખ હેઠળ દબાયેલો અગ્નિ ચોખ્ખો દેખાય છે. તમે જૂઠું બોલો છો." સાધુનો રોષ હવે બેકાબૂ બન્યો : "તમે તો મવાલી લાગો છો, ક્યારનો'ય કહું છું કે, આગ નથી મારી કુટિરમાં, તો પણ સાંભળતા નથી ? ચાલ્યા જાઓ અહીંથી."

યાચકે સ્વસ્થતાથી કહ્યું : "મારી સગી આંખે હું ધુમાડો જોઇ રહ્યો છું અને તમે ના પાડો છો ?" હવે તો સાધુનો ગુસ્સો હાથમાં ન રહ્યો, તેણે ચીપિયો ઊઠાવ્યો ત્યારે પેલા યાચકે સંભળાવ્યું : "મહારાજ, હવે તો તમારી આગના તણખા પણ ઊડવા માંડ્યા છે. જો આપની પાસે આગ હોય જ નહિ તો આ કેવી રીતે બને ?"

હવે તે સાધુને ભાન થયું કે યાચકનો અંગુલિનિર્દેશ પોતાના ગુસ્સા તરફ હતો. ક્રોધનું દાહક સ્વરૂપ જાણીને જ્ઞાનીઓએ ક્રોધને આગની ઉપમા આપી છે.

અગ્નિની જ્વાલાઓ લાલપીળી હોય છે તેમ ક્રોધના આવેશમાં ચહેરો લાલપીળો થઇ જાય છે. સ્વામી રામદાસ રામાયણ પર પ્રવચન આપી રહ્યા હતા. તે પ્રવચનસભામાં ગુપ્તવેષ ધારણ કરીને હનુમાનજી પણ સ્વર્ગલોકથી આવીને બેસી ગયા હતા. સ્વામીજી અશોક વાટિકાનું વર્ણન કરતા બોલ્યા :

"અશોક વાટિકામાં હનુમાનજીએ શ્વેત ફૂલ દેખ્યા." હનુમાનજીએ તુરત ઊભા થઇને આ વાતનો વિરોધ કર્યો. પોતાની સાચી ઓળખાણ આપીને જણાવ્યું:

"મેં શ્વેત નહિ પણ લાલ ફૂલ જોયાં હતાં."

રામાયણમાં લખેલું ખોટું હોય નહિ તેવી દૃઢ શ્રદ્ધા ધરાવનાર સ્વામીજી આ વાતમાં કેવી રીતે સંમત થાય ? અને, સ્વયં નજરે દેખનાર હનુમાનજીના સ્ટેટમેન્ટનો અપલાપ પણ કેવી રીતે થઇ શકે ?

નિર્ણય માટે બન્ને શ્રી રામચંદ્રજી પાસે ગયા. રામજીએ કહ્યું : "સીતાજી ત્યાં હાજર હતાં, તેમને પૂછો."

સીતાજીએ ચુકાદો આપ્યો :

"અશોક વાટિકાનાં ફૂલ તો શ્વેત જ હતાં. પણ, ત્યારે રાવણ પ્રત્યેના અત્યંત કોપને કારણે હનુમાનજીની આંખ ક્રોધથી લાલ થઇ ગઇ હતી. તેથી શ્વેત ફૂલ પણ તેમને લાલ દેખાયાં."

ક્રોધને અપાયેલી અગ્નિની ઉપમાં યર્થાથ છે. આંખની કીકીની આસપાસ પ્રસરી જતી રતાશ એ ક્રોધનલની જ્વાળા જ નહિ ? અને, મુખમાંથી નીકળતાં આક્રોશવચનો એટલે અગ્નિના દાહક તણખા. અગ્નિ બીજાને બાળે કે નહિ તે નિશ્ચિત નહિ પણ પોતાના આશ્રયને તો અવશ્ય બાળે છે. ક્રોધની બાબતમાં આ વાત પણ બિલકુલ સાચી છે. ચીનમાં એક કહેવત છે કે, તમે તમારા દુશ્મન માટે જે આગ સળગાવશો તે તેના કરતાં તમને વધુ દઝાદશે. અગ્નિ કદાચ બીજાને બાળવામાં સફળ બને તો આગની વિનાશક પંપરા સર્જાય છે અને, ક્રોધાગ્નિ વૈરના દાવાનલનું સ્વરૂપ ધારણ કરે તો પેઢીઓની પેઢીઓને તારાજ કરી નાંખે છે. વિકરાળ બનેલી આગને ઓલવવા પાણીના પીપ ખાલી કરવામાં આવે તો પણ તે પીપ ઘાસલેટના ડબ્બાનું જ કામ કરે છે. ક્રોધના વિષયમાં પણ આવું જ બને છે ને ? ક્રોધાવેગ જ્યારે ઉગ્ર સ્વરૂપ પકડતો હોય ત્યારે ઉપદેશનાં વચનો પણ પેટ્રોલનું કામ કરે છે ને ?

માટે જ આત્મનિંદાની એક સ્તુતિમાં ચિરન્તનાચાર્ય કહે છે : दग्धोऽग्निना क्रोधमयेन...

(હે નાથ, હું ક્રોધ રૂપી અગ્નિથી દાઝેલો છું.)

ઉપમિતિ ભવ પ્રપંચા કથામાં ક્રોધને વૈશ્વાનર કહેવામાં આવ્યો છે. એક શ્લોકમાં એક ઋષિએ આ ક્રોધાગ્નિની ઓળખાણ આપી છે :

क्रोधो नाम नराधीश ! हव्यवाहो निरिन्धनः ।

'હે રાજન્ ! બાહ્ય કોઇ ઇધન ન દેખાતું હોય છતાં ભડકે બળતો હોય તેવો અગ્નિ ક્રોધ છે.'

ક્રોધની ભયાનકતા અગ્નિ કરતાં પણ વધી જાય છે. પંડિતો કહે છે - नास्ति क्रोधोसमो वहिनः । એક ઋષિએ તો લખ્યું છે - कोपस्य सङ्गाद्दूरमग्निसेवनम् ! ક્રોધનાં સંગ કરતા અગ્નિનું સેવન સારું.

શ્રેણિ પર આરૂઢ થઇને આત્મગુણોની ટોચ સુધી પહોંચી રહેલા મહાસાધક આત્માને પટકીને ક્ષણમાં બેહાલ કરી દેવાની તાકાત ક્રોધના સ્ફોટક આવેશમાં છે. સાધક આત્માનો ગુણવૈભવથી ઝગમગતો આત્મમહાલય ક્રોધના આવેશથી એક બેડોળ ખંડેર બની જાય છે. કોપાનલની ચિનગારી આત્માના પરમ વૈભવનું રાખની ઢગલીમાં રૂપાંતર કરી દે છે. આવી ભયાનક આધ્યાત્મિક હોનારત સર્જી દેતો ક્રોધવેશ વ્યાવહારિક જીવનમાં પણ ઘણા પ્રલયો સર્જી દે છે.

ચિત્તનાં વખારિયામાં કેટલાંય સ્ફોટક ઇંધણોનો સંગ્રહ કરી બેસનાર માનવ ગમે તે પળે ક્રોધનલની હોનારતનો ભોગ બની જાય છે. મહારાજા શ્રેણિકનો પુત્ર મેઘકુમાર પૂર્વના ભવમાં એક હાથી હતો. અગમચેતી વાપરીને આ હાથીએ જંગલના એક ભાગમાંથી વૃક્ષો તોડીને સપાટ મેદાન બનાવ્યું. એકવાર જંગલમાં દાવાનલ પ્રગટયો. પણ, હાથીએ બનાવેલું મેદાન સુરક્ષિત રહ્યું, કારણ કે આગને ત્યાં સુધી પહોંચવાનું કાંઇ ઇધણ જ નહોતું. જંગલનાં સર્વ પ્રાણીઓની રક્ષા આ ઇંધણરહિત મેદાને કરી. ક્રોધાનલથી બચવાની અજબ યુક્તિ આ હાથી શીખવે છે. જેનું મન ક્રોધનાં ઉત્તેજક ઇંધણોથી મુક્ત બને છે તેનાં જીવનમાં ક્યારેય કોધાગ્નિ સળગતો નથી.

ક્રોધ એ આકસ્મિક ટપકી પડતી કોઇ વિચિત્ર હસ્તી નથી. ક્રોધ પેટ્રોલ રૂપે અંદરમાં બેઠેલો જ છે. નિમિત્તની ચિનગારી પ્રાપ્ત થતાં તે ભભૂકી ઊઠે છે. માટે જરૂર તો છે એ પેટ્રોલને જ ખાલી કરવાની. આપણી અંદર કંસ, રાવણ, દુર્યોધન કે હિટલર બેઠેલા જ છે. જરાક કોઇક સળી કરે કે તુરત બધા પોત પ્રકાશી ઊઠે છે. જરૂર તો છે તે દુષ્ટ રાક્ષસોને સાવ હાંકી કાઢવાની. ક્રોધનાં કેટલાંક કારણો પેટ્રોલ જેવાં છે. તો, કેટલાંક કારણો ચિનગારી જેવાં છે. આગથી બચવા ઇંધણોને ખાલી પણ કરવા પડે અને ચિનગારીથી ચેતતા પણ રહેવું પડે.

કહ્યું છે કે
अतृणे पतितो वह्निः स्वयमेवोपशाम्यति ।
ઇંધણરહિત શુદ્ધ ભૂમિમાં ચિનગારી શું કરી શકવાની ?
ઇંધણ બહાર ફેંકી દો.
તણખલાઓથી દૂર રહો.
ઉપાદાનને શુદ્ધ કરો.
નિમિત્તથી આઘા રહો.

અંદરથી એ રાક્ષસની હકાલપટ્ટી થઇ ગયા પછી કોઇ સળી કરે તો ય શું? કોઇ નિમિત્તથી પણ ક્રોધ પ્રગટ થાય છે એટલે સમજી રાખવું કે, અંદરમાં

ક્રોધપિશાચનો મોટો અડ્ડો છે જ. કૂવામાં પાણી ન હોય તો બાલદીમાં આવે જ ક્યાંથી ? બાલદી નાંખવા છતાં ય બાલદી ખાલી રહે તેવું કરવું હોય તો કૂવો ખાલી જ કરવો પડે.

કારણ વગર કોઇ પણ કાર્ય બની ન શકે. ક્રોધ પેદા થવાનાં પણ અનેક કારણો છે. કેટલાંક ઉપાદાન કારણો છે તો કેટલાંક નિમિત્ત કારણો છે. બસને આગ લાગી કારણ કે બસમાં કોઇ મુસાફર પાસે કેરોસીનનો ડબ્બો હતો. અને, બીજું કારણ એ કે તેની બાજુના મુસાફરે બીડી પીને ફેંકી દીધેલું જલતું ઠૂંઠૂં અજાણતા તે કેરોસીનના ડબ્બા પર જ પડ્યું.

આગ પેદા થઇ કારણ કે બસમાં કેરોસીનનો ડબ્બો હતો.

આગ પેદા થઇ કારણ કે બસમાં બીડીનો અગ્નિ ડબ્બાને અડયો.

કેરોસીનનો ડબ્બો એ ઉપાદાન કારણ.

ચિનગારી એ નિમિત્ત કારણ.

પેલાં ઇંધણો પોતાનાં પેટમાં ક્રોધના અગ્નિને સંતાડીને બેઠા જ છે. સ્ફોટક દ્રવ્યો વેચનારાએ સતત ચેતના રહેવું પડે છે. પેટ્રોલના ટેન્કરને 'Danger' નું પાટિયું લટકાવવું પડે છે. ક્રુડ ઓઇલના ટેન્કરો લઇ જતી રેલગાડીની દરેક ટેન્ક પર લખેલું હોય છે. : 'Highy Inflamable' દારૂખાનાના વેપારીને ખૂબ સાવધ રહેવું પડે છે. આવા સ્ફોટક દ્રવ્યોના વેપારીને દુકાનનો અને માલનો વીમો ઉતરાવી રાખવો પડે છે. અને વીમા કંપની તેનું પ્રીમિયમ પણ વધારે લે છે. એક સળગતી બીડીનું ઠૂંઠુ પણ દારૂખાનાની વખારને ભસ્મીભૂત કરી શકે છે. એક નાનકડું ઉંબાડિયું પણ પેટ્રોલપંપને જલાવી શકે છે. તેથી જ આવા સ્થાનો પર ધૂમ્રપાનની સખત મનાઇ હોય છે. સખત મનાઇના પાટિયાની અવગણના કરીને એક પેટ્રોલપંપ પાસે લોકો સિગરેટ પીતા હતા તેથી કંટાળીને પંપના માલિકે નવું બોર્ડ લગાડયું :

If you want to smoke over here, please give us your address So we can send your ashes at your home.

વાત આટલી જ કહેવી છે, સ્ફોટક દ્રવ્યો સંઘરીને બેસે છે તે સદાય ભયભીત છે. ગમે તે પળે તેની વખાર અને તે પોતે આગમાં ભરખાઈ જાય છે.

એક માણસે કોઇની કપાસની વખારમાં સળગતી બીડી ફેંકી અને થોડીવારમાં તો હજારો મણ કપાસની વખાર રાખના ઢગલામાં રૂપાંતર પામી ગઇ. વખારના

માલિકે ન્યાયાધીશને ફરિયાદ કરી. આરોપીને ન્યાયાધીશ સામે હાજર કરવામાં આવ્યો. તેણે ન્યાયાધીશ સામે બચાવ કર્યો : "મેં બીડી ફેંકી માટે આગ લાગી તેમ કહીને મને સજાપાત્ર ગણવો બિલકુલ ઉચિત નથી. તેની વખાર કપાસની હતી માટે આગ લાગી છે. તેની વખારમાં લોખંડ ભર્યું હોય તો આગ લાગત ?"

આરોપીના બચાવમાં કલિકાલની વક્રતાનો પરિચય ભલે થતો હોય. આપણે તો એટલું કબૂલ કરવું છે કે - આગથી બચવું હોય તો ગોડાઉનમાં સ્ફોટક દ્રવ્યો ન જ રાખવાં જોઇએ. આગળ બતાવ્યાં તે અહંકાર આદિ ક્રોધની આગને પેદા કરનાર સ્ફોટક દ્રવ્યો છે. તે સ્ફોટક દ્રવ્યો જીવનની વખારમાં રાખી મૂકવા છતાં ક્રોધની આગ પેદા ન થતી હોય તો તેમાં કારણ એ હશે કે હજુ સુધી કોઇ તણખો અંદર પડ્યો નથી. તણખો પડે એટલી વાર, આગ ભભૂકી ઊઠશે. ક્રોધની આગ જેમાં ઊઠી શકે તેવાં ઇંધણોને ઓળખી લઇએ.

૧. અહંકાર :

અબજોની સંપત્તિનું મમત્વ છોડવું સરળ છે, સ્નેહાળ પરિવારને ય તિલાંજલી આપવી સરળ છે. આલિશાન બંગલો કે એરકન્ડીશન્ડ મોટરકારને ય શિવનિર્માલ્ય ગણી કાઢવા સહેલા છે. પણ, અહંના મમત્વને પીગાળવું મહામુશ્કેલ છે.

'હું' ને જાળવવા માનવી લાખો અને કરોડો રૂપિયાને પાણીની જેમ વેરી નાખે છે. 'હું' ને અકબંધ રાખવા મહાસંગ્રામો ખેલી નાખે છે. મોટા કંદર્પના વિજેતાઓ પણ આ દર્પના પાશમાં ફસાઇ જાય છે. વિષયની વાસનાઓને નીતારી દેનાર અહમ્‌ના વમળમાં અટવાઇ જાય છે. કામનાઓના મોટા દરિયાને તરી જનારા અહમ્‌ના ખાબોચિયામાં ડૂબી જાય છે. દાઢી અને જટામાં પંખીઓ માળો ઘાલે તેટલી હદ સુધીનું દેહભાન ભૂલી જનારા બાહુબલીજી અહંભાન ન ભૂલ્યા ત્યાં સુધી તેમનો દા'ડો ન વળ્યો.

કામના ઘરમાં પેસીને કામનું ખૂન કરનારા મહાન કંદર્પવિજેતા સ્થૂલિભદ્રજી પણ દર્પના પ્રહારોથી બેહોશ થઇ ગયા.

મંદિરમાં પેસતાં ચંપલ ઉતારવા પડે તેમ સાધનામાર્ગ પર ડગ માંડાતા પહેલાં અભિમાનને ઉતારી દેવું પડે છે. મંદિરમાં પ્રવેશ કરતા પૂર્વે પાઘડી કે ટોપી ઉતારી દેવાની પરંપરા પાછળ આ અહંનો ભાર ઉતારવાની પવિત્ર ભાવના તો નહિ છુપાયેલી હોય ?

'હું' ને અંગ્રેજીમાં I કહે છે. ઇશુનો ક્રોસ (+) કહે છે કે આઇને રદ કરો, તો ઇશ્વરની પ્રાપ્તિ થસે.

પણ, આ અહંને કાઢવો બહુ મુશ્કેલ છે. અને જીવનસામ્રાજ્યના અધિપતિ તરીકે 'અહં' બેઠો હોય તો તેને બળવાન અંગરક્ષકની જરૂ પડે છે, કારણ કે જીવનપંથ પર ડગલેને પગલે કોઇને કોઇ તરફથી આ 'અહં' પર પ્રહાર થવાના જ. અહંકારનો બળિયો અંગરક્ષક એટલે ક્રોધ.

અભિમાની શેઠને નોકરે સલામ ન ભરી તો બોઇલર ફાટયું. અભિમાની શેઠાણીને નોકરાણીએ બરાબર જવાબ ન આપ્યો તો તુરત ભારે ગાળાગાળી સાંભળવા પૂર્વક નોકરડીને પાણીચું મળ્યું. અભિમાની સાસુને પૂછયા વગર વહુએ કોઇ કાર્ય કર્યું તો વહુને લોહીનાં આંસુ પાડવાં પડયા. અહંભાવ એ ક્રોધનું સ્ફોટક ઇંધણ છે. કોઇકનાં અપમાનજનક વચનો, સન્માનઘાતક વર્તન કે સત્કારની ઊણપ રૂપ ચિનગારી પડતાની સાથે મોટો ભડકો થશે. આવા આકસ્મિક ભડકાઓથી બચવું છે? અહંને ઓગાળી નાંખો.

એક ચિંતકે લખ્યું છે કે અહંકારને એક દીકરો અને બે દીકરી છે. દીકરાનું નામ ક્રોધ છે અને બે દીકરી એટલે ઇર્ષ્યા અને નિંદા.

૨. પરદોષદર્શન :

એક ખેડૂત રોજ રાત્રે પોતાના ખેતરમાં સૂતો. તેના ખેતરમાં એક ઘાસની ગંજી હતી. તે ગંજીમાં એક સાપ અને એક ઉંદર રહેતા હતા. એક વાર સૂતેલા ખેડૂતને પગમાં સર્પ કરડયો. કાંઇક કરડવાથી તે એકદમ જાગી ગયો. હાથમાં ફાનસ લઇને તેણે તપાસ કરી. તેટલામાં ગંજીમાં પેસતાં ઉંદરને જોયો. "આ તો ઉંદર જ કરડ્યો છે, કાંઇ વાંધો નહિ." તેમ વિચારીને નિશ્ચિંતતાથી સૂઇ ગયો. તેને સર્પના વિષની કોઇ જ અસર ન થઇ.

થોડા દિવસો બાદ રાત્રે ઊંઘતો હતો, ત્યારે તેને ઉંદર કરડયો. કાંઇક કરડવાથી તે સહસા જાગ્યો. ફાનસ લઇને તપાસ કરી. તેટલામાં ગંજીમાં પેસતા સર્પને જોયો. તે અત્યંત ચિંતાતુર બન્યો. "અરે, આજે તો મને સર્પ કરડી ગયો. સર્પનું ઝેર ચડી જશે. મારું શું થશે !" તે ચિંતામાં તેને ઊંઘ ન આવી. ખરેખર તેને ઝેર ચડયું અને પ્રભાત જોઇ ન શક્યો.

કરડયો સાપ, જોયો ઉંદર, કાંઇ ન થયું.

કરડયો ઉંદર, જોયો સર્પ, ઝેર ચડી ગયું.

ઝેર ચડવા માટે ક્યારેક સાપના ડંખ કરતાં સાપનું દર્શન વધુ કામ કરે છે. જીવનમાં બનતા સંઘર્ષના પ્રસંગમાં અન્યની ભૂલ હોવા છતાં જો સ્વભૂલ દેખાય તો ક્રોધનાં વિષ ચડતા નથી. પણ, પોતાની ભૂલ હોવા છતાં જો અન્યની ભૂલ દેખાય

છે, તો ક્રોધનાં ઝેર ચડયા વગર રહેતાં નથી. અન્યની ભૂલ આપણા ક્રોધને બોલાવતી નથી. પણ, અન્યની ભૂલનાં દર્શન ક્રોધ માટે જવાબદાર છે.

ઘણાંનો બચાવ હોય છે. "તેણે ભૂલ કરી તો હું ક્રોધ શા માટે ન કરું ?" પણ, હવે સમજાય છે કે બીજાએ ભૂલ કરી તે ક્રોધ માટેનું વ્યાજબી કારણ નથી. પણ, બીજામાં ભૂલ જોઇ તે ક્રોધ માટેનું સાચું કારણ છે. બીજાના અપરાધને આપણા ક્રોધ માટે જવાબદાર ગણીને આપણે ક્ષમાને પરાધીન માની લીધી છે. પણ, ક્ષમા એ આપણો અંગત વૈભવ છે. તેની તિજોરીની ચાવી આપણી પાસે છે.

કોઇ મહાઅપરાધ કરે છતાં પોતાની ભૂલને જ જુએ તે સ્વસ્થ રહી શકે છે. પોતાનો વાંક છતાં અન્યને દોષિત ગણે છે તેને ધૂંઆપૂંઆ થવું જ પડે છે. અન્યને દોષિત ઠેરવ્યા વિના ઝગડો ક્યારેય થઇ શક્તો નથી. કોઇપણ બે વ્યક્તિ વચ્ચે સંઘર્ષ થાય ત્યારે નિરીક્ષણ કરજો તો ઝઘડાના પ્રારંભમાં બન્ને એકબીજાને દોષિત ઠેરવતાં પ્રમાણપત્રોની આપ-લે કરતા જોવા મળશે.

"કોઇ ભયંકર ભૂલ કરે તો ગુસ્સો કર્યા વિના કેમ રહેવાય ?" આ ફરિયાદ અસ્થાને છે. કારણ કે બીજો અપરાધ કરે છે માટે ગુસ્સો થાય છે તેવું નથી. પણ બીજાને અપરાધી માનો છો ત્યારે ગુસ્સો થાય છે. આટલા નિદાન પછી ક્ષમાનું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાનો બહુ સરળ ઉપાય જડે છે. અન્યની ભૂલ તરફ દૃષ્ટિ જ ન કરો, તો ક્રોધના તાવથી બચી શકશો.

પણ કોણ જાણે, અન્યનો વાંક કાઢવામાં પણ જીવ એક તુચ્છ કોટિના આનંદનો અનુભવ કરે છે. જેમ ખાન - પાન, મોજ-મજા કે વિષયસેવનમાં જીવ આનંદાનુભવનો ભ્રમ અનુભવે છે તેમ અન્યની ભૂલ જોવાનો તુચ્છ રસ મોહાધીન જીવને હોય છે. પણ આટલું સમજી રાખો કે ગટરનું ઢાંકણ ખોલાય. નહિ કારણ કે તેનાથી નગરનું આરોગ્ય બગડે છે. તેમ બીજાના દોષ પ્રગટ કરાય નહિ, કારણ કે તેનાથી સમાજનું આરોગ્ય બગડે છે.

પુરાણમાં એક કથા આવે છે. બ્રહ્માજીને વિશ્વનું સર્જન કરવાની ઇચ્છા થઇ. પોતે જે કાંઇ સર્જન કરે તેમાં કોઇ ત્રુટિ હોય તો બતાવી શકે તે માટે સૌ પ્રથમ તેમણે એક નિંદકનું સર્જન કર્યું.

પછી, બ્રહ્માજી પોતાનો કલાવૈભવ પાથરતા ગયા, એક પછી એક પોતાનાં સર્જન આ નિંદક સામે રજૂ કરતા ગયા અને અભિપ્રાય પૂછતા ગયા.

કૂતરો બતાવ્યો - "આ તો બહુ ભસે છે."

ગધેડો બતાવ્યો - "આ તો સાવ જડ જેવો છે."

વાંદરો બતાવ્યો - "આ તો અતિશય ચંચળ છે."

પ્રત્યેક સર્જનમાંથી કોઇને કોઇ ક્ષતિ નિંદક બતાવતો જ ગયો. પછી બ્રહ્માજીએ પોતાની સઘળી કલા અજમાવીને મનુષ્યનું સર્જન કર્યું. બ્રહ્માજીને હવે વિશ્વાસ હતો કે, મારા આ સર્જનમાં તો કોઇ પણ વ્યક્તિ એક પણ ભૂલ ન કાઢી શકે. મને આ સર્જન માટે તો સુંદર પ્રમાણપત્ર આ નિંદક તરફથી મળશે.

ખૂબ આશા સાથે મનુષ્યને નિંદક સમક્ષ રજૂ કરીને બ્રહ્માજીએ પૂછયું : "છે આમાં કોઇ ભૂલ ?" મનુષ્યનું બરાબર નિરીક્ષણ કરીને નિંદકે કહ્યું.

"બીજું બધું તો ઠીક છે. પણ, આના મગજમાં એક બારી રાખવાની જરૂર હતી, જેથી તેના મનના ભાવોને જાણી શકાય. આ સર્જનમાં આટલી ભૂલ છે."

હવે બ્રહ્માજીને બ્રહ્મજ્ઞાન થયું કે "આ નિંદકનું સર્જન કર્યું એ જ મારી મોટી ભૂલ છે." પોતાની ભૂલને સુધારવા તુરત જ તેમણે તે નિંદકનો ત્યાં ને ત્યાં સંહાર કરી નાંખ્યો. પણ, એવું લાગે છે કે, બ્રહ્માજીએ તે નિંદકનું સર્જન કર્યું ત્યારથી સંહાર કર્યો ત્યાં સુધીના સમયગાળામાં નિંદકે પોતાનો વંશવેલો એટલો બધો વધારી દીધો હશે કે, બ્રહ્માજીએ તે નિંદકનો સંહાર કર્યો પણ તેના વંશવારસો જીવતા રહ્યા. તે વંશવારસો આજે પણ દુનિયાભરમાં ફેલાયેલા છે. તેમને અર્ધો ભરેલો ગ્લાસ અર્ધો ખાલી દેખાય છે. બે દિવસે વચ્ચે એક રાત છે તેવું તે વિચારી શકતા નથી, તેમને તો બે રાત વચ્ચે એક દિવસ દેખાય છે. ચંદ્રની સૌમ્યતા જોઇને આલ્હાદ પામવાને બદલે તે તો કલંક જોઇને ભડકે છે. સૂર્યની તેજસ્વિતાને તે વખાણી શકતા નથી, તે તો સૂર્યની પ્રચંડતાને નિંદે છે. સાગરની ગંભીરતાનું ગાન ગાવાને બદલે તેની ખારાશને ગાળ આપે છે. અડગ મેરુની કઠોરતા તેમને ખૂંચે છે. મોહક સરિતાની ચંચળતા તેમને કઠે છે અને, આ દૃષ્ટિની ખામીને કારણે તેઓ સદા ઉગ્ર છે. માણસને વીતરાગ પરમાત્માનું નમન, પૂજન, ભજન સ્તવન વિ. કેમ બહુ નહિ ગમતાં હોય ? તેનું કારણ શું હશે ? મને લાગે છે કે આ દોષદ્રષ્ટા માનવીને લાખો પ્રયત્ન છતાં સર્વદોષમુક્ત પરમાત્મામાં એક પણ દોષ જોવા નહિ મળવાને કારણે જ તેમાં મજા નહિ આવતી હોય !

કહેવાનું એટલું જ છે કે અન્યના દોષને જોવો તે દૃષ્ટિની ખામી છે અને આ દૃષ્ટિની ખામી જીવનમાં અનેક હોનારતો સર્જે છે. કોઇને આંખની ખામીને કારણે આખો દિવસ ધાબાં દેખાયાં કરતાં હોય તો તે દૃષ્ટિની ખામીને કારણે ગમે ત્યાં અથડાઇ પડે છે, પટકાય છે અને ઘાયલ થાય છે. બીજાની ભૂલોનાં ધાબાં દેખાયાં કરવાં તે દૃષ્ટિનો એક રોગ છે અને તેથી જ જીવનમાં સંઘર્ષના અનેક અકસ્માતો

સર્જાય છે.

એક હાથથી તાળી પડતી નથી. તાળી માટે જમણા હાથને પણ જવાબદાર ગણી શકાય અને ડાબા હાથને પણ. ઘર્ષણ થાય ત્યારે ભૂલ બન્ને પક્ષે હોય છે. પરપક્ષની ભૂલ તરફ દૃષ્ટિ કરવામાં આવેશ અને અશાંતિ છે. સ્વપક્ષની ભૂલ પેખવામાં સમાધિ અને સ્વસ્થતા છે. તમારી દૃષ્ટિ ક્યાં જાય છે તેના પરથી તમને શું પ્રિય છે તેની જાણ થાય છે.

ઘણા પ્રયત્નો કરવા છતાંય કોઇ પ્રસંગમાં બાહ્ય દૃષ્ટિથી પોતાની કોઇ જ ભૂલ ન દેખાય તો ઊંડા ઊતરીને કર્મ સુધી પહોંચો. પોતાના કિલષ્ટ કર્મનો ઉદય તે જ પોતાનો અપરાધ અને પોતાનો અપરાધ જણાઇ ગયો પછી દ્વેષ શાનો થાય ?

જેમ પોતાનો દોષ જોવાનો પ્રયત્ન કરો તેમ અન્યના ગુણ જોવાનો પ્રયત્ન કરો. તેમાં દૃષ્ટિ ટૂંકી પડે તો પેલો શ્લોક યાદ કરો.

अमंत्रमक्षरं नास्ति, नास्ति मूलमनौषधम् ।
अयोग्यः पुरुषो नास्ति, योजकस्तत्र दुर्लभः ।।

એવો કોઇ અક્ષર નથી, જેમાં મંત્રશક્તિ ન પડેલી હોય. એવું કોઇ મૂળિયું નથી, જેમાં ઔષધિનો ગુણ ન હોય. એવો કોઇ પુરુષ નહિ મળે, જેનામાં યોગ્યતા ન હોય. માત્ર તેના પારખુ વ્યક્તિઓની જ ઊણપ છે.

જેમ, પોતાની કોઇ ભૂલ દેખાય તો કર્મ સુધી વિચારણાને પહોંચાડવાની વાત કરી. તેમ અન્યના ગુણ ન દેખાય તો તેની ભાવિ સિદ્ધાવસ્થા સુધી વિચારણાને પહોંચાડો.

જ્યાં સુધી દોષદૃષ્ટિ ખસતી નથી ત્યાં સુધી બીજાના ગુણો તરફ નજર પડવા છતાં તેની કોઇ જ વિધેયક અસર આપણા જીવન પર ઉપસતી નથી.

પરીક્ષા માટે દ્રોણાચાર્ય વિદ્યાર્થીના હાથમાં બાણ આપીને પૂછે છે : "બોલ, તને શું દેખાય છે ?"

"ગુરુદેવ ! આ વિશાળ ઉદ્યાન, ઉદ્યાનનાં બધાં વૃક્ષો, બધાં વૃક્ષો વચ્ચે પેલું આમ્રવૃક્ષ, તે આમ્રવૃક્ષની ઘણી શાખાઓ છે. તેમાં સૌથી ઉપરની શાખા પર ઘણાં પક્ષીઓ છે. તેમાં પેલું કાળું પક્ષી દેખાય છે. તેને બે સુંદર આંખ છે. તમાંથી જમણી આંખની કીકી મારે વીંધવાની છે, તે પણ દેખાય છે. ચલાવું બાણ ?"

"ના વત્સ, રહેવા દે, તું નહિ વીંધી શકે." બધા જ વિદ્યાર્થીઓનો આવો જ

જવાબ. તે બધા નાપાસ થયા. અર્જુનનો વારો આવ્યો. હાથમાં બાણ આપીને દ્રોણાચાર્યે પૂછ્યું :

"બોલ, અર્જુન, તને શું દેખાય છે ?"

"ગુરુદેવ, કીકી"

"બીજું શું દેખાય છે ?"

"ગુરુદેવ, માત્ર કીકી જ દેખાય છે."

"વત્સ, તું બાણ ચલાવ. તું કીકી વીંધી શકીશ." અને અર્જુને બાણ ચલાવ્યું અને કીકી આબાદ વીંધાણી.

કીકી તો બીજાને પણ દેખાતી હતી, અર્જુનને પણ દેખાતી હતી. છતાં અર્જુન જ વીંધી શક્યો અને બીજા વીંધી ન શક્યા. તેનું કારણ એ હતું કે બીજાને કીકી **પણ** દેખાતી હતી. અર્જુનને કીકી **જ** દેખાતી હતી. કીકી વીંધવા માટેની શરત એ છે કે કીકી **જ** દેખાવી જોઇએ.

બીજાના ગુણો તરફ નજર પડવા છતાં આપણે દ્વેષથી પીડાઇએ છીએ. સંઘર્ષમાં રાચીએ છીએ અને ક્રોધની કનડગત અનુભવીએ છીએ. કારણ કે આપણને તો ગુણો પણ દેખાય છે. અનેક દુર્ગુણો અને દોષો વચ્ચે રઝળ્યાખડ્યા ગુણને આપણે જોઇ શકીએ છીએ. પણ, મૈત્રીભાવ અને અદ્વેષભાવ પામવા માટેની શરત તો એ છે કે ગુણો **જ** દેખાવા જોઇએ.

જ્યારે આ અર્જુનદ્રષ્ટિનું આપણાં જીવનમાં આગમન થશે તે જ ક્ષણે દ્વેષ અને દુર્ભાવના અનાદિકાલીન ગોઠિયાઓનો વિદાયસમારંભ જીવનનાં આંગણામાં ઉજવાઇ રહ્યો હશે.

આગ્રા ગયા ત્યારે ત્યાં તાજમહાલ જોયો તેમ આગ્રાની ગટરો પણ નજરે ચડી હતી. પણ આગ્રાથી આવ્યા પછી કોઇએ પૂછ્યું: "આગ્રામાં શું જોયું ?" ત્યારે જવાબ શું આપ્યો ? જવાબમાં તાજમહાલનું જ વર્ણન કર્યું હતું. ગટરનું વર્ણન કોઇ ન કરે.

કોઇના નવા આલીશાન બંગલાની મુલાકાતે તમે ગયા. બંગલાની પ્લાસ્ટર ઓફ પેરિસની મનોહર છત, સજાવેલો ડ્રોઇંગરૂમ, સુંદર બેડરૂમ, આકર્ષક કિચન વગેરે તેમ જોયું તેમ બાથરૂમ અને સંડાસ પણ જોયાં. હવે બંગલા અંગેનો તમારો અભિપ્રાય માત્ર બાથરૂમ અને સંડાસ જોઇને "બંગલો સાવ ગંદો છે" તેવો આપી દેવાય ખરો ?

ચોપડામાં નવ સોદા નફાના હતા અને એક ખોટનો હતો. એક ખોટનો

સોદો જોઇને તે વેપારીને દેવાળિયો કહી દેવાય ખરો ?

તો પછી કોઇનાં જીવનના એકાદ-બે દોષોને મુખ્ય કરીને તેના અનેક ગુણોની ઉપેક્ષા કરતો અભિપ્રાય આપી દેવો કેટલો ઉચિત છે ?

ક્રોધ, દ્વેષ, અરુચિ, તિરસ્કાર આદિ દુર્ભાવોથી બચવા દોષદૃષ્ટિને દફનાવવી અનિવાર્ય છે.

૩. અપેક્ષા :

જગતમાં દુઃખ જેવી કોઇ મૂળભૂત ચીજ જ નથી. પણ, અપેક્ષા નામનાં તત્ત્વ પર અપૂર્તિની પ્રતિક્રિયા સર્જાય છે ત્યારે તેમાંથી આ દુઃખ નામનો વિકાર ઉત્પન્ન થાય છે. શરીર પાસે શાશ્વત નિરોગિતાની અપેક્ષા મનમાં ઊભી હોય છે, ત્યારે જ શરીરમાં ઉત્પન્ન થતો વ્યાધિ એક આપદ્ લાગે છે. તેથી ટેબ્લેટ્સની સ્ટ્રીપ્સ કે ઇન્જેક્શનની બોટલ સામે આશાની મીટ માંડીને ડોકટરનો પડયો બોલ ઝીલીને જીવવું પડે છે. બાકી નિરપેક્ષ વીરલાને તો દેહ ઉપર વ્યાધિઓની લંગાર ભલેને ઊતરી પડે એ તો અધ્યાત્મની ઉજાણી માણતો મસ્તીથી પડયો રહે છે.

જીવન પાસે અમરપણાની અપેક્ષા ન હોય તો મૃત્યુ કોને આપત્તિ લાગે ?

ધન પાસે નિત્ય રહેવાની આશા ન બાંધી હોય તો તિજોરીનાં તળિયાં દેખાય તો'ય શું ? માનવી મનથી લક્ષ્મી સાથે એક શાશ્વત પ્રણય બાંધીને ફરે છે. તેથી જ્યારે ચડઊતર થાય છે ત્યારે તે મુંઝાય છે અને રડે છે. નહિ તો અપેક્ષાઓથી પર બનેલા મસ્ત ફકીરો તો પારાવાર ગરીબીમાં પણ મહાઅમીર હોય છે.

માનવીનાં સઘળાં દુઃખોનું બીજ છે અપેક્ષા. મનમાં ઊગેલી અપેક્ષા અને તેની થતી ઉપેક્ષા આ બે મહાકાય વાહનો છે. જીવનના પંથ પર જ્યારે જ્યારે તે ટકરાય છે ત્યારે ભીષણ અકસ્માત સર્જાય છે અને માનવીનાં સુખ અને શાંતિનું ફ્રેક્ચર થાય છે અને ક્યારેક નિધન પણ.

અપેક્ષાના વૃક્ષ ઉપર દ્વેષ કે ક્રોધનાં ફળ પણ ઊગે છે. પુત્ર પાસે વિનય અને બહુમાનની અપેક્ષા હોય છે. ત્યારે પુત્રનું ઉદ્ધત વર્તન ક્રોધની કીટલીનો વાલ્વ ખોલી નાંખે છે. યજમાન પાસે સારા આદર સત્કારની અપેક્ષા હોય અને તેમાં કાંઇક ન્યૂનતા દેખાય તો તુરત કોપનું ભૂત વળગી જાય છે.

શ્રી પંચસૂત્રમાં કહ્યું છે :

अविक्खा अणाणंदे ।

અપેક્ષા દુઃખનું કારણ છે.

અપેક્ષા દુ:ખનું કારણ છે, તેમ અશાંતિનું કારણ છે. અપેક્ષા કરતાં વધારે મળે તો પ્રસન્નતા વ્યાપે છે. તેથી ખિન્ન ન થવું હોય, તેણે તો અપેક્ષા રાખવી જ નહિં. અંગ્રેજીમાં વાક્ય છે.

Work for the best, Be Ready for the worst.

કામ સારામાં સારું કરો. પણ, તૈયારી તો અત્યંત કટુ પરિણામની જ રાખો. જીવનને શાંતિ અને પ્રસન્નતાથી મઢી દેવાનો આ બહુ સુંદર ઉપાય છે.

ભાગીદાર મને દગો પણ દઇ શકે.. પુત્ર મારું ખૂન પણ કરી શકે. પત્ની મને બેવફા પણ નીવડી શકે.. નોકર અપ્રામણિકતા પણ આચરી શકે.. આ બધી સંભાવનાઓને ચિત્તમાં કંડારીને જીવન જીવો, તમારા જીવનને ડાહ્યા માણસો નંદનવનની ઉપમા આપશે.

વળી, કાંઇ પણ અપેક્ષા રાખતા પૂર્વે પોતાની કક્ષા, યોગ્યતા, પુણ્ય આદિનો પણ વિચાર કરી લેવો જોઇએ. ૪૦૦૦ સ્કેવેરફીટનો ફ્લેટ મેળવવાની ઇચ્છા કરતા પૂર્વે પોતાના કપાળના સ્ક્વેરફીટ પણ માપી લેવા જોઇએ. મોટેભાગે પોતાની કક્ષા કે યોગ્યતા કરતાં વધુ પડતી અપેક્ષા રાખી દેવાને કારણે જીવનમાં સંઘર્ષો ઊભા થતા હોય છે.

૪. અધૈર્ય :

અધૈર્ય અને આવેશને બહુ સીધો સંબંધ છે. જ્યાં ઉતાવળ છે, ત્યાં આવેગ છે. ક્ષમાની સાધના માટે ધૈર્યની સાધના પણ એટલી જ આવશ્યક છે. ધૈર્ય એ મહાસંતોનો જીવનવૈભવ છે. ધૈર્ય ગુણની પ્રાપ્તિ માટે મોટું મૂલ્ય ચૂકવવું પડે છે. ઉતાવળિયા સ્વભાવની વ્યક્તિ ઘણીવાર જાતને અને અન્યને બહુ મોટો અન્યાય કરી બેસે છે.

કોઇ વ્યક્તિનો અપરાધ દેખાયો અને તુરત આવેશમાં આવીને તેને સજા કરી દેવાની ઉતાવળ કરી તેમાં અપરાધીના સંયોગો, આશય આદિ કાંઇ પણ સમજવાની દરકારને સ્થાને રહેતું નથી.

નોકર મોડો પડયો. તેને આવતાંની સાથે ધમકાવી નાંખ્યો. પણ, નોકરને મોડું થવાનું કારણ એ હતું કે રસ્તામાં શેઠનો એક દેણદાર અચાનક મળી જતા નોકરે શેઠ વતી ઉઘરાણી કરીને લેણું વસૂલ કર્યું તેમાં વાર લાગી ગઇ હતી. પણ એટલું સમજવા જેટલી ધીરજ હોય તો ને ?

અધૈર્ય એક પ્રકારનું ગાંડપણ છે જે ઘણી ગંભીર ભૂલો માણસ પાસે કરાવી નાખે છે.

ઉતાવળે આંબા ન પાકે. ધીરજનાં ફળ મીઠાં

આ બધી કહેવતોના ઉપદેશને ચરિતાર્થ કરનાર વ્યક્તિ ક્રોધના સ્ફોટથી જીવનને બાળી નાંખતા અનેક ગંભીર અકસ્માતોથી બચી શકે છે. કારણ કે, આવેશના કેટલાય પ્રસંગો અણસમજ, અધૂરી સમજ કે ગેરસમજમાંથી ઊભા થતા હોય છે. ધૈર્ય તે અ-સમજોને દૂર કરે છે.

તમારે ખાંતિભાઇ બનવું છે ?

તો પહેલા ધીરજભાઇ બની જાઓ.

૫. શંકા :

આપણાં અનેક દુઃખો કલ્પનાનાં હોય છે તેમ આપણા કેટલાય શત્રુઓ શંકાના હોય છે. કેટલીક વ્યક્તિઓ ખૂબ શંકાશીલ હોય છે. બીજાની કોઇ પણ પ્રવૃતિ પોતાની પ્રતિકૂળતા માટે છે તેવી શંકા કરી કરીને તે દુઃખ અને દ્વેષથી પીડાય છે.

ખૂણામાં બેસીને કોઇ વાતો કરતું હોય એટલે તેને શંકા પડે છે કે, પોતાની નિંદા થઇ રહી છે. પોતાના બે મિત્રો સાથે બગીચામાં ફરવા ગયા અને પોતાને ન જણાવ્યું, તે નક્કી પોતાની વાતો કરવા માટે જ તેમણે આ કાર્યક્રમ ગોઠવ્યો હશે. સાવ અજાણ્યા માણસો કાંઇ ગુપસુપ કરતા દેખાય તોય તેને તો પોતાનું વટાઇ રહ્યાની શંકા પડે છે. સિમલાની હોટેલમાં શિખર પરિષદ માટે બે રાષ્ટ્રના વડાઓ ભેગા થાય ત્યારે ય આવા શંકાશીલો તો ઊંડે ઊંડે એવી શંકા અનુભવે કે આ બે રાષ્ટ્રનેતાઓ મારું કાંઇક રાંધવા માટે તો ભેગા નહિ થાય હોય ને ?

શંકાનું ઓસડ શું હોઇ શકે ? અને, એક વાર મનમાં શંકા ઉત્પન્ન થઇ કે સમગ્ર વિચારપ્રવાહ તે શંકાના ચીલા પર ચાલવાનો. કોઇ સમાધાનો આ પ્રવાહને અટકાવવા સમર્થ બની શકતાં નથી. આગળ જતા આ પ્રવાહનો વિસ્તાર વધે છે અને વેગ પણ વધે છે. તેમાં અનેક તોફાની તરંગો અને વમળો પણ પેદા થાય છે. હકીકતમાં શંકાશીલ વ્યક્તિને પોતાની જાત પર વિશ્વાસ નથી અથવા ગુનાયુક્ત માનસવૃતિ ધરાવે છે. સ્વયં સંપૂર્ણ શુદ્ધ હોય અને શુદ્ધ હોવા બાબતનો સંપૂર્ણ આત્મવિશ્વાસ હોય ત્યારે શંકાનું કોઇ પ્રયોજન જ નથી.

શંકાશીલ વ્યક્તિ ઘણીવાર બીજાને સમજવામાં થાપ ખાઇ જાય છે. અને મહાઅન્યાય કરી બેસે છે. ત્રિલોકનાથ મહાવીરદેવની દેશનાનું પાન કરીને મગધસમ્રાટ શ્રેણિક અને મહારાણી ચેલ્લણા પાછા ફરી રહ્યા હતા. નગરની બહાર નદીના કિનારા પર એક વટવૃક્ષ નીચે કોઇ પરમતત્ત્વના ધ્યાનમાં ખોવાયેલા મહાત્માને જોયા. પોષ મહિનાની કાતિલ ઠંડીમાં પણ આત્મધ્યાનની અનુપમ ઉષ્મા

અનુભવી રહેલા દેખાયા. ભાવવિભોર બનીને રાજારાણીએ મહાત્માને વંદન કર્યા.

રાજમહેલમાં પહોંચીને સંધ્યાકાર્યથી પરવારીને શય્યાધીન બન્યાં. મધરાત થતાં ઠંડી વધુ કાતિલ બની. મધરાતે રજાઇમાંથી હાથ બહાર નીકળી જતા ચેલ્લણાએ એક ભયંકર ધ્રુજારી અનુભવી. ઠંડીના હુમલાથી તેની નિદ્રા ઊડી ગઇ. તુરત તેને પેલા ધ્યાનસ્થ મહાત્મા યાદ આવ્યા. તેણે વિચાર્યું :

"રાજમહેલમાં પણ ઠંડી અસહ્ય લાગે છે તો નદીના કિનારા પર ધ્યાનમાં ઊભેલા મહાત્માની તો શું પરિસ્થિતિ હશે ?"

આ વિચારને કારણે તેનાં મુખમાંથી સહસા શબ્દો નીકળી પડયા : "એમનું શું થતું હશે ?"

આ શબ્દો શ્રેણિકરાજાના કાનમાં પડતાં જ શંકાનું વાદળું ધસી આવ્યું, "હું જેને સતી અને શીલવંતી માનું છું તે તો કોઇ પરપુરુષના વિચારમાં રમી રહી છે. આવી કુલટાને મેં પતિવ્રતા માની ? અને, મહારાણી જો આવી કુશીલ છે તો તો બીજી રાણીઓ કેવી હશે ?"

પળવારમાં ઊભી થયેલી એક શંકાએ આજ સુધીની બધી સુંદર છાપોને ધોઇને સાફ કરી નાંખી, ક્રોધની આગ ફાટી નીકળી. સમગ્ર અંતઃપુરને જલાવી દેવાનો આદેશ છૂટી ગયો.

ડાહ્યા મંત્રીઓએ ઉતાવળ ન કરવા સમજાવ્યું. સર્વજ્ઞ ભગવંત મહાવીર પાસે મનમાં ઊગેલી શંકાની સત્યતાની ખાત્રી કર્યા પછી જ કાંઇ પણ પગલું ભરવા સૂચવ્યું. પરમાત્મા મહાવીરદેવને પૂછતા સત્ય હકીકતની જાણ થઇ ત્યારે શ્રેણિક અત્યંત લજ્જિત બન્યો.

શંકાના પાયા ઉપર નિર્ણયની કોઇ ઇમારત ઊભી ન કરો. શંકાશીલતાને સંપૂર્ણ દૂર કરો. શંકા થઇ જ જાય તો તેની સત્યતાની ખાત્રી કર્યા વિના કોઇ નિર્ણય ન લો.

૬. મહત્ત્વ સ્થાપિત કરવાની વૃતિ :

અહંની વાસનામાંથી એક દુર્વૃત્તિ ઉત્પન્ન થાય છે જે દરેક સ્થાને પોતાની મહત્તા સ્થાપવાનો પ્રયત્ન ધરાવે છે. આ વૃતિ ઘર કરી ગયા પછી જેનાથી પોતાની મહત્તા વધશે તેવું લાગે તેવા તમામ ઉપાયો તે અજમાવે છે.

પોતે અત્યંત વ્યસ્ત છે તેવો દેખાવ કરે. અનેક માણસો તેની મુલાકાત ઝંખતા હોય છે, તેવી રજૂઆત કરે. મોટા - મોટા માણસો પણ તેને ઘણો મોટો

માને છે, તેવું વારંવાર વ્યક્ત કરે.

મહત્તા સ્થાપવાની આ વાસના ક્યારેક ક્રોધને પણ પોતાનાં પ્રયોજનનું સાધન માને છે. ક્રોધ કરવાથી, આખો દિવસ ચીડાયેલા મૂડમાં રહેવાથી, રીસ કરવાથી કે બીજાને વાંરવાર ધમકાવી દેવાથી પોતાની મહત્તા વધે છે તેવો એક ભ્રમ ઉત્પન્ન થઇને આ બધી ચેષ્ટા કરાવે છે. પોતે રીસાઇ જાય અને ચાર માણસો કલાક સુધી મનાવ્યા કરે તેમાં તે પોતાનું માહાત્મ્ય વધ્યાનો સંતોષ અનુભવે છે.

ક્રોધ કરવાથી મહત્તા વધે છે, તે ભ્રમમાંથી બહાર નીકળવું જોઇએ. ક્રોધી વ્યક્તિ હંમેશા સર્વને માટે નિંદાપાત્ર બનીને સ્વમહત્તા ઘટાડે છે, તે વાસ્તવિકતાને સ્વીકારવા મનને સમજાવી દેવું જોઇએ અને સ્વમહત્તા સ્થાપવાની દુષ્ટ વાસના જ વિરમી જાય તો ભયો ભયો.

૭. હઠાગ્રહ :

માનવી હંમેશા પોતાના દુર્ગુણોને સદ્દગુણોનાં નામ આપીને જાતને છેતરતો આવ્યો છે. કૃપણતાને કરકસરનું, સ્વચ્છંદતાને સ્વતંત્રતાનું, ઉડાઉપણાને ઉદારતાનું કે વાસનાને પ્રેમનું નામ આપીને તે જાતને ઠગે છે. તેમ જીદ્દ કે હઠાગ્રહના દુર્ગુણને લોખંડી મનોબળ કે અડગતા જેવાં નામનો રૂપેરી વાઘા પહેરાવીને આત્મવંચનાની ચાદર ઓઢી લે છે.

પોતે ધારેલું થવું જ જોઇએ તેવો દુરાગ્રહ તે જીદ્દ છે. જીવનની શાંતિને ગ્રસી જતો આ દુષ્ટ રાહુ છે. જીદ્દ મનમાં અસંતોષ ઊભો કરે છે. જીદ્દથી નસો તંગ બને છે. જીદ્દથી સ્વભાવ ચીડિયો બને છે.

સોળમી સદીમાં થયેલા સ્પેનનાં રાજા ચાર્લ્સ રોમન કેથોલિક ખ્રિસ્તી હતા. લૂથરના સુધારાવાદી વિચારોથી પ્રભાવિત થઇને પ્રોટેસ્ટંટોએ કેથોલિક ધર્મનો ત્યાગ કરવા માંડયો ત્યારે પોતાની જીદ્દ બર ન આવવાનાં કારણે ગુસ્સે થયેલા ચાર્લ્સે પ્રોટેસ્ટંટોને શોધી શોધીને જેલમાં પૂર્યાં, ફાંસી આપી, કેટલાકને જીવતા બાળી નાખ્યા અને કેટલાકને ઉકળતા તેલમાં તળી નાખ્યા.

૮. પૂર્વગ્રહ :

પૂર્વમાં બનેલા પ્રસંગો આદિના આધારે વ્યક્તિ માટે બાંધી દીધેલી એક છાપનું નામ પૂર્વગ્રહ છે. આ પૂર્વગ્રહની પીડા બહુ દારુણ હોય છે. પૂર્વગ્રહના ચશ્માંમાંથી પસાર થતી દ્રષ્ટિને બધું જુદું જ દેખાય છે. નિર્દોષ પણ દોષિત દેખાય છે. મિત્ર પણ શત્રુ જણાય છે. હિતેચ્છુ પણ અપકારી વરતાય છે. અને, એક ટમટમતા દીવાની જેમ ક્રોધને ચોવીસે કલાક તૈયાર રાખવો પડે છે, જ્યારે જરૂર પડે ત્યારે

તેમાંથી તણખાની વર્ષા થઇ શકે છે.

૯. ઇર્ષ્યા :

અહંકારના ફરજંદ ઘણાં છે. કોઇ બેટા છે તો કોઇ બેટી, અસૂયા અહંકારની બેટી છે. કેટલીક વ્યક્તિઓને કોઇને કોઇ વસ્તુની સૂગ હોય છે. તે જોઇ શક્તો નથી, સૂંધી શકતો નથી. આ અસૂયાબેનને અન્યના ઉત્કર્ષની સૂગ હોય છે, બીજાના વિકાસની અરુચિ હોય છે. બીજાનો ઉત્કર્ષ જોતા તેમને ખૂબ અણગમો થાય ચે. અન્યનો વિકાસ ખૂબ મૂંઝવે છે. કોઇકે કહ્યું છે : સ્ત્રીનું બીજું નામ ઇર્ષ્યા છે અને પુરુષનું બીજું નામ શંકા છે. આ કહેનારનો આશય શંકાની પુરુષસહજતા અને ઇર્ષ્યાની સ્ત્રીસહજના જણાવવાનો છે.

કુટુંબ કંકાસોના મૂળમાં મોટે ભાગે ઇર્ષ્યા હોય છે. દેરાણીની નવી સાડીની ઇર્ષ્યા જેઠાણીના દિલમાં પેદા થયા પછી દેરાણીની ભૂલ ક્યારે થાય તેની પ્રતીક્ષામાં જેઠાણીને જોડી દે છે. પછી તો ભૂલ નાની છે કે મોટી તે જોવાની કોઇ આવશ્યક્તા જ હોતી નથી. ત્રાટકવા માટે માત્ર એક છીંડાની જરૂર હતી તે મળી જવાથી જેઠાણી દેરાણી પર ઉછળે છે. ઘરનું આંગણું યુદ્ધભૂમિ બને છે. કુટુંબ કુરૂક્ષેત્ર બને છે. ક્રોધનો દાવાનલ ઇર્ષ્યાનાં ઇંધણ ઉપર ભડકે બળે છે અને તેમાં કુટુંબની શાંતિ હોમાઇ જાય છે.

નામ પ્રમાણે ગુણાકેળવવાનું ફરજિયાત હોય તો દુનિયાની બધી સ્ત્રીઓનું નામ અનસૂયાબેન પાડવામાં આવે તેવું કોણ ન ઇચ્છે ?

૧૦. પોતાના વિચારો બીજા પર સ્થાપવાની વૃતિ :

દુનિયામાં રોજ મહિલાઓ પર થતા બળાત્કારના આંકડાઓ વાંચીને આપણે દુનિયાના સાંસ્કૃતિક આરોગ્ય માટે ચિંતિત બનીએ છીએ. કામવાસનાપ્રેરિત એ બળાત્કારો કરતાં પણ વધુ ભયાનક છે અહંકાર પ્રેરિત વૈચારિક બળાત્કારો.

ચીન વંશના સસ્થાપક ચીની સમ્રાટ શિહહ્વેંગ-તી પ્રાચીન ગ્રન્થોના મોટા વિરોધી હતા. ઇ.સ. પૂર્વે ૨૧૩માં તેમણે એક આદેશ દ્વારા તમામ પ્રાચીન ગ્રન્થોને બાળી નંખાવ્યાં હતા. તેણે ૪૬૦ વિદ્વાનોને જીવતા જ ભૂમિમાં દાટી દીધા હતા.

પોતે પોતાની ઇચ્છા મુજબ જ વર્તે ત્યાં સુધીના વર્તાવને આપણે હજુ 'ક્ષમ્ય' ની કોટિમાં ગણી લઇએ. પણ, બીજાએ પણ પોતાની ઇચ્છા મુજબ વર્તવું જોઇએ તેવા આગ્રહને તો વ્યાજબી કેમ ગણી શકાય ? કેટલીક વ્યક્તિઓમાં આવો આગ્રહ બહુ પ્રચંડ માત્રામાં જોવા મળે છે. પોતાની ઇચ્છાઓ બાળકો ઉપર સ્થાપિત કરવાની બાબતમાં માતા-પિતા દ્વારા અતિરેક થાય છે. ત્યારે બાળકનું

વ્યક્તિત્વ ચીમળાઇ જાય છે, તેના વિકાસને ટૂંકી સરહદો ઘેરી લે છે અને એક જ ઘરમાં રહેતા પિતા-પુત્ર વચ્ચે માઇલોનું અંતર પડી જાય છે. અને, વિચારોના આવા બળાત્કાર કરનારને હંમેશા ક્રોધની છરી સાથે જ રાખવી પડે છે. ક્રોધથી બચવા આ દુર્વૃતિને દેશવટો આપવો ખૂબ જરૂરી છે.

૧૧. તીવ્ર વિષયાભિલાષ :

કામવાસનાઓના રાફડામાંથી ક્રોધનો કાળોતરો નાગ બહાર નીકળે છે. વાસના ઉત્પન્ન થયા પછી તે અતૃપ્ત રહેતાં મન આળું બને છે અને આ આળા મનમાં ક્રોધ આળોટવા માંડે છે. कामात् क्रोधोऽभिजायते । આ શાસ્ત્રવચન છે. માત્ર જાતીય વાસના જ નહિ, કોઇ પણ ઇન્દ્રિયસુખની ઇચ્છા વેગ પકડે છે ત્યારે મનમાં ધમધમાટ શરૂ થઇ જાય છે.

ગટરોને ઢાંકણાં દઇ દેવાથી ગંદકી દૂર થતી નથી, માત્ર થોડો વખત ઢંકાયેલી રહે છે. બાહ્ય સ્થૂલ ઉપાયો અજમાવવાથી ક્રોધ ટળતો નથી. ક્રોધને ખસેડવાનો સાચો ઉપાય કામનાઓને સખણી રાખવાનો છે. ક્રોધના તોફાનોને અંકુશમાં લાવવા ઇચ્છાતંત્ર ઉપર નિયંત્રણો લાદવાની ખૂબ જરૂર હોય છે.

ઓરડાની છત ઉપર ટીંગાયેલી ટયુબલાઇટને ઓલવવા ત્યાં ચડીને ફૂંક મારવાની જરૂર નથી હોતી. તે માટે તો દીવાલ પરનું બટન દબાવવાની જ આવશ્યકતા હોય છે. તેમ, વિષયાભિલાષને અંકુશમાં આણવાથી ક્રોધની બત્તી આપોઆપ ઓલવાય છે.

૧૨. શાસ્ત્રવચનનું અજ્ઞાન, વિસ્મરણ કે ઉપેક્ષા :

શાસ્ત્રવચનો એ શીતલ જલની વર્ષા છે. ક્રોધાગ્નિને ક્ષણમાં બૂઝવી નાંખે છે. મોટા કારખાનાઓમાં આગનું તાત્કાલિક શમન કરવા માટે લાલ રંગની ટાંકી રાખવામાં આવે છે. ક્રોધાગ્નિના શમન માટે શાસ્ત્ર વચનોની ટાંકી દિલમાં કાયમ રાખી મૂકવી જોઇએ. કારણ કે કષાયની પરિણતિને તોડવા માટે શાસ્ત્રવચન તીક્ષ્ણ શસ્ત્ર સમાન છે.

આત્મકલ્યાણકર શાસ્ત્રવચનોનું અજ્ઞાન, વિસ્મરણ કે ઉપેક્ષા એ પણ ક્રોધને પેદા કરતું જ ઇંધણ છે. શાસ્ત્રવચનો ચંદ્રકાંત મણિ જેવાં છે, ક્રોધને ઉત્પન્ન જ થવા દેતાં નથી. શાસ્ત્ર વચનોનાં અજ્ઞાન, વિસ્મરણ કે ઉપેક્ષાથી મહાન હોનારતો જીવનમાં સર્જાઇ શકે છે.

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના હંસ અને પરમહંસ નામના બે શિષ્યો બૌદ્ધ દર્શનની ક્ષતિઓ જાણવા બૌદ્ધ ભિક્ષુનો વેષ ધારણ કરીને બૌદ્ધ સંપ્રદાયમાં

રહ્યા. તેમની સાચી ઓળખાણ પ્રગટ થઇ જતા તે બન્ને ત્યાંથી ભાગ્યા. હંસ પકડાઇ ગયો અને બૌદ્ધો દ્વારા મોતને ઘાટ ઉતારી દેવાયો. દોડતો પરમહંસ ગુરુદેવની ગોદમાં પહોંચીને ઢગલો થઇને પડયો. વસ્તુસ્થિતિને જાણવા અત્યંત ઉત્સુક બનેલા સૂરિદેવની આગળ તે હાંફતા હાંફતા બોલ્યો : "હંસ ગયો." અને, આ બે શબ્દો બોલતાની સાથે પરમહંસનો હંસલો પણ ઊડી ગયો.

બૌદ્ધ ભિક્ષુની દુષ્ટતાનું આ કરતૂત જાણીને સૂરિદેવ ખળભળી ઊઠયા. ચિત્તનાં જંગલમાં ક્રોધનો ભયાનક દાવાનળ સળગી ઊઠયો. તે દુષ્ટ ભિક્ષુઓને ઉકળતા તેલમાં તળવાના દુષ્ટ મનોરથો મનોભૂમિમાં ઉગી નીકળ્યા. આંખો લાલચોળ બની છે. ગાત્રો ક્રોધથી કંપી રહ્યા છે, હોઠ ધ્રુજી રહ્યા છે. મુખાકૃતિ અત્યંત રૌદ્ર બની છે. તૃતીય પદે આરૂઢ થયેલા સૂરિપુરંદર અત્યારે તો ક્રોધચંડાલની ઝૂપડીમાં જઇને બેઠા હતા. ઉપશમનો મહિમા ગાતાં શાસ્ત્રવચનો પર અત્યારે વિસ્મૃતિનાં આવરણો ચડી ગયાં હતાં. ક્ષમાનો સૂર રેલાવતાં જિનવચનો અત્યારે સાવ ભુલાઇ ગયા હતા. સૂરિદેવના ક્રોધાભિભવના સમાચાર વાયરાએ ઊચક્યા અને ગુરુદેવના કાને પહોંચાડયા. ક્રોધાભિભૂત સૂરિદેવ દુષ્ટ મનોરથોને સફળ કરવાનો તખ્તો ગોઠવી રહ્યા હતા. ત્યાં જ ઉપાશ્રયના બારણા પાસે આવીને એક સાંઢણી ઊભી રહી. સાંઢણી પરથી ઊતરીને એક આદમીએ હાથમાં એક ચિઠ્ઠી આપી. ચિઠ્ઠીમાં બે ગાથા લખેલી હતી. ગુણસેન અને અગ્નિશર્માના નવ-નવ ભવની વેર પરંપરાને વર્ણવતી ચરિત્રકથાના ભવોનાં માત્ર નામ જણાવતી એ ગાથાઓ હતી. ના, એ માત્ર શબ્દો નહોતા, લાયબંબા હતા. એ લાયબંબામાંથી કોઇ જાદુઇ ધોધ છૂટયો અને ક્ષણોમાં તો ક્રોધની ભયાનક આગને સાવ જ ઓલવી નાખી. શાસ્ત્રની એ માત્ર બે ગાથાઓએ મહાન ચમત્કાર સર્જ્યો.

રોદ્ર વિચારધારાની ખાઇમાંથી ઊંચકાઇને સમતાના શિખરે આવી પહોંચેલા સૂરિદેવે તે બે ગાથા પરથી ગુણસેન અને અગ્નિશર્માના નવ-નવ ભવની પરંપરાને વર્ણવતી હૃદયદ્રાવક કથાનો 'સમરાઇચ્ચ કહા' નામનો વેધક ગ્રંથ લખ્યો. તે ગ્રંથના શબ્દે-શબ્દમાં તેમણે સમતારસના જામ પૂર્યા છે. એક એક શબ્દ હૃદયને હલબલાવી નાંખે તેવો છે. કષાયના કાળમીંઢ પર્વતોના ચૂરેચૂરા કરી નાંખે તેવો અદ્દભુત એ ગ્રંથ છે. આંખો લૂછવા માટેનો રૂમાલ હાથમાં રાખ્યા વિના ન વાંચી શકાય તેવો એ ગ્રંથ છે.

૧૩. અસહિષ્ણુતા :

સહન કરવાની નિર્બળતા ક્રોધનો ઉકળાટ પેદા કરે છે. કોઇએ પણ મારા પ્રત્યે કોઇ પણ અપરાધ કે પ્રતિકૂળ વર્તન ન કરવા જોઇએ તેવી અપેક્ષા સહુ કોઇને

રહે પણ પૂર્ણ તો કોઇની પણ ન થાય. આવી અપેક્ષા રાખવાને બદલે, સહુના અપરાધો મારે સહન કરવા જ જોઇએ તેવી જાતને આપેલી કેળવણી વધુ વ્યવહારૂ અને વાસ્તવિક ઉપાય છે. કોઇ અપરાધ કરે છે માટે ક્રોધ પેદા થાય છે, તેવું નથી. પોતે સહન નથી કરી શકતો માટે ક્રોધ ઉત્પન્ન થાય છે, તે સાચું નિદાન છે.

ગજસુકુમાલ કે અવંતિ સુકુમાલ જેવા, મેતાર્ય કે સુકોશલ જેવા, ખંધકઋષિ કે ઝાંઝરિયા મુનિવર જેવા મહામુનિઓ પર જે આફતોની લંગાર ઉતરી પડી તેની તુલનામાં આપણને આવતી પ્રતિકૂળતાઓ તો કેટલી મામૂલી છે ! છતાં, તે મહામુનિઓ ક્ષમા રાખી શક્યા અને આપણે તો મામૂલી પ્રતિકૂળતામાં ઉકળી ઊઠીએ છીએ. તેથી અસહિષ્ણુતા જ ક્રોધ માટે જવાબદાર છે.

સહિષ્ણુતાનો મહિમા ગાતી 'વડા' ની સુંદર વાત લોકજીભે ચડેલી છે :

પહેલે થે હમ મર્દ, મર્દસે નાર કહાયે

કર ગંગામેં સ્નાન, મેલ સબ દૂર કરાયે

કર પથ્થરસે યુદ્ધ, ઘાવ બરછીકે ખાયે

નીકલ ભયે જબ પાર, આજ હમ 'બડે' કહાયે

મગનાં વાડાંની આ સુંદર કહાની છે. કોઇએ તેને પૂછ્યુ : "તું નાનું હોવા થતાં તને બધા 'વડું' કેમ કહે છે ?" વડાએ રહસ્ય ખુલ્લું કર્યું.

પહેલા મગ સ્વરૂપે પુરુષ તરીકે મારી ઓળખાણ હતી. ભરડાયા પછી 'મગની દાળ' કહેવાતા સ્ત્રી તરીકેની ઓળખાણ મળી. પાણીમાં પલાળી તે ગંગાસ્નાન. ઘંટીમાં દળી તે પથ્થર સાથેનું યુદ્ધ. મરચાં, મસાલા અને ઉકળતા તેલમાં તળાવાની વેદના ભોગવી. આ બધાં જ દુ:ખો સહન કરીને પાર નીકળ્યા બાદ મારું નામ પડયું - વડું. સહન કરે છે તે મોટો બને છે, તે આ જોડકણાંનો ઉપદેશ છે.

અન્ય વ્યક્તિ પ્રતિકૂળ વર્તન કરે છે. માટે ક્રોધ થાય છે, તે વાત ખોટી છે. અન્યનું પ્રતિકૂળ વર્તન સાંખી લેવાની સહિષ્ણુતા નથી. નહિતર, આપણને જે કોઇ પ્રતિકૂળતા આવે છે, તેનાથી અનેક ગણી પ્રતિકૂળતામાં સહિષ્ણુ સંત-પુરૂષો પ્રસન્નતાનાં ફૂલડાં વેરે છે. ઘાણીમાં પીલાવા છતાંય વીર પુરુષો પ્રસન્ન રહ્યા અને આપણે નાનકડા અપમાનમાં ભડકી જઇએ છીએ. વાઘણે ફોલી ખાવા છતાં મહામુનિઓ અત્યંત સ્વસ્થ રહ્યા અને આપણે મચ્છરના ચટકાથી ત્રાડ પાડી ઊઠીએ છીએ. આ વિરોધ સ્પષ્ટ કરે છે કે ક્રોધનું કારણ બીજાનો વાંકગુનો નથી પણ પોતાની અસહિષ્ણુતા છે.

૧૪. ક્રોધ મોહનીયનો ઉદય :

જૈન શાસ્ત્રો વિશ્વમાં વરતાતી સકલ વિચિત્રતાઓનું મૂળ કર્મના સિદ્ધાંતમાં શોધે છે. આઠ કર્મોમાં મોહનીય નામનું કર્મ રાગ, દ્વેષ, ક્રોધ, અભિમાન આદિ દુષ્ટ લાગણીઓને જન્મ આપે છે. ક્રોધ એ પણ મોહનીય કર્મના ઉદયથી થતી એક લાગણી છે. કેટલીક વાર આ કર્મનો ઉદય નિમિત્ત મળવાને કારણે થાય છે તો ક્યારેક નિર્નિમિત્તક પણ થાય છે.

મોહનીય કર્મ આઠેય કર્મોનો સરદાર છે. સૌથી વધુ દુષ્ટ કર્મ આ છે. છતાં, મોહનીય કર્મનું એક જમા પાસું એ છે કે, સત્ત્વ અને પુરુષાર્થથી તેના ઉદયને નિષ્ફળ કરી શકાય છે. આ કાર્ય બીજાં કર્મોની બાબતમાં એટલું શક્ય કે સરળ નથી. અશુભ નામકર્મોના ઉદયને કારણે ખરાબ રૂપ મળ્યું કે કાયા કાળી અને કુબડી મળી તેને કેવી રીતે નિવારી શકાય ? પણ, ક્રોધ મોહનીયના ઉદયથી પેદા થયેલી ક્રોધની લાગણીને આત્માના પુરુષાર્થ દ્વારા નિષ્ફળ કરી શકાય છે. દુષ્ટ મોહનીય કર્મની પણ આ એક નબળી કડી પર આપણે ઘા કરી દઇએ તો પછી તે દુષ્ટ રહી શકતું નથી.

૧૫. નિષ્ફળતા :

જીવનના અનેક કાર્યક્ષેત્રમાં નિષ્ફળતાઓ પ્રાપ્ત થતા માણસ નિરાશ બને છે. તે નિરાશા તેનામાં નિર્બળતા પેદા કરે છે અને મનને અસહિષ્ણુ બનાવે છે. તેથી વાંરવાર ક્રોધના ભડકા પેદા થાય છે.

આવા નિષ્ફળ વ્યક્તિને ખૂબ પ્રેમ અને હૂંફથી ભરેલી માનસિક સારવારની આવશ્યક્તા હોય છે. સૌજન્યપૂર્ણ સહકારની તેને અપેક્ષા હોય છે. હમદર્દીભર્યા આશ્વાસનને તે ઝંખતો હોય છે. આ આવશ્યક્તાઓ તેના સ્વજનો અને મિત્રોએ પૂરી કરવી જરૂરી છે. પોતાના હૃદયનાં ઇન્ટેન્સિવ કેર યુનિટમાં આવી વ્યક્તિને એક ખાસ સ્થાન આપીને તેની સુંદર સારવાર કરવી જોઇએ, જેથી અનેક આગના અકસ્માતોથી તે બચી જાય.

૧૬. નિર્બળતા :

શારીરિક નિર્બળતા પણ માનવીના સ્વભાવને ચીડિયો બનાવે છે. માનસિક સ્વસ્થતા માટે શારીરિક સક્ષમતા પણ ખૂબ જરૂરી છે. શારીરિક રીતે નિર્બળ વ્યક્તિ વારંવાર અભિભવ પામે છે. અને, તે પરાભવોથી તે સમસમી ઊઠે છે અને વાંરવાર ક્રોધ પેદા થાય છે.

૧૭. અતિશય થાક :

કામવાસના આદિ દુષ્ટવૃતિઓને નાથવા માટે સખત પરિશ્રમ અકસીર જડીબુટ્ટી છે. પણ, પરિશ્રમનો અતિરેક કોઇ વાર કમાન છટકાવી દે છે. તેથી, થાકેલા માણસને ક્રોધનું કોઇ નિમિત્ત ન મળવું જોઇએ. કાંઇક અણગમતું બનતા કે ધાર્યું ન થતાં તે એકાએક વિસ્ફોટ પામી જાય છે.

વર્તમાનમાં જ થઇ ગયેલા પૂ.આ.દે.શ્રી નવીનસૂરીશ્વરજી મહારાજા પોતાના વિશાળ સાધુવૃંદ સાથે વિહાર કરીને એક ગામ તરફ જઇ રહ્યા હતા. ધાર્યા કરતાં અંતર ઘણું વધારે નીકળ્યું. બધા જ સાધુઓ થાકીને લોથ થઇ ગયા હતા. આખરે ગામ આવી જતા ઉતારાના મકાને પહોંચવા સાધુઓ અધીરા બન્યા ત્યારે આચાર્ય ભગવંતે સહુ સાધુઓને કહ્યું : "આપણે પંદર મિનિટ ગામની બહાર બેસીને થાક ઉતારી લઇએ, પછી ગામમાં જઇએ. જેથી કદાચ ઉતારાનું મકાન પ્રતિકૂળ હોય અથવા ત્યાં ભિક્ષા આદિની કોઇ પ્રતિકૂળતા આવે તો પણ આપણી કમાના છટકે નહીં."

જૈન શ્રમણની ભિક્ષાવિધિ મુજબ ભિક્ષા માટે પર્યટન કરીને આવ્યા પછી પચ્ચક્ખાણ પારવાનો વિધિ કરીને ૧૭ ગાથાનો સ્વાધ્યાય કર્યા બાદ તે ભોજન કરવા માટે બેસી શકે. બહારથી આવ્યા પછી ભોજનમાં આટલો વિલંબ થવાને કારણે પર્યટનના પરિશ્રમથી વિષમ બનેલી ધાતુઓ સમ બને છે. શ્વાસોચ્છ્વાસની ગતિ સ્વાભાવિક બને છે. તથા રુધિરનું પરિભ્રમણ રાબેતા મુજબનું બને છે જેથી ભોજનનું કોઇ વિપરીત પરિણામ આવતું નથી. વળી, આ થોડા વિલંબથી થાક ઉતરે છે અને મન સ્વસ્થ બને છે જેથી ભોજનમાં કાંઇ ન્યૂનાધિકતા હોય તો પણ ક્ષમાશ્રમણનું બિરુદ લજવાતું નથી.

કોઇ બહારથી થાકીને આવ્યું હોય તો અથવા અત્યંત પરિશ્રાન્ત દેખાતું હોય ત્યારે તેને -

- ❖ શિખામણ આપવી નહિ.
- ❖ ભૂલ બતાવવી નહિ.
- ❖ દુઃખદ સમાચાર જણાવવા નહિ
- ❖ ઠપકો દેવો નહિ.

૧૮. અતિશય ભૂખ :

અત્યંત ભૂખ લાગે છે ત્યારે મન તેની જ ચિંતામાં હોય છે અને ક્ષુબ્ધ બની જાય છે. અત્યંત ભૂખ્યો થયા પછી ભોજનમાં વિલંબ થતાં, અથવા ભોજનમાં કાંઇક આઘુપાછું થતાં માણસ છંછેડાય છે. તે વખતે નાનકડો પણ તણખો મોટા ઉબાડિયાનું કામ કરે છે.

શાસ્ત્રોમાં એક કથા પ્રસિદ્ધ છે. એક વિધવાપુત્ર મજૂરી કરીને બપોરે રોજ ઘરે આવતો અને માતા તેને માટે ભોજન તૈયાર રાખતી. રોજના ક્રમ મુજબ એક વાર તે બપોરે ઘરે આવ્યો. માતા રસોઇ તૈયાર કરીને ઉપર છીકામાં મૂકીને બહાર કામે ગઇ હતી. દીકરો અત્યંત ભૂખ્યો થયો હતો. મા પણ ઘરમાં ન દેખાઇ અને રસોઇ પણ ન દેખાઇ તેથી તે ખૂબ છંછેડાયો. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ ભૂખ તીવ્ર બનતા તેના મનનો ઉકળાટ પણ ખૂબ વધી ગયો. અને, થોડી વારમાં માતા બહારથી પાછી આવી. માતાએ ઘરમાં પગ મૂક્યો ત્યાં જ તે તાડુક્યો : "ક્યાં શૂળીએ ચડવા ગઇ હતી ?"

પોતે રસોઇ તૈયાર કરીને વ્યવસ્થિત છીકા પર મૂકીને ગઇ હતી. દીકરાએ બરાબર જોવાની તસ્દી પણ ન લીધી અને નિષ્કારણ અણધાર્યો ગુસ્સાનો હુમલો કરે ત્યારે માતા પણ ક્યાંથી સહન કરે ? તેણે સામે પરખાવ્યું : "તારા કાંડા કપાઇ ગયા હતા ? છીકા ઉપરથી લેતા શું થતું હતું ?"

આક્રોશથી બોલાયેલાં વચનોને કારણે બીજા ભવમાં માતાનાં કાંડા કપાઇ ગયાં હતાં અને દીકરાને વગર ગુનો કરે શૂળીએ ચડવું પડયું હતું.

અહીં તો કથામાંથી આપણને ક્રોધનું એક પ્રબળ કારણ જડે છે-તે છે અતિશય ક્ષુધા. કરોડો લોકો ટંક પેટ ભરીને ભોજન પામતા નથી અને બીજી બાજુ શ્રીમંતો અપાર વિલાસ કરી રહ્યા છે. તે જોઇને એક કવિએ મોટી મહેલાતોમાં જલસા કરતા શ્રીમંતોને ચેતવણી આપી છે :

ભૂખ્યાજનોનો જઠરાગ્નિ જાગશે,
એ ખંડેરની ભસ્મકણી ન લાધશે.

એક સંસ્કૃત સુભાષિતમાં લખ્યું છે :

बुभुक्षितः किं न करोति पापम् ।

ભૂખ્યો માણસ કયું પાપ ન કરે ?

૧૯. નિરર્થક વાદવિવાદ :

કોઇ પણ વાતની સંક્ષિપ્ત સમાપ્તિ શાંત અને સ્વસ્થ જીવન માટે ખૂબ જ અપેક્ષિત છે. નાનકડી વાતને નિરર્થક લંબાવતા વાત ક્યારેક વાદનું સ્વરૂપ પકડે છે. પછીય તેનો છેડો લાંબો હોય તો વાદ હવે વિવાદ બને છે. હજુ અંત ન આવે તો તે વિવાદ પછી વખવાદ બને છે. તેમાંથી પછી ગાળાગાળી આવે છે. હજુ ય અંત ન આવે તો મારામારી.... કાપાકાપી. આ છે વાતનું વતસર.

જમાઇ અને સસરો હળ ખેડતા હતા ત્યારે રસ્તા પરથી પસાર થઇ રહેલા વટેમાર્ગુએ પૂછયું : "ભાઈ ! અહીંથી સ્ટેશન કેટલું દૂર ?" સસરાએ જવાબ આપ્યો : "ચાર ગાઉ થાય." જમાઇએ સસરાની વાતને કાપતા કહ્યું : "ના, ના ચાર ગાઉ ક્યાંથી થાય ? ત્રણ ગાઉ છે." પેલો વટેમાર્ગુ તો રસ્તે પડયો. પણ સસરા-જમાઇને ચકમક થઇ ગઇ. "આ માર્ગે હાલી હાલીને તો મારા ટાંટીયા ઘસાઇ ગયા. પૂરા ચાર ગાઉ ઘોડાના કાન જેવા. પા ગાઉયે ઓછો નહિ."

"તમે ઘરડા થયા એટલે તમને લાંબું લાગે. બાકી ત્રણ ગાઉથી એક તસુ પણ વધારે નથી."

ધૂળિયા રસ્તા કોણે માપેલા હોય ? આ બેઉ જણા તો બાખડી પડયા. સસરાજી ચાર ગાઉમાંથી એક તસુ ઓછું કરવા તૈયાર નહિ, જમાઇરાજ ત્રણ ગાઉ ઉપર એક તસુ વધારવા તૈયાર નહિ.

ભાત લઇને આવેલી દીકરીએ જોયું કે થાડી વધુ વાર આ ઝગડો ચાલશે તો કાં તો હું નબાપી બનીશ, કાં તો વિધવા. તેથી તે ડાહી દીકરીએ બાપને કહ્યું :"તમારા ચાર ગાઉમાંથી એક ગાઉ મને આપી દો, એટલે વાત પતી જાય."

ડાહી દીકરીએ ડહાપણ વાપરી વાત પતાવી. સ્ટેશન ત્રણ ગાઉ હોય કે ચાર ગાઉ, ચાલનારને ચાલવું છે. છતાં વાત વિવાદે ચડે છે ત્યારે અહં જરાય નમતું મૂકવા દેતો નથી અને તેથી ક્રોધને મદદે બોલાવવો પડે છે.

૨૦. વચનશક્તિનો દુરુપયોગ :

મુખની પેટીમાં બત્રીસ દાંતની ચોકીમાં રહેલી હાડકા વગરની મુલાયમ ત્રણ ઇંચની જીભ નિરંકુશ બનતા મોટા તોફાનો અને યુદ્ધો સર્જાય છે. દ્રોપદીની નિરંકુશ બનેલી જીભડીએ દુર્યોધનની મશ્કરીનાં બે વચનો કહ્યાં, તેમાંથી મહાભારત સર્જાયું. દુનિયાનાં આવાં કેટલાંય મહાભારતો, પાણીપતનાં યુદ્ધો કે પ્લાસીનાં યુદ્ધો જીભની ચળમાંથી પેદા થયાં છે.

આંખ, કાન, નાક આદિ બબ્બે છે અને તેમને કામ એક જ સોંપાયેલું છે. જીભ એક હોવા છતાં કામ બે સોંપાયાં છે. તે હકીકત જ જીભનો ઉપયોગ અલ્પ કરવાનું સૂચન કરે છે.

બાળક જન્મે છે ત્યારે જીભ હોય છે, દાંત નથી હોતા. તેનું કારણ એ છે કે, નવજાત શિશુને બોલતાં આવડતું નથી. અને દૂધ સિવાય કાંઇ ખાતું નથી. તેથી, જીભને કોઇ નિયંત્રણની જરૂર નથી. બાળક થોડું મોટું થતાં ખાતા પણ શીખે છે અને બોલતાં પણ. તેથી જીભને અંકુશમાં રાખવા દાંત આવવા માંડે છે. બાળક યુવાન થતા બન્ને શક્તિ તેના પ્રકર્ષને પ્રાપ્ત કરે છે. તેથી હવે નબળા ચોકીદારોથી કામ ચાલતું નથી. શૈશવના દુધિયા દાંત પડવા લાગે છે અને નવા મજબૂત દાંત આવે છે. ઘડપણમાં બોલવાનું ય ઘટે છે, ખોરાક પણ ઘટે છે. જીભડીનાં તોફાન શાંત થાય છે. એટલે એક પછી એક ચોકીદાર નિવૃત્ત થતા જાય છે.

એક જીભને બે કામ સોંપાયા છે અને બન્ને મહત્વનાં છે, બે રાષ્ટ્રો વચ્ચે યુદ્ધ થાય ત્યારે સૈન્ય શત્રુરાષ્ટ્રનાં અનાજ પુરવઠો અને આકાશવાણી કેન્દ્ર તે બેને પોતાના હુમલાનું મુખ્ય નિશાન બનાવે છે. કારણ કે, આ બે કોઇ પણ રાષ્ટ્રની મહત્વની શક્તિઓ છે. આ બન્ને મહત્વનાં કાર્ય જીભને સોંપાયાં છે.

જીભમાં એક પણ હાડકું નથી છતાં ભલભલાના હાડકાં ખોખરાં કરી નાંખે છે. માટે તેનાથી ખૂબ જ સંભાળવાનું છે. એક વાર દાંત અને જીભ વચ્ચે ઝગડો થયો. દાંતોએ ધમકી આપી : "અમો ૩૨ ભેગા થઇને તને કચડી નાંખશું" જીભે વળતો જવાબ આપ્યો : "ચૂપ મરો. હમણાં કોક પહેલવાન આગળ કાંઇક બકી મારીશ તો તમારા બત્રીસે બત્રીસના ફુરચા ઊડી જશે."

બોલતા દરેક વ્યક્તિ શીખે છે પણ જબાન વાપરતા કોકને જ આવડે છે. જીભને કર્કશ નહિ, મીઠી ભાષાનો ઠપકો પણ અસરકારક બને છે. કાગડાનો આશીર્વાદ પણ અપ્રિય લાગે છે, કોયલનો શાપ પણ પ્રિય ભાસે છે.

જીભ ઉપરથી માણસ પરખાય છે. દર્દીના દર્દનું નિદાન કરતા પહેલા ડોકટર દર્દીની જીભ જુએ છે. જીભ પર છારી બાઝેલી દેખાય તો સમજી જાય કે દર્દીનું પેટ બગડેલું છે. તેમ જીભ પર કડવાશ, નિંદા આદિ હોય તો સમજવું કે મન બગડેલું છે.

વચનશક્તિ જેવી આપણને મળી છે, તેવી પશુને નથી મળી. આ દુર્લભ વચનશક્તિનો દુરુપયોગ જીવનમાં અનેક અનર્થો સર્જે છે. એક એક શબ્દ તોલીને બોલવો જોઇએ. એવું બોલવું જોઇએ કે તેની નીચે સહી કરવાની હોય તો પણ વાંધો

ન આવે. કોર્ટમાં જુબાની આપતા હોય તે રીતે એક એક શબ્દ તોલીને બોલવાની ટેવ પાડવી જોઇએ. જે શબ્દ મુખમાંથી નીકળ્યો નથી તેના પર તમારો અધિકાર છે. મુખમાંથી શબ્દ નીકળ્યા પછી એ શબ્દ તમારા પર અધિકાર જમાવી દેશે.

ક્રોધવિજય માટે વચનશક્તિનું નિયંત્રણ ખૂબ જરૂરી છે. આટલું તો ગોખી જ રાખો :

- ❖ જરૂર પડે તો જ બોલવું.
- ❖ માપસર જ બોલવું.
- ❖ સત્ય જ બોલવું.
- ❖ હિતકર જ બોલવું.
- ❖ પ્રિય જ બોલવું.

૨૧. રોગ અને માંદગી :

વારંવારની માંદગીઓ માનવીની પ્રકૃતિને બગાડે છે. માંદગીમાં હૂંફ અને વાત્સલ્યની સતત અપેક્ષા રહે છે. તેની ટેવ પડતા માણસ નાજુક મનનો બની જાય છે તેથી નાનકડી પણ કાંકરી તેના મનમાં મોટા તરંગો પેદા કરે છે. સૌમ્યતાના કૂંડા જેવી વ્યક્તિ પણ બે-ચાર વાર ટાઇફોઇડ કે કમળા જેવી માંદગીનો ભોગ બની જાય છે તો દેવતાના કૂંડા જેવો બની જાય છે. ડિપ્રેશન, હાયપરસ્ટેશન, ફિટ આદિ રોગ મગજ પર સીધી અસર કરે છે અને માણસ ખૂબ જિદ્દી અને ચીડિયો બની જાય છે.

થોડા જ વખત પહેલા એક ભાઈ મળેલા. તેમનો સ્વભાવ અત્યંત સૌમ્ય અને પ્રેમાળ હતો. એક વાર એક ભયાનક કાર અકસ્માતનો તે ભોગ બન્યા. તે અકસ્માતમાં તેમની ખોપરીમાં ગંભીર ઇજા થઇ. તેમનો જાન બચવાની કોઇ જ સંભાવના નહોતી. ડોકટરે મરણિયો જંગ ખેલ્યો અને પરમેશ્વરની કૃપાથી તે મોતના મુખમાંથી બચી ગયા. ત્રણ મહિના સુધી પથારીવશ રહ્યા બાદ સંપૂર્ણ સાજા બન્યા. કોઇ જ ખોડ-ખાંપણ રહી નહિ. આ અકસ્માતની એક જ ઊણપ તેમના જીવનને સદા માટે વળગી ગઇ. તે અતિશય ક્રોધ. જરા વારમાં તે ભાઇની કમાન છટકી જાય છે અને ક્ષણવારમાં તો અત્યંત લાલપીળા બની જાય છે. તેમનો આ ક્રોધ દુર્વાસાની યાદ અપાવે તેવો હોય છે. મોતના મુખમાંથી બચ્યાની વાસ્તવિકતા નજર સામે હોય તેને આ ક્રોધ બહુ અક્ષમ્ય ન લાગે પણ અજાણ્યો માણસ તો તેમના નામ પર ચોકડી જ મૂકી દે.

કેટલીક એલોપથી દવાઓ વધુ પ્રમાણમાં કે લાંબા ગાળા સુધી લેવી પડે તો તે માનવીની પ્રકૃતિ પર ખોટી અસર ઊભી કરે છે. અનેક ઔષધિઓ કામ, ક્રોધ આદિ દુષ્ટ વૃત્તિઓનું ઉદ્દીપન કરનારી હોય છે.

૨૨. અતિશય મૈથુનસેવન :

કામવાસનાથી પીડિત વ્યક્તિ ક્રોધી બને છે તે આગળ જોયું. ચિત્તમાં ઉત્પન્ન થયેલી ઇચ્છા તૃપ્ત ન થાય તો ચિત્તભ્રમ (ઉન્માદ) ઉત્પન્ન થાય છે અને તે ચીડ ઉત્પન્ન કરે છે. અતિશય મૈથુનસેવનથી માનવીનું સત્ત્વ હણાય છે અને સ્વાભાવ ઉશ્કેરાટવાળો બને છે. અતિશય કામી હોય તે અત્યંત ક્રોધી પણ હોવાનો.

૨૩. અન્યના ક્રોધનો ચેપ :

ક્રોધ એ ચેપી રોગ છે. ઘરમાં એક વ્યક્તિ ક્રોધી હોવાથી દરેક વ્યક્તિને વારંવાર તેના ક્રોધનો ભોગ બનવું પડે, વગર વાંકે પણ દંડાવું પડે. આવા પ્રસંગો વારંવાર બનવાથી ઘરની દરેક વ્યક્તિનું ઉત્કલનબિંદુ નીચે આવે છે. સહુ ચીડવાળા બને છે. દુર્વાસાઓનું ટોળું ઊમટે છે. એક માણસના ક્રોધની અસર ૧૬ માણસને થઇ શકે છે.

પિતાનો ક્રોધ પુત્ર માં ઊતરે. ક્રોધી માતાની દીકરી પણ ક્રોધી હોય. આ બધું ઠેર ઠેર જોવા મળે છે. ક્રોધ એ આનુવંશિક રોગ છે. દ્રુપદ રાજા અત્યંત ક્રોધી હતા. તેમનો ક્રોધ તેમની પુત્રી દ્રોપદીનાં લોહીમાં ઉતર્યો હતો. ઇરાનનો સમ્રાય આઇરસ અત્યંત ક્રોધી હતો. તેના પુત્ર કૈમ્બાઇસસને પણ આ ક્રોધનો ચેપ લાગ્યો હતો. એક વાર અત્યંત ક્રોધાવેશમાં આવીને તેણે સિરીયાની સમસ્ત પ્રજાનો નાસિકાછેદ કરાવી નાંખ્યો હતો. ત્યારે તે દેશ 'નાકકટ્ટીયાઓના દેશ' તરીકે પ્રસિદ્ધિ પામ્યો હતો.

બાલમનોવૈજ્ઞાનિક ગાલ્ટનનું તારણ છે કે માતા-પિતાના ૫૦ ટકા, દાદા-દાદીના ૨૫ ટકા અને વડાદાદા-વડાદાદીના ૧૨ ટકા સંસ્કારો બાળકોમાં ઉતરે છે.

૨૪. વાત્સલ્યનો અભાવ :

સહુ કોઇના જીવન ઘડતર માટે વાત્સલ્યની અનિવાર્ય આવશ્યક્તા છે. બાળકને મા-બાપ તરફથી, વહુને સાસુ તરફથી, વિદ્યાર્થીને શિક્ષક તરફથી કે શિષ્યને ગુરુ તરફથી વાત્સલ્ય અને હૂંફની અપેક્ષા રહે છે. જેમ કેટલાક જીવનદ્રવ્યોની ઊણપ શરીરમાં રોગ ઉત્પન્ન કરે છે તેમ વાત્સલ્ય અને હુંફની ઊણપ પણ જીવનમાં કામ, ક્રોધ આદિ રોગોનો પેદા કરે છે.

૨૫. સંસ્કારસિંચનની ઊણપ :

બાળકોમાં યોગ્ય સંસ્કારનું સિંચન કરવું તે માતા-પિતાનું કર્તવ્ય છે. આ કર્તવ્યની ઉપેક્ષા કે અનાવડત જીવનને બગાડે છે. સંસ્કાર ઘડતરની ખામીઓ તેના જીવનને રહેંસે છે. વધુ પડતાં લાડકોડ, પડયો બોલ ઝીલવાની પાડેલી આદત તથા અન્ય કુટેવો પાડી દેતાં મા-બાપ બાળકોનાં ગંભીર અપરાધી છે. માતા-પિતાની સંસ્કારસિંચન પ્રત્યેની બેદરકારીને કારણે પણ બાળકોના સ્વભાવમાં તુમાખી આવે છે.

૨૬. તામસી ભોજન :

'અન્ન તેવું મન' કે 'આહાર તેવો ઓડકાર' જેવી કહેવતો અન્નની માનવીના વ્યક્તિત્વ પર થતી અસરનો પરિચય આપે છે. કાંદા, લસણ, રીંગણાં જેવા પદાર્થો તામસી કહેવાય છે અને માનવીની પ્રકૃતિને જંગલી બનાવે છે. દારૂ, માંસ, માછલી જેવા પદાર્થો પણ માનવીમાં રાક્ષસી વૃત્તિને ઉત્તેજિત કરે છે, માનવીને શયતાન, ક્રૂર અને ઘાતકી બનાવે છે.

સાત્ત્વિક આહાર પણ પ્રમાણાતીત લેવામાં આવે તો પણ પ્રકૃતિને અસોમ્ય બનાવે છે. ક્ષમાની સાધના એ જીવન સુધારણાની એક સારવાર-પ્રક્રિયા છે. તેથી ઔષધિઓનાં સેવનની સાથે પથ્યનું પાલન પણ હોવું જોએ. અતિશય તેલ, મરચાં, મસાલા, તેજાના આદિ પણ સ્વભાવને તીખો બનાવે છે.

ક્રોધને પેદાં કરતાં કારણોનો આ પ્રકરણમાં પરિચય કરાવ્યો. ક્યારેક આશ્રિતોના ઘડતર માટે તેમની સુધારણાના હેતુથી બનાવટી ક્રોધ પણ કરવામાં આવે છે. આંખ લાલ હોય પણ હૈયામાં વાત્સલ્ય હોય. આવી જરૂરી કડકાઇને ભીમ ગુણ તરીકે ઓળખવામાં આવે છે. પણ, આ અંગે ઠગાઇ ન જવાય તેની ખૂબ જાગૃતિ રાખવી પડે છે. ભીમગુણનાં સોહામણાં નામ નીચે દુર્વાસાનું તાંડવ નૃત્ય તો ખેલાઇ નથી રહ્યું ને ? તે દરેક વ્યક્તિએ આત્મસાક્ષીએ વિચારી લેવું જોઇએ.

આ બધા ક્રોધના આવિર્ભાવક હેતુઓ છે. તે સિવાય પણ સ્વમાનભંગ અભિભવ, અપમાન, શિખામણ, ઠપકો, અન્યની બેદરકારી આદિ અનેક વસ્તુઓ ક્રોધને ઉત્પન્ન કરી શકે છે. ખાંસી કે દમ જેવા રોગના દર્દીઓને કોઇને કોઇ ચીજની એલર્જી હોય છે તે જાણીને દરદીએ પોતે તે ચીજથી દૂર રહેવું જોઇએ. તેમ, અહીં તો ક્રોધનાં જૂજ કારણો જ આપ્યાં છે. આવાં તો હજારો કારણો હોઇ શકે. દરેકે પોતાને શાની એલર્જી છે તે જાણી લેવું જોઇએ અને તેનાથી દૂર રહેવું જોઇએ.

થોભો, નહિંતર દંડાશો

ચાર રસ્તા વચ્ચે ઊભો રહેલો ટ્રાફિક પોલીસ હાથ લાંબો કરે છે અને વાહનોની આખી લંગાર અટકે છે. ટ્રકો ઊભી રહી જાય છે; કાર અને સ્કૂટર પણ બધાં જ અટકી જાય છે. ટેમ્પો પણ રોકાઇ જાય છે. કોક ઉતાવળમાં છે. ટ્રાફિક પોલીસના હાથની અવગણના કરીને પોતાનું સ્કૂટર દોડાવે છે. પોલીસ સીટી વગાડે છે, નંબર નોંધી લે છે. કોર્ટનું ફરમાન આવે છે, કોર્ટમાં હાજર થવું પડે છે, દંડ થાય છે. ટ્રાફિક પોલીસે હાથ લાંબો કરીને બે મિનિટ થોભી જવા તાકીદ કરી જ હતી પણ તેની અવગણના કરી તેનો દંડ થયો. કદાચ અકસ્માત થયો હોત તો તેથી પણ વધુ નુકશાન થઇ જાત.

જીવનના ચોકમાં જ્ઞાનીઓનાં વચનો અને જિનેશ્વરની આજ્ઞાઓ ટ્રાફિક પોલીસના હાથની જેમ આપણને ખોટા માર્ગે જતા અટકાવે છે. ક્રોધાદિ દુષ્ટ લાગણીઓમાં નહિ ફસાવા ચેતવે છે પણ આપણે આંખો બંધ કરીને દોડ્યે જ જઇએ છીએ. પોલીસ નંબર નોંધે છે, દંડ થાય છે. ક્યારેક અકસ્માત થાય છે અને ખુવાર થઇએ છીએ. દંડનો ભય પણ સાવધાન બનાવી શકે છે અને શાન ઠેકાણે લાવી શકે છે. દંડના ભયથી પણ ચેતી જવાય તો ઘણાં નુકશાનથી બચી જવાય છે. જ્ઞાનીઓ કહે છે :

"બંધ સમય ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ." ——

ક્રોધના વમળમાં ફસાતા જીવડો બચી જાય તે માટે તેના નુકશાનોની વિચારણા કરવી છે. ફળ કડવાં અને ઝેરી છે તેવું બોર્ડ ટીંગાયેલું હોય તો તેવા વૃક્ષ પર ચડવાની કોઇ મહેનત ન કરે. ક્રોધપિશાચ જીવને કેવી રીતે કનડે છે તેનું બયાન આ પાનાંઓમાં કરવું છે. માનવીની ભયભીતતાનો ઉપયોગ કરી લેવો છે. નુકશાન દેખીને પાછા ફરવું છે. અનર્થો જાણીને અટકી જવું છે. તો ચાલો જાણી લઇએ ક્રોધના કડવા વિપાકોને.

૧. પરમાત્માની કૃપાની વિમુખતા :

જગતના સર્વ જીવો પર પરમાત્માની કૃપાનો ધોધ વહે છે. એક જીવ સાથેનો આપણો પ્રેમ તૂટે તો પરમાત્માના અનુગ્રહથી આપણે વંચિત બનીએ છીએ. એક પણ જીવ પ્રત્યે અરુચિ, દ્વેષ કે વૈરના ભાવથી જીવ-જીવ સાથેના ચૈતન્યના પ્રેમની અખંડધારા ખંડિત થાય છે અને તેથી સમગ્ર વિશ્વને સાંકળનાર કૃપાનો તંતુ આપણે તોડીએ છીએ. વિશ્વના સર્વ જીવો પ્રભુને ખૂબ વહાલા છે. પ્રભુને જે વહાલા છે તે આપણને દવલા લાગે તો પ્રભુ આપણાથી રાજી કેવી રીતે રહે ?

વાત્સલ્યનિધિ પૂ.પં. શ્રી વજ્રસેનવિજય મહારાજ સાહેબે એકવાર હિતશિક્ષા આપતા કહ્યું : પ્રભુ મહાવીરદેવને અભિગ્રહ હતો કે જ્યાં અપ્રીતિ હોય ત્યાં ન રહેવું. આપણાં દિલમાં કોઇ પણ જીવ પ્રત્યે અપ્રીતિ હોય તો ભગવાન ક્યાંથી પધારે ? જ્યાં અપ્રીતિ ની હાજરી, ત્યાં પ્રભુની ગેરહાજરી.

ક્રોધ એ એક જીવ પ્રત્યેનો અણગમો નહિ, પરમેશ્વર પ્રત્યેનો અણગમો છે; એક જીવનો અપરાધ નહિં, પરમેશ્વરનો અપરાધ છે. આ વાત સમજાશે તો ક્રોધની સ્પ્રિંગ ઉછળવાની તૈયારી હશે ત્યારે પરમાત્મતત્ત્વ પ્રત્યે ઓતપ્રોત થયેલા જીવનકોષો અંદર એક આંદોલન જગાવશે, ક્રોધને ઠારશે.

૨. પરમપદનું દૂરત્વ :

જન્મ, જરા અને મૃત્યુના અનાદિકાલીન ચકરાવાનો અંત એ મુક્તિ છે. સકલ કર્મો ક્ષય પામે છે, સકલ ઇચ્છાઓ વિલય પામે છે અને સર્વ કષાયો નાશ પામે છે ત્યારે આત્માનું જે શુદ્ધ સ્વરૂપ પ્રાદુર્ભાર્વ પામે છે, તેનું નામ મોક્ષ છે. ત્યાં આત્માની સ્વબાવદશા છતી થાય છે.

ક્ષમા એ આત્માનો સ્વભાવ છે અને ક્રોધ વિભાવ છે. ક્રોધ થયો ત્યારે માત્ર એક અશુભ કાર્ય કર્યું કે પાપ કર્યું તેટલું જ ન માનો પણ આત્માના વૈભાવિક સંસ્કારને મજબૂત કર્યો, આત્માના એક વિભાવને મજબૂત કર્યો. તેથી આત્માના ક્ષમાના સ્વભાવને એટલો વધારે ઊંડો દાટયો. તેથી તેને ખોદીને બહાર કાઢતા એટલી વધારે વાર લાગશે.

જ્યારે જ્યારે ક્રોધાદિ દુષ્ટ વૃત્તિઓને વશ બનીએ છીએ ત્યારે પરમપદથી આપમે વધુ છેટા જઇએ છીએ. આ કોઇ પણ આત્માર્થી અને મુક્તિસુખના પિપાસુ માટે તો બહુ મોટું નુકશાન છે.

૩. પરલોક બગડે છે.

જીવાત્મા આ સંસારમાં અનાદિ કાળથી પર્યટન કરી રહ્યો છે. નરક, તિર્યંચ (પશુ), મનુષ્ય અને દેવ એ ચાર ગતિઓ જીવના પરિભ્રમણનું વિશાળ ક્ષેત્ર છે. તે તે ગતિની ટિકીટ પોતપોતાનાં કર્મોના આધારે મળે છે. અશુભ અધ્યવસાયો જીવને દુર્ગતિમાં ખેંચી જાય છે. શુભ અધ્યવસાયો સદગતિમાં પહોંચાડે છે. ક્રોધ એ દુષ્ટ અધ્યવસાય છે તેનો ઇન્કાર કોણ કરે ? ક્રોધની પરવશતા જીવને દુર્ગતિના દ્વારો દેખાડે છે. તેને નરકનો અતિથિ પણ બનાવી શકે છે.

એક યોદ્ધાએ જાપાનના મહાન સંત હાઇકૂન પાસે જઇને પોતાની શંકા વ્યક્ત કરી : "મહારાજ ! સ્વર્ગ અને નરક છે ?"

ૠષિએ પૂછયું : "તારો વ્યવસાય શું છે ?"

"હું શસ્ત્રજીવી છું."

"અરે, તું શસ્ત્રજીવી ? તારું મુખ તો ભિખારી જેવું છે. મુખ ઉપરથી માખી ઉડાડવાની તો તાકાત નથી. તને સૈન્યમાં કોણે પ્રવેશ આપ્યો ?"

આ શબ્દો સાંભળતાં જ પેલો યોદ્ધો લાલપીળો થઇ ગયો. તે કાંઇ બોલી શક્યો નહિ. તેનો હાથ તલવારની મૂઠ પર ગયો.

આ જોઇને પેલા ઋષિ તો ખડખડાટ હસ્યા. "અરે, તલવાર પર હાથ મૂકે છે પણ એ તો બુઠ્ઠી છે. જેવો તું તેવી તારી તલવાર."

પેલો યોદ્ધો તો સમસમી ઊઠયો. તેનાથી ન રહેવાયું તેણે એકદમ મ્યાનમાંથી તલવાર બહાર કાઢી. તુરત પેલા ઋષિએ તેના પ્રશ્નનો જવાબ આપ્યો.

"જો, આ નરકનો દરવાજો ઉઘડયો."

મુનિનો આત્મસંયમ જોઇને તે અત્યંત પ્રભાવિત થયો, તેનું મુખ સૌમ્ય બન્યું. તેનો ક્રોધ શાંત પડયો. તેણે તલવાર મ્યાન કરી. ઋષિ બોલ્યા :

"હવે સ્વર્ગનો દરવાજો ઉઘડયો." પેલાને કાંઇ સમજાયું નહિ. ઋષિએ સ્પષ્ટતા કરી,

"ક્રોધ એ નરકનો દરવાજો છે.

ક્ષમા એ સ્વર્ગનો દરવાજો છે."

૪. વૈરની પરંપરા

ક્રોધ તો બહુ ટૂંકા ગાળાનો મહેમાન છે. પણ, ગુસ્સો અધિક હોય તો તેની અસર લાંબો સમય સુધી રહે છે. ક્રોધ ઘણો સમય ટકવાથી તે વૈરમાં રૂપાંતર પામે છે. સંઘર્ષના પ્રસંગો વધવાથી વૈરનું બીજ સિંચાય છે અને પાંગરે છે. ક્ષમાના શસ્ત્રથી તેનો છેદ કરવામાં ન આવે તો તે ક્રમશ : પત્રિત, પુષ્પિત અને ફલિત બને છે.

વૈરની પરંપરા બે રીતે ચાલે છે. (૧) ભવાંતરમાં અને (૨) કુલ પરંપરામાં.

૧. ભવાંતરમાં વૈરપરંપરા : વૈરભાવ એક દુષ્ટવૃત્તિ છે અને આત્મામાં તેના સંસ્કાર પડે છે. આ સંસ્કાર એક બીજ છે અને ક્રમશઃ તે વિકાસ પામે છે. વૈરના અનુબંધ એ એક ચુંબકીય બળ છે જે ભવાંતરમાં પણ બન્ને જીવનો મેળાપ કરી આપે છે. ચૌદ રાજલોકના વિશાળ વિશ્વમાં શત્રુજીવ ગમે તે ખૂણામાં ઉત્પન્ન થયો હોય, વૈરના અનુબંધ બીજા જીવને પણ ત્યાં પહોંચાડે છે, બન્નેને ભેગા કરે છે અને ઝઘડાવે છે. એકને કાળોતરો નાગ બનાવે અને બીજાને નોળિયો. એકને જંગલનો હાથી બનાવે અને બીજાને એ જ જંગલનાં સરોવરમાં મગર. હાથી સરોવરમાં પાણી પીવા જાય, મગર તેને જુએ, વૈર જાગૃત થાય અને બન્ને લડી મરે. એકને કબૂતર

બનાવે, બીજાને બિલાડી. અગાસીમાં દાણાં ચણતાં કબૂતરને જોતાં જ પેલી બિલાડીને આક્રોશ આવે, તેના પર તૂટી પડે અને ક્ષણવારમાં પીંખી નાંખે. એકને જંગલનું હરણિયું બનાવે અને બીજાને સિંહ. હરણિયાને જોતાં પેલો સિંહ તરાપ મારે અને ફોલી ખાય. શત્રુ મરીને આંતકવાદી બને અને તમે રસ્તા પર ચાલતા હો અને તમારી બાંય પકડીને સામે ઊભો રહે. તેની આંખમાં ખુન્નસ વહેતું હોય અને AK-56 ની રાયફલમાંથી ધડાધડ ગોળીઓ છોડીને ક્ષણમાં તમને હતા - નહતા કરી નાંખે. આત્મામાં રોપેલા વૈરના સંસ્કારો આ સંયોગો ઘડી આપે છે.

પરમાત્મા પાર્શ્વનાથનો જીવ પ્રથમ ભવમાં મરૂભૂતિ નામનો એક ધર્મપ્રેમી સજ્જન હતો. તેનો કમઠ નામનો ભાઇ મહાદુષ્ટ હતો, કમઠનાં હૃદયમાં ઊભો થયેલા શત્રુભાવ દશ-દશ ભવ સુધી કેવા તોફાન મચાવે છે! પ્રત્યેક ભવની અંદર મરૂભૂતિના જીવના શત્રુ તરીકે કમઠનો જીવ કોઇને કોઇ સ્વરૂપે ખડો થઇ જાય છે. તેને જોતાં તે વીફરે છે અને ત્રાટકે છે. પાર્શ્વનાથ પ્રભુના ચરમ ભવમાં તો બબ્બે સ્વરૂપે તેમની સામે ઉપસ્થિત થાય છે. પહેલાં કમઠ યોગીના રૂપમાં અને પછી મેઘમાળી દેવ રૂપે. આશ્રમપદ ઉદ્યાનમાં આત્મસાધનામાં લીન બનેલા પાર્શ્વનાથજીને પરેશાન કરવા તે દૈવી ઉપસર્ગોની મોટી ફોજ લઇને ઊતરી પડે છે.

પારમાર્થિક વાત્સલ્યથી વિશ્વના સર્વ જીવોને આલિંગન આપવા નીકળેલા આ પરમપુરુષની અવહેલના કરવાની દુષ્ટ ભાવના આ દેવાત્માના માનસમાં કેમ પ્રગટી ? અસંખ્ય દેવતાઓમાં એક મેઘમાળીના માનસનો જ આ દુષ્ટ વિચારોએ કેમ ભરડો લીધો ? પોતાના દેવતાઇ સુખોને છોડીને પૃથ્વીતલ પર વિચરતા પરમાત્માને રંજાડવા હજારો યોજન દૂર રહેલો આ દેવાત્મા કેમ દોડી આવ્યો ? મેઘમાળીના ચિત્તમાં વૈરનો ઉન્માદ જગાડીને તેને દુષ્ટતાની પરાકાષ્ટાએ કોણે પહોંચાડયા ?

વિશ્વમાં બનતા અનેક બનાવોના કાર્યકારણભાવ અદશ્ય અને અવ્યક્ત હોય છે. દશ દશ ભવથી આત્મા પર જામ થયેલા વૈરના તીવ્ર સંસ્કારોએ તેના ચિત્તનું વશીકરણ કર્યું. એ વૈરના અનુબંધો ભવનપતિ મેઘકુમાર નિકાયના દેવાવાસોમાંથી મેઘમાળીને આશ્રમપદ ઉદ્યાનમાં ખેંચી લાવ્યા. વૈરનું વૃક્ષ છેદી નાંખવામાં ન આવે તો કેવું વિરાટ સ્વરૂપ ધારણ કરે છે તેનો સ્પષ્ટ ચિતાર દશ ભવના વૃત્તાંતમાં દેખાય છે. પ્રત્યેક ભવમાં વૈરથી પીડાતો કમઠનો જીવ આગ વરસાવતો રહ્યો અને પરમાત્માનો પુનિત આત્મા વાત્સલ્ય અને કરુણાના વિરાટ કૌવતપૂર્વક અપૂર્વ સમાધિને સાધતો રહ્યો.

જેમ કમઠ અને મરૂભૂતિની વૈરપરંપરા દશ-દશ ભવ સુધી ચાલી તેમ ગુણસેન અને અગ્નિશર્માની નવ-નવ ભવ સુધી ચાલી.

આચાર્ય નયશીલસૂરિને પોતાના પ્રતિભાસંપન્ન શિષ્યનો ઉત્કર્ષ દેખીને અસૂયાભાવ ઉત્પન્ન થયો. તે અસૂયા દ્વેષમાં પરિણમી. તે દ્વેષને આત્મામાંથી બહાર ન કાઢયો તો બીજા ભવમાં કાળોતરા નાગ બન્યા અને પોતાના જ એ પ્રભાવક શિષ્યને ડંખવા ખૂબ તોફાને ચડયા.

એક નાનકડા નિમિત્તમાંથી ઉત્પન્ન થયેલો ક્રોધ વૈરનું સ્વરૂપ પકડીને આવી ભયંકર હાલાકી સર્જી શકે છે.

૨. વશજોમાં વૈરપરંપરા : બે વ્યક્તિ વચ્ચે બંધાયેલા વૈર કુલપરંપરામાં પણ પેઢીઓની પેઢીઓ સુધી ચાલ્યા કરે છે અને બન્ને પક્ષ વૈરમાં ફના થઇ જાય છે.

પરશુરામ જમદગ્નિ નામના ઋષિનો પુત્ર હતો. વિદ્યાધર પાસેથી તેને પરશુવિદ્યા પ્રાપ્ત થઇ હતી. તેની માતાએ પોતાના બનેવી અનંતવીર્ય સાથે દુર્વ્યવહાર કર્યો અને તેનાથી માતાએ પુત્રનો જન્મ આપ્યો. આ બનાવથી કોપિત બનેલા પરશુરામે નવજાત બાળક સહિત માતાને મારી નાંખી. આ વાતની જાણ થતા અનંતવીર્યે જમદગ્નિનો આશ્રમ ખેદાનમેદાન કરી નાંખ્યો. પરશુરામ હવે વીફર્યો. તેણે પોતાના પરશુ નામના શસ્ત્રથી અનંતવીર્યનુ મસ્તક છેદી નાખ્યું. અનંતવીર્યના પુત્ર કાર્તવીર્યે પરશુરામના પિતા જગદગ્નિની હત્યા કરી. હવે પરશુરામે કાર્તવીર્યને ખલાસ કર્યો અને પોતે રાજ્યના સિંહાસન પર આરૂઢ થયો. તેનો ક્રોધ હજુ ન શમ્યો અને સમગ્ર પૃથ્વીને ક્ષત્રિયવિહોણી બનાવવાના તેણે શપથ લીધા.

ક્રોધનો આવેશ શાંત ન પડે તો કેવી સંહારલીલા સર્જી દે છે ? વર્તમાનમાં પણ કુલપરંપરાથી વૈર ચાલ્યાં આવતાં હોય તેવા ઘણા કિસ્સાઓ ગામડાંઓમાં જોવા મળે છે.

વૈરભાવના એ કાતિલ ઝેર છે. કોઇક મોટો અપરાધ કરી દીધો પણ તેને મનમાં સંઘરીને વૈરની પરંપરા ચલાવવામાં ફાયદો શું ? ઇમાનદારી, પ્રતિષ્ઠા, દાનવીરતા, ખાનદાની આ બધા ગુણોનો વારસો આગળ વધારવા લાયક છે. વૈરભાવ એ કાંઇ બાપદાદાના વારસાની ચીજ નથી. બન્ને કુળનું ધનોતપનોત નીકળવા સિવાય જેનો બીજો કોઇ અંજામ નથી તેવી વૈરપરંપરાને ક્ષમાના આદાન-પ્રદાન દ્વારા સમાપ્ત કરી દેવામાં જ ડહાપણ છે.

અમદાવાદ જિલ્લાના બાજુ-બાજુમાં આવેલાં બે ગામડાં વચ્ચે એક નાનકડી બાબતમાં સંઘર્ષ થયો. એક ગામ પટેલનું હતું. બીજું ઠાકરડાનું. કેટલીક વ્યક્તિઓ વચ્ચેનો ઝઘડો બે કોમ અને બે ગામ વચ્ચેના ઝઘડામાં રૂપાંતર પામ્યો. એકવાર

લાગ જોઇને એક ગામના પાંચ પટેલોએ ભેગા થઇને બીજા ગામના એક ઠાકરડા પર હુમલો કર્યો અને તેને ધારિયાથી કાપી નાંખ્યો. હવે ઠાકોરની કોમ ઝાલી રહે ? ખૂબ ખુન્નસ ભરાયું. મરનારની પત્ની અને ભાઇ દેવું કરીને પણ કોર્ટે ચડયા. પાંચ આરોપીને જન્મટીપની સજા થઇ અને તેમાંથી એક તો સજાની વાત સાંભળતાં જ આઘાત પામીને મૃત્યુ પામ્યો. બાકીના ચારને સાબરમતીની સેન્ટ્રલ જેલમાં પૂરવામાં આવ્યા.

પેલું ઠાકોરનું કુટુંબ તો પૈસેટકે સાવ પાયમાલ થઇ ગયું. બન્ને કોમ વચ્ચે વૈરના જાલિમ ઝેર રેડાયાં. બન્ને કોમ એકબીજાને ખતમ કરી નાંખવા તત્પર બની.

સદ્‌વિચાર પરિવારના સભ્યોએ આ બન્ને પક્ષનું વૈરનું ઝેર ઓકાવવા તનતોડ પ્રયત્નો કર્યા અને આખરે સફળ થયા. બન્ને પક્ષને સમજાવ્યું : "આ વૈરના વમળમાં તમારી બન્ને કોમ ભરખાઇ જશે. સમાજમાં તમે સહુ કલંકિત થઇ જશો. પાયમાલ થઇ જશો અને રિબાઇ રિબાઈને મરશો. ત્યારે પરલોકમાંય શાંતિ નહિ મળે. કારણ કે આ વૈરનાં તોફાનો ભયંકર દુર્ગતિમાં લઇ જશે અને, મનમાં ગમે તેટલું ઝેર રાખો તોય મરનાર તો જીવતો નથી થવાનો. ઊલટું વૈરની પરંપરા આગળ ચાલશે તો બીજા કેટલાયની લાશો ઢળશે અને બીજી કેટલીય સ્ત્રીઓનાં સૌભાગ્ય નંદવાશે."

આ સમજાવટનો સુખદ અંત આવ્યો. મરનારની વિધવા પત્ની ઉદાર હૈયે પોતાની પતિના ચાર ખૂનીને માફી આપવા તૈયાર થઇ. અને, રક્ષાબંધનના દિવસે સાબરમતીની જેલમાં જઇને પોતાના પતિને ખંજર અને ધારિયાથી હુલાવી દેનાર ચારેય ખૂનીઓના હાથે રાખડી બાંધીને અને મોંમાં ગોળની કાંકરી ખવરાવીને વૈરનાં વિસર્જન કર્યા. પોતાની ચૂડીઓ ભાંગી નાખનારને ભાઇ માની હાથ પર રાખડી બાંધવા કેવું અંતરંગ પરાક્રમ જોઇએ અને ક્ષમાભાવનો કેવો પ્રકર્ષ જોઇએ ! અને પેલા આજથી તેના ભાઇ બનેલા ખૂનીઓએ ખૂબ આગ્રહ કરીને તે બાઇને રૂા. ૫૦૦૧/- નું કવર આપ્યું. તેણે તેમાં પોતાની થોડી રકમ ઉમેરીને લોકસેવાનાં કાર્યો કરતી સંસ્થાને ભેટ આપ્યું. જેલના કેદીઓ અને વિધવા ઠકરાણીનાં કાળજાં જો પીગળી શકતાં હોય તો ક્ષમાપના શું અશક્ય છે ?

કોઇએ કાવાદાવા કરીને તમારી સંપત્તિ કે જાગીર પડાવી લીધી હશે, કોઇએ તમારી પત્ની કે પુત્રીના શીલ ખંડિત કરીને જીવતર ઝેર કર્યા હશે, કોઇએ તમારા પિતાના જાન લીધા હશે, કોઇ જમાઇએ તમારી દીકરીને સળગાવી મારી હશે, કોઇએ તમારા એકના એક દીકરાને ખંજરે હુલાવી દીધો હશે. સંસાર છે, આ બધું બન્યા કરે. તે કાળા કરતૂત કરનાર પણ આખરે માનવી છે. તેને ય કૂણું કાળજું છે. તેના હૃદયના કોક ખૂણામાં પણ માનવતા જીવતી છે. તમે એ માનવતાને પ્રગટ થવાની તક આપો.

પસ્તાવાનાં ઝરણાંથી તેના મલિન જીવતરને ધોવાનો તમે મોકો આપો. તમે તેની સાથે અબોલા કરો કે તેને દાઢમાં લો, પેલા મૂએલા તો કોઇ પાછાં આવવાના નથી. થયેલાં નુકશાન થઇ ગયાં. હવે તેને હૃદયના ઊંડાણથી તમે માફી આપી દો, તે તેને મોટામાં મોટી સજા છે. નહિ તો વૈરની આગમાં તમે ય ભરખાઇ જશો અને એય ભરખાઇ જશે. તે પરંપરાનો અંત કરુણ અને દારુણ જ હશે.

૫. મનની અસ્વસ્થતા અને જીવનમાં અશાંતિ :

ક્રોધ એ મોટો પિશાચ છે અને જીવનની શાંતિને એ ભરખી જનાર છે. ક્રોધી વ્યક્તિને ચેન નથી, ઉકળાટ છે. કોઇની પર ખૂબ ગુસ્સો કર્યો હોય તે દિવસની તેની રાત ભયંકર હોય છે. નિદ્રા તેની વેરણ બને છે. મન અસ્વસ્થતાના ભારથી લદાય છે. હૈયું બેચેન રહે છે. અપાર સંપતિ અને વૈભવ વચ્ચે કે સર્વ પ્રકારની સુંદર અનુકૂળતાઓ વચ્ચે પણ ક્રોધી માણસ માનસિક રીતે ખૂબ દુઃખી હોય છે. ક્રોધના ભડકા મનની સ્વસ્થતા અને જીવનની શાંતિને જલાવી દે છે. જીવનને Peace Factory બનાવવી હોય તો માથાને Ice Factory અને જીભને Sugar Factory બનાવી દો.

૬. શરીરમાં રોગો :

ક્રોધના આવેગ શરીરનાં તંત્રો ઉપર ઘાતક અસરો ઊભી કરે છે. સંવાદિતાપૂર્વક ચાલતા શરીરનાં શક્તિતંત્રો ખોરવાય છે. અનેક પ્રકારની વિષમતાઓ દેહમાં ઊભી થાય છે. કેટલાક રોગની લંગાર શરીરમાં પ્રવેશ કરીને પડાવ નાખે છે.

કોઇ પણ લાગણીની અભિવ્યક્તિ થાય ત્યારે શરીરના સ્નાયુઓને શ્રમ પડે છે. સ્મિત કરતી વખતે માત્ર ૧૭ સ્નાયુઓ જ કાર્ય કરે છે અને ક્રોધના આવેશ વખતે ૪૩ જેટલા સ્નાયુઓને શ્રમ પડે છે.

માનવશરીરમાં રહેલા હૃદયનું વજન ૨૦૦ થી ૩૦૦ ગ્રામ જેટલું હોય છે. ત ૭ થી ૮ કિલો લોહીને માત્ર બે જ મિનિટમાં આખા શરીરમાં ફેરવીને ફરી શુદ્ધ કરે છે. શરીરનો આ નાનો અને નાજુક અવયવ ૨૪ કલાકમાં એટલો બધો શ્રમ લે છે કે જેના વડે ૧૦૦૦ કિલો વજનનો પત્થર લગભગ ૧૨૫ ફૂટ ઊંચે ચડાવી શકાય. આ હૃદય જો પોતાની સમગ્ર તાકાત પોતાની જાતને ઊંચે ચડાવવામાં લગાવે તો એક કલાકમાં ૨૦,૦૦૦ ફૂટ ઊંચે પહોંચી શકે. માણસ જ્યારે ક્રોધના આવેગમાં આવે છે ત્યારે હૃદયનો શ્રમ ખૂબ વધી જાય છે. માટે તેના ધબકારા વૃદ્ધિ પામે છે. તેથી ક્રોધાવેગની હૃદય ઉપર અવળી અસર થાય છે.

ક્રોધાવેશથી હૃદયને નુકશાન થાય છે તેમ લોહી ગરમ થાય છે અને સાતે

ધાતુ તપી જાય છે અને વિષમ બને છે. શરીરમાં કંપન પેદા થાય છે. આ બધી વિષમતાને કારણે શરીરમાં ઝેર પેદા થાય છે. ક્રોધાવેશમાં આવેલા માણસના થૂંક, પરસેવા આદિના ઇન્જેકશન સુવરને આપવાથી સુવર મૃત્યુ પામ્યાના દાખલા બનેલા છે.

એક કિસ્સો પણ સાંભળવામાં આવ્યો હતો. કોઇ ગામમાં બે પડોશણો વચ્ચે ખૂબ ઝઘડો થયો. ગાળાગાળીથી પણ આગળ વધીને ચોટલા અને કપડાં ખેંચવા સુધી ઝઘડો પહોંચી ગયો. અન્ય પડોશીઓએ બન્નેને માંડ જુદી પાડી. એક બાઇ ઘરમાં પહોંચી ત્યારે ભૂખ્યું થવાથી તેનું બાળક રડતું હતું. હજુ તે આવેશમાં કંપતી હતી. તેણે બાળકને ખોળામાં લઇને સ્તનપાન કરાવ્યું. હજુ તેનો આવેશ તો ઉછાળા જ મારતો હતો. ક્રોધના શબ્દોનો પ્રવાહ તો ચાલુ જ હતો. બાળકને સ્તનપાન કરાવીને સૂવડાવ્યું. ચાર કલાક બાદ જોયું તો બાળકનું શરીર લીલું પડી ગયું હતું અને તે મૃત્યુ પામ્યું. ડો્કટરે તપાસ કરતાં જાણવા મળ્યું કે ક્રોધને કારણે માતાનું દૂધ ઝેરી બની ગયું હતું.

હૃદયરોગ, હાયપરટેન્શન, હાઇબ્લડપ્રેશર, મગજની બિમારીઓ આદિ અનેક રોગો ક્રોધથી ઉત્પન થાય છે. ક્રોધથી ભોજનની અરુચિ અને અનિદ્રાનું વળગણ વળગે છે, જે અનેક રોગોને પેદા કરે છે. ક્રોધથી રક્તસંચારમાં અંતર પડવાનાં કારણે સિરદર્દ શરૂ થાય છે અને શ્વાસની ગતિ તીવ્ર થવાનાં કારણે દમનો રોગ પણ લાગુ પડી શકે છે.

આર્યભિષક જેવા વૈદ્યકીય ગ્રન્થોમાં લખેલું છે કે ક્રોધથી આંખના રોગ પણ ઉત્પન્ન તાય છે. તથા ગુસ્સાના આવેશથી સ્ત્રીઓને યોનિકંદ નામનો ગુપ્ત રોગ થાય છે.

અમેરિકાના ‘લાઇફ’ મેગેઝીનમાં પ્રગટ થયેલા એક સચિત્ર લેખમાં પુરવાર કરેલું હતું કે હાર્ટ-ટ્રબલ, બ્લડપ્રેશર, અલ્સર આદિ રોગોનું મુખ્ય લક્ષણ તીવ્ર તિરસ્કાર છે. આજના માનસશાસ્ત્રનો પણ એ અભિપ્રાય છે કે ક્રોધથી જઠર, રસગ્રંથિ, રસો, મોંની લાળ આદિમાં એક મોટી અવ્યવસ્થા ઊભી થાય છે. ક્રોધના ઉશ્કેરાટ વખતે ફેફસાં, હૃદય, મગજ, સ્નાયુ વગેરેમાં ઝડપ આવે છે ને લોહી મગજમાં ધસે છે. આ માટે જે વધુ પ્રમાણમાં લોહી મગજમાં પહોંચાડવું પડે છે તે પાચનતંત્રમાંથી મગજ તરફ જાય છે. ગ્રીક વૈદ્ય હીપોક્રેટસે આજથી બે હજાર વર્ષ પૂર્વે કહેલું કે - Anger breeds Posion in your blood. ક્રોધ લોહીમાં ઝેર ઉત્પન્ન કરે છે.

ક્રોધના આવેશથી લોહીનાં બંધારણમાં ઘણાં મોટા ફેરફારો થઇ જાય છે.

બી.પી. વધી જવાથી માથાની ધમની ફાટી જવાના પ્રસંગો પણ બને છે. લોહીમાં રક્તકણોની અને સુગરની વૃદ્ધિ એ ક્રોધની મુખ્ય અસરો છે. નિષ્ણાતોએ આ બાબતમાં કૂતરાં - બિલાડાં પર ઘણાં પ્રયોગો કર્યા છે. એક બિલાડીને પાંજરામાં રાખી તેનું કૂતરા સાથે યુદ્ધ કરાવ્યું. ત્યારબાદ યુરિન ટેસ્ટ કરાવતા બન્નેનાં મૂત્રમાં સુગરનું પ્રમાણ વધી ગયું હતું. ક્રોધથી રક્તાણુની પણ ૨૭% જેટલી વૃદ્ધિ થઇ જાય છે.

ક્રોધાવશની પાચનતંત્ર ઉપર પણ ઘાતક અસરો થાય છે. નિષ્ણાતોએ કૂતરા પર પ્રયોગો કર્યા છે. કૂતરાને ગુસ્સે થયા પછી તરત ભોજન કરાવતા ૨૦ મિનિટમાં માત્ર ૯ ઘન સે.મિ. રસ ઉત્પન્ન થયો અને તે જ કૂતરાને શાન્ત અવસ્થામાં ભોજન કરાવતા ૬૭ ઘન સે.મિ. પાચકરસ ઉત્પન્ન થયો. ક્રોધથી હોજરી મંદ પડે છે, પેનક્રિયાસ રસની ઉત્પત્તિ અટકે છે, પિત્તરસ પણ ઘટે છે અને આમાશય તથા આંતરડાં પણ નિષ્ક્રીય બને છે.

અમેરિકાના નોર્થ કેરોલિનામાં ડૉ. કોહેને ૪૦ વાંદરાઓ પર ૨૬ મહિના સુધી પ્રયોગ કરીને એવું તારણ કાઢ્યુ હતું કે જે વાંદરાઓ એકબીજા સાથે પ્રેમથી રહેતા હતા તેમની રોગપ્રતિકારક શક્તિ વધારે હતી અને ઝઘડવાની વૃતિવાળા વાંદરાઓની રોગપ્રતિકારક શક્તિ ઘણી ઓછી હતી.

ડૉ. ગ્લેઝરે પણ આ દિશામાં સારું સંશોધન કર્યું છે. એક પ્રયોગમાં તેણે ૯૦ દંપતિને પોતાની પ્રયોગશાળામાં બોલાવ્યાં. દરેક દંપતિને તેમના મતભેદની બાબતમાં પરસ્પર ચર્ચા કરવાનું કહેવામાં આવ્યું. આ પ્રયોગ દરમ્યાન ૨૪ કલાક સુધી સતત તેમના લોહીના દબાણની તથા લોહીમાં થતાં ફેરફારોની ચકાસણી કરવામાં આવી. ચર્ચાના પ્રારંભમાં અને અંતે રોગપ્રતિકારક શક્તિની માત્રા પણ નોંધવામાં આવી. પ્રયોગ દરમ્યાન જણાયું કે મતભેદ અંગે ચર્ચા ચાલી રહી હોય એ દરમ્યાન પતિ-પત્નીની રોગપ્રતિકારક શક્તિ પર ધાર્યા કરતાંય ઘણી વધારે વિપરીત અસર થઇ હતી. જે પતિ-પત્ની ચર્ચા દરમ્યાન વારંવાર ઉશ્કેરાઇ જતાં હતાં અને એકબીજાં પ્રત્યે નકારાત્મક વલણ પ્રગટ કરતાં હતાં તેમની રોગપ્રતિકારક શક્તિ ઘણા મોટા પ્રમાણમાં ઘટી હતી અને આ ઘટાડો ચર્ચા પૂરી થયા પછી ૨૪ કલાક સુધી ચાલુ રહ્યો હતો.

હ્રદયરોગનો હુમલો આવી ચૂક્યો હોય એવા ૧૯૪ દર્દીના એક અભ્યાસમાં જણાયું હતું કે જેમને માનસિક ટેકો આપનાર બે કે વધુ વ્યક્તિ હોય તે દર્દીઓ હ્રદયરોગના હુમલા પછી પણ લાંબું જીવે છે. પણ જેમને આવો ટેકો આપનાર કોઇ ન હોય તેઓ હ્રદયરોગના હુમલા પછી એક વર્ષમાં જ મૃત્યુ પામે છે.

વાંચો એક ચોપાઇ :

કામ વાત કફ લોભ અપારા

ક્રોધ પિત્ત નિત છાતી ખારા

કામ વાયુનો પ્રકોપ કરે છે, લોભ કફનો પ્રકોપ કરે છે અને ક્રોધ પિત્તનો પ્રકોપ કરે છે. તથા ક્રોધથી નિત્ય છાતી બળે છે.

કેટલીક ક્ષણોનો ક્રોધ રોગો પેદા કરીને જીવનનાં કેટલાંય વર્ષો ઘટાડી દે છે. માટે આ ક્રોધ હેવાન છે, યમનો દૂત છે.

આટલું યાદ રાખી લો:

पाँव को गरम पेट को नरम, अजी शिरको रखो ठंडा
और फिर आवे डोक्टर, तो मारो उसको दंडा

૭. મૃત્યુમાં અસમાધિ :

મૃત્યુ એ પરીક્ષાની પળ છે. વિદ્યાર્થી આખું વરસ સારી રીતે ભણે અને ખૂબ મહેનત કરે તો પરીક્ષામાં સારો દેખાવ કરી શકે છે. આખું વરસ રખડનાર પરીક્ષામાં ખૂબ સારો દેખાવ કરી શકે તેવું ભાગ્યે જ બને અને તેમ બને તો આશ્ચર્ય કહેવાય છે. અને આખું વરસ ગંભીરતાથી ખૂબ મહેનત કરનાર પરીક્ષાના કલાકોમાં ડીપ્રેસ થઇ જાય અને પરીક્ષામાં સારો દેખાવ ન કરી શકે તેવું જવલ્લે જ બને અને તેવું બને તો તેના Bad Luck જ કહેવાય છે.

સામાન્ય કાયદો તો આ જ કે, પરીક્ષામાં સારા ગુણાંકે ઉત્તીર્ણ થવું હોય તેણે આખું વરસ ખૂબ સારી મહેનત કરવી પડે અને આખું વરસ રખડપટ્ટીમાં જ કાઢે તે મોટે ભાગે નિષ્ફળ જાય.

મૃત્યુની પળ એ પરીક્ષાની પળ છે. તે વખતે જીવ અસમાધિમાં ચડી જાય, આર્તધ્યાનમાં ખોવાઇ જાય કે સંકલષ્ટ અધ્યવસાયનો ભોગ બને તો તેની દુર્ગતિ થાય છે. મૃત્યુની પળોમાં જેણે સ્વસ્થતા, સમાધિ અને પ્રસન્નતાનો, સૌમ્યતાનો અને સ્વસ્થતાનો અભ્યાસ કેળવ્યો હોય, ખૂબ પ્રતિકૂળતામાં પણ સમભાવ ટકાવી રાખ્યો હોય તે વ્યક્તિને માટે મૃત્યુમાં સમાધિ બહુ સરળ હોય છે. પણ જેણે સંકલેશ, ઉદ્વેગ, અસહિષ્ણુતા અને સ્હેજ પ્રતિકૂળતામાં ઉકળી ઊઠવાની ટેવ પાડી છે તેને તો સમાધિ અત્યંત દુષ્કર છે અને તેથી સદ્ગતિ પણ ખૂબ દુર્લભ છે. આખી જિંદગી ક્રોધ, દ્વેષ અને દુર્ભાવોમાં વીતાવ્યા પછી પણ અંત સમયે અધ્યવસાય શુભ રહે તો

તે એક ઊંચું સદ્ભાગ્ય જ કહેવાય. પણ, સામાન્યથી તો જીવનભર જે રીતે અભ્યાસ કેળવ્યો હોય અને ટેવ પાડી હોય તેના પર જ અંતકાળે સ્વસ્થતાનો આધાર છે.

૮. શક્તિહ્રાસ :

ક્રોધથી શારીરિક અને માનસિક શક્તિનો હ્રાસ થાય છે તેથી સત્ત્વ હણાય છે, મનોબળ શિથિલ બને છે અને કાર્યક્ષમતા ઘટે છે. જીવનમાં મહાન કાર્યો કરવા તે લગભગ નબળો અને નિષ્ફળ પુરવાર થાય છે. સંકલ્પોને પાર પાડવામાં તે સરિયામ નિષ્ફળ પુરવાર થાય છે. તે હંમેશા નિષ્ફળતા અને હતાશાઓથી ઘેરાયેલો રહે છે.

The Conqust of happiness નામના પુસ્તકમાં બર્નાડ રસેલ લખે છે કે - *દાળ મોળી છે અને ચા ઠંડી છે કે એવી નાની નાની બાબતોમાં ક્રોધિત બનીને આપણે* જે શક્તિનો દુર્વ્યય કરીએ છીએ તે શક્તિને બચાવી લઇને તેનો સંગ્રહ કરવામાં આવે તો તે બચેલી શક્તિ દ્વારા એક પ્રચંડ સામ્રાજ્ય ઊભું કરી શકાય કે તોડી શકાય.

૯. ચૈતન્ય સીમિત બને :

ભગવદ્ ગીતામાં કહ્યું છે : क्रोधाद् भवति संमोहः । ક્રોધમાંથી મૂઢતા પેદા થાય છે. મૂઢતા એટલે ચિત્તની અસ્થિરતા અને બહુ સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો મૂર્ખતા. ક્રોધી વ્યક્તિ જાત પરનું નિયંત્રણ ખોઇ બેસે છે અને જે કાંઇ બને છે તે તેની પોતાની પરવાનગી વગર બને છે. આ મૂઢતામાંથી સ્મૃતિલોપ થાય છે. તેના જીવનમાં અનેક પ્રકારના ગોટાળાઓ વળે છે. ન કરવાનું કરી બેસે છે. જે કરવાનું હોય તે સૂઝતું નથી. તેના વર્તનમાંથી સળંગસૂત્રતા કે એકવાક્યતા તૂટે છે. જૈન શાસ્ત્રો કહે છે કે, ક્રોધ એ ચારિત્ર મોહનીય કર્મના ઉદય સ્વરૂપ છે તેથી આત્મસ્વરૂપને વધુ આવરે છે.

ક્ષમા દ્વારા ચિત્ત સ્વસ્થ રાખી શકાય છે. તેથી વિચારણા પણ સ્વસ્થ મનથી થાય છે અને પ્રત્યેક ક્રિયા સાવધાનીપૂર્વક થઇ શકે છે. ક્રોધ મૂઢતા પેદા કરીને ચિત્તની સ્વસ્થતા અને ક્રિયાની સાવધાની એ બન્ને પર હથોડા મારે છે. સ્વસ્થ વિચારણા અને ક્રિયાની સાવધાની કોઇપણ જીવનસિદ્ધિને ચરણતળે રમતી કરી શકે છે. તે ક્ષમાનો વૈભવ હોય તો જ બને.

યોગી પુરુષોએ ચારિત્રની વ્યાખ્યા કરી છે. "નિજગુણ સ્થરતા." મન, વચન કે કાયાના ક્ષોભોથી સ્થિરતા હણાય છે. તેથી નિજ સ્વરૂપથી આત્મા આઘો ખસે છે. ક્રોધનો આવેશ એ મોટામાં મોટો ક્ષોભ છે.

શાસ્ત્રમાં સાત પ્રકારના સમુદ્ઘાતનું વર્ણન છે. સમુદ્ઘાત એક ક્રિયા છે જેમાં આત્મપ્રદેશોમાં મોટી ઊથલપાથલ મચી જાય છે. આમ તો આત્માના પ્રદેશો શરીરના પ્રદેશો સાથે એકરૂપ બનીને રહેલા છે. પણ, સમુદ્ઘાતની પ્રક્રિયા વખતે આત્મપ્રદેશો વિસ્તરે છે. સાત પ્રકારના સમુદ્ઘાતમાં એક કષાય સમુદ્ઘાત છે. ક્રોધાવેશ આદિનો પ્રકર્ષ થાય ત્યારે આ સમુદ્ઘાત થાય છે. શરીરનાં પોલાણના ભાગોમાં આત્મપ્રદેશો નથી પણ આ સમુદ્ઘાત થાય ત્યારે આત્મપ્રદેશો વિસ્તરીને આ પોલાણને પૂરી દે છે.

ક્ષમાના ભાવમાં સ્થિરતા અને સ્વસ્થતા છે. તેથી નિસ્તરંગ દશા પ્રાપ્ત થઇ શકે છે અને યોગની ઉચ્ચ ભૂમિકાઓ પર પદાર્પણ સુલભ બને છે.

આજનું માનસશાસ્ત્ર કહે છે : Any Stronger passion narrows down your field of consciousness. ક્રોધ આદિ કોઇપણ ચિત્તવૃતિની પ્રબળતા ચૈતન્યનાં ક્ષેત્રને સીમિત કરે છે. દાખલાથી આ વાત તુરત સમજાય છે.

કોઇના ઘેર જમવા બેઠા હો અને કોઇ ભારે અપમાન કરી નાખે ત્યારે અચાનક ક્રોધાવેશ આવી જાય છે. પણ, તે આવેશમાં તમારી બાજુમાં કોણ બેઠું છે, સામેની દીવાલ પર શું ટીંગાય છે, તમારાં ભાણામાં શું પરસાયું છે. આ કોઇ વાતનું તમને ભાન નથી હોતું. આનો અર્થ એ થયો કે, ક્રોધાવેશની પળોમાં ચૈતન્યનું ક્ષત્ર ટૂંકુ થઇ ગયું.

બુદ્ધિ અને ક્રોધ બન્નેનો નિવાસ દિમાગમાં છે. પણ, બન્ને સાથે રહી શકતાં નથી. ક્રોધ આવે ત્યારે બુદ્ધિને ભાગી જવું પડે છે. કુશળ બુદ્ધિ પણ ક્રોધના આવેશ વખતે યથાર્થ નિર્ણય આપી શક્તી નથી અને માણસ અઘટિત નિર્ણયો લઇ બેસે છે.

જેણે પોતાના ચૈતન્યના ક્ષેત્રને લોકાકાશથી ય આગળ વધીને અલોકના ખૂણે ખૂણા સુધી વિસ્તૃત કરવાનું છે, અનંતના સીમાડાઓએ પહોંચવાનું છે, ક્ષેત્ર અને કાળની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાનું છે. તે અસલી ચૈતન્યના સ્વામીને ક્રોધવેશની પળોમાં થતી આ રાંક અવસ્થા કેમ પાલવે ?

૧૦. દુર્ભાગ્યનો ઉદય :

સૌભાગ્ય નામકર્મના ઉદયથી વ્યક્તિની ઉપસ્થિતિ સહુને ગમે છે. પોતાની ઉપસ્થિતિ બીજાને અરુચિ પેદા કરે તે દુર્ભાગ્ય છે. ક્રોધી વ્યક્તિ મોટેભાગે દુર્ભાગ્યને વરે છે.

દુર્વાસાના અવતાર જેવા પિતા ઘરમાં પગ મૂકે એટલે કુટુંબના સહુ સભ્યો

થરથરે છે. થોડી વાર પહેલા મોજમજા અને કિલકિલાટ કરતાં તેમાં સોપો પડી જાય છે. પોલીસની ગાડી આવી પહોંચતા રસ્તા પરના ફેરિયાઓ નાસભાગ કરે તેવી પરિસ્થિતિ સર્જાય છે. સહુના મનમાંથી એક જ અવાજ ઊઠે છે. હવે આ જલ્દી અહીંથી ટળે તો સારું. તુમાખી મેનેજરના ઓફિસમાં પગલાં પડતાં જ આખી ઓફિસ પર ભયની લાગણી ભરડો લે છે. શિક્ષક અત્યંત કડક વલણવાળા હોય તો વિદ્યાર્થીઓ થથરે છે.

એક શાળાના અત્યંત કડક વલણ ધરાવતા શિક્ષકથી વિદ્યાર્થીઓ ખૂબ ત્રાસી ગયા. એક વાર તે શિક્ષક સ્નાન કરવા નદીમાં પડયા અને એક વમળમાં ફસાયા. ઘણા પ્રયત્નો છતાં તે ડૂબવા લાગ્યા. તેમણે 'બચાવો બચાવો' નો પોકાર શરૂ કર્યો. નદીના કિનારા પર શાળાનો એક વિદ્યાર્થી જ ઊભો હતો. તે તરવાની કળામાં પ્રવીણ હતો. તેણે નદીમાં ડૂબકી મારીને શિક્ષકને વમળમાંથી બહાર ખેંચી લીધા. મોતના મુખમાંથી શિક્ષક આબાદ બચી ગયા. પોતાને બચાવી લેનાર વિદ્યીર્થીનો આભાર માનવા માટે તેમની પાસે કોઇ શબ્દો નહોતા. તેમણે વિદ્યાર્થીને કહ્યું :

"ખરેખર, તું મારો જીવનદાતા છે, તારો ઉપકાર હું ક્યારેય નહીં વાળી શકું. પણ, મને ઋણમુક્તિનો થોડો સંતોષ થાય તે માટે પણ તું મારી પાસે કાંઇક માંગ. તું જે માંગે તે આપવા હું તૈયાર છું."

વિદ્યાર્થીએ કહ્યું : "ગુરુજી, મારે બીજું કાંઇ જ નથી જોઇતું. મારી માત્ર એટલી જ આપને પ્રાર્થના છે કે, આપને મોતના મુખમાંથી મેં બચાવ્યા છે, તે વાત ભૂલેચૂકે કોઇ પણ વિદ્યાર્થી આગળ કરતા નહિ. નહિતર બધા મને પીંખી નાંખશે."

ઇદી અમીન માટે પણ સાંભળેલું કે તે ભયંકર ક્રૂર, ઘાતકી અને ક્રોધી હતો. યુગાન્ડાની પ્રજા તેનાથી અત્યંત ત્રાસી ગઇ હતી. કેટલાક ચાંચિયાઓ તેનું અપહરણ કરી ગયા અને પછી યુગાન્ડાના પ્રજાજનો પર સંદેશો મોકલ્યો કે અમુક રકમ અમને મોકલાવો નહિતર ઇદી અમીનને અમે છોડી મૂકશું.

કરોડોનો વૈભવ હોય, સૌહમણું રૂપ હોય, મહાન સત્તાનો દોર હોય, એકચક્રી સામ્રાજ્ય હોય પણ ક્રોધાદિને કારણે લોકોની ચાહનાને બદલે તિરસ્કાર જ મળતો હોય તો તે બધા વૈભવ આદિને કરવાનું શું ?

પ્રયોગવીરોએ આ વિષયમાં એક પ્રયોગ કર્યો હતો. એક દીવાનખાનામાં ફૂલછોડનાં પાંચ કૂંડા રાખવામાં આવ્યાં હતાં. લાગણીઓ અને સંવેદનોને નોંધતા એક મશીન સાથે આ ફૂલછોડવાઓનું કનેકશન જોડવામાં આવ્યું હતું. તે

દીવાનખાનામાં ચાર પુરુષોએ પ્રવેશ કર્યો અને બહાર નીકળી ગયા. પાંચેય છોડવાઓ પર આનંદનાં સંવેદનો નોંધાયા.

બીજી વાર ચારેય પુરુષો ફરીથી આ ઓરડામાંથી પસાર થયા. ચારમાંથી એક પુરુષે ત્રીજા કૂંડાના છોડ પર છરીથી ક્રૂર ઘા કર્યો. પાંચેય છોડ અત્યંત ભયની લાગણી પ્રદર્શિત કરવા લાગ્યા.

ત્રીજા રાઉન્ડમાં ચારેય પુરુષો વારફરતી તે ખંડમાંથી પસાર થયા. છરીનો ઘા કરનાર પુરુષ હસતો હસતો પસાર થયો તો પણ તે પસાર થયો ત્યારે પાંચેય છોડવાઓએ ભય અને ધિક્કારની લાગણી પ્રદર્શિત કરી.

ચીનમાં 'લી' નામના રાજ્યમાં રાજકીય અત્યાચારો ખૂબ વધી જતા ત્રસ્ત બનેલા કન્ફૂશિયસ રાજ્ય 'લી' છોડીને રાજ્ય 'ત્સી' તરફ જઇ રહ્યા હતા. રસ્તાનાં જંગલમાં એક રડતી સ્ત્રીએ પોતાની વ્યથા ઠાલવી : "આ જગંલના ચિત્તાએ મારા પતિ, સસરા અને પુત્રને મારી નાંખ્યા." "તો પછી તમે આવા જંગલમાં શા માટે રહો છો ? રાજ્યમાં જાઓને ?" "ના, ના. રાજ્યનાં અત્યાચારી શાસનમાં રહેવા કરતાં આ હિંસક પશુઓ વચ્ચે રહેવું ઘણું સારું" તે મહિલાએ અત્યાચારી રાજા પ્રત્યેના ધિક્કારને આ રીતે વ્યક્ત કર્યો.

આ બધા જ પ્રસંગો અને પ્રયોગો સિદ્ધ કરે છે કે ક્રોધથી દુર્ભાગ્ય વધે અને ક્ષમાથી સૌભાગ્ય ખીલી ઊઠે છે. પરાયાં પણ આપણાં બને તે સૌથી મોટું સૌભાગ્ય છે અને આપણાં પણ પરાયાં બને તે સૌથી મોટું દુર્ભાગ્ય છે. સૌભાગ્ય પસંદ હોય તેણે ક્રોધની લાગણીને જીતવી જ પડે.

૧૧. જીવનમાં નીરસતા :

જીવન એ રસનું કૂંડું છે. ચોપાસ સૌંદર્ય પથરાયેલું છે અને બેસુમાર આનંદ જીવનના ખૂણેખૂણામાં વેરાયેલો પડયો છે. પણ, તેને માટે દૃષ્ટિની નિર્મળતા જોઇએ છે. ક્રોધની કુત્સિત લાગણીથી તે દૃષ્ટિ બિડાય છે. મન અવસ્થ, હતાશ અને નિરાશ રહે છે. કોઇ પ્રવૃતિમાં રસ પડતો નથી. બધા પરાયા લાગે છે. જીવન ફિક્કું લાગે છે. ગધેડો પરાણે ભાર વેંઢારે તેમ જીવનનો ભાર માનવી વેંઢારે છે. ક્રોધાવેશ આદિને કારણે નીરસતાનો ભોગ બનીને વ્યક્તિ માનસરોગથી પીડાય છે અને માનસચિકિત્સકના કન્સલ્ટીંગ રૂમનાં પગથિયાં તેને કાયમ ચડવા પડે છે.

૧૨. સહુનો વિશ્વાસ ગુમાવે છે :

વિશ્વાસ એ જીવનનો શ્વાસ છે. લોકોના વિશ્વાસપાત્ર બનવું તે જીવનની એક કમાણી છે. પણ ક્રોધાદિ દુષ્ટ વૃત્તિઓનો જે ગુલામ હોય તેના પર જલ્દી

વિશ્વાસ મુકાતો નથી. ગમે તે પળે તે કષાયવશ બનીને બાજી બગાડી નાંખે, તેનો ભરોસો કેવી રીતે રખાય ? જવાબદારીનાં અને ગંભીર કાર્યો ક્રોધી વ્યક્તિને સોંપવામાં લોકોને જોખમ જણાય છે.

૧૩. પશ્ચાત્તાપની વેદના :

ક્રોધની કાતિલ પળો હંમેશા પશ્ચાત્તાપની દુઃખદ પળોની પુરોગામી હોય છે. કોઇએ કહ્યું છે કે ક્રોધની શરૂઆત મૂર્ખતાથી થાય છે અને અંત પશ્ચાત્તાપથી આવે છે. ઉશ્કેરાટ મંદ પડયા પછી હૃદયમાં બળતરા શરૂ થાય છે. ક્રોધાન્ધ બનીને જે આવેશ કર્યો તે બદલ હૃદય અત્યંત દુઃખ અનુભવે છે. પોતે ખોટું કરી નાંખ્યું તે ભાવ ઊંડે ઊંડે પણ અનુભવાય છે અને તે પસ્તાવો હૃદયને કોરી ખાય છે. કોઇ પ્રવૃત્તિમાં ચેન પડતું નથી. પોતાની ભૂલના પસ્તાવામાં ક્યારેક માનવી આત્મહત્યાનું પગલું પણ ભરી બેસે છે.

૧૪. ક્રોધના સંસ્કારો વ્યાપક બને છે :

કોઇ પણ દુષ્ટ પ્રવૃત્તિ પાપ બંધાવે છે તેટલું જ તેનું નુકશાન નથી પણ આત્મામાં દુષ્ટ વત્તિ ઊભી કરે છે કે ખરાબ સંસ્કારો રેડે છે તે બહુ મોટું નુકશાન છે. વારંવાર ક્રોધ થવાથી ક્રોધના સંસ્કારો દઢ અને વિસ્તૃત બને છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ક્રોધનું ક્ષેત્ર વ્યાપક બનતું જાય છે.

કમઠે ક્રોધના સંસ્કારોને ખતમ ન કર્યા તો ક્રોધની માત્રા વધતી ગઇ. ઉત્તરોત્તર નીચેનીચેની નરકમાં જતો ગયો.

પ્રભુ મહાવીરે જેને પ્રતિબોધિત કર્યો હતો તે ચંડકૌશિક સાપ પૂર્વના એક ભવમાં તપસ્વી સાધુ હતો. ચાલતા રસ્તામાં પગ નીચે એક દેડકી ચગદાઇ ગઇ. સાથે રહેલા બાલમુનિએ આલોચના લેવાનું વારંવાર યાદ કરાવ્યું તે ન ગમ્યું અને ગુસ્સો આવ્યો. સાધુને મારવા દોડયા, થાંભલા સાથે અથડાયા, ક્રોધાવેશમાં મૃત્યુ પામ્યા. એક દેવનો ભવ કરીને કૌશિક નામના તાપસ થયા. તાપસોના તે કુલપતિ બન્યા અને સ્વભાવે અત્યંત ચંડ પ્રકૃતિના હતા. પોતાના આશ્રમમાં જે કોઇ ફળફળાદિ તોડવા આવે તેને હથિયાર ફેંકીને ભગાડતા.

તે પછીના ભવમાં ચંડકૌશિક નામના દષ્ટિવિષ સર્પ બન્યા. તે સર્પની આંખમાં ઝેર હતું. તે સાપની દૃષ્ટિ આકાશ તરફ થાય તો આકાશમાં ઊડતાં પક્ષીઓ ભડથું થઇને હેઠા પડતાં. કોઇ વૃક્ષ પર દૃષ્ટિ પડે તો વૃક્ષનાં પાંદડાં ફિક્કાં પડીને ખરી પડતાં.

આ કથાનકમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ક્રોધનો વ્યાપ કેવો વધ્યો તે જાણી શકાય છે.

સાધુના ભવમાં

દ્રવ્ય - એક નાનો સાધુ ગુસ્સાનું પાત્ર

ક્ષેત્ર - સાધુના નિવાસનું મકાન

કાળ - નાના સાધુને જરાક શિક્ષા કરવા સુધીનો

ભાવ - એ નાના સાધુને જરાક દાંડો ફટકારીને થોડીક શિક્ષા કરવાનો.

કૌશિક તાપસના ભવમાં ક્રોધનો વ્યાપ વધ્યો :

દ્રવ્ય - આશ્રમના ૫૦૦ તાપસો અને આશ્રમમાં ફળફલાદિ લેવા પગ મૂકનાર તમામ લોકો.

ક્ષેત્ર - આખી આશ્રમની વાડી.

કાળ - વાડીમાં ફળ હોય અને એને કોઇ તોડવા આવવાનો સંભવ હોય ત્યાં સુધીનો.

ભાવ - ફળ લેનારને ડંડા ઠોકવાનો અને નાસભાગ કરે તો તીક્ષ્ણ શસ્ત્ર ફેંકીને લોહીલુહાણ કરવાનો.

ચંડકૌશિક સર્પના ભવમાં આ વ્યાપ હજુ વિસ્તૃત બન્યો :

દ્રવ્ય - જે કોઇના પર દૃષ્ટિ પડે તે.

ક્ષેત્ર - પોતાની દૃષ્ટિ પહોંચે ત્યાં સુધીનું ક્ષેત્ર.

કાળ - કાયમ માટેનો

ભાવ - જે કોઇ નજરે ચડે તેને જાનથી મારી જ નાંખવાનો.

માટે ખૂબ જ સાવધાન બની જવા જેવું છે. ક્રોધાદિ કષાયોને કારણે પુણ્યના જોરે કદાચ કોઇને દબાવી દેવા આદિનો ક્ષુદ્ર લાભ થઇ પણ જાય છતાં ભવાંતરમાં આ ક્રોધાદિ સંસ્કારોના ગુણાકાર થાય તે નુકશાન બહુ ભયંકર છે.

૧૫. ચાર પુરુષાર્થનો ઘાત :

આ અવસર્પિણી કાળના પ્રથમ નરેશ અને પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે ચાર પુરુષાર્થની નિર્દોષ જીવનશૈલિનું નિરૂપણ કર્યું; અર્થ કામ, ધર્મ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. ક્રોધાદિ દુષ્ટ ભાવો ચારેય પુરુષાર્થનો ઘાત કરે છે.

અર્થોપાર્જનમાં ક્રોધ અને ધાકધમકીનો માર્ગ એ અન્યાય માર્ગ છે. અને અન્યાયોપાર્જિત અર્થ એ પુરુષાર્થ સ્વરૂપ નથી બનતો.

વારંવાર ક્રોધ આવવાથી જીવનું સત્ત્વ હણાય છે. અને મન તથા ઇન્દ્રિયો પરનાં નિયંત્રણો શિથિલ બનતા કામ પુરુષાર્થનો પણ ઘાત થઇ શકે છે.

ક્રોધ ક્ષમા અને ઉપશમના ધર્મનો સીધો જ ઘાત કરે છે. તેથી ધર્મપુરુષાર્થ પણ ઘાત પામે છે.

મોક્ષ એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ. ક્ષમા એ આત્માનો મૌલિક ગુણ છે. ક્રોધથી તે મૌલિક ગુણ પર ઘા પડવાથી મોક્ષ પુરુષાર્થ પણ હણાયો કહેવાય.

૧૬. લોકમાં અપયશ :

ક્રોધ જેમ દુર્ભાગ્ય પેદા કરે છે તેમ અપયશને પણ જન્મ આપે છે. ક્રોધી વ્યક્તિનું સમાજમાં બહુ મૂલ્ય નથી હોતું. ક્રોધના આવેશમાં ઘણી વાર તે ન કરવાની પ્રવૃતિ કરી નાંખે છે તેથી લાકમાં તેની ખૂબ અપકીર્તિ થાય છે.

૧૭. સંબંધ વિચ્છેદ :

ક્રોધનું સીધું સ્પષ્ટ નુકશાન છે સંબંધવિચ્છેદ. શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે : कोहो पीइं पणासेइ । ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. અનેક વાર પરસ્પર ઘસાઇ છૂટીને, સ્વાર્થને ગૌણ કરીને, એકબીજાની ગમ ખાઇને તથા અનેક પ્રસંગે ભેગા મળીને જે સ્નેહભરી પ્રીતિ બાંધી હોય તે પ્રીતિનો પુલ ક્રોધના એક જ વખતના પૂરમાં તણાઇને નાશ પામે છે. ક્રોધની ઉગ્રતાનો એકાદ પ્રસંગ પણ સ્નેહનાં જાળાંને તોડવા માટે બસ છે. પછી તો એક જ થાળીમાં સાથે જમનારા એકબીજાની સામે પણ જોતા નથી. એક બીજા વગર ઘડી પણ ચાલતું નહોતું તે એકબીજાનું નામ સાંભળતા પણ વીફરે છે. 'પ્રિય' અને 'આત્મીય' ના સંબોધનથી એકબીજાને નવાજનારા હવે દૃષ્ટિમિલન પણ કરી શકતા નથી.

ક્રોધ બે સગા ભાઇઓને પણ દુશ્મન બનાવી દે છે. બાપ-દીકરાને પણ ઉંદર-બિલાડા જેવા કરી નાંખે છે. પતિ-પત્નીના સુખમય દાંપત્યજીવનમાં ભંગાણ પાડે છે અને છૂટાછેડા માટે કોર્ટનાં પગથિયા ચડાવે છે. ક્રોધનો ખોરાક છે પ્રેમ, વર્ષો જૂના પ્રેમસંબંધોને મિનિટનો ક્રોધ હોઇઆ કરી જાય છે. ગરમીથી જમીનમાં તિરાડો પડે છે. ઠારવાવાળું પાણી એ તિરાડોને સાંધી દે છે. તેમ ક્રોધની ગરમીથી સંબંધોમાં તિરાડ પાડે છે અને ક્ષમાના પાણીથી એ તિરાડો સંધાય છે. બારણાં અંદરથી બંધ થયેલા હોય તો પહેલા વેન્ટીલેટર ખોલીને અંદર આંગળાં નાંખી બારણાં પણ ખોલી શકાય છે. ક્રોધના પ્રસંગોથી સંબંધોનાં બારી-બારણા બંધ થઇ ગયા હોય તો ક્ષમાપનાનાં વેન્ટીલેટર દ્વારા સંબંધ સ્થાપિત કરી શકાય છે.

૧૮. સૌંદર્યહાનિ :

ક્રોધ અને ધિક્કારની લાગણી ચહેરાનાં સૌદર્યને હણી નાંખે છે. તે દુષ્ટ

લાગણીઓથી ચહેરા પર કઠોર રેખાઓ ઉપસે છે, જેનાથી ચહેરાની મુલાયમતાનો નાશ થાય છે. "Love your enemies"એ બાઇબલનું ધર્મસૂત્ર છે અને હોલીવુડના સિનેતારકો તેને Beauty Formula તરીકે સ્વીકારે છે. સિનેમાના એકટરો માટે ચહેરાની મુલાયમતા એ મુખ્ય મૂડી છે. ક્રોધના આવેશથી તેના પર કરચલીઓ પડવાથી સૌંદર્ય નાશ પામે છે. તેથી ક્ષમા અને સૌમ્યતાને તે સૌંદર્યરક્ષક ઉપાય તરીકે જીવનમાં અપનાવે છે.

૧૯. અપાત્ર ઠેરવે છે:

ક્રોધી વ્યક્તિ ગુરુ કે કલાચાર્યની રહેમ નજર પામતો નથી તથા કેટલીક વિશિષ્ટ વિદ્યા, કલા અને સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે તે અપાત્ર ઠરે છે.

ગૌતમબુદ્ધ પાસે શ્રીમંત યુવાન શિષ્ય અંકમાલે આવીને કહ્યું : "મારે ધર્મોપદેશ આપીને જગતનો ઉદ્ધાર કરવો છે. ઉપદેશયાત્રાનો પ્રારંભ કરવાની મને અનુજ્ઞા આપો."

બુદ્ધે જવાબ આપ્યો : "પહેલા તું યાગ્યતા પ્રાપ્ત કર."

"ગુરુદેવ ! મેં દશ વર્ષ સખત પરિશ્રમ અને સાધના કરી છે અને હું ૨૪ કલામાં પારંગત બન્યો છું."

બુદ્ધે કહ્યું : "હું ફરી બોલાવું ત્યારે આવજે." તેની પરીક્ષા કરવા બુદ્ધે પોતાના એક શિષ્યને વેષપલ્ટો કરીને તેની પાસે મોકલ્યો. તે શિષ્યે અંકમાલનું ઘોર અપમાન કર્યું. અંકમાલ ખૂબ ખીજાયો અને ગુસ્સે થઇને તેની પાછળ દોડયો.

બીજા દિવસે બે શિષ્યોને રાજદૂતના વેષમાં તેની પાસે મોકલ્યા, તેમણે કહ્યું : "અમે સમ્રાટ હર્ષના અનુચરો છીએ. રાજા આપને મંત્રીપદે આરૂઢ કરવા ઉત્સુક છે." આ વાત સાંભળતા તે અત્યંત હર્ષિત બન્યો અને સમ્રાટની ઓફરનો સ્વીકાર કર્યો

સાંજે બુદ્ધ પોતાની શિષ્યા આમ્રપાલીને લઇને સ્વયં તેની પાસે પહોંચ્યા. વાતચીત દરમ્યાન તે વારંવાર આમ્રપાલી સામે ટીકી ટીકીને જોતો હતો.

ગૌતમ બુદ્ધે તેને કહ્યું : "તેં ૨૪ નહિ પણ ૨૪૦૦ કલામાં નિપુણતા પ્રાપ્ત કરી હોય, પણ ક્રોધ, લોભ અને કામ ઉપર તે ક્યાં વિજય મેળવ્યો છે ? તે ત્રણથી તું પરાજિત છે તે જ તારી મોટામાં મોટી અયોગ્યતા છે."

નરસિંહ મહેતા તેમના પ્રખ્યાત ભજનમાં વૈષ્ણવ જનનાં ગુણો બતાવતા છેલ્લી પંક્તિમાં લખે છે :

વણલોભીને કપટરહિત છે, કામ - ક્રોધ નિવાર્યા રે;

ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુળ ઇકોતેર તાર્યા રે,

૨૦. અન્યને પણ નુકશાન :

ક્રોધની સજ્ઝાયમાં કવિએ ગાયું છે :

"આગ ઊઠે જે ઘર થકી તે પહેલું ઘર બાળે

જળનો જોગ જો નવિ મળે તો પાસેનું પરજાળે."

ક્રોધ એ અગ્નિ છે. આ અગ્નિને સમયસર ક્ષમાના પાણીથી બુઝવવામાં ન આવે તો તે વધુ પ્રજ્વલિત બને છે અને બીજાને પણ બાળે છે.

અમદાવાદની એક પોળમાં એક કરુણ ઘટના બની હતી. નળના પાણીની બાબતમાં પોળની બે સ્ત્રીઓ વચ્ચે ઝગડો થયો. ઝગડાએ અત્યંત ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. એક સ્ત્રીએ અત્યંત ક્રોધાવેશમાં આવી જઇને પોતાના શરીર પર કેરોસીન છાંટીને દીવાસળી ચાંપી. આગમાં બળતી એ દાદરા ચડીને પેલી શત્રુસ્ત્રી પાસે પહોંચીને તેને વળગી પડી. ગુસ્સાના આવેશમાં બળતાં તે બોલતી હતી :

"લે રાંડ, હું બળુ પણ તનેય બાળું" પેલી સ્ત્રીએ તેના પાશમાંથી છૂટવાના ઘણાય પ્રયત્ન કર્યા પણ ન જ છૂટી શકી. થોડી વારમાં તો બન્ને બળીને ખાખ થઇ ગઇ.

ક્રોધની ભયંકરતાનો ચિતાર આ પ્રસંગ પરથી આવી શકે છે. એકનો ક્રોધ આજુબાજુના અનેકનાં જીવન પર માઠી અસર કરે છે. એક જ વ્યક્તિનો ક્રોધ સમગ્ર કુટુંબની શાંતિને ભ્રષ્ટ કરી નાંખે છે.

૨૧. સાધનાને નિષ્ફળ કરે છે:

શાસ્ત્રો કહે છે કે એક જ ક્ષણનો ક્રોધ કરોડો વર્ષની સંયમ અને તપની સાધનાને નિષ્ફળ કરી નાંખે છે. વર્ષોની મહેનત પછી પ્રાપ્ત કરેલી પૂંજી એક જ આગમાં ભરખાઇ જાય તેમ ક્રોધની આગથી સાધના અને ગુણોની પૂંજી ખાખ બની જાય છે. ક્રોધનો આવેશ કે વૈરનો ભાવ એક વર્ષથી વધુ ટકે તો તે અનતાનુબંધીની કક્ષાનો બની જાય છે અને આત્માને સમ્યકત્વગુણથી ભ્રષ્ટ કરે છે. હજારો જન્મોની ઉગ્ર સાધના પછી કાંઇ ગુણસમૃદ્ધિ પ્રાપ્ત કરે છે અને ક્રોધના એક વાવાઝોડામાં તે બધી ફૂંકાઇ જાય છે. આમ, ક્રોધ આત્મવિકાસમાં રુકાવટ કરે છે અને પતન કરે છે.

૨૨. કર્મબંધ :

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર કર્મબંધના હેતુઓ ગણવામાં

આવ્યા છે. કષાય ચાર પ્રકારનો છે, તેમાં એક ક્રોધ છે. આમ કષાય એ કર્મબંધનો હેતું છે. દશમાં ગુણસ્થાનક સુધી કષાયનો ઉદય હોય છે તેથી ત્યાં સુધી થતા કર્મબંધને કાષાયિક કે સાંપરાયિક બંધ કહેવામાં આવે છે. આ પ્રકારનો કર્મબંધ જ જીવને આત્મવિકાસમાં વધુ અવરોધ કરનારો છે. તે પછી થતો અકાષાયિક બંધ એટલા ભયંકર નથી.

૨૩. ભયની લાગણીનું પ્રવર્તન :

કોઇ ભૂલ કરે ત્યારે ગુસ્સો આવે છે. પણ, ગુસ્સો વધુ ભયની લાગણી પેદા કરે છે. ગુસ્સાને બદલે સામેની વ્યક્તિ સાથે સમજાવટથી કામ લેવામાં આવે તો તેની ભૂલ સુધરે છે. પણ ક્રોધને કારણે પેલી વ્યક્તિ ભય પામવાથી તેની ભૂલોના ગુણાકાર થાય છે. તેથી સરવાળે નુકશાન જ છે.

૨૪. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં નિષ્ફળતા :

ક્રોધી વ્યક્તિ મોટે ભાગે નિષ્ફળ વ્યક્તિ હોય છે. વ્યાપાર આદિ ક્ષેત્રોમાં પણ ગરમ મિજાજવાળો માણસ ફતેહ પ્રાપ્ત કરી શક્તો નથી. ઠંડું મગજ એ તો વ્યાપાર કે વ્યવસાયની સફળતા માટે અગત્યની આવશ્યકતા છે.

સ્વીટ્ઝરલેંડની વિદેશી વ્યાપાર ખેડતી એક પેઢીએ કારકુનની પોસ્ટ માટે એક જાહેર ખબર આપેલી. સાત - આઠ ભાષાને જાણતા એક પરદેશીએ આ નોકરીની ઉમેદવારી માટે સ્વીસ ભાષામાં પત્ર લખ્યો. કંપનીએ તેની માગણી નકારી એટલું જ નહીં પણ તેને સખત ભાષામાં ઠપકો લખ્યો કે તમે પરદેશી થઇને અમારી ભાંગીતૂટી સ્વીસ ભાષામાં પત્ર લખીને અમારા રાષ્ટ્રનો દ્રોહ કર્યો છે.

પેલા યુવાનને આ પત્રથી ખૂબ માઠું લાગ્યું. પળભર તો સખત પત્રથી તેનો પ્રત્યુત્તર વાળવાનું તેણે વિચાર્યું. પણ બીજી ક્ષણે તેને વિચાર આવ્યો કે આનું પરિણામ શું આવશે ? તેથી, તેણે કંપનીને પત્ર લખ્યો : "તમારી સૂચના માટે અત્યંત આભાર, સ્વીસ ભાષાનો ઉપયોગ કરીને મેં મોટી ભૂલ કરી છે. હવે તે ભાષાનો પાકો અભ્યાસ કરીને પછી જ ઉપયોગ કરીશ."

કંપનીના અધિકારીએ પત્ર વાંચીને વિચાર્યું કે આવા ઠંડા કલેજાવાળી વ્યક્તિ જ ઘરાકને સંતોષ આપી શકશે. તરત જ તે પરદેશીને બોલાવીને નોકરી આપી અને આગળ જતા ભાગીદાર બનાવ્યો.

શૈક્ષણિક, શારીરિક કે અન્ય પ્રકારની અનેક યોગ્યતા હોવા છતાં માત્ર ક્રોધને કારણે ક્રોધી વ્યક્તિ જીવનના અનેક ક્ષેત્રોમાં નિષ્ફળતા પ્રાપ્ત કરે છે.

૨૫. અનેક દોષોનું આગમન :

ક્રોધને અનેક દોષો સાથે સારું સગપણ છે. વળી, તે બધાં સગાં સ્વાર્થી સગાં નથી. પ્રત્યેક પ્રસંગે ક્રોધની પડખે આવીને ઊભા રહે છે. અવિનય, ઉદ્ધતાઇ, ઉચ્છૃંખલતા, અસત્ય, ઇર્ષ્યા અને આવા તો કૈંક દોષો ક્રોધનાં પગલે પગલે જીવનગૃહમાં પ્રવેશ કરી દે છે.

એક ક્રોધનું આગમન અનેક દોષોને આણી લાવતું હોય તો કોણ મૂરખ ક્રોધને પ્રવેશ આપે ?

એક ક્રોધ પરનો વિજય અનેક દોષો પર વિજય અપાવતો હોય તો ક્યો ડાહ્યો માણસ ક્રોધવિજય માટે ઉત્સાહિત ન બને ?

ક્રોધના આ બધાં નુકશાનો એક બમ્પ જેવાં છે. નુકશાનો જાણ્યાં અને વિચાર્યા પછી ક્રોધના માર્ગે દોડી જતી જીવનની ગાડીમાં એક રુકાવટ આવે છે. માનવી ક્રોધથી ભય પામે છે, અટકે છે, ક્રોધને જીતી જાણે છે, ક્ષમાને પ્રાપ્ત કરે છે. ક્રોધ મોહનીયના કર્મબંધને રોકે છે અને બાંધેલાની નિર્જરા કરે છે. આ જ વાત શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં ૨૯માં અધ્યયનમાં કરી છે.

कोहविजएणं भंते ! जीवे किं जणयइ ?

कोहविजएणं खंति जणयइ, कोहवेअणिज्जं

कम्मं न बंधई, पुव्वबद्धं च निज्जरेइ ॥

संसार छेत्तुमनो कम्मं उम्मूलए तदट्ठाए ।
उम्मूलिज्ज कसाया तम्हा चयिज्ज सयणाइं ॥

- શ્રી આચારાંગ સૂત્ર

સંસારનો છેદ કરવાની ઇચ્છા હોય તો કર્મનું ઉન્મૂલન કરો.
કર્મનું ઉન્મૂલન કરવા કષાયનું ઉન્મૂલન કરો.
કષાયનું ઉન્મૂલન કરવા સ્વજનોનો ત્યાગ કરો.

स्वामिभक्तयप्रमत्तत्वादिगुणैर्भूषितोऽपि सन् ।
श्वन् ! त्वं तथाऽपि सर्वत्र, जातिद्वेषात्प्रभर्त्स्यसे ।।

હે કૂતરા,
તું સ્વામીને વફાદાર છે,
ખૂબ અપ્રમત્ત છે.
આવા ગુણોથી અલંકૃત હોવા છતાં.
તું સર્વત્ર તિરસ્કાર પામે છે.
કારણ કે -
તારા જાતિભાઇઓ પ્રત્યે તું દ્વેષ કરે છે.

ग्रीष्मवत् परितापाय, वर्षावत् पङ्कसृष्टये ।
हेमंतवत् प्रकम्पाय, कोपोऽयं रिपुरुत्कटः ।।

ઉનાળાનો ઉકળાટ,
ચોમાસાની ગંદકી,
શિયાળાની ધ્રૂજારી.
આ ત્રણેય ઋતુનાં દૂષણવાળો ક્રોધ મોટો દુશ્મન છે.

ખંડ – ૨

■ ક્રોધવિજયનું શસ્ત્રાગાર

यो मित्रं मधुनो विकारकरणे संत्राससंपादने,
सर्पस्य प्रतिबिम्बमंगदहने सप्ताचिर्षः सोदरः ।
चैतन्यस्य निषूदने विषतरोः सब्रह्मचारी चिरं
स क्रोधः कुशलाभिलाषकुशलैः प्रोन्मुलमुन्मूल्यताम् ।।

- સિંદૂર પ્રકર

તમે તમારા ક્ષેમકુશળને ઇચ્છો છો ?
તો, ક્રોધને તો સાવ ઉખેડીને ફેંકી દો.
કારણ કે
વિકારને પેદા કરવામાં તે વસંતઋતુનો મિત્ર છે,
ત્રાસ અને ભય પમાડવામાં તો તે આબેહૂબ સાપ છે,
કાયાને બાળી નાંખનાર તે પ્રચંડ સૂર્ય જેવો છે,
જીવની ચેતનાનો ઉચ્છેદ કરવામાં તે વિષતરૂના ભાઇબંધ જેવો છે.

यस्तु क्रोधं समुत्पन्नं प्रज्ञया प्रतिबाधते ।
तेजस्विनं तं विद्वांसो मन्यन्ते तत्वदर्शिनः ।।

ઉત્પન્ન થયેલા ક્રોધને જે પ્રજ્ઞા દ્વારા નિષ્ફળ કરે છે તે વ્યક્તિને તત્ત્વદર્શી વિદ્વાન પુરુષો 'તેજસ્વી' તરીકેનું પ્રમાણપત્ર આપે છે.

ક્રોધવિજયનું શસ્ત્રાગાર

આપણે તો ક્રોધવિજયની કૂચ લઇને નીકળવું છે. હૃદયનાં સિંહાસન પર અધિષ્ઠિત થઇને બેસેલા ક્રોધપિશાચને ત્યાંથી ઉખેડીને ફેંકી દેવો છે. તનમાં રોગો લાવીને, મનમાં અશાંતિ આણીને, કુટુંબમાં કુસંપ કરાવીને, જીવનમાં સંઘર્ષો ઊભા કરીને, હૃદયને ઉદ્વિગ્ન બનાવીને અને આતમરામને મેલો કરીને એ અધમાધમ ક્રોધે આપણું બગાડવામાં કાંઇ બાકી રાખ્યું નથી. મહાશત્રુ તરીકે તેનો પરિપૂર્ણ પરિચય આપણે કરી લીધો છે. હવે તો રણશિંગાં ફૂંકવાં પડશે. કાયરતાને ખંખેરીને હવે હાથમાં હથિયારો લેવાં પડશે. એ ક્રોધની ઉપર જ હવે ક્રોધથી ધમધમવું પડશે. આંખના ખૂણાને લાલ કરી ક્રોધની સામે સંગ્રામ ખેલી લેવા સજ્જ થવું જ પડશે. દઢ સંકલ્પ થઇ ચૂક્યો છે, શૌર્ય ખીલી ઊઠયું છે, ક્રોધને પડકાર અપાઇ ચૂક્યો છે, હવે જંગ ખેલી જ લઇએ. ક્રોધની ગળચી દબાવીને તેની સ્મશાનયાત્રા કાઢવી જ રહી. ક્રોધની સ્મશાનયાત્રા એ આપણી વિજયયાત્રા હશે. ચાલો, ત્યારે યુદ્ધના ડાકલાં વાગી રહ્યાં છે, આપણે બધો શસ્ત્રસરંજામ એકઠો કરવા મંડી પડીએ.

આ પ્રકરણમાં ક્રોધવિજયના અનેક ઉપાયોને આપણે વિચારવા છે. કેટલાક ઉપાયોથી ક્રોધ કામચલાઉ શાંત પડી જશે. પણ, તેની સર્વથા હાકલપટ્ટી નહિ થાય તો ગમે તે ક્ષણે છાપો મારીને તે આપણને પટકી નાંખશે. માટે ક્રોધનાં દમન કરતાં ખરેખર તો ક્રોધનું શમન જ થવું જોઇએ. ક્રોધને વશ બની જવાથી તનનાં, મનનાં અને બીજાં પણ અનેક પ્રકારનાં નુકસાનો થાય છે. કેટલાક ઉપાયો દ્વારા ક્રોધને દબાવી દેવાથી તે બાહ્ય નુકસાનોથી કામચલાઉ બચી જવાય છે. પણ તે દમન પામેલો ક્રોધ વધુ છંછેડાય છે અને ક્યારેક એવો જાલિમ હલ્લો કરે છે કે તેનાથી બચવું અશક્યપ્રાયઃ હોય છે. દબાવેલો ક્રોધ શરીરનાં અને મનનાં સંપૂર્ણ તંત્રને હચમચાવી નાંખે છે. જલતા અગ્નિ ઉપર રાખ ઢાંકીને આગ શાંત પડયાનો સંતોષ માનીને નિશ્ચિત બની જઇએ તો ક્યારેક જીવલેણ આફતનો ભોગ બની જવાય. આગને સંપૂર્ણ ઓલવી નાખવી એ જ શ્રેષ્ઠ ઉપાય છે. તે માટે આ પુસ્તકમાં અન્યત્ર વર્ણવેલી ભાવનાઓ એ અકસીર ઉપાય છે. તદુપરાંત, અહીં તરેહ-તરેહનાં શસ્ત્રો અને હથિયારોનું મોટું શસ્ત્રાગાર ખુલ્લું કરાઇ રહ્યું છે. પોલીસની લાઠી જેવા કેટલાક ઉપાયો ક્રોધને ડરાવશે. યોદ્ધાની ઢાલ જેવા કેટલાક ઉપાયો ક્રોધના ભીષણ હુમલા સામે માત્ર રક્ષણ કરી શકશે. કેટલાક ક્રોધને થોડી ઇજા પહોંચાડશે, કેટલાક તેને ઘાયલ અને અપંગ બનાવશે તો કેટલાક ઉપાયો તેના રામ પણ રમાડી શકે.

આવો, ત્યારે આ વિશાળ શસ્ત્રાગારમાં અને હું તમને બતાવું જાત-જાતનાં શસ્ત્રો. તમને પસંદ પડે તે ઊંચકી લેવાની છૂટ.

(૧) સામનીતિ : રાજ્યનીતિનાં શાસ્ત્રોમાં શત્રુ પર વિજય પ્રાપ્ત કરવા માટે ચાર પ્રકારની નીતિ બતાવવામાં આવી છે. તેમાં પહેલી છે - સામ નીતિ. સામ- સમજાવવું. માત્ર થોડી સમજાવટથી શત્રુ વશમાં આવી જતો હોય તો સમશેરને શું કામ સજાવવી અને લોહી શું કામ રેડવા ? ક્રોધાવેગથી વ્યાપ્ત બનેલ મનને સમજાવીને રોકવું તે એક સુંદર ઉપાય છે. ડહાપણવાળો બાપ તોફાની દીકરાને ખોળામાં બેસાડીને માથે હાથ ફેરવતાં ફેરવતાં ડાહી શિખામણો આપીને સમજાવે તેમ મનડાને સમજાવવું જોઇએ. સમજાવવા માટે દલીલો ક્યાં ઓછી છે ? જેવી કે-

A : હે મનડા, અત્યારે જે વિચારોના ચગડોળે તું ચડયું છે, તે વિચારોની અભિવ્યક્તિ માટે આક્રોશનાં વચનો કે કાયિક ક્રોધ સિવાય બીજો કોઇ રસ્તો છે જ નહિ ? અને, તે વિચારોની અભિવ્યક્તિ થવી જ જોઇએ ? નહિ થાય તો તને નુકસાન થઇ જવાનું છે ? જવા દે ને...

B : મનજીભાઇ, તમે તમારા ક્રોધના પાત્ર અંગે થોડોક વિચાર કરી લો. તેણે ભરેલું પગલું ઉચિત હતું કે અનુચિત ? તેનાં જે વર્તનથી તમને આ તરંગો ઊઠયા છે તે વર્તન જો ઉચિત હોય તો આ તરંગો બિલકુલ ગેરવ્યાજબી છે. તેની ખરેખર ભૂલ હતી તો પણ ઇરાદો તો ભૂલ કરવાનો નહિ જ હોય. કોઇક સંયોગો, કારણો કે લાચારીઓએ જ તેને આ ભૂલ કરવા ફરજ પાડી હશે. તો પછી તેને ભૂલ કરવા પ્રેરનાર તે કારણો જ દોષપાત્ર છે, વ્યક્તિ નથી. તો તો, રહેવા દો ક્રોધ કરવાનું, તે વ્યક્તિને અન્યાય થઇ જશે.

C : અરે મનુભાઇ, ક્રોધ કરવાથી આપણને પણ નુકસાન થવાનું છે, તેમને પણ નુકસાન જ થવાનું છે. તો રહેવા દો ને આ નુકસાનીનો ધંધો.

D : ખરેખર મનડા, ભૂલ તો આપણી પણ ક્યાં નથી થતી ? અને આપણી ભૂલ થાય છે ત્યારે સામેની વ્યક્તિ ક્ષમા આપે તેવી અપેક્ષા આપણને નથી રહેતી ?

E : જરા શાંતિથી વિચારી લે મનડા, તું ઉતાવળ તો નથી કરતો ને ? તને જે અપરાધી લાગે છે તે કદાચ અપરાધી ન પણ હોય.

F : મન, તું બરાબર સમજી લે કે, ગુસ્સો વ્યક્ત કરવો એ પરાક્રમ નથી, કાયરતા છે.

G : મન, થોડીક તો વણિક્વૃત્તિ તું કેળવ. તે વ્યક્તિના અપરાધથી જે નુકસાન થયું છે તે બહુ મામૂલી છે. પણ, તું ક્રોધવેશને વશ બનીશ તે નુકસાન

બહુ મોટું થશે.

H : મનડા, તે વ્યક્તિએ કરેલું નુકસાન ક્રોધથી ભરપાઇ તો થવાનું જ નથી, કદાચ ભૂલોની પરંપરા વધશે. તો ક્રોધાવિષ્ટ બનવું તે તો તારું ડહાપણ છે કે ગાંડપણ ?

I : થોડી પળો પછી ભયંકર પશ્ચાત્તાપના અગ્નિમાં ન શેકાવું હોય તો હે મનડા, તું જલ્દી શાંત પડી જા.

J : મન, આપણે કોઇના અપરાધના બદલામાં ક્ષમા જ ધારણ કરીએ તો પેલો વધુ માથે ચડશે તેવો તને ડર છે. પણ ભલે ને વધુ નુકસાન કરે ? વધુમાં વધું શું કરી લેવાનો છે ? ઉત્કૃષ્ટ નુકસાનની કલ્પના કરી લઇએ એટલે જે કાંઇ નુકસાન થાય તે ઓછું જ લાગે. પછી ક્રોધને અવકાશ જ ન રહે. આપણી ધારણા કરતાં ઓછું નુકસાન કર્યું માટે તે વ્યક્તિ અપરાધી લાગવાના બદલે ઉપકારી લાગે.

ઉપદેશ માટે એક શિષ્યને સ્વતંત્ર વિચારવાની અનુમતિ આપતા પહેલાં એક સંતે તેની કસોટી કરવા પૂછયું :

"તારો ઉપદેશ સાંભળીને કોઇ તને ગાળો દેશે તો તું શું કરીશ ?"

" ત્યારે હું વિચારીશ કે મને પથ્થર તો મારતા નથી ને?"

"અને, પથ્થર મારશે તો ?"

"ત્યારે હું વિચારીશ કે મને તીક્ષ્ણ શસ્ત્રોથી તો નથી મારતા ને ?"

"અને, તીક્ષ્ણ શસ્ત્રોથી મારશે તો?"

"તો હું વિચારીશ કે મને જાનથી તો નથી મારી નાખતા ને?"

"અને, તને કદાચ જાનથી મારી નાખે તો ?"

"તો પણ શું થઇ ગયું ? મારા દેહને મિટાવી શકશે, આત્માનાં અસ્તિત્વને તો નાબૂદ નહિ કરી શકે ને ? તે કોની તાકાત છે ? આત્મા તો અમર છે. મને કોઇ જાનથી મારશે ત્યારે પણ હું તો અત્યંત સ્વસ્થ જ હોઇશ."

સંત તેના જવાબો સાંભળીને ખુશ થયા અને તેની ઉપદેશયાત્રાની સફળતા માટે અંતરના આશિષ આપ્યા.

મનડા, જોઇ લે, ક્ષમા કેટલી સહેલી છે ! પેલા મુસ્લિમ સંતનો પ્રસંગ પણ જાલી લે.

રસ્તા પરથી પસાર થતા હતા. એક મકાનમાં ઉપરથી કોઇ બાઇએ માથા પર રાખ નાખી. સાથે રહેલા શિષ્યો ધમધમી ઊઠયા ત્યારે આ સંતે તેમને શાંત પાડતા કહ્યું : "અરે, પાડ માનો ખુદાનો. આપણે તો એવાં કર્મો પૂર્વે કરેલાં છે કે

જલતા અંગારા જ આપણી ઉપર વરસવા જોઇએ, આ તો રાખથી પતી ગયું."

K: "મન, તને આ વ્યક્તિ પર ક્રોધ કેમ આવે છે ? તે અપકાર કરે છે માટે જ ને ? અપકાર કરનાર પર જ ક્રોધ કરવો હોય તો ક્રોધને જ તારા ક્રોધનું પાત્ર બનાવ કારણ કે ક્રોધ આદિ આંતરશંત્રુઓ જેવો અપકાર આ જગતમાં બીજું કોણ કરવાનું ?

આવી તા કેટલી ડહાપણ ભરેલી યુક્તિઓ અને ઉક્તિઓથી તરંગિત બનેલા મનને શાંત કરી શકાય છે. ખાનદાન અને યોગ્ય વ્યક્તિ સમજાવટથી જેમ તુરંત સમજી જાય તેમ ક્રોધાવિષ્ટ મન પણ આવી સામનીતિથી શાંત પડી શકે. પણ, વંઠેલા મનને માટે બીજી નીતિઓનો પણ આશરો લેવો પડે.

(૨) દામનીતિ : લાંચ અને લાલચથી કેવા કામ કાઢી શકાય તે આજની દુનિયાને સમજાવવું પડે ? કેરીના કરંડિયા અને મીઠાઇનાં પેકેટથી મોટા અફસરોને પણ આધીન નથી બનાવી દેતા લોકો ? થોડીક નોટો ખીસાંમાંથી ખાલી કરીને તે ખીસામાં ઇન્કમટેક્સ ઓફિસરને રાખીને કૈંક લોકો નીડરપણે નથી ફરતા ? આ દામનીતિ છે. ક્રોધને વશ કરવામાં પણ તેનો ઉપયોગ થઇ શકે. પુત્રના ક્રોધને શાંત કરવા પિતા કે મિત્રના ક્રોધને શાંત કરવા તેનો મિત્ર તેને કોઇ ઇનામ કે ઉપહારની લાલચ આપે અને પેલો શાંત પડી પણ જાય.

"અત્યારે તુ શાંત પડી જઇશ તો તારી વર્ષોની માંગણી હું પૂરી કરીશ."

"અત્યારે તું ઠંડો પડી જા, તારી સાયકલની માંગણી પૂરી કરી આપીશ."

અન્યના ક્રોધને શાંત કરવા માટે આ પ્રકારની દામનીતિ પણ અકસીર બની શકે.

(૩) દંડનીતિ : ભયને કારણે માણસ કેટલી પ્રવૃત્તિઓ કરતા અટકે છે. ભય એ માનવમનની નિર્બળતા છે. આ નિર્બળતાનો લાભ ઉઠાવીને ક્રોધના આવેશથી જાતને બચાવવી જોઇએ. ક્રોધના આવેશને રોકવા પોતે જ પોતાના પર કોઇ દંડ નક્કી કરે તો તે દંડનો ભય ક્રોધના કેટલાય પ્રસંગોમાંથી ઉગારી શકે. ભયભીત માનસ પ્રવૃત્તિથી અટકે છે, તે નિશ્ચિત છે.

એક નગરમાં રાજાએ ઢંઢેરો પીટાવ્યો હતો કે, જે માણસની બકરી સામે પડેલા લીલા ઘાસમાં મોં નહિ ઘાલે, તેને મોટું ઇનામ આપીશ. ખેડૂતો આવ્યા અને રબારીઓ પણ આવ્યા. સહુ પોત-પોતાની બકરીને ખૂબ કેળવીને લાવ્યા. કોઇ પેટભર ખવડાવીને લાવ્યા. પણ, જેવું બકરી સામે ઘાસ ધર્યું કે બકરી તેમાં મોં નાખી જ દેતી. એક પઠાણ પોતાની બકરી લઇને આવ્યો. તેના હાથમાં દંડો હતો.

હજારો માણસ ઉપસ્થિત હતું. રાજા હાજર થયો. પઠાણની બકરી સામે ઘાસ ધરવામાં આવ્યું. પણ, તે બકરી તો ઘાસમાં મોં નાખતી જ નથી. સહુને આશ્ચર્ય થયું. પઠાણને રાજાએ મોટું ઇનામ આપ્યું. સહુ કોઇએ પઠાણને તેની સફળતાનું સહસ્ય પૂછ્યું. પઠાણે પ્રત્યુત્તર આપ્યો :

"છેલ્લા ૧૫ દિવસથી મેં તેની પાછળ ખૂબ જ મહેનત લીધી છે. રોજ હું તેની સામે ઘાસ ધરતો પણ જેવું તે તેમાં મોં નાખવા જાય કે તુરત તેના માથા પર હું દંડો ફટકારતો. બે દિવસ આમ ચાલ્યું. પણ ત્રીજી દિવસથી મારા દંડનાં મારનો એવો ભય તેને પેસી ગયો કે, હું બાજુમાં ઊભો હોઉં ત્યારે ઘાસમાં મોં નાખવાની હિંમત જ ન કરે. આમ, દંડાના મારનો ભય હોવાના કારણે બકરીએ ઘાસ સામે હોવા છતાં તેમાં મુખ ન નાંખ્યું."

ક્રોધને પણ દંડથી જીતી શકાય છે. દંડના ભયથી ક્રોધના વાદળો ઘેરાતા મન સાવધાન થઇ જાય છે અને વાદળો વરસ્યાં પહેલાં જ વિખરાઇ જાય છે. દંડ અનેક પ્રકારના નક્કી કરી શકાય. ક્રોધનો આવેશ આવી જાય તો ૧૦૦/- રૂા. શુભકાર્યમાં ખર્ચવા, એક ઉપવાસ કરવો, જેના પર ક્રોધ થાય તેની તુરત માફી માંગવી, ભોજનની પ્રિય ચીજનો ત્યાગ કરવો, સો ખમાસમણ દેવા આદિ ભાત-ભાતના દંડ નક્કી કરી શકાય. એટલું ચોક્કસ છે કે, દંડ જેટલો ભારે હશે તેટલી સફળતા જલ્દી મળશે. એક વાર ક્રોધમાં સો રૂપિયાની નોટ સીધી ખીસામાંથી કાઢવી પડે ત્યારે ક્રોધનું નુકસાન સાક્ષાત્ દેખાય છે અને બીજી વાર સાવધાની આપોઆપ આવી જાય છે.

કેન્સરની ગાંઠ નીકળી હોય તો તેના ઉપચાર માટે લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં કોઇ ખચકાટ થતો નથી, કારણ કે તે કેન્સરની ભયંકરતાનો પૂરો ખ્યાલ છે. તેમ ક્રોધને તો જ્ઞાનીઓએ કેન્સર કરતાં પણ ભયંકર ગણ્યો છે. તેના ઉપચાર માટે કદાચ એકાદ-બે વાર સો રૂપિયાની નોટ કાઢવી પડે, પણ તેનાથી ક્રોધ જીતી શકાતો હોય તો પૈસાની તો શું કિંમત છે ?

એક ભાઇને ક્રોધ ખૂબ સતાવતો હતો. આવા દંડ કરીને તેમણે ક્રોધ પર ખૂબ વિજય પ્રાપ્ત કરી લીધો પણ, પછી તો ચિત્તમાં પેદા થતા સૂક્ષ્મ સંકલેશો પણ તેમને મહારોગ જેવા લાગ્યા તેને કાઢવા માટે પણ તે સજ્જ બન્યા. મનમાં થોડી ચીડ હોય ત્યારે ઘણીવાર આપણે શબ્દોને બેવડાવીને વાત કરતા હોઇએ છીએ. જેમ કે થેલી જોઇતી હોય અને મળે નહિ એટલે મનમાં સૂક્ષ્મ ચીડ આવે અને બોલાઇ જાય : ઘરમાં થેલી બેલી છે કે નહિ ? આ રીતે વાતમાં શબ્દ બેવડાઇ જાય તો પણ બીજા દિવસે ઉપવાસ કરવાનો તે ભાઇએ નિયમ કર્યો હતો.

ટૂંક સમયમાં તો એ સમતાસાગર બની ગયા.

દંડના ભયથી રાજ્ય કે દેશમાં ગુનાખોરી જો નાબૂદ કરી શકાતી હોય તો ક્રોધ જેવી અધમ આંતરવૃત્તિઓને ડામવામાં આ દંડનિતી કામયાબ ન બને ? ગુન્હાઓ માટે સજા ફરમાવનાર ન્યાયતંત્ર અને પોલીસતંત્ર ન હોય તો રાષ્ટ્રની શું દશા થાય ? એટલું જ વિચારો, એટલે આ ભયાનક ગુંડા સામે કડક પગલાં લીધા વિના ન જ રહેવાય, એવો અવાજ અંદરથી ઊઠયા વિના નહિ રહે.

(૪) ભેદનીતિ : અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે ભારતના રાજાઓ મહાશૌર્યવાન હતા. તેમનાં લલાટ પર તેજ અને લોહીમાં ખમીર હતું. સૈન્ય અને શસ્રોની તાકાત પણ અમાપ હતી. અંગ્રજો પાસે આમાંની કોઇ તાકાત નહોતી છતાં, અંગ્રેજો આવ્યા, આ રાજાઓને વશ કર્યા અને હિંદુમહાસત્તાના અધિપતિ બન્યા. તેનું કારણ એ હતું કે તેમણે Divide & Rule ની ભેદનીતિ અપનાવી હતી. ખંડિયા રાજાઓ વચ્ચે પરસ્પર કુસંપ કરાવીને આ અંગ્રેજોએ તેમને લડાવી માર્યા. સંગઠનબળ તૂટવાથી તે શૂરવીર સમ્રાટો પણ નબળા પુરવાર થયા અને અંગ્રેજો સત્તા પચાવી બેઠા.

પરસ્પર કુસંપ કરાવીને પ્રતિપક્ષનું સંગઠનબળ તોડી નાખવું તે કાતિલ ભેદનીતિ છે. માનવ કોઇ પણ પ્રવૃત્તિ કરે છે ત્યારે ત્રણ શક્તિઓ તેમાં સામેલ થાય છે. ૧. મનશક્તિ, ૨. વચનશક્તિ, ૩ કાયિકશક્તિ. આ ત્રણ શક્તિઓની સંગઠિત તાકાતથી જે પ્રવૃતિ થાય તે ખૂબ પ્રબળ હોય છે. આ ત્રણ શક્તિઓ વચ્ચે જ્યારે કુસંપ થાય છે ત્યારે થતી પ્રવૃત્તિ ખૂબ નબળી અને પાંગળી હોય છે. આપણી અનેક ધર્મપ્રવૃત્તિઓ અત્યંત નબળી અને માલ વગરની હોય છે તેનું રહસ્ય આ જ છે. જે ઇરિયાવહીની ક્રિયા કરતાં અતિમુક્ત મુનિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ હતી, તે ક્રિયા વારંવાર કરવા છતાં આપણને કોઇ વિશિષ્ટ અનુભૂતિ થતી નથી, તેનું રહસ્ય આ જ છે. આપણી ધર્મપ્રવૃત્તિઓમાં મોટે ભાગે મન, વચન અને કાયાનો કુસંપ થઇ જાયછે. કાયાથી પ્રતિક્રમણની ક્રિયા કરીએ, વચનથી પ્રતિક્રમણનાં સૂત્રો બોલીએ પણ મન બંડ પોકારે છે. ધર્મપ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયેલાં કાયા અને વચનને તે સાથ નથી આપતું અને તેથી કુસંપ સર્જાય છે. પછી, ધર્મપ્રવૃત્તિ થાય છે ખરી, પણ મડદા જેવી. માટે મન, વચન અને કાયાનો સંપ સાધીને ધર્મપ્રવૃત્તિ કરવામાં આવે તો તેનું સામર્થ્ય ખૂબ જ વધી જાય છે.

બીજી તરફ, અશુભ પ્રવૃત્તિનો પાવર ઘણો હોય છે, કારણ કે ત્યાં મન, વચન અને કાયાની એકસંપી હોય છે. વચન કે કાયાથી થતી અશુભ પ્રવૃત્તિમાં મન પણ ઓતપ્રોત થઇ જાય તો તે અશુભ પ્રવૃત્તિ ખૂબ પાવરફુલ બની જાય. પાપ

પ્રવૃત્તિઓને નબળી પાડવા ભેદનીતિ અપનાવીને મન, વચન અને કાયામાં કુસંપ ઊભો કરવામાં આવે તો વિજય હાથવેંતમાં છે. ક્રોધ પણ એક દુષ્ટ વૃત્તિ છે. તેનાં પર વિજય પ્રાપ્ત કરવા માટે આ ભેદનીતિ ખૂબ કામની છે. ક્રોધનું વાવાઝોડું મનના દરિયામાંથી ફૂંકાવાનું શરૂ થાય છે. તુરત જ અગમચેતીનાં પગલાં લઇને મનમાં ઊભા થયેલા ક્રોધાવેશમાં વચન અને કાયાને ભળતાં અટકાવી દેવાય તો મોટા અનર્થથી બચી જવાય. મનમાં ઉગેલો ક્રોધ વચન કે કાયાથી અભિવ્યક્ત થાય છે ત્યારે તે મોટું નુકસાન સર્જે છે. તેથી, મનના આવેગમાં વચન અને કાયાને સાથ આપતાં અટકાવી દેવાય તો મોટી હોનારત અટકી જાય.

કોઇ વાર પોતાનાં સંતાનો કે આશ્રિતોનાં જીવનની સુધારણા માટે આંખનો ખૂણો લાલ કરવાની જરૂર હોય છે, તો ક્યારેક ઠપકો પણ આપવો પડે. માત્ર લાડ લડાવે, પણ ક્યારેય તેની ભૂલોને રોકે નહિ તો તે સંતાનનું જીવન બગડે છે. પ્રેમ અને વાત્સલ આપવું તે કાન્તગુણ છે તો ક્યારેક આંખ લાલ કરવી પડે તે ભીમગુણ છે. સંતાનોની સુધારણા માટે ભીમ બનવાનો પ્રસંગ આવે ત્યારે ક્યારેક હાથ પણ ઉપાડવો પડે અને ક્યારેક ઠપકો પણ આપવો પડે. તેવા પ્રસંગોમાં પણ આ ભેદનીતિ અપનાવીને વચન કે કાયાથી થઇ રહેલી ક્રોધની પ્રવૃત્તિથી મનને નિર્લેપ રાખવું જોઇએ. મન પણ તે ક્રોધમાં ભળેલું હોય ત્યારે તે ભીમગુણ મટીને દુષ્ટ ક્રોધનું જ સ્વરૂપ ધારણ કરી લે છે, બહારથી ભલે ક્રોધ દેખાતો હોય પણ હૃદયમાં નીતરતું વાત્સલ્ય હોય અને દ્વેષભાવનો છાંટો પણ ન હોય ત્યારે તે ભીમગુણ બને છે.

આમ, મનમાં ઉગેલા ક્રોધને વચન કે કાયાથી પ્રવૃત્ત ન થવા દેવો તે પણ ભેદનીતિ અને વચન કે કાયાથી કરવા પડતા ક્રોધમાં મનને ભળવા ન દેવું તે પણ ભેદનીતિ.

(૫) કાલક્ષેપ : કોઇ પણ પ્રવૃત્તિનો પાવર ઘટાડવાનો એક અક્સીર ઉપાય છે - કાલક્ષેપ. મનમાં લાખ રૂપિયાનું દાન આપવાનો વિચાર આવ્યા પછી તેનો જો તુરંત અમલ ન થાય તો તે શુભ ભાવના મોળી પડતી જાય છે અને ક્યારેક સાવ મરી પરવારે છે. તેમ કોઇ દુષ્ટ વ્યક્તિને પોતાના શત્રુનું ખૂન કરવાનો વિચાર આવ્યા પછી તે બાબતમાં વિલંબ કરે તો તેનો આવેશ ઠંડો પડયા વગર રહે નહિ. આપણી આ મન:સ્થિતિ હોવાના કારણે શુભ કાર્યને ક્યારેય વિલંબમાં ન મૂકવું જોઇએ અને અશુભ કાર્યમાં શક્ય તેટલો વિલંબ વધારવો જોઇએ. ક્રોધનાં તોફાનોથી બચવા આ કાલક્ષેપ તો બહુ મોટું અને અક્સીર શસ્ત્ર છે. પણ થોડું કઠીન છે. કારણ કે, ક્રોધના આવેશનો વેગ એટલો તીવ્ર હોય છે કે તેને થોડા પણ વિલંબમાં મૂકવાનું અત્યંત મુશ્કેલ બની જાય છે.

પણ, જો કોઇપણ ઉપાયથી આ કાલક્ષેપ કરી દેવામાં આવે તો ક્રોધનો જુસ્સો ઘણો ઘટી જાય.' શાસ્ત્રોમાં વંક્ચૂલનું કથાનક પ્રસિદ્ધ્ છે. તે ચોરપલ્લીનો સરદાર હતો. એક સાધુ મહાત્માએ તેને ચાર વિચિત્ર પ્રતિજ્ઞાઓ આપી. તેમાં એક પ્રતિજ્ઞા એ હતી કે - કોઇ વ્યક્તિની હત્યા કરવા માટે શસ્ત્ર ઉગામે ત્યારે ઘા કરતા પહેલાં સાત ડગલાં પાછા હઠવું. દેખાવમાં તો કેટલી સામાન્ય લાગે આ પ્રતિજ્ઞા ! હકીકતમાં ક્રોધના આવેશને વિલંબમાં મૂકવાનો એક પ્રયોગ જ મુનિરાજે તેને સૂચવ્યો હતો. આટલા નાનકડા નિયમનું પણ મહાન ફળ તેને પ્રાપ્ત થયું.

એકવાર પોતાના સાગ્રીતો સાથે રાત્રે નગરમાં ધાડ પાડવા ગયો. આ બાજુ જંગલમાં તેની પલ્લી છે તેની નજીકની વસતિમાં રાત્રે નાટકમંડળી નાટક ભજવતી હતી. વંકચૂલની પત્ની અને બહેનને નાટક જોવા જવાની ઇચ્છા થઇ. પણ રાતના સમયે બન્ને એકલી સ્ત્રીને જોઇને કોઇ વ્યક્તિ ઉપદ્રવ ન કરે તે હેતુથી બહેને પુરુષનો વેષ ધારણ કર્યો. બન્ને નાટક જોઇને મોડી રાતે પાછાં આવ્યાં. આંખમાં ઊંઘ ખૂબ ભરાઇ હતી. તેથી કપડાં બદલવાની પર દરકાર ન રાખી. ઘરમાં પાથરેલી એક શેતરંજી પર નણંદ-ભોજાઇ બંને સૂઇ ગયાં. થોડીવારમાં ઘસઘસાટ ઊંઘ આવી ગઇ.

બહુ મોડી રાત્રે વંકચૂલ ઘરે આવ્યો. ઘરમાં પોતાની પત્ની સાથે કોઇ પુરુષને જોઇને તેનું બોઇલર ફાટયુ. તે સમસમી ઊઠ્યો. હાથ સીધો પહોંચ્યો તલવારની મૂઠ પર. એક જ ઝાટકે બંનેને ખતમ કરવા મ્યાનમાંથી તલવાર ખેંચી. ઘા કરવા જતાં જ નિયમ યાદ આવ્યો. ઉગામેલી તલવાર સાથે સાત ડગલાં પાછો હઠયો. પણ પાછા હઠવાથી ઉગામેલી તલવાર પાછળ અભરાઇ સાથે અથડાઇ અને અભરાઇ પરથી એક વાસણ નીચે પડયું. વાસણના અવાજથી પુરુષના વેષમાં રહેલી બહેન તુરત જાગી ગઇ અને ભાઇને જોતાં જ મુખમાંથી શબ્દો નીકળી પડયા : "ખમ્મા, મારા વીરા..." બહેનનો અવાજ સાંભળી ચોંકી ઉઠ્યો. બહેનને પુરુષના વેષમાં જોઇને તે આશ્ચર્ય પામ્યો. બહેને સત્ય હકીકત જણાવીને ભાઇનું આશ્ચર્ય દૂર કર્યું. આ બધી વાત સાંભળ્યા પછી તે પેલી પ્રતિજ્ઞા આપનાર મહાત્મા પ્રત્યે ઓવારી ગયો. સાત ડગલાં પાછા ફરીને આવેલા ક્રોધના આવેગને જરાક વિલંબમાં મૂક્યો તો કેટલી મોટી હોનારતથી વંકચૂલ બચી શક્યો. ઉતાવળ થઇ ગઇ હોત તો બહેન અને પત્નીનો ઘાત કરનાર તલવારથી પોતાનું ડોકું પણ છેદી નાંખવું પડયું હોત ! હવે તો કાલક્ષેપનો મહિમા આપણે સમજી શકીશું ને ? ક્રોધ કરવો એ ભૂલ છે અને ક્રોધ કરવામાં ઉતાવળ કરવી તે મહાભૂલ છે.

ઇમર્સન નામનાં એક ચિંતકે તે માટે જ કહ્યું છે : "ગુસ્સે ધીમે થાઓ, સમય ઘણો છે." ઇમર્સનની સલાહ આપણે માનીશું ?

ગુર્જિએફ નામનો એક તત્ત્વજ્ઞ થઇ ગયો. તેની માતા મરણ પથારીએ હતી.

ત્યારે તેણે પુત્રને સોનેરી સલાહ આપી હતી : "કોઇ તને ગાળ આપે તો ૨૪ કલાક સુધી તેને જવાબ આપીશ નહિ." માતાની સોનેરી સલાહને તેણે જીવનમાં અપનાવી. તેણે લખ્યું છે કે, ક્રોધને આ રીતે વિલંબમાં મૂકવાના કારણે મારી વૃત્તિઓ શાંત પડી જતી હતી. તેથી, ક્રોધના અનેક પ્રસંગોથી હું આબાદ બચી જતો.

એક યુવાને એક સંતને ક્રોધને જીતવાનો ઉપાય પૂછયો. સંતે સરસ ઉપાય બતાવ્યો. "મને હવે ક્રોધ આવી રહ્યો છે." એ લખાણવાળી કાપલી ખીસામાં રાખવી. ગુસ્સો આવે ત્યારે ૨૧ વાર કાપલી વાંચ્યા પછી જ ગુસ્સે કરવો. ૨૧ વાર વાંચે તેટલો સમય ક્રોધના આવેગને શાંત માડવા માટે પૂરતો છે.

ગુજરાતીમાં એક કહેવત છે કે અણી ચૂક્યો સો વરસ જીવે. કાલક્ષેપ દ્વારા એકવાર ક્રોધના પ્રસંગને વિલંબમાં મૂકી દીધા પછી લાંબો સમય સુધી સમત્ત્વભાવને આંચ ન આવે તેવું બની શકે. કાલક્ષેપ એ જડીબુટ્ટી છે. કદાચ ડોશીમાનું વૈદું લાગશે, પણ છે અકસીર. દુર્વાસાઓએ તો આ ગુટિકાંનું નિયમિત સેવન કરવા જેવું છે. ક્રોધની ગાડી જ્યારે ઢાળ પરથી ગબડતી હોય છે ત્યારે કોઇપણ રીતે તેને અટકાવવાની જરૂર હોય છે તેથી, બને તેટલા અવરોધથી તેની ગતિ ભાંગી નાખવી જોઇએ. આવેશમાં આવીને અઘટિત પગલું ભરી લીધા પછી ક્ષમાનો ભાવ આવે તો પણ ઘુણું મોડું ગયું હોય છે. અંગ્રેજીમાં કહેવત છે Forgive your enemies before they are hanged.

કોઇની ભૂલ માટે ટકોર કરવાની હોય ત્યારે પણ કાલક્ષેપનો આચાર પાળવાની ખૂબ જરૂર હોય છે. કોઇ ભૂલ કરે કે તુરત તેને ટકોર કરવાની ઘણાને ટેવ હોય છે. તેનાથી પોતાનું મહત્વ સ્થાપિત થવાનો અહં પોષાવાનો એક મિથ્યા સંતોષ અનુભવાય છે. ભૂલના વખતે જ થતી આવી ટકોર બળતામાં ઘી, દાઝયા પર ડામ કે પડ્યા પર પાટુ જેવી પુરવાર થાય છે. પોતાની ભૂલથી વ્યક્તિ પોતે વ્યથિત હોય છે. તે દર્દભીનું હૈયું તુરત થતી ટકોરને સહન કરવા અસમર્થ હોય છે. તુરત ટકોર થાય તો ભૂલ કરનારને પોતાની ભૂલનો બચાવ કે પક્ષપાત કરવાનું મન થાય છે. તેથી, ભૂલ સુધારવાને બદલે પરિસ્થિતિ વકરે છે. માટે, પ્રસંગ વીતી ગયા બાદ યોગ્ય સમયે, યોગ્ય શબ્દોમાં, યોગ્ય રીતે એકાંતમાં કહેવાથી જ અસર થાય છે. ભૂલના પ્રસંગે જ કહેવામાં આવે તો કહેનારના શબ્દોમાં કર્કશતા આવી જાય છે. થોડા વખતના વિલંબ પછી કહેવાતા શબ્દોમાં મીઠાશ અને મૃદુતા લાવી શકાય છે.

(૬) મૌન : એક શિક્ષકે વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછયો :" વિશ્વની સહુથી નાજુક ચીજ કઇ ?"

એક વિદ્યાર્થીએ કહ્યું : "કાચનાં કપ-રકાબી, કારણ કે, પડતાની સાથે જ તે ફૂટી જાય છે."

બીજો વિદ્યાર્થી બોલ્યો : "સૂતરનો તાંતણો તેનાથી પણ નાજુક છે. કારણ કે, ફૂંક મારતાની સાથે તે તૂટી જાય છે."

ત્રીજો વિદ્યાર્થી બોલ્યો : "ના, તેનાથી પણ અત્યંત નાજુક એક ચીજ છે કે તેનું નામ બોલો તો પણ તે તૂટી જાય છે. તે છે - મૌન. મૌન ધારણ કરેલું હોય અને "મૌન" શબ્દનો ઉચ્ચાર કરે તો પણ મૌન તૂટી જાય છે." મૌન નામની આ નાજુક ચીજ ક્રોધવિજય માટેનું એક અકસીર ઔષધ છે.

મહાન તત્વચિંતક પ્લેટોને ક્રોધ આવતો ત્યારે ખૂણામાં જઇને શાંત બેસી રહેતો. કોઇ તેને પૂછે તો તે કહેતો કે મારામાં જન્મેલા વરુને મૌન દ્વારા હું શિક્ષા કરું છું. મૌન એ ક્રોધથી મલિન બનેલા મનને ધોવાનો ધોબીઘાટ છે. ક્રોધની પળોને મૌનને હવાલે કરો, જો બચવું હોય તો.

ઋષિઓનું વાક્ય છે : મૌનં સર્વાર્થસાધનમ્. ગુજરાતીમાં કહેવત છે : સબસે બડી ચૂપ. આ મૌનનો મોટો ફાયદો એ છે કે, પોતાના આવેશને રોકવા ઉપરાંત અન્યના આવેશને પણ શાંત કરી દે છે.

એક સુખી કુટુંબની કન્યા પરણીને સાસરે ગઇ. સાસરે પણ તે ખૂબ સુખી છે પણ ત્યાં એક જ વાતનું દુઃખ હતું કે સાસુ ખૂબ કજિયાખોર હતી. વહુની નાનકડી ભૂલમાં પણ તે તાડૂકી ઊઠતી અને, પિયરપક્ષમાં કોઇનું સાંભળ્યું નથી તે વહુ સાસુના કડવા ઠપકાને કેવી રીતે બરદાસ્ત કરે ? એટલે તે પણ સામે જંગ ખેલી લેતી. રોજ સંઘર્ષો બન્યા કરે અને ઘરનું આંગણું કુરૂક્ષેત્ર બની જાય. આ સંઘર્ષોથી આખા કુટુંબની શાંતિ ખોરવાતી. તે ઝગડાઓથી ત્રાસીને પિયર ચાલી ગઇ. તેની વાતો સાંભળીને તેને સાંત્વન મળે તે માટે તેની માતા દીકરીને ગામમાં રહેતા કોઇ બાવાજી પાસે લઇ ગઇ. દીકરીનાં સાસરિયાનું સંઘર્ષનું વાતાવરણ શમી જાય તેવો કોઇ ઉપાય બાવાજીને માતાએ પૂછ્યો. બાવાજીએ કહ્યું : "આવતીકાલે આવજો, એક તાવીજ તૈયાર કરી રાખીશ." દીકરી અને મા બીજા દિવસે બાવાજીની મઢૂલીમાં ગયાં. બાવાજીએ દીકરીના હાથમાં એક તાવીજ આપીને કહ્યું :

"આ તાવીજ ગળામાં પહેરી રાખજે. અને, જ્યારે તારી સાસુ તારી સાથે ઝગડવાનું શરૂ કરે કે તુરંત આ તાવીજ તારા મોઢામાં બે હોઠ વચ્ચે દાબી દેજે. આ તાવીજના પ્રભાવથી તારી સાસુ શાંત પડી જશે અને સંઘર્ષો મટી જશે."

તાવીજ લઇને દીકરી સાસરે ગઇ. થોડા દિવસ તો સારું ચાલ્યું. પછી સાસુનો

મૂળ સ્વભાવ પ્રગટ થવા લાગ્યો. નાનકડી વાતમાં ટોણા અને મેણાં શરૂ થયાં. સાસુએ બોલવાનું શરૂ કર્યું કે તુરત બાવાજીની સલાહ મુજબ વહુએ તાવીજ મુખમાં મૂક્યું. થોડીવારમાં સાસુ શાંત પડી ગયાં. જ્યારે જ્યારે સાસુ બોલવાનું શરૂ કરે ત્યારે વહુ આ ઉપાય અજમાવતી અને સાસુ શાંત પડી જતાં. થોડા જ દિવસમાં સાસુનો સ્વભાવ સાવ પલટાઇ ગયો અને સંઘર્ષો સદા માટે બંધ થઇ ગયા.

એક વાર ભાઇના લગ્ન પ્રસંગે વહુને પિયર આવવાનું થયું. તાવીજના ચમત્કારની માતાને વાત કરી. તાવીજનો મહિમા જાણવા બન્ને બાવાજી પાસે પહોંચ્યા, "બાવાજી, તમે એવા તે કયા મંતર ભણીને આ તાવીજ બનાવ્યું હતું કે તેનાથી આ ચમત્કાર થઇ ગયો ?"

બાવાજીએ રહસ્યોદ્‌ઘાટન કર્યું : "મેં તો કઇ મંતર ભણ્યા નથી કે કોઇ જડીબુટ્ટી પણ તાવીજમાં મૂકી નથી. તારી સાસુ બોલે ત્યારે તું સામે પ્રતિભાવ આપતી હતી તેથી સંઘર્ષ વધતો હતો. તેથી મારે તને મૌન શીખવવું હતું. પણ એમ ને એમ મૌન રહેવાનું તને જણાવ્યું હોત તો તને તેમાં શ્રદ્ધા ન બેસત. તેથી મેં તને તાવીજ મુખમાં હોઠ વચ્ચે દબાવી રાખવા કહ્યું. મોઢામાં તાવીજ દબાવેલું હોય એટલે તું બોલી જ ન શકે, મૌન આપોઆપ આવી જાય અને સંઘર્ષ અટકી જાય. તેથી, સંઘષો અટકી ગયા તે આ તાવીજનો ચમત્કાર નથી પણ મૌનનો ચમત્કાર છે."

પરમાત્મા મહાવીર દેવને સાડા વર્ષના સાધના કાળમાં પ્રાય: મૌન હતું. વિનોબા ભાવેએ એક વર્ષ સંપૂર્ણ મૌન પાળ્યું હતું. મૌનનો મહિમા આપણે સમજીએ તે માટે જ્ઞાની અને અનુભવી પુરુષો હજારો શબ્દોનો વ્યય કરીને ઘણું બોલ્યા છે. તે વ્યય દુર્વ્યય ન બની જાય તે માટે પણ મૌનનું શરણું સ્વીકારવું પડશે.

બોલવાથી સંઘર્ષો અને સંગ્રામો સર્જાય છે. મૌનને કારણે કલહો થયા હોય તેવું સાંભળ્યું નથી. આઠ દિવસના ઉપવાસ કરવા સહેલા છે, પણ એક દિવસનું મૌન રાખવું કઠિન છે.

મૌનનો મહિમા ગાતા એક કવિએ લખ્યું છે :

ચૂપસે શાભા જગતમેં,

ચૂપસે રહે આણ

ચૂપસે ભજન ભજત હે,

ચૂપસે રહે માન.

ગાંધીજીએ કહ્યું છે : મૌન એ સર્વોત્તમ ભાષણ છે.

ઝાંઝર ખૂબ અવાજ કરે છે, તેનું સ્થાન પગમાં છે,

હારનો અવાજ ઓછો છે, તેનું સ્થાન હૈયા પર છે,

મુગટ સર્વથા મૌન છે, તેનું સ્થાન મસ્તક પર છે.

મૌનથી માનવીનું મૂલ્ય પણ વધે છે, તે નિર્વિવાદ છે. ડૉક્ટરોનો અભિપ્રાય છે કે શારીરિક સ્વસ્થતા માટે મૌન એક સારું ઔષધ છે. ઉપદ્રવનાં નિવારણ માટે દોરા-ધાગા કે મંત્ર ભણવામાં આવે છે. આવા કોઇ ઉપાયથી ચાર આના ફાયદો થાય, કોઇથી આઠ આના, કોઇથી બાર આના, કોઇથી ચૌદ આના તો કોઇથી સોળ આના. પણ, કલહ અને કજિયાના ઉપદ્રવમાં મૌન સેવવામાં આવે તો સાડી સત્તર આના લાભ થાય છે, તે નક્કી વાત છે. તેથી ગુજરાતીમાં કહેવત છે : મૂંગી મંતર, સાડી સત્તર. બોલવાથી સંઘર્ષ જાગે છે, મૌનથી શમે છે.

ગુજરાતીમાં કહેવત છે : નવ બોલ્યામાં નવ ગુણ. અંગ્રેજીમાં કહેવત છે : Silence is wisdom. ઉર્દૂમાં મૌનને 'ખામોશ' કહે છે.

એક રાજાનો કુંવર જન્મથી મૂંગો હતો. તેને બોલતો કરવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા. કુંવર પ્રતિભાસંપન્ન હોવાથી મૂંગો હોવા છતાં ઘણી કલાઓમાં પારંગત બન્યો. એકવાર શિકારીઓ સાથે જંગલમાં ગયો. ઘણું ફરવા છતાં કોઇ શિકાર ન મળવાથી નિરાશ થઇને શિકારીઓ પાછા ફરતા ત્યારે ઝાડીમાંથી તેતર પક્ષીનો અવાજ આવ્યો. અવાજની દિશામાં શિકારીઓએ તીર છોડયા. અને તુરત તે વીંધાઇ ગયું. આ જોઇને પેલો મૂંગો કુંવર તુરત મોટેથી બોલી ઊઠયો : "બોલ્યું કેમ ?" પેલા શિકારીઓ તો સાંભળીને એકદમ આનંદિત બનીને નગર તરફ દોડયા. દૂરથી રાજાને વધાંમણી આપી : "નામદાર, કુંવર બોલતા થઇ ગયા." હર્ષોન્મત્ત બનેલા રાજાએ ગળામાંથી હાર કાઢીને શિકારીને ભેટ આપ્યો. રત્નજડિત સિંહાસન પર કુંવરને બેસાડીને તેની સાથે વાત કરવા રાજા આતુર બન્યો. પણ, કુંવર તો મૂંગો જ છે. ઘણું સમજાવવા છતાં એક અક્ષર પણ બોલતો નથી. રાજાએ વિચાર્યું "મારી પાસેથી ભેટ લેવા શિકારીઓએ છળ કર્યું લાગે છે. કુંવર ક્યાં બોલતો થયો છે?" હવે રાજાનો પિત્તો ગયો. ખોટી વધામણી આપનાર શિકારીને શૂળીએ ચડાવવાનો આદેશ કર્યો. શિકારીને શૂળીએ ચડાવવાની તૈયારી થઇ ગઇ છે. રાજા, કુંવર, મંત્રીઓ અને હજારો માણસો એકત્ર થયા છે. શિકારીની આંખમાં આંસુ છે, તેની આરઝૂ સાંભળવા કોઇ તૈયાર નથી. ત્યારે, પેલો કુંવર એકદમ બોલી ઉઠયો : "બોલ્યો કેમ ?"

રાજા ઉપસ્થિત જ હતો. કુંવરને બોલતો સાંભળીને સ્તબ્ધ થઇ ગયો. શિકારીને અભયદાન આપ્યું. કુંવરને બેસાડીને પૂછયું : 'તને બોલતા આવડે છે, તો

તું મૂંગો કેમ રહે છે ? બોલતો કેમ નથી ?"

ત્યારે કુંવરે જવાબ આપ્યો : "પૂર્વજન્મોના અનુભવથી મને સમજાયું કે, બોલવાથી અનર્થો સર્જાય છે અને મૌન રહેવામાં જ ડહાપણ છે. તેથી જ મેં જન્મથી મૌન ધારણ કર્યું છે. જંગલમાં તેતરે અવાજ કર્યો તેથી તેણે જાન ખોયો. આ શિકારી પણ આપની અગળ આવીને બોલ્યો અને વધામણી આપી તો તેને શૂળીએ ચડવાનો પ્રસંગ આવ્યો. બોલવાથી અનર્થો જ સર્જાય છે, મૌનમાં જીત છે." આટલું બોલીને કુંવરે ફરી મૌન ધારણ કરી લીધું.

આ મૌનનો મહિમા ગાવા 'જ્ઞાનસાર' નામના પ્રકરણમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ "મૌનાષ્ટક" લખ્યું છે. તેમાં તેઓશ્રીએ બાહ્ય મૌનમાંથી અભ્યંતર મૌનમાં જવાની રૂડી પ્રેરણા કરી છે. ચિત્તવૃત્તિઓના કોલાહલને શાંત કરવો તે અભ્યંતર મૌન છે. ક્રોધવિજયની કૂચમાં બાહ્ય અને અભ્યંતર મૌન તીક્ષ્ણ શસ્ત્રસરંજામનું કાર્ય કરે છે. સંઘર્ષોમાંથી શાંતિ તરફ જવું હશે તો આ મૌનની ભાષા આપણે શીખવી પડશે.

મૌનથી વચનનો પ્રભાવ વધે છે. ૧૨॥ વર્ષની સાધનામાં પ્રાય: સંપૂર્ણ મૌન સેવનાર પ્રભુનાં **'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિઆ'** વચનોએ ઝેરીલા નાગ ઉપર પણ કેવી ચમત્કૃતિ સર્જી !

ક્રોધ એ પણ એક નશો છે. ક્રોધના આવેશનો સામેથી પ્રતિભાવ મળે ત્યારે ખરો નશો ચડે છે. પણ, સામેથી કોઇ પ્રત્યુત્તર ન મળે તો ક્રોધનો અહં નંદવાય છે અને સુરસુરીયું થઇ જાય છે. ગાડી ટ્રેક પરથી સડસડાટ પસાર થતી હોય ત્યારે તે જ ટ્રેક પર સામેથી કોઇ ટ્રેન આવે તો અકસ્માત સર્જાય છે. પ્રત્યુત્તર એ એ જ ટ્રેક પર ધસી આવતી સામી ટ્રેન છે. મૌનના સેવનથી અમસ્માત અટકે છે.

સંતકવિ તુલસીદાસે એક દુહામાં ગાયું છે :

ક્રોધ ન રસના ખોલિયે, વરુ ખોલબ તરવારિ !
સુનત મધુર પરિણામ હિત, બોલબ વચન વિચારી.

(૭) પાત્ર પરિવર્તન : પૂર્વના કાળમાં નિષ્ણાત વૈદ્યો ઝેરી જ્વરના ઉપચાર માટે એક વિચિત્ર પ્રયોગ કરતા. દરદીના શરીર પર એક રત્નકંબલ ઓઢાડીને જ્વરનાં જંતુઓને શરીરનાં છિદ્રો દ્વારા રત્નકંબલમાં ખેંચી લેતા. પછી, તે રત્નકંબલ મૃત ગાયના કલેવર પર ઓઢાડી દેતા, જેથી જ્વરના જંતુઓ તેમાં સંક્રાંત થઇ જાય.

ક્રોધ એ પણ એક ઝેરી જ્વર છે. તેના ઉપાય માટે કેટલાક ક્રોધીભીરુ જીવો આવો ઉપચાર અજમાવતા હોય છે. કોઇ વ્યક્તિ પ્રત્યે જાગેલા રોષને કોઇ જડ

ચીજ પર ઠાલવી દેવાથી ક્રોધનું પાત્ર બદલાઇ જાય છે. વ્યક્તિ પ્રત્યે ક્રોધ વ્યક્ત કરવાથી થતાં અનેક મહાન નુકસાનો આ પ્રયોગથી ટળી જાય છે. ગુસ્સો આવે ત્યારે કેટલાક ગાલીચા પર લાકડીના પ્રહારો કરીને તો કેટલાક ટીનના ડબ્બા પર કાંકરાઓ ફેંકીને ગુસ્સો બહાર કાઢે છે. કેટલાક સોપારી કાતરવા મંડી પડે છે તો કોઇક ડબલું ટીપવા મંડી પડે છે. રોષ પ્રગટ નહિ થાય તો અંદર રહીને ભારે નુકસાન નોંતરશે તે ભયથી આ ઉપાય કરવામાં આવે છે. પ્રાથમિક કક્ષામાં આ ઉપાય કામિયાબ નીવડી શકે. પણ, શાસ્ત્રોમાં તો જડ પદાર્થો પ્રત્યેના દુર્વ્યવહારને પણ એક પ્રકારનો અસંયમ કહ્યો છે. આ સ્થૂલ ઉપાયો અજમાવનારનું ધ્યેય તો ક્રોધને મૂળમાંથી કાઢવાનું જ હોવું જોઇએ.

(૮) ઉપદેશ શ્રવણ : સત્પુરૂષો અને સંતપુરુષો પરાર્થવ્યસની હોય છે. સાધનાનો યજ્ઞ માંડીને અને શાસ્ત્રોના અવગાહન કરીને દુષ્ટ વૃત્તિઓના સંહાર માટેના અનેક ઉપાયો તેમણે પ્રાપ્ત કર્યા હોય છે. બોધવાણીમાં મલિન વૃત્તિઓની ઘાતકતા સમજાવીને અને સુંદર ઉપાયો સૂચવીને તે મહાપુરુષો જગતના જીવો પર નિષ્કારણ ઉપકાર કરતા હોય છે. સત્પુરુષનુ એકાદ પણ બોધવચન જીવનની કાયાપાલટ કરવા માટે પર્યાપ્ત હોય છે.

શાસ્ત્રોમાં ચિલાતીપુત્ર નામના એક ચોરટાનું કથાનક આવે છે. એક શેઠની સુષમા નામની સુરુપ કન્યાને ઉપાડીને તે ભાગ્યો. શેઠ અને કોટવાલો તેની પાછળ પડયા. કન્યાના ભારથી તે દોડતાં દોડતાં થાક્યો. વજન હળવું કરવા તેણે ભેંટમાંથી તલવાર કાઢીને સુષમાનું ડોકું ધડથી જુદું કર્યું. ધડ ધરતી પર પડયું અને તે લોહી નીતરતું ડોકું લઇને આગળ ભાગ્યો. રસ્તામાં એક ધ્યાનસ્થ મુનિ જોયા. મુનિને તલવાર બતાવીને કહ્યું : "મને સંક્ષેપમાં ધર્મ સમજાવો, નહિ તો આ તલવારને ફરી લાલ કરવી પડશે."

મુનિ ત્રણ શબ્દ બોલ્યા :

૧. ઉપશમ

તે શબ્દના ચિંતનમાં ચડયો. "હુ ઉગ્ર છું, મુનિ ઉપશાંત થવાનું કહે છે. મારા હાથની તલવાર મારી ઉગ્રતાનું પ્રતીક છે. મારે તો ઉપશાંત બનવું છે." તેણે તુરંત તલવાર ફેંકી દીધી.

૨. વિવેક

"ત્યાજ્ય અને સ્વીકાર્યની, સારા અને નરસાની , હિત અને અહિતની ભેદરેખાને ઓળખવી તેનું નામ વિવેક. પણ, મારા હાથમાં તો કન્યાનું ડોકું છે. આ

મારી વિવેકહીન દશા છે. મુનિ વિવેકમાં આવવાનું ફરમાવે છે.' આમ વિચારીને તેણે સુષમાનું ડોકું જમીન પર છોડી દીધું.

૩. સંવર

"પાપવૃત્તિઓથી અટકવું તે સંવર. તલવાર અને ડોકું ફેંકીને હું પાપપ્રવૃત્તિથી તો અટક્યો પણ અંતરની મલિન વૃત્તિઓને પણ મારે નાથવી છે. સંયમ એ જ તેનો શ્રેષ્ઠ ઉપાય છે. મુનિ મને સંવરમાં આવવાનું સૂચન કરે છે. મારે સંયમધર્મ રૂપ શ્રેષ્ઠ સંવરનો સ્વીકાર કરવો જોઇએ." આમ વિચારીને તેણે પ્રવ્રજ્યા અંગીકાર કરી અને શ્રમણ બન્યો. સંયમની સુંદર સાધના કરીને તે સ્વર્ગલોકે સીધાવ્યો. મુનિના માત્ર ત્રણ શબ્દોએ તેને શયતાનમાંથી સંત બનાવ્યો, ચોરમાંથી ચકોર બનાવ્યો.

ઉપદેશ શ્રવણનો ભારે મહિમા જ્ઞાની ભગવંતોએ વર્ણવ્યો છે. ઉપદેશનું શ્રવણ એ જૈન શ્રાવકોનું મુખ્ય કર્તવ્ય ગણાવવામાં આવ્યું છે. જૈન ગૃહસ્થો માટે વપરાતા શ્રાવક શબ્દની વ્યુત્પત્તિ છે : "શ્રુણોતિ इति श्रावक: ।" જે ઉપદેશનું શ્રવણ કરે તેનું નામ શ્રાવક. શ્રી ઉત્તરાધ્યયન, સૂત્રમાં ચાર ચીજોને દુર્લભ ગણાવવામાં આવી છે, તેમાં બીજા ક્રમમાં "શ્રુતિ" એટલે કે ઉપદેશશ્રવણનું સ્થાન છે. શાસ્ત્રોમાં સમ્યક્ત્વનાં ત્રણ લિંગ બતાવ્યા છે, તેમાં પહેલું લિંગ છે : જિનવાણીના શ્રવણની ઉત્કટ ઇચ્છા. જૈન શાસ્ત્રોમાં ચાર પ્રકારનાં સામાયિક જણાવવામાં આવ્યા છે. તેમાં સદુપદેશ સાંભળવા રૂપ એક શ્રુતસામાયિક પણ છે.

સત્પુરુષોનાં મુખેથી વીતરાગની વાણીનું શ્રવણ કરવાથી ક્રોધાદિ કષાયની પરિણતિ કૃશ બને છે, તે નિશ્ચિત વાત છે.

(૯) સત્સંગ : ઉપદેશશ્રવણની જેમ સાધુપુરુષોનો પરિચય અને સંસર્ગ પણ જીવનની રોનક બદલી નાખે છે. કુસંગ જીવનને બરબાદ કરે છે તો સત્સંગ જીવનને આબાદ કરે છે. સાધુપુરુષોના ક્ષમાપૂર્ણ અદ્‌ભુત જીવનની નિકટ આવવાથી ઘણી પ્રેરણા પ્રાપ્ત થાય છે.

કવિ દલપતરાય અને વિખ્યાત નાટયકાર ડાહ્યાભાઇ ધોળશા વચ્ચે કોઇ પણ કારણથી ખટરાગ થયો હતો. બન્ને જાહેરમાં પણ એકબીજાનું ખંડન કરીને પરસ્પર કાદવ ઉછાળતા હતા. એક સંતપુરુષના પરિચયથી વૃદ્ધાવસ્થામાં ડાહ્યાભાઇને સન્મતિ સૂઝી. વેરના વિસર્જન કરવાનો શુભ પરિણામ અંતરમાં પેદા થયો. તે દલપતરામનાં ઘરે પહોંચ્યા. હીંચકા પર બેઠેલા દલપતરામ પાસે પહોંચ્યા. યુદ્ધની એક નીતિ હોય છે કે યુદ્ધ ખેલતા બે રાજામાંથી એકને સુલેહ સંધિ કરવાની ઇચ્છા થઇ જાય તો ધોળી ધજા ફરકાવે અને પ્રતિપક્ષીને પણ ધોળી ધજા ફરકાવવી

પડે. યુદ્ધ અટકી જાય અને બન્ને વચ્ચે સુલેહ થઇ જાય. પોતે માથા પરની ધોળી પાઘડી ઉતારીને કહ્યું : "કવિવર, જોઇ લો મારી ધોળી ધજા, હું સંધિ કરવા આવ્યો છું. આજ સુધી ખટરાગ વધારીને અને તમારા માટે ભૂંડું બોલીને તમારા ખૂબ અપરાધ કર્યા છે. તેની હું અંતરથી ક્ષમા ચાહું છું." બોલતા બોલતા તે રડી પડયાં. અંતરના નિર્મળ ભાવોનો પડઘો તુરત પડયો. કવિવર પણ ઊભા થઇ ગયા. તેમણે પણ માથા પરથી ધોળી પાઘડી ઉતારી અને રડતા હૃદયે તેમણે પણ ક્ષમા યાચી. વર્ષોના વૈરી હવે સહૃદયી સુહૃદ બની ગયા.

સત્સંગે કેવો મોટો ચમત્કાર સર્જ્યો !

(૧૦) લખાણ દ્વારા અભિવ્યક્તિ : મનમાં પ્રગટ થયેલો ગુસ્સો ઘણીવાર ખૂબ બંડ પોકારે છે. અને પ્રગટ થવા ખૂબ જ ઉતાવળો બને છે. ક્રોધને રોકવાથી થતાં માનસિક કે શારીરિક નુકશાનો બહુ મોટા હોય છે. કેટલાક મનોવૈજ્ઞાનિકો કહે છે કે, આપણ ઇચ્છાઓ અને લાગણીઓનાં ઉદ્દીપનમાંથી પેદા થતી ગરમીનો નિકાલ ક્રોધ સ્વરૂપે થાય છે. તે રીતે વિચારીએ તો ક્રોધ 'સેફટી વાલ્વ' છે. અંદરને અંદર ઊકળી રહેલા રોષથી અનેક ભૂંડાં પરિણામ આવવાની શક્યતા છે. એટલે અંદરનો રોષ ક્રોધ રૂપે બહાર ઠલવાઇ જાય તે ક્યારેક અનિવાર્ય બની જાય છે. તેમ તે ક્રોધના અગ્નિથી બીજું કોઇ દાઝે નહિ તે જોવું પણ એટલું જ જરૂરી છે. તો શું કરવું ?

ક્રોધને ઠાલવવાનો એક ઉપાય છે કે, સંપૂર્ણ રોષને એક કાગળ પર ઉતારી દેવો. રોષ જે ભારે કક્ષાનો ઉદ્ભવ્યો હોય તેવા જ ભારે શબ્દો વાપરીને સંપૂર્ણ રોષને કાગળમાં મૂકી રાખવો પણ તે વ્યક્તિ પર પોસ્ટ કરવાની ઉતાવળ ન કરવી. બે-ચાર કલાક પછી ઉભરો શાંત પડે ત્યારે પેલા કાગળને ફાડી નાખવો. મનમાં ભયભીત ઉંદરની જેમ ગુસ્સો દોડવા માંડે છે. ત્યારે તેને આ રીતે શબ્દોનાં પાંજરામાં પૂરી દેવો. પણ, પછી એ ઉંદરને કોઇ બીજા માણસના ઘરમાં ન છોડાય.

અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનના યુદ્ધમંત્રી સ્ટેન્ટને તેમને એકવાર ફરિયાદ કરી : "લશ્કરના એક મેજર જનરલે મારી પર લાગવગશાહીનો આક્ષેપ મૂકતો અને હલકી ગાળો ભાંડતો એક પત્ર લખ્યો છે. તે વાંચીને મારી નસો તંગ થઇ ગઇ છે અને હું ઊભોને ઊભો સળગી ગયો છું અત્યારે મારી નસોમાં લોહી નહિ પણ તેજાબ વહી રહ્યો છે. તે પણ સળગી જાય તેવો પત્ર મારે તેને લખવો છે. આપની સલાહ લેવા આવ્યો છું."

"અરે, યાર, આમાં વળી પૂછવાનું હોય ? લખી જ નાખો. સણસણાવીને લખો. પત્રમાં તીખાશ રેડવામાં જરાય કરકસર કરતા નહિ."

સ્ટેન્ટને તો ત્યાં જ અત્યંત તીખા શબ્દોમાં લાંબો લચક પત્ર લખી નાંખ્યો. પત્ર લખતાં લખતાં પણ તેમનાં ગાત્રો ક્રોધથી કંપતાં હતાં. પત્ર પૂરો થયા પછી લિંકન પાસે પરબીડિયું માંગ્યું ત્યારે લિંકન બોલ્યા :

"અરે, પત્ર લખ્યો ભલે, પણ રવાના કરવાનો ન હોય. આને તો ફાડીને ફેંકી દેવાનો હોય. મને જ્યારે ક્રોધ આવે ત્યારે હું આમ જ કરું છું. કાગળમાં ક્રોધ ઠાલવી દઇએ તો ઘણા હળવા થઇ જવાય છે. આ એક પત્રથી તમને સંતોષ ન થયો હોય તો બીજો કોરો કાગળ તમને આપું. આનાથી પણ તીખી ભાષામાં પત્ર લખો અને તે રીતે ક્રોધને બહાર કાઢી નાખો પછી નિશ્ચિંતતા.

લિંકને સૂચવેલો ઉપાય ઘણીવાર ખૂબ મોટી હોનારતથી ઉગારી દે તેવો છે. ક્રોધને માત્ર ખાલી કરવાની જરૂર હોય છે, તેનાથી બીજો વીંધાવો જ જોઇએ તે જરાય જરૂરી નથી. ક્રોધ એક જાતનું બિયારણ છે. કોઇની જીવનભૂમિને લક્ષ બનાવીને તેને ફેંકવામાં આવે તો ક્રોધનું વાવેતર થાય છે અને ખેતીનો સીધો સાદો કાયદો અહીં પણ લાગુ પડે છે. એક જ બીજ અનેક ફળ આપે છે, તેમ કોઇને આપેલી એકાદ ગાળના બદલામાં પાંચ છ આવી મળે છે. ક્રોધની Productivity ખલાસ કરવી હોય તો તેનો બીજનાશ અત્યંત આવશ્યક છે.

(૧૧) રમૂજ અને વિનોદ : સામેથી કોઇ ક્રોધ કરતો આવે ત્યારે તેના પ્રતિભાવરૂપે ક્રોધથી બચવું ઘણું મુશ્કેલ હોય છે. તેમાં પણ કોઇનો આપણાં પરનો નિષ્કારણ ક્રોધ જીરવવો મુશ્કેલ હોય છે. પણ, ક્રોધની શરૂઆત આપણે કરીએ તો જ ગુનો, તેવું નથી. કોઇના ક્રોધનો પડઘો આપણા વ્યક્તિત્વમાંથી પડે તે પણ ગુનો છે. તે માટે પરિસ્થિતિને હળવાશથી મૂલવી લેવાની રમૂજવૃત્તિ ખૂબ જરૂરી છે. ઘણી વ્યક્તિઓ આવી કળા ધરાવતી હોય છે. આ રીતે કોઇકના પ્રકોપને રમૂજમાં લેતા આવડી જાય તો સામી વ્યક્તિનો પ્રકોપ પણ શીઘ્ર શાંત પડી જાય. કેટલાક પ્રસંગો જોઇ લઇએ.

૧. ગાંધીજી સ્ટીમરમાં વિદેશ જઇ રહ્યા હતા. સ્ટીમરમાં એક માણસ તેમને ચાર પાનાંનો મોટો કાગળ આપી ગયો. તે વ્યક્તિ તેમનો વિરોધી હતો. તેણે પોતાનો પ્રકોપ પત્રમાં ઠાલવ્યો હતો અને ગાંધીજીની ભરપૂર નિંદા તેમાં કરી હતી. ચાર કલાક પછી તે ફરી ગાંધીજી પાસે આવ્યો અને પૂછયું : "મારો પત્ર વાંચ્યો ? તેમાંથી તમને શું ઉપયોગી લાગ્યું ?" તુરત જ ગાંધીજીએ એક ડબ્બી ખોલી અને ટાંચણી કાઢીને બતાવી. "જુઓ, કાગળમાંથી જે ઉપયોગી હતું તે આ ડબીમાં રાખી લીધું છે. બાકીનું કચરા ટોપલીમાં ફેંકી દીધું છે."

૨. સોક્રેટીસની પત્ની ઝાંટિપી કર્કશા હતી. એક વાર સોક્રેટીસ બહારથી આવ્યા કે તુરત પત્નીએ ઝગડવાનું શરૂ કરી દીધું. સોક્રેટીસ તો મૌન જ રહ્યા. પત્ની અડધો કલાક બરાડીને થાકી એટલે સોક્રેટીસ મકાનની સામે ઓટલા પર જઇને બેસી ગયા. પત્નીનો આક્રોશ હજુ શમ્યો નહોતો. તેણે ઉપરથી સોક્રેટીસ પર એંઠવાડ ફેંક્યો. તે એકદમ હસી ઊઠયો : "વાહ રે વાહ, હમણાં મેઘ ગરજ્યા હતા. હવે વરસી પડયા."

૩. સંત તુકારામની પત્ની પણ કર્કશા હતી. એક વાર પત્નીએ તેમને ખેતરમાં શેરડી લેવા મોકલ્યા. ખેતરમાંથી શેરડીનો ભારો બાંધીને નીકળ્યા. માર્ગમાં છોકરાં માંગતા ગયા અને દયાળુ તુકારામ એક એક સાંઠો આપતા ગયા. ઘેર આવ્યા ત્યારે એક જ સાંઠો બચ્યો હતો તે પત્નીના હાથમાં આપ્યો. એક જ સાંઠો જોઇને પત્નીની આંખો લાલ થઇ : 'કેમ એક જ સાંઠો લાવ્યા ?"

"ખેતરમાંથી તો આખો ભારો લાવ્યો હતો, પણ રસ્તામાં છોકરાઓને શેરડી વહેંચી દીધી."

આ શબ્દો સાંભળતાં જ પત્નીનો પિત્તો આસમાને ચડયો. તે ક્રોધને કાબૂમાં ન રાખી શકી. હાથમાં રહેલો સાંઠો પતિના બરડા પર જોરથી ઝીંકી દીધો અને એક જ ઘાએ શેરડીના બે ટુકડા થઇ ગયા. તુકારામ એકદમ હસી પડયા : "તારી ઉદારતાને તો ખરેખર ધન્ય છે. એક જ સાંઠો હતો તેમાંથી હું પણ ખાઇ શકું તે માટે તેં બે ટુકડા કરી આપ્યા. ધન્યવાદ."

૪. નેતાજી સુભાષચંદ્ર બોઝનું ભાષણ ચાલુ હતું. સભામાંથી કોઇએ ઉશ્કેરાઇને એક જોડું નેતાજી પર ફેંક્યું. તુરત જ નેતાજીએ માઇક પર જાહેર કર્યું. "જોડું ફેંકનાર મહાશયને મારી વિનંતી છે કે બીજું જોડું પણ ફેકે, જેથી મારે આખી જોડ થઇ જાય." સભા ખડખડાટ હસી પડી.

આમ રમૂજ દ્વારા પોતાની જાતને ક્રોધના આવેશથી બચાવી શકાય છે અને અન્યના ક્રોધનો પાવર પણ તેનાથી ઘટી જાય છે. ક્યારેક કોઇને કડવી વાત કહેવાનો પ્રસંગ આવે ત્યારે શબ્દોનો ટોન પણ કર્કશ થઇ જાય છે. તેને બદલે હસતાં હસતાં કડવી વાત પણ કહેવાની આવડત હોય તો ખૂબ સારું પરિણામ આવે છે. આવી આવડત બહુ ઓછી વ્યક્તિમાં જોવા મળે છે. કોઇ કડવી વાત રજૂ કરવી જ પડે તેમ હેય ત્યારે ગુસ્સાથી તે કરવાને બદલે હસતા હસતા કરવાની ટેવ પાડવી જોઇએ.

(૧૨) સંગીત : સંગીતની અસરો વિશે વર્તમાનમાં ઘણું સંશોધન થયું છે. આપણા દેશમાં તો આ વાત ઘણી જૂની છે. મેઘમલ્હાર રાગથી વરસાદ પડતો.

તો દીપક રાગ ગાવાથી દીપક પ્રગટી ઊઠતા. જુદા જુદા રાગોની આવી જુદી જુદી ચમત્કારિક અસરો હોય છે. ગૌશાળામાં સંગીત વગાડવાથી ગાય વધુ દૂધ આપે છે તે પણ પ્રયોગોથી સિદ્ધ થયું છે. ઉદ્યોગગૃહમાં સંગીતની સહાયથી મજૂરોની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયાનું પણ પ્રયોગસિદ્ધ છે. અનાજનો પાક મબલખ ઊતરે તે માટે ખેતરમાં સંગીત પ્રસારિત કરવાના પ્રયોગો પણ કેનેડા અને કેલિફોર્નિયામાં થયા છે અને તેમાં અત્યંત સફળતા પ્રાપ્ત થઇ છે. જેલના કેદી કે પાગલખાનાના પાગલને સંગીતની મદદથી સુધારી શકાય છે. વિશ્વવિખ્યાત વિદ્વાન શ્રી કાર્લાઇલે એક જગ્યાએ લખ્યું છે કે કામ કરતાં કરતાં ગાતા હોય તેવા માણસો ઓછા સમયમાં ઘણું સારું કામ કરી શકે છે. તેમ, સંગીત દ્વારા સ્વભાવની અવસ્થાઓ પણ બદલાવી શકાય છે. સંગીતથી કામવાસનાને પ્રદીપ્ત કરી શકાય તેમ શાંત પણ કરી શકાય છે. સંગીતકાર વીર રસ વહેતો મૂકે તો શ્રોતાઓને શૂરાતન ચડી જાય તેમ શાંત રસ વહેતો મૂકે તો ક્રોધના આવેશને શાંત પાડી શકે. કામ, ક્રોધ, અસૂયા આદિ અનેક દુષ્ટ વૃત્તિઓ પર વિજય પ્રાપ્ત કરવા સંગીત ઘણી સહાય કરી શકે છે. સંગીત હૃદયને મૃદુ અને મનને નિર્મળ બનાવે છે. આવી શુદ્ધ ભૂમિમાં ક્ષમાનો પ્રાદુર્ભાવ સહજ બને છે.

(૧૩) આસન અને પ્રાણાયામ : અનેક પ્રકારની શારીરિક અને માનસિક બિમારીઓના ઉપચાર તરીકે યોગાસનો અને પ્રાણાયામ ખૂબ અક્સીર ઉપાય છે. ૮૪ પ્રકારના યોગાસનો કહેવાય છે. દરેક આસનની જુદી જુદી અસર હોય છે. યોગાસનોથી કાયાનું સંપૂર્ણ તંત્ર સંવાદી બને છે અને માનસિક પ્રસન્નતાથી મનની તંગ સ્થિતિનું નિવારણ થાય છે. કેટલાંક ખાસ આસનો ક્રોધપૂર્ણ તંગ માનસિક સ્થિતિના નિવારણ માટે ખૂબ ઉપયોગી છે.

આસનની જેમ પ્રાણાયામ પણ ક્રોધવિજયનો એક ઉપાય છે. શ્વસનતંત્રની વિષમતાને પ્રાણાયામ દ્વારા નિયંત્રિત કરાય છે. સંવાદિતાપૂર્વકની ગણતરીબદ્ધ શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયાથી તંગ મનને શાંત કરી શકાય છે. કેનેડાના એક પ્રયોગવીરે શ્વાસોચ્છ્વાસના નિયમનથી ઉપજાવી શકાતી અનેકવિધ સુંદર અસરો અંગે પોતાના પ્રયોગો અને અનુભવથી ઘણું સિદ્ધ કર્યું છે. એક જ મિનિટ અમુક રીતે શ્વાસોચ્છ્વાસ કરવાથી શિયાળાની ઠંડીથી ધ્રૂજતા દેહમાં ભરપૂર ઉષ્મા પ્રગટ કરી શકાય છે. ચિત્તના લાગણીતંત્ર ઉપર પણ શ્વાસોચ્છ્વાસની ઘેરી અસરો ઉપજાવી શકાય છે. મનની નિરાશા, ગમગીની કે ક્રોધના નિવારણ માટે શ્વાસોચ્છ્વાસની સંવાદિતા ઘણી અસરકારક નીવડી શકે.

(૧૪) આયનામાં સ્વમુખદર્શન : જ્યારે માણસ ગુસ્સે થાય છે ત્યારે તેનો ચહેરો અત્યંત રૌદ્ર બને છે. કેટલાંક દેવ-દેવતાઓની મુખમુદ્રા અત્યંત રૌદ્ર હોય છે અને જોવી નથી ગમતી. નાનાં બાળકો તેવી મૂર્તિઓ જોઇને ગભરાઇ જતાં હોય છે. સૌમ્ય આકૃતિ જ જોવી ગમે છે. ક્રોધ વખતે પોતાની મુખાકૃતિ કેવી રૌદ્ર અને બિભત્સ લાગે છે, તે ગુસ્સે થનાર વ્યક્તિ જો અરિસામાં જોઇ લે તો તેનો ક્રોધ લાંબો ન જ ટકે. મુખનું સૌંદર્ય અને સૌમ્યતા ક્રોધના કારણે કેટલી હદે નષ્ટ થાય છે કે તે આયનામાં જોઇને માણસ આપોઆપ શાંત પડી જાય છે.

ફ્રેન્ચ લેખિકા કોલેટે એક જગ્યાએ લખ્યું છે : હું નાની હતી ત્યારે મને બહુ જ ક્રોધ ચડતો. એક વાર હું ખૂબ ગુસ્સે થઇ ત્યારે મારી માતાએ મારી સામે દર્પણ ધર્યું. દર્પણમાં મારો બીભત્સ ચહેરો જોઇને હું સાવ શરમાઇ ગઇ. ત્યારથી મારો ક્રોધ સાવ શાંત પડી ગયો.

આવી જ પ્રસંગ વિસ્ટન ચર્ચિલનો છે. તે નાના હતા ત્યારે ખૂબ ગુસ્સાખોર હતા. જ્યારે ગુસ્સે થાય ત્યારે તેમનો એક શાણો નોકર અરીસો તેમની સામે ધરતો. અરીસામાં પોતાના રૌદ્ર સ્વરૂપને જોતા જ ગુસ્સો ઓગળી જતો.

અમેરિકાના પ્રમુખ આઇઝન હોવર પૂર્વે લશ્કરી ઓફિસર હતા, ત્યારનો એક પ્રસંગ છે. તેમના હાથ નીચેના બે સૈનિકો પરસ્પર વૈરભાવ હોવાથી વારંવાર ઝગડયા કરે. તેમનો વૈરભાવ દૂર કરાવવા હોવરે ઘણો પ્રયત્ન કર્યો. એકવાર મ્યુઝિયમ હોલની કાચની દીવાલ બંને બાજુ સાફ કરવાનું કામ તે બેને સોપ્યું. એકને કાચની એક બાજુ સાફ કરવાની, બીજાને પાછળની. કાચમાંથી સામસામે એકબીજાને ગાળો આપવા લાગ્યા પણ કાચની દીવાલ જાડી હતી તેથી ગાળો સંભળાય નહિ. તેથી એકબીજાને ચીડવવા ચાળા પાડવા લાગ્યા. દાંતિયા કરવા લાગ્યા. પણ, સામે તો કાચ હતો, તેથી તેમાં પોતાનું પ્રતિબિંબ દેખાયું. ક્રોધના આવેશમાં અત્યંત વિકૃત અને બિભત્સ લાગતું પોતાનું મુખ જોઇ એ એકદમ શરમાઇ ગયા અને જાત પર ધિક્કાર છૂટયો. કાચને ઘસતાં ઘસતાં વૈરભાવ અને ક્રોધને પણ ત્યાં જ ઘસી નાંખ્યો.

ક્રોધ કરનાર વ્યક્તિને બીજો કોઇ આયનો દેખાડવા જાય તો બહુ મોટું જોખમ છે. તે તંગ પરિસ્થિતિમાં આ ચેષ્ટા બળતામાં ઘી હોમવાનું જ કામ કરે. આયનાનો વીમો ઉતારેલો હોય તો તે વખતે જ પાકી જાય. તેથી, ક્રોધ કરનાર વ્યક્તિ પોતે જ આયનામાં નજર કરે તો જ ઉપાય ઇષ્ટ ફળ આપે. ક્રોધના આવેશની શરૂઆત જ હોય અને વ્યકિત પોતે જાગૃત હોય તો જ આ ઉપાય શકય બને. ક્રોધની ચરમ

સીમાએ પહોંચ્યા પછી આયનામાં મુખ જોવાનું ડહાપણ સૂઝવું મુશ્કેલ છે.

(૧૫) અન્યના ક્રોધમાંથી પ્રેરણા : કુટુંબમાં, ઓફિસમાં, મિત્રવર્તુળમાં, સ્વજનવર્ગમાં, સામાજિક કે ધાર્મિક સંસ્થાઓમાં કે સ્કૂલ-કોલેજમાં ઘણાના ક્રોધના પ્રસંગો નિહાળવાનું બને છે. કોઇ વ્યક્તિ ક્રોધના આવેશમાં આવે ત્યારે તેની મુખાકૃતિ કેવી રૌદ્ર બને છે, વર્તન કેવું વિચિત્ર બને છે, વાણી કેવી કર્કશ બને છે અને તેનું સમગ્ર વ્યક્તિત્વ કેવું બીભત્સ બને છે, તે આપણને જોવા મળતું હોય છે. પોતાના ક્રોધના પ્રસંગે આ બધું ખ્યાલમાં નથી આવી શકતું. અન્યના ક્રોધની ભયંકરતા નજરે નિહાળીને પ્રેરણા લેવી જોઇએ કે ક્રોધ ઘણો ભયંકર છે અને તેના નુકસાનો અપાર છે. જ્યારે જ્યારે અન્યના ક્રોધનો પ્રસંગ જોવાનું બને ત્યારે તે પ્રસંગની સંપૂર્ણ ફિલ્મ માનસપટ પર ઉપસાવીને સંભવિત ક્રોધની ભયંકરતાને કલ્પી લેવી. આ પ્રયોગથી ક્રોધની કનડગત ઘણી ઓછી થઇ જશે. અન્યના ગુસ્સામાંથી પ્રેરણા લેવાનો આ પણ એક અકસીર ઉપાય છે.

(૧૬) ઉપેક્ષા :- અન્ય જીવો પ્રત્યે આત્મામાં અદ્વેષભાવ ઉત્પન્ન થાય અને અખંડિત રહે તે માટે ચાર પ્રકારની ભાવના જૈનદર્શન ઉપરાંત સાંખ્યદર્શન વેદાંતદર્શન, યોગદર્શન આદિમાં પણ આપવામાં આવી છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા એ આ ચાર ભાવનાના નામ છે. ક્ષમાની સાધના માટે આ ચોથી ભાવના ખૂબ ઉપયોગી છે તે વાત આ પુસ્તકમાં અન્યત્ર સવિસ્તર ચર્ચવામાં આવી છે.

એક ચિંતકે ક્ષમાનું સમીકરણ આપ્યું છે.

ક્ષમા = ઉદારતા + કરુણા + ઉપેક્ષા

આ ઉપેક્ષા માટે અંગ્રેજીમાં એક પ્રસિદ્ધ પ્રયોગ છે LET GO

પાડોશી છાપું વાંચવા લઇ ગયા હતા, સમયસર પાછું ન આપી ગયા ? LET GO

પુત્રને કામ સોંપ્યું પણ તેણે ન કર્યું ? LET GO

પત્નીને રસોઇ માટે ફરમાઇશ આપેલી પણ તે વાનગી ન બનાવી ? LET GO

ઓફિસના કારકુને સમયસર કાગળિયાં તૈયાર ન કરી રાખ્યા ? LET GO

અન્યના ભૂલને આપણે બહુ મહત્વ આપી દઇએ છીએ માટે તે ભૂલને સાંખી લેવાની સહિષ્ણુતા અ ણામાં આવતી નથી. રસ્તા પર ચાલતા કેટલાય ઘાસનાં તણખલાં, ઝીણી કાંકરીઓ, ધૂળની રજ વગેરે આપણા પગને અડે છે, પણ

આપણે તેની કોઇ નોંધ લેતા નથી માટે ઉદ્વેગ થતો નથી. અન્યના ગુન્હાની નોંધ જ ન લેવી તેનું જ નામ ઉપેક્ષા. આ ઉપેક્ષાભાવ આવી જાય પછી ક્ષમા ખૂબ સરળ છે.

મહર્ષિ ભારદ્વાજનો શિષ્ય તેમને છોડીને બુદ્ધનો શિષ્ય બની ગયો. તેથી ભારદ્વાજને બુદ્ધ પર ખૂબ ગુસ્સો આવ્યો. તે ગૌતમ બુદ્ધ પાસે પહોંચ્યો અને તેમને ખૂબ ગાળા સંભળાવી. ગૌતમ બુદ્ધ તો મૌન જ રહ્યા. જ્યારે ગાળો દઇને ભારદ્વાજ થાક્યા ત્યારે બુદ્ધ બોલ્યા :

"તમારા આંગણે કોઇ મહેમાન આવે તેને તમે ૩૨ પકવાન અને ૩૩ શાક પીરસો, પણ મહેમાન તે થાળીને અડે જ નહિ તો તે થાળનું શું થાય ?"

"પોતાના ઘરમાં જ પડયો રહે, બીજું શું થવાનું ?" "તો હમણાં તમે આટલી બધી ગાળો આપી, તેમાંથી એક પણ મેં સ્વીકારી નથી, તેનું શું થાય ?"

ઝંખવાણો પડેલો ભારદ્વાજ જવાબ આપવા પણ ન ઊભો રહ્યો.

ઉપેક્ષાભાવ માટે બીજો પણ એક સુંદર પ્રસંગ છે.

એક સંત પાસે એક યુવાન આવ્યો. તેણે સંત પાસે પોતાની વ્યથા ઠાલવી: "મને બધી વાતનું સુખ છે. પૈસે ટકે સુખી છું. સંતાન પણ છે. પણ, પત્ની એવી કજિયાખોર છે કે મને જરા પણ શાંતિ નથી."

સંતે કટોરો ભરીને ગરમ દૂધ મંગાવ્યું. તેની સામે તેમાં ચપટી ધૂળ નાખીને કહ્યું : "લે આ દૂધ પી જા, તારું દુ:ખ દૂર થઇ જશે."

પેલો યુવાન દૂધનો કટોરો ગટગટાવી ગયો. સંતે પૂછયું :"દૂધ કેવું લાગ્યું ? મેં તેમાં ધૂળ નાખી હતી, તેથી તને ત્રાસ તો નથી થયો ને ?"

"ના રે ના, કટોરા દૂધમાં ચપટી ધૂળની ખબર પણ ન પડી."

"અરે, ભલા માણસ, તો પછી તારા સુખ ભરેલા જીવનમાં ચપટી ધૂળ જેટલા પત્નીના સ્વભાવના દુ:ખને આટલું બધું મહત્વ કેમ આપી દે છે ?"

યુવાનને ત્યારે સમજાઇ ગયું કે પત્નીના કર્કશ સ્વભાવને કારણે તે દુ:ખી નહોતો પણ તે કર્કશ સ્વભાવને તેણે વધુ પડતો ગંભીરતાથી લીધો હતો માટે તે દુ:ખી હતો.

(૧૭) પ્રવાહનો અન્યત્ર વળાંક : મનની લાગણીઓનો એક પ્રવાહ હોય છે. તેથી તેને પણ દિશા અને વેગ હોય છે. ક્રોધની લાગણીનો પ્રવાહ ઊઠયા પછી આપણે તે જ દિશામાં હલેસાં મારીએ છીએ અને વેગ વધારીએ છીએ, તેથી ખૂબ

દુ:ખી થઇએ છીએ. ક્રોધની લાગણીના પ્રવાહની દિશા બદલવાની ખૂબ જરૂર હોય છે.

વિનોબા ભાવે કહે છે કે, લાગણી અને વિચારોને ઉમદાપણા તરફ વળાંક આપીએ એટલે ક્રોધ આદિની કુત્સિત લાગણીઓ આપોઆપ નબળી પડે છે. ક્રોધનો નિષેધ કે પ્રતિકાર કરવા કરતાં ઉન્નત વિચારો તરફ ચિત્તને લઇ જવાથી નક્કર ફાયદો થશે. કોઇ વસ્તુનો નિષેધ કરતાં તેનાથી ચઢિયાતી વસ્તુ તેની સામે મૂકવાથી હલકી વસ્તુ આપોઆપ નાશ પામે છે. દુર્ભાવનાઓની ઉપેક્ષાપૂર્વક સદ્ભાવના તરફ ચિત્તને દોડાવીએ તો દુર્ભાવનાનું જોર નબળું પડે છે. ક્રોધાદિ દુર્ભાવોનો નિષેધ કરવાથી જ તેને આપણે મહત્વ આપી દઇએ છીએ.

(૧૮) યોગ્ય વ્યક્તિની સલાહ : જીવનમાં મિત્રોની પસંદગી એ એક ગંભીર અને મહત્વનો વિષય છે. તે પસંદગીમાં જે થાપ ખાઇ જાય છે તે પોતાના જીવનને મોટો અન્યાય કરી બેસે છે. ઘણીવાર મિત્રો કે મદદનીશ ક્રોધનું ઉદ્દીપન કરનારા મળી જાય છે. ત્યારે ક્રોધને જીતવો અતિ કઠિન બની જાય છે. માત્ર પોતાના બાહ્ય સંયાગોની જ ચિંતા નહિ પણ આત્મહિતની સાચી ચિંતા કરે તેવા જ મિત્ર રાખવા જોઇએ. આવા મિત્ર તે સાચા કલ્યાણમિત્ર છે.

જ્યારે જીવનમાં કોઇ વ્યક્તિ પ્રતિકૂળ આચારણ કરે ત્યારે તેનો કેવો પ્રતિભાવ આપવો તે માટે આવા કલ્યાણમિત્રની સલાહ લઇને પછી કામ કરવું જોઇએ. આવા પ્રસંગોમાં સલાહ લીધા વિના સહસા આવેશમાં આવી જઇને આપણે ક્રોધ-વશ બની જઇએ ત્યારે સાચા કલ્યાણમિત્ર સુંદર પ્રેરણા કરીને શાંત પાડી શકે છે. આપણા કષાયો શમે તેવી જ સલાહ આપે તેવા કલ્યાણમિત્રની સલાહ દરેક પ્રસંગમાં લેવી જોઇએ. કોઇને આવા કલ્યાણમિત્ર તરીકે પિતા પણ હોઇ શકે તો કોઇને પત્ની પણ. સદ્ગૃહસ્થના ૩૫ ગુણોમાં કલ્યાણ મિત્ર, ધર્મપત્ની અને સારા પડોશીને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે.

રોમન સમ્રાટ ઓગસ્ટસ સીઝરનાં ખૂનનું કાવતરુ ઘડનાર સીના નામનો વિરોધી પકડાયો અને કાવતરું સફળ ન થયું. પોતાનાં ખૂનનું કાવતરું ઘડનાર આ મહાદ્રોહીને શું સજા કરવી તેની વિમાસણમાં પડેલા સમ્રાટે રાણીની સલાહ પૂછી. રાણીએ કહ્યું : "તેને સજા કરવી છે ને ? તો, ક્ષમા જેવું કોઇ શસ્ત્ર નથી, અજમાવો તેની ઉપર." રાણીની સલાહ માનીને સમ્રાટે તેને માફી આપી. તે વિરોધી વ્યક્તિ સમ્રાટનો પરમ મિત્ર બની ગયો.

જૈન ગ્રંથોમાં નાગકેતુની કથા પ્રસિદ્ધ છે. પૂર્વભવમાં તે એક ગરીબ છોકરો હતો. તેની માતા મૃત્યુ પામી હતી. અપરમાતા તેને ખૂબ ત્રાસ આપતી હતી. તેને એક

કલ્યાણમિત્ર હતો. આ મિત્ર પાસે તેણે પોતાની વ્યથા ઠાલવી. તે મિત્રે તેને અપરમાતાની સામે પડવાની સલાહ ન આપી. તેણે કહ્યું : "મિત્ર, માતાનો કોઇ જ વાંક તું વિચારીશ નહિ. તને દુ:ખ પડે છે તેનું કારણ એ છે કે તેં પૂર્વજન્મમાં કોઇ વિશિષ્ટ તપસાધના કરી નથી. વિશિષ્ટ તપસાધનાથી તારાં દુષ્કર્મોને ખેરવી નાંખીશ તો આ અપરમાતા પણ તને ખૂબ વહાલ કરશે."

મિત્રની સલાહથી તપની ભાવનામાં ચડયો. તે જ રાત્રે માતાએ ઝૂંપડી જલાવીને તેને બાળી નાખ્યો. તેની તપની ભાવના અધૂરી રહી. પણ મિત્રે રોપેલા એ સદ્‌વિચારનું ભવ્ય ફળ તેને બીજા ભવમાં પ્રાપ્ત થયું. બીજી ભવમાં તેના પ્રભાવથી ઇન્દ્રનું આસન પણ ડોલાયમાન થયું હતું અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ પણ તેણે કરી.

બીજી બાજુ, વાલ્મિકિની રામાયણમાં ખોટી સલાહ આપનાર મંથરા જુઓ. મંથરાની સલાહ માનનાર કૈકેયી કેવી વગોવાઇ ગઇ ? સુખી થવું હોય તો મંથરાથી હંમેશા દૂર રહો.

એક શ્રીમંતના હરીફે દેવાળું કાઢયું. તે પેલા શ્રીમંત પાસે મદદ માટે આવ્યો. શ્રીમંતના મિત્રે તેને મદદ નહિ કરવાની સલાહ આપી. શ્રીમંતે તેને આવી સલાહ આપવા પાછળનું કારણ પૂછયું ત્યારે મિત્રે જણાવ્યું : "થોડા મહિના અગાઉ તમારા વિરુદ્ધમાં પેલી પત્રિકા પ્રગટ થયેલી તે તેણે પ્રગટ કરી હતી. આવા દુષ્ટને મદદ કરાતી હશે ?"

" તે પત્રિકામાં તેનું નામ હતું ?"

"ના નનામી હતી."

"તો આપણે તેને સહાય પણ નનામી કરશું."

(૧૯) પશ્ચાત્તાપની પળોમાં સંકલ્પ : ક્રોધ થયા પછી પસ્તાવો ન થાય તેવું ભાગ્યે જ બનતું હશે. કદાચ બહાર પસ્તાવો વ્યક્ત ન કરે તો પણ પોતાનાં મનમાં તો થઇ ગયેલો ક્રોધ ખૂબ ડંખ દેતો હોય છે. ક્રોધ કરનાર વ્યક્તિએ બે વાર ગુસ્સે થવું પડતું હોય છે. એકવાર જેના પર ક્રોધ હોય તેની પર અને ગુસ્સો થઇ ગયા પછી પોતાની જાત પર. આ પસ્તાવાની પળો એ દિવ્ય પળો છે. તે નાજુક પળોને ખૂબ જાગૃતિની પળ બનાવી દેવી જોઇએ. તે પસ્તાવાને હજુ ઘેરો રંગ લગાડવાથી તેની અસર લાંબા સમય સુધી ટકે છે. તે પશ્ચાતાઅપની વેદના દરમ્યાન આવા કારણોસર ફરી ક્રોધ ન કરવાનો દઢ નિરધાર કરવામાં આવે તો મન પર તેનો ચિરસ્થાયી મોટો પ્રભાવ પડે છે.

(૨૦) પોતાનો દરજ્જો વિચારવો : સ્ટેટસ કે દરજ્જાનું માનવીને મન બહુ મોટું મૂલ્ય હોય છે. તે સ્ટેટસને ઊંધી અસર પહોંચાડે તેવી પ્રવૃત્તિ કરતા તે તુરત અટકી જાય છે. પોતાના દરજ્જાનું ભાન ઘણીવાર ક્રોધની પળોમાં પટકાતા બચાવી શકે છે.

ખલીફા હારૂં રશીદ પાસે તેનો પુત્ર ધૂંવાપૂંવા થતો આવ્યો. "અમુક કર્મચારીએ મને ગાળ દીધી છે તેને સજા કરો."

"બેટા, તે કર્મચારીને ભારેમાં ભારે સજા કરવી હોય તો તેને ક્ષમા કર અને તેમાં તારું મન ન જ માને તો તે જ ગાળ તું તેને આપી આવ. પણ એટલું યાદ રાખજે કે, તેમ કરીશ તો તારું અને એનું સ્તર સમાન થઇ જશે."

પુત્રનો ગુસ્સો શાંત પડયો, તેણે કર્મચારીને ઉદારતાથી ક્ષમા આપી.

મેસોપોટેમિયાનો અબ્રાહમ નામનો એક શ્રીમંત પ્રભુભક્ત હતો. તેનાં આંગણે એક ભિખારી આવ્યો. આ શ્રીમંતે તેને ભોજન આપ્યું અને ઠંડીથી તેનું રક્ષણ થાય તે માટે આશ્રય આપ્યો. ભોજન આપતાની સાથે પેલો ભિખારી ભોજન પર તૂટી પડયો. પ્રભુભક્ત અબ્રાહમથી ન રહેવાયું: "અરે, બે મિનિટ ઇશ્વરની પ્રાર્થના તો કર..." પેલો તો તેની વાત પર ધ્યાન આપ્યા વગર જ ખાતો રહ્યો. જમી લીધા પછી તે બોલ્યો : "તમે મારી પાસે ભગવાનનું નામ ન લેશો. તે દુષ્ટ પાપીએ જ મારી આ દશા કરી છે." અબ્રાહમને આઘાત લાગ્યો. કડકડતી ઠંડીમાં તેને કાઢી મૂક્યો. ઘરે આવીને ભગવાનની મૂર્તિ આગળ ઊભો રહીને બોલ્યો : "ભગવાન, તમારા એક દુશ્મનને આજે મેં બરાબર શિક્ષા કરી છે તે હવે તમને કદી ગાળ નહીં આપે." તુરત ભગવાન બોલ્યા.

"તેં આ બહુ ખોટું કર્યું. તે મને જન્મથી ગાળો દેતો આવ્યો છે છતાં મેં તેની સંભાળ કરી છે અને તું એક રાત પણ તારા ઘરમાં રાખી ન શક્યો ? મારા ભક્ત તરીકેના તારા દરજ્જાને તેં આજે કલંક લગાડયું."

(૨૧) આત્મૌપમ્ય ભાવ : અન્ય વ્યક્તિને પોતાની જાત તુલ્ય માનવી એ આત્મૌપમ્ય. તેથી પણ આગળ વધતા બીજા જીવો પોતાના જેવા જ છે તેટલું જ નહિ, અન્ય અને હું ભિન્ન નથી તેવો ભાવ આવે છે. મૈત્રી ભાવ વધુ ઘન બનતા આ કક્ષા પ્રાપ્ત થાય છે. તે કક્ષા પ્રાપ્ત થતા તેને શીખવવું નથી પડતું કે आत्मन: प्रतिकूलानि परेषां न समाचरेत् ।

બીજાને ખાવા નથી મળ્યું, વેદના પોતે અનુભવે છે. કેન્સર કોઇને થયું છે અને કણસે છે પોતે. બીજાની વેદના પોતાની બની જાય છે. અબ્રાહમ લિંકન કાદવમાં

ખૂપલા ભૂંડને જોઇને ખૂબ વ્યથિત થયા. જાતે કાદવમાં ઊતરીને ભૂંડને બહાર કાઢયું તેમનાં કપડાં ખરાબ થયાં. કોઇએ કહ્યું "ભૂંડની પીડા તો અમે પણ દૂર કરી શકત. અમને કહેવું હતું ને ! અમે તેને કાદવમાંથી બહાર કાઢત. અમેરિકાના પ્રમુખ થઇને તમે શું કામ કપડાં કાદવથી બગાડયાં ?"

"ભૂંડની પીડા દૂર કરવાની હોત તો કદાચ તમને જણાવત પણ, હું તો મારી પીડા દૂર કરવા કાદવમાં ઉતર્યો હતો. ભૂંડને કાદવમાં ખૂંપેલું જોઇને મેં જે પીડા અનુભવી તેના નિવારણ માટે જ હું કાદવમાં ઊતર્યો હતો."

રામકૃષ્ણ પરમહંસને ગળાનું કેન્સર થતાં ખોરાક લેવાનું સંપૂર્ણ બંધ થયું. છતાં તે તો ખૂબ આનંદમાં હતા. પણ, મિત્રોનો અત્યંત આગ્રહ થતા તેમણે મહાકાલી માતાને પ્રાર્થના કરી.

"માતાજી, હું ખાઇ શકું તેટલું મને કરી આપ." તુરંત પ્રત્યક્ષ થઇને કાલિકા માતાએ કહ્યું.

"હજારો લોકોના મુખથી તું ખાઇ તો રહ્યો છે. આ તું શું માગે છે ?"

ત્યારે, રામકૃષ્ણને પોતાની ભૂલ સમજાઇ અને તે રોગની વેદનાને સહર્ષ વધાવી લીધી.

આ જ રામકૃષ્ણ માટે સાભળ્યું છે કે કોઇ ઘાસ પર ચાલતું તો તેમને છાતીમાં પીડા થતી હતી.

તે જ રીતે પૈઠણના બ્રાહ્મણોએ પાડાની પીઠ પર ચાબુકના ફટકા માર્યા ત્યારે સંત જ્ઞાનેશ્વરની પીઠ ઉપર સોળ પડયા હતા.

રાશિયામાં ચેખોવ નામનો પ્રસિદ્ધ સાહિત્યકાર થઇ ગયો. તેના વિષે પણ આવી જ વાત પ્રસિદ્ધ છે. એક વાર સ્ટેશન પર એક હમાલને કોઇ મુક્કા મારતું હતું. ચેખોવ સ્ટેશનના બાંકડા પર જ બેઠો હતો અને હમાલ તેને સારી રીતે ઓળખતો હતો. તેથી, તેણે મુક્કા મારનારને કહ્યું : "તું મને મુકકા નથી મારતો પણ બાકડા પર બેઠેલા પેલા ચેખોવને મારી રહ્યો છે."

પેલા વ્યક્તિએ બાંકડા પર નજર કરી અને ચેખોવના મુખની વ્યથા વાંચીને તે તુરત શાંત પડી ગયો.

હવે, આવો આત્મૌપમ્યભાવ કેળવાઇ જાય તે બીજાની વ્યથા જોઇ પણ ન શકે તો બીજાને વ્યથિત તો કેવી રીતે કરી શકે ? બીજાના હૃદયને ઘાયલ કરનારાં કટુ વચનો તો તેનાં મુખમાંથી ક્યાંથી નીકળે ?

ઉપનિષદ્‌માં લખ્યું છે :

यस्तु सर्वाणि भूतानि,
आत्मन्येवानुपश्यति ।
सर्वभूतेषु चात्मानं,
ततो न विजुगुप्सते ।

જે વ્યક્તિ પોતાના આત્મામાં સર્વ આત્માના દર્શન કરે અને સર્વ જીવોમાં પોતાના આત્માના દર્શન કરે તેને ક્યારેય ઉદ્વેગ થતો નથી.

દાંતોથી જીભ કચરાવા છતાં દાંત પર ગુસ્સો થતો નથી કે પગથી પગને ઠોકર લાગે ત્યારે પગ પર ક્રોધ આવતો નથી. કારણ કે જ્યાં પોતાપણું આવે ત્યાં ક્રોધને ચાલ્યા જવું પડે છે.

(૨૨) સહુમાં સિદ્ધસ્વરૂપનું દર્શન : જીવત્વના બહુમાનની આરાધના હજુ વિકસિત બનતા આત્મૌપમ્યભાવથી પણ એક આગળની કક્ષા પ્રાપ્ત થાય છે. ત્યાં સર્વ આત્મામાં અપ્રગટપણે રહેલા સિદ્ધસ્વરૂપ તરફ દૃષ્ટિ જાય છે. સિદ્ધ ભગવંતનું જેવું સંપૂર્ણ શુદ્ધ અને નિર્મળ સ્વરૂપ છે તેવું જ શુદ્ધ અને નિર્મળ સ્વરૂપ સર્વ જીવોનું છે. પણ કર્મનાં આવરણોને કારણે સંસારી જીવોનું તે શુદ્ધ સ્વરૂપ ઢંકાઇ ગયું છે. તેથી દોષ અને દુર્ગુણોથી યુક્ત વૈભાવિક દશા દેખાય છે. પણ તે વૈભાવિક સ્વરૂપની ઉપેક્ષા કરીને જે સત્તામાં રહેલા પરમાત્મસ્વરૂપને નિહાળે છે તેને કોઇ આત્મા પર દુર્ભાવ થતો નથી.

કેટલાક વિરોધી બ્રાહ્મણોએ કબીરજીને કલંકિત કરવા એક વેશ્યાને તેમની પાસે મોકલી. કબીરે તેની સાથે લગ્ન કર્યા છે તેવી વાત તેણે લોકોમાં ફેલાવી. લાકોને કબીરજી પ્રત્યે ખૂબ અરુચિ થઇ. પણ કબીરજીને આ અપયશની કોઇ ચિંતા નથી. તે તો પ્રભુભજનમાં મસ્ત છે. તેમના આત્માની પવિત્રતા અને ઉત્તમતાને નિહાળીને વેશ્યા પ્રભાવિત થઇ ગઇ. તેણે બ્રાહ્મણોનું પોકળ ખુલ્લું પાડી દીધું. વાત રાજા સુધી પહોંચી. કબીરજીને જ પૂછયું :

"કબીરજી, આ દુષ્ટ બ્રાહ્મણોને શું સજા કરવી, તે તમે જ કહો. તમે કહેશો તે સજા તેમને કરીશું."

"અરે રાજન્, આ બધામાં મને ભગવાનનાં જ દર્શન થાય છે. ભગવાનને સજા કરાય ખરી ? તમે તેમને છોડી મૂકો."

સહુ આત્મામાં પરમાત્મભાવ પ્રતીત થાય તેને ક્ષમાના કોઇ પાઠ ભણાવવા

પડતા નથી, ક્ષમા અને અદ્વેષ પરિણામ સહજ બની જાય છે. સહુ આત્મામાં સિદ્ધસ્વરૂપનાં દર્શન કેવી રીતે કરવા તેનો વિસ્તાર આ પુસ્તકમાં અન્યત્ર કરેલો છે.

(૨૩) ક્ષમા પર અનુરાગ : પ્રેમ ન દેખાય તો મહેમાન પણ ઘરે પધારતા નથી અને આવે તો વધુ રહેતા નથી. ક્ષમાદેવીને જીવનભુવનમાં પધરાવવાં હોય અને કાયમ માટે રોકી રાખવાં હોય તો કેટલો બધો પ્રેમ અને અનુરાગ દાખવવા જોઇએ તે સમજી શકાય તેમ છે અને ક્ષમા પર અનુરાગ પ્રગટાવવા માટે તેના લાભો અને ફાયદાઓ વિચારવા જોઇએ. ધન વૈભવમાં સ્વાર્થ અને લાભ દેખાય છે માટે તેના પર રાગ અને અનુરાગ થાય છે. તેમ ક્ષમાનો મહિમા પણ હૈયાને સ્પર્શે ત્યારે અનુરાગ આપોઆપ પ્રગટે છે. પણ, આપણે તો તુચ્છ લાભોના લેખામાં જ અટવાયેલા છીએ. તેથી ક્રોધને મહિમાશાળી માનીએ છીએ. ક્રોધના શસ્ત્રથી કોઇને ચૂપ કરી દીધાનો, કોઇને જુઠ્ઠો પાડયાનો કે કોઇ પાસે ધાર્યું કામ કરાવ્યાનો તુચ્છ લાભ દેખીને મહાલીએ છીએ. તેથી અનુરાગ ક્રોધનો જ વધે છે અને ક્ષમાદેવી રિસામણાં લઇને ચાલ્યા જાય છે.

ક્ષમા પર અનુરાગ પ્રગટાવવાનું બીજું એક કારણ પુસ્તકમાં અન્યત્ર જણાવ્યું છે. ક્ષમા એ મારી બાપીકી મૂડી છે કારણ કે તે મારી સ્વભાવદશા છે તેવું સમજાય ત્યારે તેના પર મમત્વ પ્રગટે છે. આ મમત્વભાવ ક્ષમાને આત્મસાત્ કરાવી જ દે છે.

જેના પર તીવ્ર અનુરાગ હોય છે તેની ખાતર માનવી જાન ન્યૌછાવર કરવા પણ તૈયાર થઇ જાય છે. તેથી ક્ષમા ઉપર પણ એક વાર સાચો અનુરાગ થઇ જાય તો કોઇ પણ ભોગે તેનું રક્ષણ કરવાનું સત્ત્વ અને સામર્થ્ય આત્મામાં પ્રગટ થઇ જાય છે. પછી તો અપમાન સહન કરી લેશે. પણ, ક્ષમાનું જતન કરશે. નુકસાન વેઠી લેશે. પણ, ક્ષમાને ટકાવી રાખશે.

(૨૪) ક્ષમાશીલ મહાપુરુષોની કથાઓ : અનુકરણશીલતા એ માનવ સ્વભાવની એક ખાસિયત છે. અન્યના જીવનમાંથી પ્રેરણા લેવાની વૃત્તિ મનમાં સહજ બનેલી છે. આપણાં ઘણાં બધાં દુર્ગુણો, દુષ્કૃત્યો કે દોષો માટે આ અનુકરણશીલતા જવાબદાર હશે. વગોવાઇ ગયેલી આ અનુકરણશીલતાને યશભાગી બનાવવા મહાપુરુષોનાં ચરિત્રનું વાંચન અને શ્રવણ ખૂબ હોવું જોઇએ. દુષ્ટ પુરુષોના ચરિત્રનું વાંચન કે શ્રવણ વારંવાર કરવામાં આવે તો તેની વિઘાતક અસરો ઊભી થાય છે. તેમ સત્પુરુષોનાં ચરિત્રનું શ્રવણ જીવનમાં નવી ચેતના પૂરે છે. શ્રાવક પ્રતિક્રમણ સૂત્રમાં તો કહ્યું છે કે - સત્કથાઓનું શ્રવણ કરવાથી ચિરસંચિત પાપકર્મોની ભારેખમ ભેખડો તૂટી પડે છે.

માથે ખેરના અંગારા મૂકનારા સોમિલ સસરાને પણ પરમ કલ્યાણમિત્ર માનનારા મહામુનિ ગજસુકુમાલનું ક્ષમાસભર ચરિત્ર હૈયાની બુટ્ઠી થયેલી દીવાલોમાં ચૈતન્યનો ધબકાર ન પૂરે શું ?

૬ - ૬ મહિના સુધી ઘોર ઉપસર્ગોની ઝડી વરસાવનાર સંગમ માટે પણ કરુણાનાં અશ્રુ સારનાર પ્રભુ વીરનાં ક્ષમાપૂર્ણ પારદર્શક હૈયાનો પરિચય અંદરમાં બેઠેલા ક્રોધ પિશાચને એકાદ ઊનો ડામ ન દઇ દે શું ?

પાલક પાપીની ઘાણીમાં પીલાવા છતાં અપૂર્વ આતમમસ્તી કેળવીને ઘાણીમાંથી શાશ્વત સુખનું તેલ પામનારા ખંધકસૂરિના ૫૦૦ શિષ્યોની અદ્ભુત ક્ષમા કાળજામાં કોઇ કરામત ન સર્જે શું ?

ક્ષમાવીર મહાપુરુષોના જ્વલંત આદર્શો એ ગગનના તારલા છે, તેમાંથી એકાદ તણખો ઝરીને જીવનનાં આંગણામાં પડે તો પણ ક્રોધાદિ કષાયોનાં ઉકરડાને રાખ કરી નાંખે.

માંડવગઢમાં પેથડ મંત્રી શ્રી કલ્પસૂત્ર નામનાં આગમશાસ્ત્રનું ગુરુ ભગવંતનાં મુખેથી શ્રવણ કરી રહ્યા હતા. તેમાં મહાવીર સ્વામીનાં ચરિત્રમાં એક પ્રસંગ સાંભળવામાં આવ્યો. પુત્રજન્મનાં સૂચક ૧૪ મહાસ્વપ્નોનાં ત્રિશલાદેવીએ રાત્રે દર્શન કર્યાં ત્યારે પોતાની શય્યા પરથી ઊઠીને સિદ્ધાર્થક્ષત્રિયના શયનખંડમાં ગયા અને સિદ્ધાર્થક્ષત્રિયને પોતાનાં સ્વપ્નોનું નિવેદન કર્યું. આ પ્રસંગ સાંભળતાં જ આ દંપતિના મર્યાદાપૂર્ણ પવિત્ર દાંપત્યજીવનમાંથી પેથડમંત્રીને અદ્ભુત પ્રેરણા મળી અને યુવાન વયમાં જ સજોડે બ્રહ્મચર્ય વ્રતને અંગીકાર કર્યું.

એક ગુણાનુરાગી મુનિરાજ મારા કલ્યાણમિત્ર છે. તેમની પાસે એક નોંધપોથી રાખે છે. કોઇપણ વ્યક્તિનો નાનકડો પણ સદ્ગુણ, સુકૃત્ય, સુટેવ કે વિશિષ્ટ આરાધના નજરે પડે તો તુરત તે વાત પોતાની નોંધપોથીમાં ટપકાવી દે છે. નોંધપોથીમાં ટપકાવે છે એટલું જ નહિ, પોતાના જીવનમાં પણ ઉતારવાનો પ્રયત્ન શરૂ કરી દે છે.

પવિત્ર પુરુષનાં ઉત્તમ ચરિત્રો જીવનમાં અનેરો જાદુ સર્જે જ છે. તે ક્ષમાશ્રમણ મહાત્માઓના પવિત્ર અને દિવ્ય જીવનપ્રવાહમાંથી નીકળતી એકાદ નીક આપણી દિશા પણ પકડે છે, જીવનક્ષેત્ર સિંચાય છે અને જીવન બને છે - નંદનવન.

(૨૫) સમાધાન વૃત્તિ : રામકૃષ્ણ પરમહંસને કોઇએ પૂછયું : "સ્વામી ! સાધુ કોને કહેવાય ?" "તું જ કહે, તારા મનમાં સાધુની શી વ્યાખ્યા બેઠી છે ?' "ભિક્ષા મળે તો ખાય અને ન મળે તો ભૂખ્યો રહે તેનું નામ સાધુ." " આ તો

કુતરાની વ્યાખ્યા થઇ. સાધુ તો તેને કહેવાય કે જો મળે તો વહેંચીને ખાય અને ન મળે તો, ઇશ્વરનો આભાર માને કે હે ઇશ્વર, આજે તારી કૃપાથી મને તપ કરવાનો મોકો મળ્યો."

આ વિધાનમાં પરમહંસે સાધુની બે વ્યાખ્યા કરી છે. વહેંચીને ખાય એટલે કે સહાય કરે તે સાધુ અને ન મળે તો પણ ઇશ્વરનો આભાર માને એટલે કે સમાધાન સાધે તે સાધુ. મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ એ સમાધાનવૃત્તિ છે અને આ સમાધાનવૃત્તિ છે માટે જ કહ્યું : સાધુ તો સુખિયા ભલા, દુ:ખિયા નહિ લવલેશ.

ગમે તેવા વિષમ સંયોગો ઉત્પન્ન થાય છતાં કોઇને કોઇ સમાધાન શોધીને જે આવી પડેલા સંયોગોનો પ્રસન્નતાથી સ્વીકાર કરી લે છે તેને ક્રોધને અટકાવવા જીવનનાં બારણે 'No Entry' નું બોર્ડ લગાવવાની જરૂર પડતી નથી.

સંત તુકારામની પત્ની કર્કશા હતી. ઘરમાં આવતાની સાથે ઝગડો માંડતી. આવી ઝઘડાખોર પત્ની હોવા છતાં તે વ્યાકુળ નહોતો. તે કહેતો કે - કુદરતનો હું આભાર માનું છું કે આવી કર્કશા પત્ની મને વળગાડી જેથી સંસાર ઉપર મને કોઇ મોહ જ થતો નથી. જે સંયોગો ચિત્તને ખિન્ન અને વ્યાકુળ બનાવી દે તે જ સંયોગો અનેરી પ્રસન્નતાની ભેટ ધરી શકે છે. પણ તે માટે આવું કોઇ સમાધાન શોધવું પડે.

નરસિંહ મહેતાની પત્ની મૃત્યુ પામી ત્યારે શોકનાં વાદળો મુખ પર છવાઇને પ્રસન્નતાના તેજસ્વી સૂર્યને ઢાંકી ન દે તે માટે તેણે સમાધાન શોધ્યું: "ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રીગોપાળ."

જેને ક્રોધ કરવો છે તે કોઇનાં સદ્‌વર્તનમાંથી પણ દોષ કાઢી શકશે. જેને ક્ષમા સાધવી છે તે કોઇનાં દુષ્ટ વર્તનમાંથી પણ સમાધાન શોધી શકશે. સમાધાન શોધવાની આવડત શીખવા કોઇ કોચીંગ ક્લાસ ભરવાની જરૂર નથી હોતી. તેના માટે જરૂરી હોય છે માત્ર ક્ષમાની ભૂખ.

અરબસ્તાનમાં રાબિયા નામની એક સ્રીસંત થઇ ગઇ. એક મોટા શ્રીમંતના ઘરમાં ગુલામડી તરીકે તે કામ કરતી. તે શ્રીમંતનાં ઘરે એક જમણવાર યોજાયો. આમંત્રિત એક હકીમ એક વાનગી આરોગતા આરોગતા જરા અટકી ગયો. તેની માંસની વાનગીમાં કોઇ પ્રાણીના ઘૂંટણ આગળની ગાંઠ આવી. હકીમને જિજ્ઞાસા થઇ. "માણસનાં ઘૂંટણમાં આવી ગાંઠ હોય કે નહિ ? તેની જિજ્ઞાસાનો અંત લાવવા તુરત જ તે શ્રીમંત શેઠે પોતાના નોકરને ગુલામ રાબિયાના ઘૂંટણ આગળની માંસપેશીઓ ચીરવાનું કહ્યું. તેના ઘૂંટણમાંથી પણ પ્રાણીના હાડકામાં હતી તેવી જ

હાડકાની ગાંઠ નીકળી, સૌ સર્જનહારની સર્જનકળાની તારીફ કરવામાં ખોવાઇ ગયા અને પેલી રાબિયા પણ ખુદાના ગુણગાનમાં પરોવાઇ ગઇ.

"હે, ખુદા ! તું જે કરે છે તે સમજીને જ કરે છે. આ હાડકાની ગાંઠ માટે મારા બદલે બીજા કોઇની પસંદગી થઇ હોત તો તે બિચારો ક્રોધની આગમાં શેકાઇ જાત. તારી સેવિકાને તેં આ ક્ષમાની તક માટે પસંદ કરીને મહાન કૃપા કરી છે."

જે સંયોગો તેનાં જીવતરમાં આગ ચાંપી શકત તે જ સંયોગોએ તેની ઇશ્વર નિષ્ઠામાં અને પ્રસન્નતામાં વધુ ચૈતન્ય પૂર્યું.

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજાની આંખનું તેજ નાશ પામ્યું છતાં તેઓ સંપૂર્ણ સ્વસ્થ રહ્યા. તેમણે કહ્યું કે "આમા દુ:ખી શું થવાનું ? આંખ કર્મે આપેલી હતી અને તેણે જ લઇ લીધી. મારી હતી જ ક્યાં ? રૂા. ૧૦,૦૦૦/- ની થાપણ મુદત પાકતા કોઇ પાછી લઇ જાય તેમાં દુ:ખી શું થવાનું ?"

બરકત વિરાણી (બેફામ) નું એક મુક્તક આ સમાધાનવૃત્તિને સુંદર શબ્દોમાં પ્રગટ કરે છે.

"સિતારા હોય છે તેને ગ્રહણ નથી મળતું.
ફૂલોને બાગ મળે છે, રણ નથી મળતું.
આ એક સુખ અમે કુદરતના ન્યાયમાં જોયું,
કે ગજા બહારનું દુ:ખ ક્યાંય નથી મળતું."

મારા પર આ કષ્ટ કે ઉપસર્ગ આવ્યાં છે, તેનું કારણ એ છે કે તેને સહેવાનું મારામાં સામર્થ્ય છે. મારાં સત્ત્વ અને સામર્થ્યની કસોટીમાંથી પાર ઊતરવાનો સુંદર મોકો મને મળ્યો છે. આટલા જ વિચારથી કાયરતા ભાગી જાય છે અને ક્લેશ ઓગળી જાય છે. દુ:ખ મોકલીને કુદરતે મારી સહિષ્ણુતાની કદર કરી છે.

(૨૬) નિમિત્તોથી દૂર રહેવું : શહેરમાં ચોર - ગુંડાઓનો ત્રાસ વધી ગયો હોય ત્યારે બારણાં બંધ રાખીને બેસવાનું શિક્ષણ કોઇને આપવું પડતું નથી. કોલેરા જેવા રોગનો ઉપદ્રવ ફાટી નીકળ્યો હોય ત્યારે પાણી ગાળીને કે ઉકાળીને પીવાની પ્રેરણાઓ કરવાની કોઇ જરૂર રહેતી નથી. તેમ ક્રોધ નામના ગુંડાનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં હોય તેને માટે તો બારણાં બંધ રાખવાં તે જ સલામતિનો સચોટ ઉપાય છે. બારણાં બંધ રાખવાં એટલે કે ક્રોધના નિમિત્તોથી દૂર રહેવું.

ચંડરૂદ્રાચાર્ય નામના એક જૈનાચાર્યની પ્રકૃતિમાં ક્રોધ વણાઇ ગયો હતો. તેમના ક્રોધી સ્વભાવને કારણે જ તેમનું નામ ચંડરૂદ્રાચાર્ય પડયું હતું. પણ તેમને પોતાનો ક્રોધ વહાલો તા નહોતો જ. આચાર્ય ભગવંત આત્માર્થી હતા તેથી ક્રોધથી

જાતને બચાવવા સતત પ્રયત્નશીલ હતા. શિષ્ય મુનિવરોના કોઇ દોષ, ક્ષતિ કે ભૂલો દેખાઇ જતા ક્રોધનો ઉછાળો આવી જાય તે અત્યંત સંભવિત હતું. તેથી જાત પ્રત્યેની કરુણાથી પ્રેરાઇને તે પોતાની બેઠક અલગ સ્થાનમાં રાખતા હતા અને અલિપ્ત બનીને રહેતા હતા. ક્રોધનો ઉપદ્રવ જેને વધારે હોય તેણે તો આવી અલિપ્તતા કે અંતર્મુખતા મુબારક બનાવવી જ રહી. પરપ્રવૃત્તિમાં જે બધિર, અન્ધ અને મૂક બની શકે છે તે જ આત્મપ્રવૃત્તિમાં અત્યંત જાગૃત રહી શકે છે. પણ આપણને તો ક્રોધ ગમતો હોય છે. તેથી સામે ચાલીને નિમિત્તો શોધીએ છીએ, બીજાની ભૂલ થાય તેની રાહ જોઇએ છીએ. બીજાના ગુણને પણ અવગુણમાં ખપાવી નાખીએ છીએ. ક્ષમાદેવી સાથે આપણું સગપણ થશે ખરૂં ?

આત્મામાં પડેલા ક્રોધના કુસંસ્કારો અથવા ક્રોધની પ્રકૃતિ એ પેટ્રોલ છે તો નિમિત્ત એ ચિનગારી છે. ભડકાથી બચવું હોય તો ચિનગારીથી દૂર જ રહેવું જોઇએ.

(૨૭) સહિષ્ણુતા : અસ્તિત્વની સ્થૂલ સપાટી પર જીવતું બાહ્ય જગત કદાચ પ્રહાર કરનારને પરાક્રમી કહેતું હશે પણ ગુણસાધનાની પવિત્ર દુનિયાનાં ગણિત અને લેખાં સાવ જુદાં છે. ત્યાં તો સહન કરનાર શૂરવીર છે. જે હાથ ઉપાડે છે તે કાયર છે, જે ગાલ ધરે છે તે બહાદુર છે. જે સમશેર ઉગામે તે બાયલો છે, જે ડોકું ધરે તે પરાક્રમી છે.

જન્મ કાળે પગના અંગૂઠાથી મેરૂને ચલાયમાન કરનાર મહાવીર ઉપસર્ગોની ઝડી વરસાવનાર સંગમદેવને ડાંગરનાં ફોતરાંની જેમ ખાંડી ન શક્યા હોત ? બાલ્યવયમાં જ સાત તાડ જેવી કાયાવાળા બિહામણા પિશાચને એક જ મુષ્ઠિના પ્રહારે ભોંય ચાટતો કરી દેનારા મહાવીરને માટે પેલો શૂલપાણિ તો એક જ તમાચાનો ઘરાક નહાતો ? પણ, પ્રભુ વીર પરાક્રમી હતા તેથી તેમણે પ્રહાર ક્યારેય નથી કર્યો, સહન જ કર્યું છે. ક્ષમાના યજ્ઞની અનિવાર્ય યષ્ટિકા એટલે સહિષ્ણુતા.

સુવર્ણ અગ્નિની જાલિમ વેદનાને સહન કરે છે ત્યારે શુદ્ધ પુરવાર થઇને બહાર આવે છે. કેરી ઘાસનાં ઝુંડા વચ્ચે ભારે ગરમીને સહન કરે છે ત્યારે મનોહર વર્ણ, ગંધ અને સ્વાદની સુરમ્ય સમૃદ્ધિને પામે છે. હીરો એસિડમાં ઊકળીને સરાણ પર ઘસાય છે, ત્યારે ગજબની ચમક પ્રાપ્ત કરે છે. ટાંકણાની વેદનાને સહન કરનાર પત્થર પ્રતિમાનો આકાર પામે છે.

સહન કરનાર ઊંચે ચડે છે, પ્રહાર કરનાર પટકાય છે. સહન કરનારી એરણને વર્ષો સુધી કોઇ આંચ નથી આવતી અને પ્રહાર કરનાર હથોડો ટૂંકા ગાળામાં જ સોનીની દુકાનમાંથી હકાલપટ્ટી પામીને લુહારનાં ભંગારખાનાનો અતિથિ બને છે.

સહન કરનારી ખાંડણી સ્થિર રહે છે, પ્રહર કરનાર દસ્તાને ખાવી પડે છે પછડાટ. સહન કરનાર ઢાલ વર્ષો સુધી સ્થિર રહે છે અને પ્રહાર કરનાર તલવાર તો ટૂંક સમયમાં બુઠ્ઠી બની જાય છે. સહન કરનાર ઢોલ, ખંજરી અને નગારાં ચર્મનિષ્પન્ન હોવા છતાં પ્રભુમંદિરનો સોહામણો શણગાર અને પ્રભુભક્તિનું ઉત્તમ ઉપકરણ બને છે. જ્યારે માર્ગનાં પુષ્પ, તણખલાં, જીવજંતુ આદિને પીસી નાંખનાર જૂતાંને બહાર જ રહેવું પડે છે.

જે સહન કરે છે તે શુદ્ધ બને છે. શાસ્ત્ર આ વાતમાં સાક્ષી પૂરે છે.

अणुसोओ संसारी पडिसोओ तस्स उत्तारो

અનુકૂળતાની વૃત્તિ એ સંસારભાવ છે. પ્રતિકૂળતાને સહન કરવાની ભાવના એ સંસારસાગરને પાર કરાવતી નૌકા છે.

સહિષ્ણુતાને હંમેશા અસીમ રાખો. સરહદના સીમાડાથી તેને ક્યારેય બાંધો નહિ. Limit ends નું પાટિયું ત્યાં ક્યાંય લગાવો નહિ.

સાગરને ભલે કિનારાની મર્યાદા રહી.

સૂર્ય-ચંદ્રને ભલે ઉદય-અસ્તની મર્યાદાઓ રહી.

સંતો ભલે મર્યાદાને નમસ્કાર કરતા.

રામને ભલે કોઇ મર્યાદાપુરુષોત્તમ કહેતા

પણ... જો ક્ષમાની સાધના કરવી છે તો સહિષ્ણુતાને મર્યાદાનાં બંધનોથી ન જ બાંધો. તેની આગળ કોઇ લક્ષ્મણરેખા તમે ન દોરો. સહન જ કરો. પ્રતિકારની તલવારને હંમેશા મ્યાનમાં જ પૂરી રાખો.

સહિષ્ણુતાને સરહદની પાળ બાંધી તો પેલા બે મુનિવરોના શું બેહાલ થયા તે જાણવું છે ?

બંને બંધુઓ હતા. કુરુક અને ઉત્કુરુક તેમનાં નામ. સંસારનો સંગ છોડી અસંગી બન્યા. સંયમ અને તપની ધૂણી ધખાવીને પારાવાર લબ્ધિઓના સ્વામી બન્યા. એકદા કુણાલા નગરીમાં ચાતુર્માસ રહ્યા. તે વર્ષે મેઘરાજ રિસાયા. એ બે મુનિઓએ વરસાદને બાંધી દીધો છે તેવો તુક્કો લગાવીને નગરજનો આ મુનિઓને ત્રાસ આપવા લાગ્યા.

લોકો અપમાન કરવા લાગ્યા.... સહન કર્યું.

લોકો આક્રોશ કરવા લાગ્યા..... સહન કર્યું.

લાકો ગાળો દેવા લાગ્યા.... સહન કર્યું.

લોકો પથરા ફેંકવા લાગ્યા.... સહન કર્યું.

તેમની આ સહિષ્ણુતાની રૂપેરી ચાદરમાં તેમનું મુનિપણું દીપતું હતું. પરિષહની સેનાઓ ઉપર તેમને વિજય પ્રાપ્ત થતો જતો હતો. પણ, હવે તો લોકોએ લાકડીઓ હાથમાં લીધી. મુનિઓની તપથી કૃશ બનેલી હાડપિંજર સમી કાયા પર લાઠીઓ ઝીંકાવા માંડી. લોહી ગળતા સોળથી વાંસો ખદબદી ઊઠ્યો. કોઇ જ વાંક નહિ, કોઇ જ ગુનો નહિ લોકો નિરવધિ ત્રાસ આપ્યા જ કરે ત્યારે સહિષ્ણુતાની અવધિ આવે કે ન આવે ? અને, સહિષ્ણુતાની મર્યાદા આવી ગઇ. ભવાં તંગ બન્યાં. સૌમ્યતાને તગેડીને રૌદ્રતા મુખ પર છવાઇ ગઇ. ચિત્ત ખળભળી ઊઠયું. અંદરમાં કષાયનો વટોળિયો ઊઠયો. આંખના ઇશારાથી બન્ને મુનિઓએ નગરજનોને પરચો દેખાડવાનો દાવ નક્કી કર્યો. તપસાધનાના બળે વિશિષ્ટ લબ્ધિઓને તેમણે પ્રાપ્ત કરેલી હતી.

કુરુક મુનિ આકાશ તરફ નજર કરીને ગુસ્સાના આવેશમાં બોલ્યા: वर्ष देव ! कुणालायां..... હે મેઘરાજા, કુણાલાનગરીમાં વરસી પડો. ઉત્કુરુક મુનિએ આગળ ચલાવ્યું. दिनानि दश पंच च । ૧૫ દિવસ સુધી વરસી પડો. પણ ઝરમર ઝરમર છાંટણા ન ચાલે. તેથી કુરુક મુનિએ આગળ ચલાવ્યું. नित्यं मुशलधाराभिः મુશળધાર વરસાદ વરસી પડો. ઉત્કુરુકને આટલાથી સંતોષ ન થયો. કદાચ દિવસે દિવસે જ કલાક - બે બે કલાક જ પડશે તો ? તેથી તે આગળ બોલ્યા: यथा रात्रौ तथा दिवा ॥ દિવસ અને રાત વરસી પડો.

લબ્ધિપ્રાપ્ત મુનિઓનું વચન નિષ્ફળ થોડું જાય ? આકાશ કાળાં ડિબાંગ વાદળોથી ઘેરાઇ ગયું. લોકો ખુશ થયા. મુશળધાર વરસાદ શરૂ થયો. લોકો આનંદ વિભોર બન્યા.

એક દિવસ.... બે દિવસ..... ત્રણ દિવસ... લોકો નાચી ઊઠયા.

ચાર દિવસ.... પાંચ દિવસ... છ દિવસ... વૃક્ષો તૂટવાં માંડયા.... કાચાં મકાનો પડવા લાગ્યાં.....

સાત દિવસ.... આઠ દિવસ... નવ દિવસ.... ઝૂંપડાં તણાવાં માંડયાં, ઢોર તણાવાં લાગ્યાં.

દશ - બાર દિવસ.... મોટાં મકાનો પણ પડવાં લાગ્યાં, માણસોય તણાવા લાગ્યાં.... બધે જ જળબંબાકાર....

પંદર દિવસમાં તો કુણાલા નગરી સાવ તારાજ બની ગઇ. ત્રાસ આપનાર નગરજનોને સજા કરી મુનિઓએ અને સહિષ્ણુતા ચૂકી જઇને ક્રોધાવેશમાં આવેલા

આ મહાનુનિવરો ત્યાંથી મૃત્યુ પામીને સીધા અસહ્ય વેદનાઓની ગર્તા સમી સાતમી નરકના અતિથિ બન્યા.

ઘોર સાધનાઓ.... ઉગ્ર તપશ્ચર્યાઓ.... સંયમની પવિત્ર ચર્યાઓ....

બધું જ બાજુ પર રહી ગયું અને મુનિવરો નરકે જઇ મુઆ.

હવે... કોઇ ત્રાસ આપે ત્યારે ફરિયાદ ન કરતા....

"ક્યાં સુધી સહન કરવાનું ?"

"ક્ષમા કેટલી વાર આપવાની ?"

"કાંઇ પરચો ન બતાવીએ તો માથે ચડી જાય..."

આચાર્ય ભિક્ષુસ્વામી સાથે ચર્ચા કરવા એક નાસ્તિક આવ્યો. સ્વામીએ તુરત તેને નિરુત્તર કર્યો. હવે તે ઉદ્ધત બન્યો. સ્વામીની ટાલ ઉપર તેણે ટકોરા માર્યા. બાજુમાં બેઠેલો ભક્ત આવેશમાં આવી ગયો. ભિક્ષુસ્વામીએ તેને શાંત પાડયો.

"અરે, આવેશ શાને માટે ? ૫૦ પૈસાની માટલી પણ માણસ આંગળીથી ટકોરો મારીને પછી ખરીદે છે તો ગુરુની પરીક્ષા ન કરવી પડે ? એ મારી સહિષ્ણુતાની પરીક્ષા કરે છે..... કરવા દોને !"

ક્ષમાનો પ્રત્યેક પ્રસંગ એ સહિષ્ણુતાની કસોટી છે. આ કસોટીમાંથી જે પાર ઉતરે છે તે ક્ષમા સાધી શકે છે. પતિ જો ઉગ્ર સ્વભાવના હોય તો પત્નીએ સહિષ્ણુતા કેળવીને માથું ઠંડુ રાખવું જ પડે. સાસુ ડાયનેમિક હોય તો વહુએ સ્ટેટીક બનવું પડે. આમ એકની ગરમ પ્રકૃતિ આગળ બીજાની પ્રકૃતિ ઠંડી રહે તો જ કુટુંબનું સરેરાશ ઉષ્ણતામાન જળવાઇ રહે.

(૨૮) ક્રોધ પ્રતિઘાત : શ્રી પંચસૂત્રમાં પાપનાશનો સુંદર ઉપાય બતાવ્યો છે. તે છે - પાપ પ્રતિઘાત. સ્વને સતાવતા દોષો પ્રત્યેનો ધિક્કારભાવ દોષોને દુબળા પાડી દે છે.

આદર-સત્કારને બદલે તિરસ્કારભાવ દેખાય તો ઘરમાં પધારેલા મહેમાન તુરત ચાલ્યા જાય છે. ક્રોધને અંતરનાં ઓરડામાંથી તગેડી મૂકવો છે ? તો તેને ખૂબ ધિક્કારો. આપણે તો ક્રોધાદિ દોષોનો ખૂબ આતિથ્યસત્કાર કર્યો છે, તેમને આદર અને બહુમાનથી નવાજ્યા છે. હૃદયમહેલમાં આલિશાન ઓરડા તેમને રહેવા માટે આપી દીધા છે. પછી આ ચોરટાઓ ક્યાંથી ખસે ?

દોષમુક્તિનો સબળ ઉપાય છે - દોષધિક્કાર.

માનવીનાં મનનાં લાગણીતંત્રની સચોટ અને વ્યાપક અસરો હોય છે. આજનાં વિજ્ઞાને પણ અનેક પ્રયોગોથી આ વાત સિદ્ધ કરી છે. બોસ્ટનસીટીની કોર્ટમાં લાઇ-ડીટેક્ટર મશીન ઓપરેટ કરતા કાર્યકરે એકવાર કુતૂહલથી આ મશીનનો વાયર એક ફૂલછોડ સાથે જોડયો. મશીનના ચગદા ઉપર લાગણીનો કોઇક ગ્રાફ નોંધાયો. તેને ખૂબ આશ્ચર્ય થયું. તેણે વિચાર્યું કે "આ છોડને દીવાસળીથી જરા સળગાવી જોઉં, તો શું અસર થાય છે ?" આટલો વિચાર કરીને દીવાસળી લેવા માટે ઊભો થયો ત્યાં તો મશીનનો કાંટો એકદમ ઉપર ચડીને ભયની લાગણી સૂચિત કરવા લાગ્યો. માનવીના તિરસ્કારભાવનો પ્રતિભાવ એકેન્દ્રિય વનસ્પતિ પણ આપે છે !

અંગ્રેજો સામે જર્મનો, યુદ્ધમાં હાર્યા ત્યારે પણ તેઓ હતાશ નહોતા થયા. તેમને વિશ્વાસ હતો કે એક દિવસ અંગ્રેજો સામે અમારો વિજયવાવટો જરૂર ફરકશે. અંગ્રેજોએ ભલે અમને જીતીને અમારાં શસ્ત્રાગારો ખતમ કર્યાં. પણ હજુય એક શસ્ત્ર અમારી પાસે છે અને આ પરાજયથી તે શસ્ત્ર વધુ તીક્ષ્ણ બન્યું છે. તે છે - અંગ્રેજો પ્રત્યેનો અમારા હૃદયમાં, અત્યંત ધિક્કારભાવ. આ ધિક્કારના જોરે એક દિવસ અમે જરૂર અંગ્રેજોને જીતી શકીશું.

ઓસ્ટ્રેલીયાનો આક્રમક બોલર ડેનીસ લીલી ક્રિકેટમેચમાં બોલીંગ કરતી વખતે રન-અપ લેતો ત્યારે બેટ્સમેન પ્રત્યે અત્યંત ખૂન્નસ અને ધિક્કારનો તીવ્ર ભાવ મનમાં લાવીને બોલીંગ કરતો તેથી ધુરંધર બેટ્સમેન પણ તેની બોલીંગનો શિકાર બની જતા.

ચીન જેવા રાષ્ટ્રોમાં ધિક્કારની લાગણી દ્વારા ૨૦૦ કિ.મી. દૂર રહેલી વ્યક્તિના ખૂન કરવાના પ્રસંગો બન્યાનું પણ સાંભળ્યું છે.

આંખોના ત્રાટક દ્વારા બે ફૂટ દૂર રહેલ લોખંડના સળિયાને વાળી દેતા કીમિયાગરો દુનિયામાં હોય છે. અત્યંત ધિક્કારની લાગણી દ્વારા તેઓ સળિયા પર આવી ઘાતક અસર ઊભી કરે છે.

ચીનના રાજાઓ અલ્પ આયુષ્ય જીવીને મૃત્યુ પામી જતા. તેથી, ચીનનું એક પ્રતિનિધિમંડળ ભારતના રાજાઓના દીર્ઘ આયુષ્યનું રહસ્ય જાણવા ભારત આવ્યું. ભારતના મોવડીઓને મળીને પોતાની ભારતની મુલાકાતનું પ્રયોજન જણાવ્યું. તેમને રહેવા માટે એક બંગલો આપવામાં આવ્યો બંગલા સામે એક મોટું ઘટાદાર વૃક્ષ હતું. તેમને કહેવામાં આવ્યું કે : "આ વૃક્ષ સૂકાઇને ઠૂંઠું થઇ જશે ત્યારે તમને ભારતનાં રાજાઓનાં દીર્ઘ આયુષ્યનું રહસ્ય જણાવવામાં આવશે." તેઓ ચિંતામાં પડી ગયા. આટલું ઘટાદાર વૃક્ષ તો ક્યારે નાશ પામે ? પણ રહસ્ય જાણીને જાય

તો મોટી બક્ષિશ મળવાની હતી. તેથી ધીરજ રાખી. પણ રોજ સવારે પેલા વડલા ઉપર નજરે પડે અને તેમનું મોં બગડે: "આ વડલો સૂકાતો નથી તેથી અમારે અહીં ગોંધાઇ રહેવું પડયું છે. જલ્દી સૂકાઇ જાય તો અમારૂં કામ જલ્દી પતે."

૧૦-૧૨ મહિનામાં તો ઝાડ સૂકાઇને ઠૂંઠુ બની ગયું. હિન્દુરાજાઓના દીર્ઘ આયુષ્યનું રહસ્ય જાણવા તેઓ ઉતાવળા બન્યા ત્યારે તેમને કહેવામાં આવ્યું.

"દીર્ઘ આયુષ્યનું રહસ્ય તો આ વડલાએ જ તમને જણાવી દીધું. ૧૦૦-૨૦૦ વર્ષ સુધી જેને ઉની આંચ આવે તેવી નહોતી તે વડલો આટલા ટૂંકા સમયમાં કેમ સૂકાઇ ગયો ? રોજ તેની તરફ જોઇને તમે ઘૃણા વરસાવતાં અને જલ્દી સૂકાઇ જાય તેવો ભાવ વ્યક્ત કરતા. તે તમારા ઘૃણાભાવના પ્રભાવે લીલોછમ ઘેઘૂર વડલો પણ જલ્દી સૂકાઇ ગયો. તમારા રાજાઓ પ્રજાને ખૂબ પીડે છે. તેથી પ્રજાના ધિક્કારનું પાત્ર બને છે. તેમની શીઘ્ર સમાપ્તિ થઇ જાય તેવું સહુ પ્રજાજનો ઝંખે છે. જ્યારે અમારા રાજાઓ અત્યંત પ્રજાવત્સલ હોવાથી સહુની અત્યંત ચાહના પ્રાપ્ત કરે છે અને સહુ પ્રજાજનો તેમના દીર્ઘાયુની કામના સેવે છે. આ છે તેમના દીર્ઘ આયુષ્યનું રહસ્ય."

ઓક્સફર્ડ યુનિ.ની ડિલાબાર પ્રયોગશાળામાં પ્રયોગ પછી તારણ કાઢવામાં આવ્યું કે - કોઇ તમારા ઉત્થાનની ભાવના કરે તો તમારા પ્રત્યેક ઘન મીલીમીટર લોહીના શ્વેતકણોમાં ૧૫૦૦ નો એકદમ વધારે થાય છે અને તમારા પ્રત્યે કોઇ ધિક્કાર વરસાવે તો ૧૬૦૦ નો ઘટાડો થાય છે.

આમ જેના પર ધિક્કાર વરસાવવામાં આવે તેના પર ધિક્કારની વિઘાતક અસરો થાય છે. વ્યક્તિ હોય તો વ્યક્તિ મરવા પડે છે. વનસ્પતિ કે ફૂલ હોય તો ચીમળાઇ જાય છે. જડ એવો સળિયો પણ ધિક્કારથી વાંકો વાળી શકાય છે. તો આ ધિક્કારની લાગણીને ક્રોધનાશના આપણા અભિયાનનું એક હથિયારં કેમ ન બનાવીએ ?

કુપિત બનીએ એ ક્રોધ ઉપર. લાલ આંખ કરીએ એ ગુસ્સા ઉપર. દ્વેષ અને ઘૃણા વરસાવીએ તે દુષ્ટ પિશાચ ઉપર. ક્રોધ ભયંકર લાગી જાય, દાના દુશ્મન તરીકેની તેની ઓળખાણ થઇ જાય, ભવોભવના મહાવૈરી તરીકે તેનો પરિચય થઇ જાય, પછી, આપોઆપ ધિક્કારભાવના ફુવારા છૂટવા માંડશે અને ક્રોધ દુબળો પડશે. તેને ક્ષય અને કેન્સર લાગુ પડશે. તે મરણ પથારીએ છેલ્લાં ડચકાં લેશે. અને... છેલ્લે તેની સ્મશાનયાત્રા નીકળશે. ધિક્કારના શસ્રથી ક્રોધનું ખૂન કરનારા તમે ખૂની હોવા છતાં લોક તમને સજા કરવાના બદલે સન્માનશે.

(૨૯) **આત્મગવેષણા :** રોજ રાત્રે ૧૫ મિનિટ આત્મસંશોધન માટે કાઢવી જોઇએ. ચોપડાનું ઓડીટીંગ થાય તેમ રોજ જાતનું ઓડીટીંગ કરવું જોઇએ. મનને ઓનેસ્ટી ટ્રેડીંગ કોર્પોરેશન બનાવીને દિવસભરની પ્રવૃત્તિઓનું ઓડીટીંગ કરવું. દિવસમાં ક્યા પ્રસંગોમા, ક્યારે ક્યારે કેવા નિમિત્તોમાં, કેટલો ગુસ્સો આવ્યો ? મનમાં દ્વેષ કેટલીવાર પ્રગટ થયો ? કાયાથી ક્રોધને વ્યક્ત કરવાનો આવેશ કેટલીવાર આવ્યો ? દરેક વખતનો ગુસ્સો સકારણ જ હતો કે નિષ્કારણ પણ હતો ? તે વખતે ક્રોધ ન કર્યો હોત તો ચાલે તેવું હોય અને છતાં ક્રોધ કર્યો હતો ? તે ક્રોધના પ્રસંગમાં પોતાની ભૂલ શું હતી ? વ્યક્તિ પ્રત્યેનો પૂર્વગ્રહ, પોતાનો અહંકાર ગેરસમજ, પોતાની તામસી પ્રકૃતિ, કોઇની ખોટી ભંભેરણી, વ્યક્તિને દબાવી દેવાનો ભાવ વગેરે કારણોએ તો ક્રોધની પાછળ ભાગ નહોતો ભજવ્યો ?

તે ક્રોધના પ્રસંગે બોલાયેલાં વચનો યાદ કરવાં, લજ્જાથી મસ્તક નીચે ઢળી જશે. તે ક્રોધના આવેશમાં થયેલી પોતાની રૌદ્ર આકૃતિ યાદ કરવી, ઘણી બીભત્સ લાગશે.

આત્મવેષણાનો આટલો નાનકડો પ્રયોગ ઘણી વિધેયક અસરો ઊભી કરશે. ક્યા ક્યા નિમિત્તોમાં ક્રોધ વધુ ઊછળે છે, તેની જાણ થશે. કઇ કઇ વ્યક્તિ પર વિશેષ દ્વેષ થાય છે, તેનો અંદાજ આવશે. ક્રોધના પ્રસંગે સામી વ્યક્તિને સમજવાની ધીરજ કેળવવાનું ડહાપણ અને સત્ત્વ આ પ્રયોગમાંથી પ્રાપ્ત થશે. નાનાં નાનાં નિમિત્તોને ગૌણ કરવાની ઉદારતા આપોઆપ પ્રગટ થશે. પોતાની કક્ષાનો પરિચય થશે. હજુ વિકાસના પંથ ઉપર ઘણી પ્રગતિ બાકી છે તેના ખ્યાલ આવશે. ક્રોધવિજયની અનેક ચાવીઓ અને ઉપાયો જડશે. પણ તે માટે આટલું કરવું પડશે. એપોઇન્ટમેન્ટ ડાયરીમાં રોજની ૧૫ મિનિટની એપોઇન્ટમેન્ટ પોતાની જાતની નોંધી લેવી પડશે.

(૩૦) **આત્મદષ્ટિ :** લગભગ તમામ હિંદુ ધર્મો આત્માનાં અસ્તિત્વને સ્વીકારે છે. આત્મા છે. દેહથી ભિન્ન છે. ભિન્ન ભિન્ન દેહને ધારણ કરે છે. પોતાના કૃત્યને અનુસારે તે કર્મ બાંધે છે અને તે કર્મને અનુસારે તે ફળ પ્રાપ્ત કરે છે. પ્રવૃત્તિથી વૃત્તિ ઘડાય છે. અને તે વૃત્તિના સંસ્કારોથી આત્મા વાસિત બને છે. દેહ નાશ પામે છે, અન્ય દેહને ધારણ કરે છે. દેહ વિનાશી છે, આત્મા અવિનાશી છે. પ્રાપ્ત સંયોગો વિનાશી છે, આત્મા અવિનાશી છે. સુખ-દુ:ખનો મેળો ક્ષણિક છે, આત્મા શાશ્વત છે. આત્મા હતો, છે અને રહેવાનો. માટે તેની ચિંતા અત્યંત મહત્વની બની જાય છે. માટે દરેક પ્રસંગે આત્માને યાદ કરો. પ્રત્યેક નવા સંયોગોમાં, આત્માને લક્ષમાં રાખો. ક્રોધનું નિમિત્ત પ્રાપ્ત થતાં, આ આત્મદષ્ટિ નહિ હોય તે,

વિનાશી એવા શરીર કે સંયોગોનો વિચાર કરીને ક્રોધની આંધીમાં અટવાશે. તે ક્ષણિક લાભને જ મહત્વ આપશે. બાહ્ય નુકશાનની જ તેને ચિંતા હશે. પણ, પેલો આત્માર્થી જીવડો ચિંતા આતમરામની કરશે. તેનાં પ્રોફિટ એન્ડ લોસ એકાઉન્ટની પદ્ધતિ જુદી હશે. ક્રોધની કલુષતાથી બંધાતાં કુટિલ કર્મોનો તેને ડર હશે. ક્રોધની પ્રવૃત્તિથી ઊભી થતી ક્રોધની વૃત્તિ તેને ખટકતી હશે. ક્રોધના કુટિલ સંસ્કારોથી આત્મા વાસિત ન બને તેની ચિંતા હશે.

કપડાંની મહત્તા હોય તેને કપડું મેલું થતાં ચિંતા થાય.

પૈસાની મહત્તા હોય તેને પૈસા ઓછા થતાં ચિંતા થાય.

શરીરની મહત્તા હોય તેને શરીર માંદુ પડતાં ચિંતા થાય.

આત્માની મહત્તા હોય તેને ક્રોધાદિ કષાયોથી આત્મા મેલો થતાં ચિંતા થાય જ. માટે, ક્ષણિક અને વિનાશી એવી સર્વ પૌદગલિક પદાર્થોની મહત્તા ભૂલી જાઓ. અમર, અવિનાશી અને શાશ્વત એવા આત્માની મહત્તાનું ભાન કરો. પછી, ક્રોધનો વિચાર આવતા સાપના ડંખ લાગ્યાની વેદના થશે.

એક સંત પાસે એક ભક્તે આવીને કહ્યું : " સ્વામી ! આપના ઉપદેશથી મેં ક્રોધ ઉપર વિજય પ્રાપ્ત કરી લીધો છે." "ખરેખર !" "હા, આપ પરીક્ષા કરી જુઓ. આપ મને ગાળો આપો અને જુઓ, હું ગુસ્સે થાઉ છું ?" "ના, રે ભાઇ, તારી પરીક્ષા કરવા મારા આત્માને હું શું કામ મલિન કરું ? "

આત્માર્થી જીવને પગલે ને ડગલે આત્માની જ ચિંતા હોય છે. સટોડિયાને અર્ધી રાત્રે પણ સટ્ટાના જ વિચારો ચાલતા હોય, તેમ આત્માર્થી જીવને આત્માની શુદ્ધિની જ સતત ખેવના હોય.

આત્માર્થી વ્યક્તિ જીવનને કર્મથી અશુદ્ધ બનેલા આત્માને શુદ્ધ કરવાનો જંગ માને છે. આ જંગમાં બે પ્રકારની યુદ્ધનીતિ અપનાવવી પડે છે.

(૧) Offensive - આક્રમક

(૨) Defensive - સંરક્ષણાત્મક.

તપ-ત્યાગ કે વ્રત-નિયમો આદિ દ્વારા કર્મો પર સીધો હલ્લો થાય છે તે આક્રમક નીતિ છે. પણ ક્રોધ, અભિમાન, લોભ અદિના પ્રસંગોને નિષ્ફળ કરવા તે Defensive પદ્ધતિ છે. ક્રોધનું પ્રબળ નિમિત્ત મળવા છતાં ક્ષમા રાખીને ક્રોધનાં પ્રાગટયને નિષ્ફળ બનાવવો તે પણ આત્માને નિર્મળ કરવાની એક પ્રક્રિયા છે. તે કર્મ સામેની સંરક્ષણાત્મક યુદ્ધનીતિ છે. ક્રોધ એ કર્મરાજાનો આત્મા પરનો ખતરનાક હુમલો છે અને તે પ્રસંગે ક્ષમા રાખવી અને ક્રોધને નિષ્ફળ બનાવવો તે

આત્માર્થી વ્યક્તિનું કર્તવ્ય બની રહે છે.

(૩૧) ઔદાર્ય : ષોડશક પ્રકરણમાં સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ ધર્મસિદ્ધિના પાંચ લક્ષણ બતાવ્યાં છે. (૧) ઔદાર્ય (૨) દાક્ષિણ્ય (૩) પાપજુગુપ્સા (૪) નિર્મલ બોધ (૫) પ્રાયઃ જનપ્રિયત્વ. ઉદારતા એ ધર્મસિદ્ધિનું પહેલું લક્ષણ છે. પીધેલા દૂધનું શરીરમાં પાચન થતાં શરીર પર પુષ્ટિ દેખાય છે. તેમ, કરેલી ધર્મઆરાધના પરિણત બનતાં ઔદાર્ય આદિ ગુણો સહજપણે ખીલી ઊઠે છે.

કોઇનું દર્દ જોઇને ખીસ્સામાંથી ૧૦૦ રૂપીયાની નોટ કાઢીને આપી દેવી તે ધનની ઉદારતા છે. આ ધનનું ઔદાર્ય હજુ સરળ છે.

અન્યને ખાતર પોતાના કિંમતી સમયનો ભોગ આપીને શરીરથી ઘસાઇ છૂટવું તે તનની ઉદારતા છે. ધનનાં ઔદાર્ય કરતાં આ તનની ઉદારતા થોડી કઠિન છે.

તે બન્ને કરતાં વધુ અઘરી અને મહત્વની ત્રીજી ઉદારતા છે. તે છે મનની ઉદારતા. કોઇ ગમે તેવા અપરાધ કરે છતાં મન મોકળું રાખીને ક્ષમા આપે જ રાખવી તે મનની ઉદારતા છે. સ્વસ્થ અને શાંતિપૂર્ણ જીવન માટે અન્યની ભૂલોને ભૂલી જવાની આ ઉદારતા ખૂબ જ જરૂરી બને છે. એક ચિંતકે ભૂલની ખૂબ સુંદર વ્યાખ્યા આપી છે. જે ભૂલી જવા યોગ્ય હોય તેનું નામ ભૂલ.

ભૂલ તો કોનાથી નથી થતી ? તીર્થંકર મહાવીરદેવના આત્માએ પણ મરીચિના ભવમાં કુળનો ગર્વ કરવાની ભયંકર ભૂલ નહોતી કરી ? તે જ ભવમાં પેલા કપિલા નામના કુમાર આગળ ઉત્સૂત્ર બોલવાની બીજી ભયંકર ભૂલ તેમનાથી ન્હોતી થઇ ? સુવર્ણના મૃગલાનું ચામડું લેવા દોડવાની રામચંદ્રજીએ ભૂલ નહોતી કરી ? સીતાજીને એકલાં મૂકીને ભાઇની વહારે ચાલ્યા જવાની ભૂલ લક્ષ્મણજીએ પણ ક્યાં નહોતી કરી ? લક્ષ્મણજીએ દોરેલી રેખાને ઓળંગી જવાની ભૂલ સીતાજીએ પણ કરી જ હતી ને ? કામલતા ગણિકાને ધનલાભ બતાવી દેવાની ભૂલ મહામુનિ નંદીષેણે પણ કરી હતી ને ?

સંસારમાં સબડતા જીવો વીતરાગ નથી, માટે દોષયુક્ત રહેવાના જ, આટલું સમાધાન અન્યની ભૂલોને ભૂલી જવા કે ગૌણ ગણવા માટે પૂરતું નથી ? પણ તે સમાધાનને આપણે લાયબ્રેરીના કબાટનાં થોથાંઓ નીચે દાટી દીધું છે. એક કલાકના ૨૫ શ્લોક પાઠ કરી લેવા સહેલા છે. આખાને આખા શબ્દકોષ મુખપાઠ કરી જવા સરળ છે. પણ વર્ષો પહેલાં પડોશીએ દીધેલી ગાળ ભૂલી જવી મુશ્કેલ છે. આ

વિસ્મરણશક્તિનો અભાવ જ ઔદાર્યને ખીલવા દેતો નથી.

પોતાના દીકરાનાં લગ્નમાં જેઠાણી જમવા નહોતી આવી તે ૩૫ વર્ષે જેઠાણીના દીકરાના દીકરાના લગ્ન લેવાય ત્યારે પણ દેરાણીને સારી પેઠે યાદ હોય છે અને તેથી જ તે લગ્નના ટાણે તે વાતની મોંકાણ મંડાય છે.

સ્મરણશક્તિના અભાવમાં કદાચ એટલું મોટું નુકશાન નહિ થતું હોય જેટલું અન્યની ભૂલોનું વિસ્મરણ કરવાની શકિતના અભાવમાં થાય છે.

સ્મરણશક્તિનો અભાવ એ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી હોય છે. પણ બીજાની ભૂલોને ભૂલી જવાની અક્ષમતા એ મોહનીય કર્મના ઉદય સ્વરૂપ છે, માટે તે વધુ ઘાતક છે.

જીવન એક વહેતી સરિતા છે. અનેક પ્રસંગોનો જીવનપ્રવાહ સતત વહી રહ્યો છે. આપણે કિનારે ઊભા રહીને પ્રેક્ષક બની બધું જોયા કરવાનું છે. આ દ્રષ્ટાભાવ છે. પણ, મોટા ભાગે આપણે આ દ્રષ્ટાભાવ રાખી શકતા નથી. આપણે તો એ પ્રસંગપ્રવાહમાં કૂદી પડીએ છીએ, ને તેમાં તણાઇએ છીએ. જે પ્રત્યેક જીવનપ્રસંગને સંવેદનશીલ બનીને ગંભીરતાથી લઇ લે છે અને કર્તાભાવ ધારણ કરે છે તે મોટે ભાગે દુ:ખી થાય છે, તેને બીજાની ભૂલો અક્ષમ્ય લાગે છે. અને તેમાંથી દુ:ખનું ગુમડું ઊભું થાય છે અને વકરે છે.

વહતું લોહી સ્વસ્થતાની નિશાની છે. લોહી વહેતું અટકે અને એકસ્થાને એકઠું થાય તો ગંઠાય છે અને અનેક વ્યાધિઓનું પ્રોડક્શન કરે છે. જીવનના સર્વ પ્રસંગ વહી જવા જોઇએ. તો જ જીવન સ્વસ્થ રહે. અન્યની ભૂલનો એકાદ પ્રસંગ પણ વહી જવાને બદલે દિલમાં અટકી જાય તો તેમાંથી પૂર્વગ્રહની ગાંઠ બંધાશે. તે ગાંઠ વકરતા વૈરનો મહાવ્યાધિ થશે.

બીજાના ગુણો કે ઉપકારોને વિસ્મૃતિની ખાઇમાં ધકેલી દેવા અને બીજાની ભૂલો કે અપરાધો પર પૂર્વગ્રહનું મંદિર રચવું તે જીવની અનાદિની આદત છે. જે દાંતમાં કાંઇ ભરાયું હોય તેના પર જીભ વારંવાર ફર્યા કરે છે પણ બાકીના દાંતનાં તો અસ્તિત્ત્વની પણ નોંધ લેતી નથી.

પણ, તે અનાદિની આદતને છોડવી પડશે. બીજાની ભૂલોને ભૂલવાનું ઔદાર્ય ખીલવવું પડશે. ઔદાર્યથી દાના દુશ્મનો પણ જીતી શકાય છે. ઉદારતાથી શત્રુની શત્રુતાનો નાશ કરી શકાય છે. ઉદારતાથી ચાહકો અને અંગત સ્વજનોનો સમુદાય વધે છે.

ઔદાર્યનું મોહક સૌંદર્ય કેટલાક પ્રસંગોમાં નિહાળીએ.

(૧) એક સજ્જન શ્રેષ્ઠિના દ્વેષી શત્રુઓએ તેના રસોઇયાને શામ -દામથી વશ કર્યો. તે સજ્જનના ભોજનમાં વિષ પ્રયોગ થયો. તે સજ્જનને ખ્યાલ આવી ગયો. તુરંત રસોઇયાને રૂા. ૧૦૦/- ની નોટ આપીને ત્યાંથી ભગાડી મૂક્યો : "તું અહીંથી તારા ઘેર ચાલ્યો જા. મારા ચાહક લોકોને ખ્યાલ આવશે તો તારું કાટલું કાઢી નાંખશે. !"

પોતાનો જીવલેણ વિશ્વાસઘાત કરનાર રસોઇયા ઉપર શેઠની કેવી જબ્બર ઉદારતા !

(૨) અમેરિકાના એક રાજદ્વારી વડા ઉપર કોઇ ક્રોધથી થૂંક્યું. તુરત જ બાજુમાં ઊભેલા અંગરક્ષકે બંદૂકની ચાંપ ઉપર આંગળી મૂકી. તે નેતાએ તેને અટકાવ્યો :"અરે, આ શું કરે છે ? આ થૂંકનો ઇલાજ તો એક રૂમાલથી પણ થઇ શકે છે. તેને માટે બંદૂકની કોઇ જરૂર નથી."

(૩) બહારવટિયા નામદેવને તેની માએ પરાણે એક નિયમ આપ્યો : રોજ દશ મિનિટ મહાદેવનાં મંદિરમાં ધ્યાન ધરવું.

લૂંટફાટ અને કાપાકાપીના ધંધાવાળો બહારવટિયો રોજ દશ મિનિટ મહાદેવનાં મંદિરમાં એકાગ્રતાથી ધ્યાન ધરતો. એક વાર તે મંદિરમાં ગયો ત્યારે એક માતા અને નાનો પુત્ર મંદિરમાં બેઠાં હતાં. પેલું નાનું બાળક મહાદેવને કોઇએ ચડાવેલો પેંડો જોઇને તે ખાવા માટે જીદે ચડયો હતો. માતા તેને સમજાવતી હતી. બાળકના કકળાટને કારણે નામદેવને એકાગ્રતા આવતી નહોતી. તેણે ખીસામાંથી બે રૂપિયાની નોટ કાઢીને પેલી બાઇને આપતા ચીડાઇને કહ્યું : "લે, બહારથી પેંડા લાવીને તેને ખવડાવી દેજે. તેનો કકળાટ બંધ કરાવ." તે બાઇની આંખમાં આંસુ આવ્યાં. તે બોલી : "પેંડા અને મીઠાઇ ખાવાના સોહામણા દિવસો અમારા પણ હતા. પણ, જે દિવસે પેલા નામદેવ લૂંટારાએ આ બાળકના પિતાનું ખૂન કરી નાખ્યું છે ત્યારથી અમારા માથે દુઃખના ડુંગરો તૂટી પડયા છે. પેંડા અને મીઠાઇ ખાવાના અરમાનો ખલાસ થઇ ગયા છે."

આ શબ્દો સાંભળતાં જ નામદેવનાં હૈયામાં તિરાડ પડી. ભેટ પરથી તલવાર કાઢીને તે બાઇના હાથમાં આપીને કહ્યું : 'તે હત્યારો નામદેવ હું પોતે જ છું. આ તલવાર મારી ડોક પર ચલાવીને મને મારા ગુનાની સજા તું કરી દે.'

"ના રે વીરા, મારો પતિ મરતાં મારી અને મારા બાળકની કેવી કપરી હાલત થઇ છે, તે હું જાણું છું. હવે તારો વધ કરીને બીજી કોઇ નારીને વૈધવ્યનું કે બાળકને નબાપાપણાંનું દુઃખ હું કેવી રીતે આપી શકું ? અને, તારો વધ કરવાથી

મારો મૃત પતિ જીવતો થવાનો છે ? જા વીરા, તું ચિંતા ન કર. તારાથી ભૂલ થઇ છે, પણ હવે તેને યાદ કરવાથી શું ?"

અને, આ વિધવાની અદ્‌ભૂત ઉદારતાએ એવો ગજબ જાદુ સર્જ્યો કે તે દિવસથી લૂંટારો નામદેવ મહાસંત નામદેવ બની ગયો.

(૪) ફ્રાન્સના શહેનશાહ નેપોલિયને ઓસ્ટ્રીયન પ્રશિયન યુદ્ધ ખેલેલું. તેમાં એક યુવકના પિતા અને ભાઇ મૃત્યુ પામેલા. તે યુવક પણ નેપોલિયનનાં સૈન્યમાં હતો. પિતા અને ભાઇના મૃત્યુનો આઘાત નેપોલિયન પ્રત્યેનાં વૈરમાં રૂપાંતર પામ્યો. નેપોલિયનનું ખૂન કરવાનો તેણે નિશ્ચય કર્યો.

એક પણ અંગરક્ષક લીધા વિના નેપોલિયન રોજ સાંજે જંગલમાં એકલો ફરવા નીકળતો. તે સમયે યુવાન ત્યાં પિસ્તોલ લઇ છુપાઇ ગયો. નેપોલિયન આવતાની સાથે યુવક તેની પાસે આવ્યો અને પડકાર ફેંક્યો : "નેપોલિયન ! તારી આ અંતિમ ઘડી છે. ઇશ્વરનું સ્મરણ કરી લે." તેના પડકારથી નેપોલિયન જરા પણ ક્ષોભ ન પામ્યો. યુવકે નેપોલિયનનાં કપાળ સામે પિસ્તોલ તાકી દીધી. નેપોલિયને હસ્તાં હસ્તાં કહ્યું : "Shoot me young man, Shoot me" આ નીડર પ્રત્યુત્તરથી ડરીને યુવક ત્યાં જ બંદૂક મૂકીને ભાગ્યો. બીજા દિવસે નેપોલિયને તે યુવકને પોતાની છાવણીમાં બોલાવ્યો. રાતની વાત માત્ર બે જણ જ જાણતા હતા. તેણે ધાર્યું હોત તો તે યુવકને કોર્ટ માર્શલ કરી શકત. પણ આ શહેનશાહે તો તે બળવાખોરને પોતાનો અંગરક્ષક નીમ્યો. તે અંગરક્ષક બનેલા યુવકે ઇજીપ્તમાં નેપોલિયન સામે રચાયેલા કાવત્રામાંથી શહેનશાને બચાવવા પોતાનો જાન આપ્યો. નેપોલિયનની ઉદારતાએ પોતાની જાનફેસાની કરી દેનાર એક વફાદાર અંગરક્ષકની ભેટ ધરી દીધી.

(૫) દયાનંદ સરસ્વતીને કોઇએ પાનમાં ઝેર આપી દીધું. અર્ધું પાન ચાવ્યા બાદ દયાનંદને વસ્તુસ્થિતિ સમજાઇ ગઇ. નદીકિનારે જઇ ઝેર ઓકી નાંખ્યું. તે સ્વસ્થ થઇ પોતાનાં આસને નિત્યકર્મમાં જોડાઇ ગયા. ઝેર આપનારને પકડવામાં આવ્યો અને કાયદેસર પગલાં લેવાની રજા માંગવામાં આવી. ત્યારે, નિર્ભય દયાનંદે ધીમે સ્વરે ગુનેગારને પકડી લાવનારના કાનમાં કહ્યું : "અપરાધીને છોડી દો. હું આ પૃથ્વી પર લોકોને છોડાવવા આવ્યો છું, બંધાવવા નહિ."

(૩૨) **સ્વાધ્યાય :** આત્મદોષોનો વિલય કરીન આત્માને નિરામય બનાવનારી અણમોલ ગુટિકા છે સ્વાધ્યાય. દોષોના ઉકરડાને બાળીને જીવનમાં ગુણોનો મનોહર બગીચો ખીલવવાનું કામ સ્વાધ્યાયનું છે. ક્ષમા ગુણથી આત્માને ભાવિત કરવો હોય તેણે ક્રોધની ભયાનકતા અને ક્ષમાગુણની તારકતા જણાવનારા

સાહિત્યનો નિયમિત સ્વાધ્યાય કરવો જોઇએ. વિકારક સાહિત્ય રગરગમાં વિકારો પેદા કરે છે. વીરરસપ્રધાન સાહિત્ય નસોમાં ફરતા લોહીને ગરમ કરે છે. શાંતરસપ્રધાન સાહિત્ય સંસાર પ્રત્યે વિરાગ પેદા કરે છે. તેમ, ક્ષમાનો મહિમા ગાતા અભંગ, પદ કે ગીતડાઓનું ગુંજન હૃદયની દિવાલોમાં જાદુઇ કરામતો સર્જે છે. તે દિવ્ય શબ્દો હૈયામાં બેઠેલા ક્રોધને કરડે છે.

અહીં સ્વાધ્યાયયોગ્ય પ્રાચીન ગેય રચનાઓ આપવામાં આવી છે. આવું બીજું પણ પ્રાચીન કે અર્વાચીત સાહિત્ય ઉપલબ્ધ થઇ શકે. આ ગીતડાં કોઇના કાનને ખુશ કરવાની સામગ્રી નથી પણ સ્વના અંતરિયાને ભીનું કરવા માટે છે, તે લક્ષ્યપૂર્વક ક્રોધવિજયના ઇચ્છુકે નિત્ય તેનો અવશ્ય સ્વાધ્યાય કરવો જોઇએ. આ શબ્દોને મમળાવવાથી ક્ષમાનો રસ લોહીમાં ભળવા લાગશે.

(૧)

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે ...૧

ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંયમફળ જાય,
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય ...૨

સાધુ ઘણો તપિયો હતો, ધરતો મન વૈરાગ
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોસિઓ નાગ ...૩

આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે
જળનો જોગ જો નવિ મળે તો પાસેનું પરજાળે ...૪

ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળનાણી
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી ...૫

ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસે નાહી ...૬

(૩)

ક્રોધ તે બોધનિરોધ છે, ક્રોધ તે સંયમધાતી રે;
ક્રોધ તે નરકનું બારણું, ક્રોધ દુરિત પક્ષપાતી રે ...૧

પાપસ્થાનક છઠ્ઠું પરિહરો, મન ધરી ઉત્તમ ખંતી રે;
ક્રોધભુજંગની જાંગુલી, એક હી જયવંતી રે. ...૨

પૂરવકોડિ ચરણ ગુણે, ભાવ્યો છે આતમ જેણે રે;
ક્રોધવિવશ હુંતા દોય ઘડી, હારે સવિ ફલ તેણે રે ...૩

બાળે આશ્રમ આપણો, ભજના અન્યને દાહે રે;
ક્રોધ કૃશાનું સમાન છે, ટાળે પ્રશમ પ્રવાહે રે ...૪

આક્રોશ તર્જના ઘાતના, ધર્મભ્રંશને ભારે રે;
અગ્રિમ અગ્રિમ વિરહાથી, લાભ તે શુદ્ધ સ્વભાવે રે ...૫

ન હોય ને હોય તો ચિર નહિ, ચિર રહે તો ફલ છેહો રે;
સજ્જનક્રોધ તે એહવો, જેહવો દુર્જન-નેહો રે ...૬

ક્રોધી મુખે કટુ બોલણા, કંટકિયા કુટસાખી રે;
અદિઠ કલ્યાણકર કહ્યા, દોષતરુ-શતસાખી રે ...૭

કુરગડુ ચઉ તપ-કરા, ચરિત સુણી શમ આણો રે
ઉપશમ સાર છે પ્રવચને સુજશ વચન એ પ્રમાણો રે ...૮

(૩)

ક્રોધ ન કરીએ ભોળા પ્રાણી ! ક્રોધે દુરગતિ ખાણી રે;
ક્રોધે તપ જપ હોવે હાણી, એમ વદે, જિનવાણી રે ...૧

ક્રોધે દૂર શિવપટરાણી, જાયે જેમ રિસાણી રે;
ક્રોધ ચંડાલતણી નિસાણી, કાયાલતા કુમલાણી રે ...૨

ક્રોધે નવલા વેર બંધાયે, પ્રેમ પૂરવલો જાયે રે;
ક્રોધે નવલી પ્રીતિ ન થાયે, ક્રોધે આપ મરાયે રે ...૩

આપ તપે પરને સંતાપે, જે નર ક્રોધે વ્યાપે રે;
ક્રોધ નર નારીને સંતાપે, પિંડ ભરાયે પાપે રે ...૪

ક્રોધ લજ્જાતંતુને તોડે, પુન્યતરુ સાખ મરોડે રે;
સદ્ગતિ કેરા સુખ સંકોડે, દુરગતિ સામો દોડે રે ...૫

માતાપિતા સુત બાંધવ છોડે, ક્રોધે મૂંછ મરોડે રે;
રાજા દંડે દૈવ વખોડે, અપજશનાં ફળ જોડે રે ...૬

ક્રોધે સઘલા કાજ વિણાસે, પરના મરમ પ્રકાશે રે;
સજ્જન તે પણ અલગા નાસે, કોઇ ન રાખે પાસે રે ...૭

આતમ શિખ સુખલડી આ છે, જો તું શિવપુર વાંછે રે;
પરની નિંદા ઇણમે કા છે, મિચ્છામિ દુક્કડં તો છે રે ...૮

શ્રી જિન આગમને અભ્યાસે, ભાવસાગર ઇમ ભાષે રે;
ધર્મ કરો મનને ઉલ્લાસે, ઉપશમ આણી પાસે રે ...૯

(૪)

જબ લગ સમતા ક્ષણું નહિ આવે,
જબ લગે ક્રોધ વ્યાપક હે અંતર,
તબ લગે જોગ ન સોહાવે ... જબ...૧

બાહ્ય ક્રિયા કરે કપટ પેળવે, ફિરકે મહંત કહાવે;
પક્ષપાત કબહું નહિ છોડે, ઉનકું કુગતિ બોલાવે ... જબ...૨

જિન જોગીને ક્રોદ કિહાંતે, ઉનકો સુગુરુ બતાવે;
નામ ધારક ભિન્ન ભિન્ન બતાવે, ઉપશમ બિનું દુ:ખ પાવે ... જબ...૩

ક્રોધ કરી ખંધક આચારજ, હુઓ અગ્નિકુમાર;
દંડકી નૃપનો દેશ પ્રજાલ્યો, ભમિયા ભવ મોઝાર ... જબ...૪

સંબ પ્રદ્યુમ્નકુમાર સંતાપ્યો, કષ્ટ દ્વીપાયન પાય;
ક્રોધ કરી તપનો ફલ હાર્યો, કીધો દ્વારિકા દાહ ... જબ...૫

કાઉસગ્ગમાં ચઢયો અતિ ક્રોધે, પ્રસન્નચંદ્ર ઋષિરાય;
સાતમી નરકતણાં દલ મેલી, કડવા તે ન ખમાય ... જબ...૬

પાર્શ્વનાથને ઉપસર્ગ કીધો, કમઠ ભવાંતર દીઠ;
નરક તિર્યંચના દુ:ખ પામી, ક્રોધતણાં ફલ દીઠ ... જબ...૭

એક અનેક સાધૂ પૂરવધર, તપિયાં તપ કરી જેહ;
કારજ પડે પણ તે નવિ ટકીયા, ક્રોધ તણું બલ એહ ... જબ...૮

સમતાભાવ વલિ જે મુનિ વરિયા, તેહનો ધન્ય અવતાર;
ખંધક ઋષિની ખાલ ઉતારી, ઉપશમે ઊતર્યો પાર ... જબ...૯

ચંડરૂદ્ર આચારજ ચલતાં, મસ્તક દીયા પ્રહાર:
સમતા કરતાં કેવલ પામ્યો, નવદીક્ષિત અણગાર ... જબ...૧૦

સાગરચંદનું શિશ પ્રજાલ્યું, શ્રીનભસેન નરિંદ;
સમતા ભાવ ધરી સુરલોકે, પહોતા પરમ આનંદ ... જબ...૧૧

ક્ષમા કરતા ખરચ ન લાગે, ભાંગે કોડ ક્લેશ;
અરિહંતદેવ આરાધક થાયે, વાધે સુજશ પ્રવેશ ... જબ...૧૨

(૩૩) પરમાત્મભક્તિ : મહર્ષિઓએ પરમાત્મભક્તિને જડીબુટ્ટી કહી છે. તમને કામ સતાવે છે ? પ્રભુની ભક્તિ કરો, કામની પીડા શાંત થશે. તમને ક્રોધ સતાવે છે ? પ્રભુભક્તિમાં લીન બનો, ક્રોધનો ત્રાસ ઓછો થશે.

લોભને મોળો પાડવા - પ્રભુભકિત.

આસકિતને દૂર કરવા - પ્રભુભકિત.

સબ રોગકી એક દવા - પ્રભુભકિત.

પરમાત્મા એ સર્વદોષથી રહિત અને સર્વગુણસંપન્ન અજોડ વિભૂતિ છે. પ્રભુ અનંત શક્તિના નિધાન છે. તે અનંત કરુણાના સાગર છે. ભક્તિના માધ્યમથી પરમાત્મા સાથે અનુસંધાન થતા જ તેની શક્તિનો સ્રોત આપણામાં વહેવા માંડે છે. તેની અસીમ કરુણાનો ધોધ વરસીને આપણને પલાળે છે.

થોકબંધ શાસ્રોનું અવગાહન કરી ચૂકેલા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ જણાવે છે :

सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं, परमानन्दसंपदाम् ।

શ્રુતસાગરનું અવગાહન કર્યા પછી મેં આટલો સાર પ્રાપ્ત કર્યો કે - પરમાનંદની સમૃદ્ધિનું બીજ કોઇ હોય તો તે છે પરમાત્મભક્તિ.

પરમશ્રેયની સર્વોત્કૃષ્ટ સંપત્તિનું દાન કરનાર પ્રભુભક્તિ ક્રોધવિજયનું નાનકડું ફળ ન આપી શકે શુ ?

(૩૪) ચાર શરણ :

અરિહંત ભગવાન મોક્ષમાર્ગના દાતા છે.

સિદ્ધ ભગવંત મોક્ષસુખના ભોકતા છે

સાધુ ભગવંતો મોક્ષમાર્ગના સાધક છે.

કેવલી-પ્રરૂપિત - ધર્મ મોક્ષનો માર્ગ છે.

આ મોક્ષ એટલે કર્મોથી મુક્તિ, વાસનાઓથી મુક્તિ. ઇચ્છાઓથી મુક્તિ. કષાયોથી મુક્તિ.

ધન જોઇતું હોય તે શ્રીમતંનો આશ્રય સ્વીકારે, આરોગ્ય જોઇતું હોય તે ડૉક્ટરનો આશ્રય સ્વીકારે, તેમ, કષાયમુક્તિની ઝંખના હોય તેણે જગતનાં આ ચાર પરમોપાસ્ય તત્વોનું શરણ સ્વીકારવું જોઇએ.

કષાયો કેડે પડયા છે અને પોતે નિ:સહાય છે. તેથી દોડી જા આ ચારનાં શરણે. આળોટ તેમના ચરણોમાં. જાનની બાજી સોંપી દે તેમના ચરણોમાં. તું તારી ચિંતા સંપૂર્ણ છોડી દે, પછી તારી ચિંતાની સંપૂર્ણ જવાબદારી તેમની બની જશે. તારા ક્રોધને નાથવા પછી તે જ દાવ ખેલશે. તારે તો નિર્ભીક બનીને જોયા કરવાનું.

તો, જા તે પરમપુનિત તત્વોનાં ચરણે માંથું ઢાળીને ગાઇ લે.

અબ સોંપ દિયા ઇસ જીવનકો ભગવાન ! તુમ્હારે ચરણોં મેં.

(૩૫) તપ : અનાદિકાળથી આત્માની પૂંઠે પડેલાં કર્મો અને કષાયોને ખેરવવાનો અકસીર ઉપાય તપ છે. તપાવવાથી સુવર્ણનું માલિન્ય પીગળે છે. તાપથી જ કેરી પક્વ બને છે. તેમ, તપના તાપથી આત્માની અશુચિઓનું દૂરીકરણ થાય છે અને આત્મા શુદ્ધ બને છે.

આચાર દિનકર, વિધિપ્રપા આદિ અનેક ગ્રન્થોમાં વિવિધ પ્રકારનાં તપોનું વર્ણન આવે છે. વર્તમાનકાળમાં ભિન્ન ભિન્ન પ્રકારની તપશ્ચર્યાઓના યજ્ઞ ઠેર ઠેર મંડાય છે. સર્વ પ્રકારનાં તપ આત્મદોષોના વિલય માટે અક્સીર છે. પણ, ક્રોધાદિ કષાયો પર વિજય પ્રાપ્ત કરવા માટે જ્ઞાની ભગવંતોએ કષાયજય નામનો એક વિશિષ્ટ તપ દર્શાવ્યો છે. ક્રોધપીડિત દરેક વ્યક્તિએ આ અતિસરળ છતાં અતિફળદાયી તપની સાધના વિધિપૂર્વક અવશ્ય કરવી જોઇએ. આ તપની સાધનાથી ક્રોધવિજયમાં અકલ્પ્ય સફળતા મળ્યાનો સાધકોનો અનુભવ છે.

શ્રી કષાયજય તપનો વિધિ :

આ તપ કુલ ૧૬ દિવસનો છે. તેમાં ચાર-ચાર દિવસની ચાર ઓળી (ગ્રુપ) છે. દરેક ઓળીમાં પહેલા દિવસે એકાસણું બીજે દિવસે લૂખી નીવી, ત્રીજે દિવસે આયંબીલ અને ચોથે દિવસે ઉપવાસ કરવાનો હોય છે. સોળેય દિવસ નીચે મુજબ વિધિ કરવાનો હોય છે.

સાથિયા: ૪ ● ખમાસમણાં: ૪ ● કાર્યોત્સર્ગ: ૪ લોગસ્સ ● જાપની માળા : ૨૦
જાપ માટેનું પદ નીચે મુજબ જાણવું :

પ્રથમ ઓળી : ક્રોધજય તપસે નમ: ● બીજી ઓળી : માનજય તપસે નમ:

ત્રીજી ઓળી : માયાજય તપસે નમ: ● ચોથી ઓળી : લોભજય તપસે નમ:

વિશેષ માર્ગદર્શન ગુરુ ભગવંતો પાસેથી મેળવી લેવું. આ તપની સાધનાથી સર્વ કષાયોની પીડા શાંત પડે છે.

(૩૬) ધ્યાન : જૈન શાસ્રોમાં ૧૨ પ્રકારનાં તપ ફરમાવ્યાં છે. તેમાં અનશન આદિ છ બાહ્ય તપ છે અને છ અભ્યંતર તપ છે. તેમાં ધ્યાન એક પ્રકારનો અભ્યંતર તપ છે. અશુભ પ્રણિધાનનો ત્યાગ અને શુભ પ્રણિધાનનો આદર કરવા રૂપ આ ધ્યાન નામનું તપ કર્મનાશ અને દોષનાશનો સર્વોત્તમ ઉપાય છે.

યોગના ગ્રન્થોમાં યોગનાં આઠ અંગો જણાવવામાં આવ્યા છે. તેમાં આઠમી

સમાધિની પૂર્વે ધ્યાન નામનું સાતમું અંગ છે.

કાયા કરતાં વચનની શક્તિ વધારે પ્રબળ છે. વચન કરતાં મન સૂક્ષ્મ છે અને તેની શક્તિ અત્યંત પ્રબળ છે. દિવસભર કાયાને તોડી નાખનાર મજૂરને મહિને રૂા. ૨૦૦૦/- નો પગાર જ પ્રાપ્ત થાય છે. વચનશક્તિથી વેચાણના આંકડા વધારનાર સેલ્સમેનને રૂા. ૧૦૦૦૦/- નો પગાર મળે છે. અને, એરકન્ડીશન્ડ કેબીનમાં રિવોલ્વીંગ ચેર પર બેસીને માત્ર મેનેજમેન્ટ કરનાર મેનેજર રૂા. ૫૦,૦૦૦/- નો પગાર પ્રાપ્ત કરે છે. કાયા કરતાં વચનની અને વચન કરતાં મનની શક્તિ ખૂબ મોટી છે.

ભગવદ્ગીતામાં કહ્યું છે :

मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयो: મન એ જ બંધ (સંસાર) અને મોક્ષનું કારણ છે. ગુજરાતીમાં કહેવત છે : મનની હારે હાર અને મનની જીતે જીત. મનથી દુષ્ટ પ્રણિધાન કરનાર ચોખાના દાણા જેવડો તંદુલિયો મત્સ્ય સાતમી નરકનો અતિથિ બન્યાનું દૃષ્ટાંત જૈન ગ્રન્થોમાં પ્રસિદ્ધ છે.

ક્ષણમાં સાતમી નરક યોગ્ય કર્મનો બંધ કરનાર પ્રસન્નચંદ્ર રાજર્ષિ ક્ષણ બાદ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી લે છે. મનની ધારાને વળાંક આપવાથી જ આ પલટો આવ્યો હતો ને ?

મન ઘણું ચંચળ છે, તેને ધ્યાનની પ્રક્રિયા દ્વારા એકાગ્ર કરવામાં આવે તો તેના દ્વારા ઇષ્ટકાર્યનું સંપાદન થઇ શકે છે.

અનાદિ કાળથી પજવતા દુષ્ટ ક્રોધ પર વિજય પ્રાપ્ત કરવા માટે એક ધ્યાનની પ્રક્રિયા ખૂબ જ અકસીર નીવડે તેમ છે. ક્રોધજયના પ્રત્યેક સાધકે આ ધ્યાનપ્રયોગ નિત્ય અવશ્ય કરવા જેવો છે.

ધ્યાનની પ્રક્રિયા :

સૂચના :

(૧) સ્વચ્છ, સાદાં અને શ્વેત વસ્ત્ર પરિધાન કરવાં.
(૨) સ્વચ્છ, સુગંધપૂર્ણ અને એકાન્ત ઓરડામાં ધ્યાન માટે બેસવું.
(૩) સફેદ આસન પર સુખાસને બેસવું.
(૪) નેત્રોને અર્ધોન્મીલિત રાખીને નાકની દાંડી પર સ્થિર કરવાં.
(૫) બન્ને હાથ જોડેલા રાખવા. પછી બોલો :

૧. નવકાર,
૨. પન્નગે ચ સુરેન્દ્રે ચ કૌશિકે પાદસંસ્પૃશિ,
નિર્વિશેષમનસ્કાય શ્રી વીરસ્વામિને નમઃ,

૩. ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઇ,

૪. શિવમસ્તુ સર્વજગતઃ પરિહિનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।
દોષાઃ પ્રયાન્તુ નાશં સર્વત્ર સુખીભવન્તુ લોકાઃ ॥

તબક્કો પહેલો :

ધ્યાનને હૃદય પર કેન્દ્રિય કરો. હૃદયની એક અરણ્ય તરીકે કલ્પના કરો. આ અરણ્ય અત્યંત નિર્જન, વેરાન અને ભયંકર છે. આખા અરણ્યમાં કોઇ પ્રાણીનો પગરવ નથી સંભળાતો. વૃક્ષનાં પાંદડાં પણ પીળાં અને ફિક્કાં પડેલાં છે.

તે અરણ્યમાં વસતા એક બિહામણા નાગ તરીકે જાતની કલ્પના કરો. કોઇ નાગના ફૂંફાડામાં ઝેર હોય, કોઇ નાગનાં ડંખમાં ઝેર હોય. હું તો દષ્ટિવિષ નાગ છું. મારી દષ્ટિ ઉપર આકાશ તરફ કરું તો તુરત આકાશમાં ઊડતાં પંખીઓ ભડથું થઇને નીચે પડે છે. મારી દ્દષ્ટિ કોઇ વૃક્ષ પર પડે છે અને તે વૃક્ષને ઝેર ચડી જાય છે. તેનાં પાંદડાં પીળાં અને ફિક્કાં બનીને ખરી પડે છે. હું ધમધમતો નાગ છું. હું બિહામણો સાપ છું.

જેની પર મારી દષ્ટિ પડે તે તુરત જ મારી દષ્ટિથી જ ખતમ થઇ જાય છે. માટે આ મારા હૃદયનાં અરણ્યમાં કોઇ આવવાની હિંમત જ નથી કરતું. આ નિર્જન અને વેરાન જંગલ છે. તે જંગલમાં વસનારો હું ચંડકૌશિક નામનો નાગ છું.

અને, આજે તો કમાલ થઇ ગઇ. કોઇનો પગરવ કાને પડયો. હું તો ધમધમતો દરમાંથી બહાર આવ્યો. દૂરથી એક દિવ્ય વિભૂતિ નિડરપણે જંગલમાં મારા તરફ આવી રહી છે... તે મહાવીર પરમાત્મા છે. મુખ પર અદ્ભુત સૌમ્યતા છે, ભાલપ્રદેશ પર અનુપમ તેજપ્રભા ચમકી રહી છે. તેમનાં બે નયનો તો જાણે કરુણામૃતનાં પ્યાલા જ છે. નિર્ભીક પગલે તે આગળ વધી રહ્યાં છે.

હું ચંડકૌશિક નાગ તેમનાં આગમનથી ખૂબ ખીજાયો.

સૂર્ય તરફ એક દષ્ટિ કરીને મેં આંખમાં વિષ ભર્યું અને વિષ ભરેલી ક્રૂર દષ્ટિ આ આવનાર મનવા ઉપર છોડી. પણ, મારી ઝેરીલી દષ્ટિની તેના ઉપર કોઇ જ અસર ન થઇ. હું વધુ વિકરાળ બન્યો. મેં ઝેરીલા ફૂંકાડા માર્યા, પણ તે પણ નિષ્ફળ પુરવાર થયા. હવે મારો આવેશ પરાકાષ્ટાએ પહોંચ્યો.

હું ભાન ભૂલ્યો. દોડયો તેની પાસે. અને, એક વિષમય ડંખ તેના પગના અંગૂઠે મારીને હું ઝડપથી દૂર ખસી ગયો.

"હમણાં આ ભડથું થઇને નીચે પડશે, દૂર ખસી જવા દે, નહિતર ચગદાઇ જઇશ."

પણ, આ તો કોણ છે ? ડંખ લાગવા છતાં અડીખમ ઊભો છે.

મેં ડંખ લગાવ્યો ત્યાંથી તો લોહીને બદલે શ્વેત ઉજ્જવળ દૂધની ધારા નીકળી રહી છે. હું તો સ્તબ્ધ બનીને જોઇ રહ્યો છું.

હું સ્થિર અને મુગ્ધ બનીને તેની આંખો સામે તાકી રહ્યો.

તબક્કો બીજો :

તેની આંખોમાંથી શ્વેત કરુણાનો ધોધ મારા પર વહી રહ્યો છે. મારા વિષનાં કાળાં ભીંગડાં ધોવાઇ રહ્યાં છે. કોઇ અજબ-ગજબની કરામતો મારી ઉપર થઇ રહી છે. મને કાંઇ જ ખબર પડતી નથી. મારી અંદર આગ ઓલવાઇ રહી હોય તેવા છમ-છમ અવાજ આવી રહ્યો છે. ક્યાંય સુધી પરમાત્માની આંખોમાંથી ઝરતા સફેદ દૂધ જેવા કરુણાના ધોધને પોતાની ઉપર પડતો નિહાળવો અને તે કરુણાસ્નાનમાં કષાયોની મલિનતાઓ ધોવાઇ રહી છે, તેમ જોયા જ કરવું.

તબક્કો ત્રીજો :

હવે વીરની આંખો એકદમ લાલ બનતી ગઇ. તેમાંથી તેજસ્વી તણખા નીકળીને મારી ઉપર પડવા લાગ્યા. અગ્નિની લાલ ભડક જ્વાળાઓ પ્રગટી. એ આગની વચ્ચે હું બેઠો છું. મારામાંથી કાંઇક બળી રહ્યું છે, અને તેના દુર્ગંધી ધુમાડા નીકળીને બહાર જઇ રહ્યા છે. તે મારા ક્રોધાદિ મલિન કષાયો બળી રહ્યા છે. મારા આત્માના એક એક પ્રદેશ પરથી બધી મલિનતાઓ ખાખ થઇ રહી છે. આ બધો ચમત્કાર હું વિસ્મિત નયને નિહાળી રહ્યો છું. ફણા પહોળી કરીને આ મહાવીરની સામે અનિમેષ નયને હું જોઇ રહ્યો છું . મારું સંપૂર્ણ વ્યક્તિત્વ આજે પલટાઇ રહ્યું છે. આ સામે ઊભેલા હિપ્નોટિસ્ટે મારા પર શું વશીકરણ કર્યું છે તે મને ખબર પડતી નથી. પણ તેને મારા પર જે કરવું હોય તે કરે, હું કોઇ વિરોધ આજે કરવા માગતો નથી.

તબક્કો ચોથો :

હજુ મહાવીરને સંતોષ નથી. વાતાવરણ અત્યંત શાંત અને આહલાદક બની રહ્યું છે. નીરવ અને વેરાન આ જંગલમાં આજે વર્ષો પછી દૂર એક કોયલનો ટહુકાર સંભાળાયો. મંદ અને આહ્લાદક સમીર પ્રસન્નતાને વધુ બહેકાવી રહ્યો છે.

અત્યાર સુધી મૌન ઊભેલા મહાવીરે હવે મુખનાં કમાડ ખોલ્યાં. મારા કાન

તેમનાં વચનામૃતને ઝીલવા અત્યંત ઉત્કંઠિત બની રહ્યા છે. અને તેમણે મારા કાનમાં અમૃત સીંચ્યું. તેમનાં મુખમાંથી મંત્ર સર્યો :

બુજ્ઝ... બુજ્ઝ... ચંડકોસિઆ !

મારા એક એક રોમ વિકસ્વર બની રહ્યા છે. મારી સંપૂર્ણ દેહલતામાં અદ્‌ભુત ધ્રુજારી ઉત્પન્ન થઇ. સંપૂર્ણ મૌનનું પાલન કરનાર પ્રભુ વીર મારા માટે વચન પ્રયોગ કરી રહ્યા છે. પણ... આ શબ્દો નહોતા.... મહામંત્ર હતો. આ મંત્ર મારા સંપૂર્ણ વ્યક્તિત્વ પર ગજબનો જાદુ કરી રહ્યો છે. મારો ક્રોધ કષાય સંપૂર્ણ ઉપશાન્ત થઇ રહ્યો છે. ક્ષમાની દિવ્ય સુગંધ મારા દેહમાંથી પ્રસરી રહી છે.

આ જ કલ્પનાચિત્રને સ્થિર બનાવો. સામે સૌમ્યાકૃતિ મહાવીર ઊભા છે. ફણા પહોળા કરીને સર્પાકારે હું સ્તબ્ધ બનીને તેમનાં નયનો સામે નયનો ટેકવીને ઊભો છું. અને, તેમનાં મુખમાંથી **'બુજ્ઝ... બુજ્ઝ... ચંડકોસિઆ'** નો મંત્રધ્વનિ નીકળી મારા કાન દ્વારા હૃદયમાં પેસીને જાદુઇ કરામતો કરી રહ્યો છે.

આ જ અવસ્થામાં, આ અદ્‌ભુત સંવેદનને અનુભવતા, પ્રભુ વીરના મુખમાંથી **'બુજ્ઝ... બુજ્ઝ... ચંડકોસિઆ'** એવા મંત્રને ૧૦૮ વાર બોલાતું સાંભળો. અને, પ્રત્યેકવાર તે કાને પડતા અદ્‌ભુત રોમાંચનો અનુભવ કરો.... કષાયની કાલિમાને નામશેષ થતી નિહાળો.... ક્ષમાની દિવ્ય સુગંધને પ્રસરતી અનુભવો.

પછી, ફણા સહિત મસ્તકને પ્રભુવીરનાં પાવન ચરણોમાં નમાવી દો. મસ્તક પ્રભુનાં ચરણોમાં નમેલું છે. અંતરમાં અદ્‌ભુત આહ્‌લાદ અનુભવાઇ રહ્યો છે. કષાયનો કારમો કોલાહલ સંપૂર્ણ શાંત થઇ ગયો છે. મારું મસ્તક નમેલું જ છે.

પ્રભુ વીર મારી બાજુમાં જ ઉભા છે. મને, એક જોરદાર ઉલટી થઇ. મારું રહ્યું સહ્યું વિષ પણ બહાર ઓકાઇ ગયું.

તબક્કો પાંચમો :

આજે પહેલીવાર આ અરણ્યમાં ખૂબ શોરબકોર થઇ રહ્યો છે. અનેક વિચિત્ર અવાજે મારા કાને પડી રહ્યા છે.

કોઇ અવાજમાં આવેશ છે. કોઇ આવાજમાં વિસ્મય છે. કોઇ અવાજમાં કરડાકી છે. હું તો માથું નીચું રાખીને શાંત પડેલો છું.

ત્યાં તો અચાનક મારી પીઠ ઉપર લાઠીનો જોરદાર પ્રહાર થયો. પણ હું તો સંપૂર્ણ સ્વસ્થ છું.

કોઇએ પથરા માર્યા... કોઇએ કાંકરા ફેંક્યા... કોઇએ લાઠીઓ ઉગામી....

પ્રહારો ચાલુ જ છે...

... પણ, હું ખૂબ પ્રસન્ન છું. કોઇ આંધી કે તોફાન અંતરમાં ઊઠતાં નથી. મારું બધું જ વિષ મહાવીર ઓકાવી ગયા છે. પ્રહારો થવા છતાં પ્રસન્ન છું. સતામણી થવા છતાં હું શાંત છું.

લોકો પણ તાજ્જુબ થઇને અંદરોઅંદર ગુપસુપ કરી રહ્યા છે. "અરે, આ નાગ તો સંત બની ગયો છે. હવે તેને મારો નહિ, તેની ખૂબ પૂજા કરો." અને કોઇએ મારા પર ગુલાલ છાંટયો. કોઇએ મને દૂધથી નવડાવ્યો. કોઇ મને ઘીથી પૂજી રહ્યું છે. હું તો આ દ્રષ્ટાભાવે બધું જ જોઇ રહ્યો છું. પણ... આ દૂધ અને ઘીથી ખેંચાઇને કીડાઓ અને ઘીમેલો મારા દેહ પર ચોંટી રહી છે... આવતી જ જાય છે. શરીરને ચોંટતી જ જાય છે. તીક્ષ્ણ ડંખથી શરીરને કોરી રહી છે. પણ, મારી પ્રસન્નતાને કોરવાની હવે તેમની કોઇ હેસિયત નથી. મારો દેહ ચારણી જેવો થઇ રહ્યો છે. એક બાજુથી પેસીને આ કીડીઓ બીજી બાજુથી બહાર નીકળી રહી છે.

શરીર સાવ કોરાઇ ગયું છે. મારા મનમાં તો એક જ વિચાર ચાલે છે :

આજ સુધી સહુને મેં ખૂબ રંજાડયા છે. આજ સુધી સહુને મેં પારાવાર ત્રાસ આપ્યા છે. અનેકને ખાખ કર્યા છે. કેંકને ભોંયભેગા કર્યા છે... અત્યારે મને જે વેદના છે તે મારા અપરાધોના પ્રમાણમાં કાંઇ જ નથી.

આવો.. સહુ કોઇ પધારો... મને સજા કરવા... મેં સહુને ખૂબ પરેશાન કર્યા છે. મને ત્રાસ આપવા સહુ કોઇ પધારો... જાહેર આમંત્રણ આપું છું. સહુ મારા અપરાધોની મને ઉદાર હૃદયે ક્ષમા કરો... હવે મારાથી કોઇ ભય ન પામશો... સહુ નિર્ભય રહો... હવે કોઇ મારું દુશ્મન નથી.. સહુ કોઇ મારા પરમમિત્ર છે.

खामेमि सव्व जीवे,
सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु
वेरं मज्झ न कोणई ।।

પાંચ તબકકાનો આ ધ્યાન પ્રયોગ નિત્ય કરવાથી ચોક્કસ અદ્‌ભુત અનુભવ થશે. ક્રોધવિલયની આ અક્સીર અને અદ્‌ભુત સાધના છે.

(૩૭) જાપ : ઇષ્ટ કાર્યની સિદ્ધિ માટે જપસાધના પણ અમોઘ ઉપાય છે. જ્ઞાનીઓ કહે છે : जपात् सिद्धिर्भवत्येव ।

જપથી અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જાપથી તન્મયતા પ્રાપ્ત થાય છે અને

આ તન્મયતા જ આપણને ઊચ્ચ અટારીએ પહોંચાડે છે.

મહારાષ્ટ્રમાં જનાબાઇ નામનાં સ્રી સંત થઇ ગયાં. એક વાર તેમનાં છાણાં ચોરાઇ ગયાં. તેમને પૂછવામાં આવ્યું : "છાણાં તો બધે સરખા જ હોય તેથી છાણાંના ચોરને અમારે પકડવો કઇ રીતે ? તમારાં છાણાંની કોઇ નિશાની છે ?"

જનાબાઇએ કહ્યું : "ઘેર ઘેર જઇને છાણાં તપાસજો અને કાને અડાડજો. જે છાણામાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ અવાજ આવે એ છાણાં મારાં."

"એવું કેવી રીતે બને ?"

"તેનું કારણ એ છે કે મેં વિઠ્ઠલ નામનો તેર કરોડથી વધુ જાપ કર્યો છે. તેથી મારો હાથ જ્યાં અડે છે તે બધું મંત્રમય બની જાય છે."

જપશક્તિનો જડ ઉપર પણ કેવો અદ્ભુત પ્રભાવ પડી શકે છે ! તો અંતરની કષાયની કલિમાને ઓગાળવા આ જપશક્તિ અકસીર ન નીવડે ?

અદ્ભુત ક્ષમાના ધરનારા ત્રિલોકનાથ પ્રભુ મહાવીરદેવના નામનો જાપ ક્રોધવિજયનું તીક્ષ્ણ શસ્ર છે. જપસંખ્યા અને એકાગ્રતામાં જેમ વૃદ્ધિ થાય તેમ સ્પષ્ટ અસરો અનુભવાશે. તીવ્ર પ્રણિધાનપૂર્વક માળાથી કે હાથ ઉપર જાપ કરી શકાય. સફેદ આસન પર બેસીને સ્વચ્છ અને શ્વેત વસ્રોમાં પવિત્ર અને સુગંધી ઓરડામાં નિયમિતપણે જાપ કરવાથી ખૂબ ચમત્કૃતિનો અનુભવ થશે.

જાપ માટેનો મંત્ર :

જાપના પ્રકારો, વિશેષ વિધિ, એકાગ્રતાના ઉપાયો આદિ જાણકાર પાસેથી જાણી લેવા.

(૩૮) નામસ્મરણ :

બાબાનું નામ સાંભળતાં રડતું બાળક શાંત થઇ જાય છે. વાઘનું નામ સાંભળતાં બાળક ડરી જાય છે. શત્રુનું નામ પડતા દ્વેષની લાગણી વ્યક્તિ અનુભવે છે. પ્રિય વ્યક્તિના નામશ્રવણથી સ્નેહનાં સંવેદનો અનુભવાય છે. પ્રિય વાનગીનું નામ સાંભળતાં મુખમાંથી પાણી આવે છે. નામનો પણ ખૂબ પ્રભાવ છે. તેથી જ જૈનશાસનમાન્ય ચાર નિક્ષેપાં અનુસાર નામ પણ એક નિક્ષેપ છે. વ્યક્તિ કે વસ્તુનું નામ પણ વ્યક્તિ કે વસ્તુ જ કહેવાય. વ્યક્તિથી જે કામ થઇ શકે તે તેના નામથી પણ થઇ શકે. કોઇ વ્યક્તિની એવી વગ હોય છે કે તેના નામથી બેકારને નોકરી પણ મળી જાય છે. તો કોઇ વ્યક્તિનું નામ પડતાં કામ સારી રીતે પતી ગયા પછી પણ પાણી ફરી વળે છે.

કહેવાય છે કે, કબીરજીને રામનામ પર ગજબનાક શ્રદ્ધા હતી. તે રામનામ બોલતા અને તે સાંભળીને દુ:ખીઓના દુ:ખ દૂર થતાં અને રોગીઓનાં રોગ નાશ પામતા. તેથી, તેમનાં ઘરઆંગણે રોજ દુ:ખી અને રોગી વ્યક્તિઓની લંગાર લાગતી.

એક વાર તે બહારગામ ગયા હતા ત્યારે ભયાનક વ્યાધિથી કણસતો એક દર્દી રોગમુક્તિ માટે તેમનાં ઘરે આવ્યો. તેની વેદના અસહ્ય હતી. તેથી કબીરજી ઘરે હાજર નથી તે સમાચાર જાણીને તે અત્યંત નિરાશ થઇને આક્રંદ કરવા લાગ્યો. કબીરજીની પત્ની જાણતી જ હતી કે કબીરજી પાસે રોગમુક્તિનું ઔષધ તો એક જ છે - રામનામ. તેથી નિરાશ થયેલા દર્દીને તેણે સાંત્વન આપ્યું અને કહ્યું : "નિરાશ ન થતો, કબીરજીની દવા હું તમને આપું," કબીરજી એક વાર રામનામ સંભળાવીને રોગ દૂર કરે છે. હું ત્રણ વાર સંભળાવું પછી તો રોગ દૂર થશે જ ને ?" એમ વિચારીને તેણે દર્દીને ત્રણ વાર રામનામ સંભળાવ્યું અને દર્દી રોગમુક્ત બન્યો.

બહારગામથી કબીરજી ઘરે આવ્યા ત્યારે પત્નીએ આ પ્રસંગ કહી સંભળાવ્યો. તુરત કબીરજીએ અત્યંત શોકાતુર બનીને પત્નીને ઠપકો આપ્યો :"અરે ગાંડી, તેં આ શું કર્યું ? મારા રામના નામનું આટલું બધું અવમૂલ્યન ? જે નામ એક જ વાર સાંભળવાથી રોગમુક્તિ થઇ જાય તે રામનું નામ તારે ત્રણ-ત્રણ વાર બોલવું પડ્યું ? અને તે દિવસથી કબીરજીએ આ પ્રવૃત્તિ બંધ કરી. રામનામ ઉપર કેવી ગજબની શ્રદ્ધા કબીરજીને હશે !

રામચંદ્રજીના કાને વાત આવી કે - રામનામ બોલીને હનુમાનજી સમુદ્રમાં પથરા ફેંકે છે તો પથરા તરે છે. આ વાત સાંભળીને તેમને અત્યંત આશ્ચર્ય થયું. આ કુતૂહલ જોવા તે મધ્યરાત્રે દરિયાકિનારે ગયા અને રામ બોલીને તેમણે પથરા દરિયામાં ફેંક્યાં પણ પથરા તો ડૂબતા જ ગયા. તેટલામાં જ પાછળથી કોઇએ તેમનો હાથ પકડયો. તે હનુમાન હતા.

"અરે સ્વામી, આ શું કરો છો ?"

"મેં સાંભળ્યું છે કે તું રામ બોલીને પાણીમાં પથરો નાખે તો તરી જાય છે. પણ, મેં સ્વયં નાખ્યા તો કેમ ડૂબી જાય છે ?"

"અરે સ્વામી, આપ જેને ફેંકો કે તરછોડો તે તો બિચારો ડૂબી જ જાય ને ? તે વળી, કેવી રીતે તરી શકે ?"

ભક્ત શ્રદ્ધાસહિત સ્વામીનું નામકરણ કરે તો આવી અદ્‌ભુત ચમત્કૃતિઓ

સર્જી શકાય છે. તેથી જ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી મહારાજા કલ્યાણમંદિર સ્તોત્રમાં કહે છે :

नामापि पाति भवतो भवतो जगन्ति

હે પ્રભુ ! આપનું નામ પણ સંસારથી સુરક્ષા કરે છે. આંતરદોષોના વિલય માટે નામસ્મરણની સાધના પણ અસરકારક ઉપાય છે. આપણે તો ક્રોધ કષાયને જીતીને વિજયની વરમાળા પહેરવી છે. મહાભયાનક શત્રુ છે તેથી એક - એક શસ્રોનો ઉપયોગ કરી લેવો છે.

દોષવિજેતા મહાપુરુષના નામનું સ્મરણ તે દોષની સતામણીને ટાળે.

પરમયોગીશ્વર આબાલબ્રહ્મચારી શ્રી નેમિનાથ પ્રભુ કે કંદર્પવિજેતા શ્રી સ્થૂલભદ્રસ્વામીના નામનું સ્મરણ કામપીડાને અચૂક શાંત કરી દે.

તાજેતરમાં જ જૈન સંઘમાં સિદ્ધાન્તમહોદધિ શ્રી પ્રેમસૂરીશ્વરજી નામના બ્રહ્મનિષ્ઠ પરમપવિત્ર મહાપુરુષ થઇ ગયા. તેમનાં હૃદયના ખૂણામાં પણ ક્યારેય વિકારની કાલિમાનો સ્પર્શ નહોતો થયો.

એક સજ્જન બિહારમાં યાત્રાર્થે ગયા હતા. વચ્ચે યાત્રિકોની વ્યવસ્થા માટે ટેક્સીમાં આગળના મુકામે જવાનું થયું. શારીરિક પ્રતિકૂળતાનું બહાનું કાઢીને યાત્રાસંઘના એક સ્રી યાત્રિક પણ આગળના મુકામે જ જલ્દી પહોંચી જવા તેમની સાથે ટેક્સીમાં જોડાયા. નિર્જન રસ્તા પરથી ટેક્સી પસાર થઇ રહી હતી. કામાસકત બનીને તે બહેને આ સજ્જન પાસે અનુચિત માંગણી કરી. એકાંત, અનુકૂળતા આદિના પ્રભાવને લીધે આ સજ્જનનાં ચિત્તમાં પણ કામરાજા આધિપત્ય સ્થાપવા લાગ્યો. કામના આ હલ્લાથી બચવા તુરત જ આ સજ્જને પરમબ્રહ્મચારી શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાના નામનું સ્મરણ ચાલુ કરી દીધું. અને આ નામસ્મરણે તો ગજબનો ચમત્કાર સર્જી દીધો. કામનો હલ્લો નિષ્ફળ નીવડયો અને પવિત્રતા અખંડિત રહી. પેલાં બહેનના મન ઉપર પણ આ નામસ્મરણની સાધનાનો જબ્બર પ્રભાવ પડયો અને તુરત તેમણે પોતાની અનુચિત માંગણી બદલ ક્ષમા યાચી.

'મા'નું નામ પડતાં બાળકનો ભય ભાગી જતો હોય, શ્રીનેમિનાથ પ્રભુ, સ્થૂલિભદ્રજી કે પ્રેમસૂરીશ્વરજીનું નામસ્મરણ કરતાં કંદર્પ ઓસરી જતો હોય, શ્રી ગૌતમસ્વામીના નામસ્મરણથી અંતરાયો દૂર થઇ જતા હોય.... વીતરાગનું નામ સ્મરણ રાગને ઓગાળી નાખતું હોય....

તો પછી -

જીવલેણ ઉપસર્ગો અને મરણતોલ પરિષહો પર ક્ષમાના શસ્ત્રથી વિજય પ્રાપ્ત કરનાર શ્રમણ ભગવાન મહાવીરના નામનું સ્મરણ ક્રોધના વિષને ઉતારનાર જાંગુલીમંત્ર ન બની જાય શું ?

કમઠનાં ઉપસર્ગને અમૃતપાનની જેમ ગળી જનારા પાર્શ્વનાથ પ્રભુનું નામ ક્રોધની પળોમાં અદ્‌ભુત જાદુ ન સર્જી શકે શું ?

માથે ખેરના અંગારા મૂકનાર સોમિલ સસરાને પણ પરમ કલ્યાણમિત્ર માનીને સહજ ક્ષમાભાવમાં રહેનાર મહામુનિ શ્રી ગજસુકુમાલના નામનું સ્મરણ ક્રોધાવેશના પ્રસંગમાં લેવા માત્રથી તે આવેશના ટેટાનું સુરસુરિયું ન થઇ જાય શું ?

ચામડાની વાધર વીંટીને તડકે શેકાવી નાંખનાર સોનીને પણ ક્ષમાપૂર્ણ લોચનથી પ્યાર કરનાર મેતારજ મુનિવરનાં નામની ગુટિકાનું સેવન કરવાથી ક્રોધનો તાવ તત્કાલ ઊતરી જાય તે અસંભવિત છે શું ?

જ્યારે મનનાં ચોગાનમાં ક્રોધની ડમરી શરૂ થાય કે તુરત મહર્ષિ ખંધક અણગારના નામને હોઠ પર રમતું કરી દો.

ક્રોધના પૂરની ચેતવણી લાગણીતંત્ર દ્વારા મળતાંની સાથે જ વાઘણ કાયાને ફોલી નાંખવા છતાં પ્રસન્નતાની મોજ માણી રહેલા સુકોશલ અણગારને સ્મરણપટ પરથી સ્વરપેટીમા લઇ આવો.

ક્રોધની આંધી આવે ત્યારે ખંધકસૂરિના ૫૦૦ શિષ્યોનું સ્મરણ-માત્ર આંધીને દૂર હટાવી દેશે.

જાદુગર પાસે ઇલમકી લકડી હોય છે. રૂમાલ પર ફેરવે તો રૂમાલમાંથી નોટો છૂ થઇ જાય, પેટી ઉપર ફેરવે તો પેટીમાં પૂરેલો માણસ છૂ થઇ જાય. ક્ષમાસિદ્ધ પુરુષોનાં નામનું સ્મરણ આવી જ એક ઇલમકી લકડી છે. હોઠ પર નામ આવતાંની સાથે જ મનની પેટીમાં પૂરાયેલો ક્રોધાવેશ ક્ષણમાં છૂ થઇ છે. આ જાદુનો ખેલ કરી જોજો.

(૩૯) અભ્યાસ : જૈન શાસ્ત્રોમાં બુદ્ધિના ચાર ભેદ પાડવામાં આવ્યા છે. (૧) ઔત્પાતિકી બુદ્ધિ : તત્કાલ સચોટ પ્રત્યુત્તર આપી દેવાનું સ્વાભાવિક કૌશલ્ય. (૨) વૈનયિકી : વિનયના ઉપચારો દ્વારા પ્રાપ્ત થાય તે (૩) કાર્મિકી : કાર્ય કરતાં કરતાં કુશળતા પ્રાપ્ત થાય તે . (૪) પારિણામિકી : પરિણામના વિચાર કરીને પ્રવર્તતી બુદ્ધિ.

સુથાર, લુહાર કે મોચીના દીકરાને પિતાનું કાર્ય કરતાં કરતાં તે કારીગરીની હથોટી આવી જાય છે. તે કાર્મિકીબુદ્ધિ. ગમે તેવું કઠિન કાર્ય પણ વારંવાર અભ્યાસ કરવાથી સિદ્ધ થાય છે. કહ્યું છે કે - अभ्यासात् सिद्धिः ।

કોઇ પણ બાબતનું વારંવાર પુનરાવર્તન થવાથી તે ટેવ બની જાય છે. અશક્યપ્રાય: કાર્ય પણ અભ્યાસથી સંભાવનાનાં ઉંબરામાં લાવી શકાય છે.

પેલા પટેલને ભેંસ ઊંચકી શકાય તેવા પહેલવાન તરીકે પંકાવું હતું. પણ, આવડી મોટી ભેંસને તો કેવી રીતે ઊંચકી શકાય ?

તેમણે બકરીથી પ્રારંભ કર્યો, રોજ બકરી ઊંચકવા લાગ્યા. થોડા દિવસ બાદ નાની પાડીને ઊંચકવાનું શરૂ કર્યું. પછી થોડી મોટી પાડી. તેમ કરતાં કરતાં ભેંસને ઊંચકી લેવાનું સામર્થ્ય પણ આવી ગયું.

અભ્યાસથી સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે. પણ અભ્યાસને ચાર વસ્તુની અપેક્ષા રહે છે.

૧. પુરુષાર્થ ૨. સતત પુરુષાર્થ ૩. સખત પુરુષાર્થ ૪. ધીરજ

ક્ષમાની સિદ્ધિ માટે પણ આ ચાર અંગોથી પરિપૂર્ણ અભ્યાસનો પ્રારંભ કરી દઇએ તો ક્ષમાદેવી પણ આપણા અંત:પુરનું નજરાણું બની શકે છે.

એક કુંભારણ રોજ તળાવે માટી લેવા જતી. ગધેડી પર લાદીને માટી ઘરે લાવતી. વજનને કારણે ગધેડી રસ્તામાં ઊભી રહી જાય કે ગતિ ધીમી કરી નાંખે ત્યારે પ્રેમથી તેની પીઠ પર હાથ પંપાળીને કહેતી : "ચાલ, બેન, ચાલ" વારંવાર ગધેડી અટકી જાય છતાં જરાય આક્રોશ કરવાને બદલે વ્હાલથી આ જ શબ્દો કહેતી "ચાલ, બેન ચાલ."

આ જોઇને લોકોને આશ્ચર્ય થયું. કેટલાકે વણમાગી સલાહ આપી : "અરે, એમ વહાલ કરવાથી ગધેડા ચાલતા હશે ? તેને તો ડફણાં જ જોઇએ. ડફણું ખાય તો સીધું હાલે."

કુંભારણે જવાબ આપ્યો : "ભાઇ, મારા નિંભાડે કેટલાંય બૈરાં માટલાં લેવા રોજ આવે. ટકોરા મારી મારીને ક્યારેક તો માટલાં ફોડી પણ નાંખે, કોઇક તો કલાક માથાકૂટ કરીને એક પણ માટલું લીધા વિના ઊભા થઇ જાય. આ પ્રસંગોમાં મને જરાય કોપનો આવેશ ન આવી જાય તે માટે આ ગધેડીના વાંક આગળ પણ ક્ષમા ધારણ કરવાની ટેવ પાડું છું. અહીં ગધેડી આગળ ક્ષમા રાખી હોય તો ઘરાક બહેનો પાસે પણ ક્ષમા રાખવામાં મને કોઇ કઠિનાઇ ન પડે. આ તો હું ક્ષમા સાધવાની

ટેવ પાડું છું.”

કેવી સુંદર વાત છે !

નાના નાના પ્રસંગોમાં ક્ષમા રાખવાની ટેવ પાડો, મોટા પ્રસંગોમાં પણ ક્ષમા સરળ થઇ પડશે.

કોઇનું થૂંક પગ પર પડ્યું ? ક્ષમા કરી દો. કોઇનો પગ વાગી ગયો ? ગમ ખાઇ લો. કપડાં પર કોઇની પાનની પિચકારીના છાંટા પડયા ? બરદાસ્ત કરી લો. પત્નીએ રસોઇ ઠંડી પીરસી ? મૌનપણે પ્રસન્નતાથી જમી લો. પુત્રએ સોંપેલું કાર્ય ન કર્યું ? શાંતિથી જાતે કરી લો.

આ ટેવ પાડી હશે તો ક્યારેક વ્યાપારમાં ભાગીદાર મોટો દગો દેશે તોય મનને દુર્ભાવથી બચાવી શકાશે. પુત્ર મહાઉદ્ધતાઇ કરશે તો પણ કોપની કલુષતા નહિ સ્પર્શે. રસ્તા પર ટ્રક ડ્રાઇવરની બેદરકારીથી આપણા પગને ફ્રેક્ચર થશે તો પણ ક્ષમાને ફ્રેક્ચર નહીં થાય. પણ આપણે તો ખરાબ ટેવો પાડવામાં શૂરા છીએ. પવન પડી જાય તો પણ ગુસ્સે થઇ જઇએ છીએ. આપણી જ ગફલતથી આપણા હાથમાંથી કપરકાબી ફૂટી જાય તોય બીજા પર ગુસ્સો કરી દઇએ છીએ. બસમાં જગ્યાના અભાવે કંડક્ટર બસમાં પ્રવેશ ન આપે તો પણ કોપથી કંડક્ટરને બે-ચાર ગાળો દઇ દેવાનું ચૂકતા નથી. કોઇએ પગના જોડા બરાબર મૂક્યા નથી તેટલા નિમિત્તમાં પણ તેના પર દુર્ભાવ કરવાનું છોડતા નથી. આવી નાની નાની બાબતોમાં ક્રોધની ટેવ પડી છે તો મોટા નિમિત્તોમાં તો ક્રોધના આવેશને કેવી રીતે રોકી શકાય?

(૪૦) ક્ષેત્રાન્તર : પ્રારંભમાં ક્રોધવિજયનો એક ઉપાય ‘કાલક્ષેપ’ બતાવ્યો છે. કાલક્ષેપ કાળથી અંતર પાડવું. અને ક્ષેત્રાન્તર ક્ષેત્રથી અંતર પાડવું.

જે સ્થાનમાં, જે સંયોગમાં કે જે વ્યક્તિ પ્રત્યે ક્રોધનો આવેશ આવી રહ્યો છે, તે સ્થાન, સંયોગો કે વ્યક્તિથી તુરત દૂર ખસી જાઓ. સંયોગો તેના તે જ રહેશે તો મનમાં આવેલો ઉભરો બહાર ઢોળાયા વગર નહિ રહે.

રસોડામાં પત્નીની ભૂલથી તમારો પિત્તો ગયો છે. હળવેથી દીવાનખાનામાં ચાલ્યા જાઓ. ઓફિસમાં ભાગીદાર સાથે ટપાટપી થઇ જાય તેવો બનાવ બન્યો છે, કોઇક બહાનું કાઢીને ઘરે ચાલ્યા જાઓ. ક્ષેત્રાન્તર કરીને એકવાર ક્રોધના પ્રસંગને ટાળી દો, પછી સંપૂર્ણ બાજી તમારા હાથમાં જ છે.

ઘરમાં, સ્કૂલમાં, કોલેજમાં, પેઢીમાં, ઓફિસમાં, સંઘમાં કે સમાજમાં એકની એક વ્યક્તિઓ સાથે વારંવાર કે સતત સંપર્ક રહે છે. સતત સહવાસને કારણે અનેક સારા-માઠા પ્રસંગો બને પણ ખરા. અનેક પ્રસંગોમાં બીજી વ્યક્તિઓ પ્રત્યે દુર્ભાવ

ઊભો થતો રહે.

પત્નીએ ઘીની વાઢી ઢોળી, પતિને ન ગમ્યું. બીજી વાર ઠંડી ચા પીરસી, મન બગડ્યું. ત્રીજી વાર દાળમાં મીઠું જ નહોતું, જરાક ચડભડ થઇ. ચોથી વાર રસોઇમાં મોડું થયું. ચકમક ઝરી. બાબલાના અભ્યાસની બાબતમાં, પત્નીની સાડીની બાબતમાં, બેબલીની તબિયતની બાબતમાં, સાસુ-વહુના સંઘર્ષોની બાબતમાં, આવા અનેક પ્રસંગોમાં પતિ-પત્નીને ટકરાવાનું બને, વારંવાર સંઘર્ષોથી દુર્ભાવ ઊભો થાય. વારંવાર દુર્ભાવ થાય તો દ્વેષમાં પરિણમે. તેથી આ પરંપરા દ્વેષભાવ કે વૈરભાવ સુધી ન પહોંચે તે માટે આર્યદેશમાં એવો રિવાજ હતો કે, ભાઇના વિવાહ, સુવાવડ, આણું આદિ કોઇને કોઇ નિમિત્તે પત્ની દર વર્ષે બે-ત્રણ મહિના પિયર રહી આવતી. બે-ત્રણ મહિનાનાં ક્ષેત્રાન્તરને કારણે દિલના ઘા રુઝઇ જતા એ સંબંધ તંદુરસ્ત રહેતા. તદુપરાંત પરસ્પરની જરૂરિયાત પણ સમજાઇ જતી.

જેમ પતિ-પત્ની વચ્ચેના તેમ સાસુ-વહુ, નણંદ-ભોજાઇ, દેરાણી-જેઠાણી આદિ બધાના સંબંધો સ્નેહપૂર્ણ રહેતા. દુર્ભાવોથી દિલનાં અંતર વધે છે, પણ વચ્ચે ક્ષેત્રનું અંતર પાડી દેવાથી દિલનાં વધેલા અંતરનું નિવારણ થઇ જાય છે.

કોઇએ નોકરિયાતોને એક વણમાગી સોનેરી સલાહ આપી છે.

"નોકરીમાં મહિને એકાદ-બે વાર તો અવશ્ય ગેરહાજર રહેવું જેથી શેઠને ખબર પડે કે તમારી કેટલી બધી આવશ્યકતા છે. પણ, તેટલા બધા ગેરહાજર તો ન જ રહેવું કે શેઠને ખબર પડી જાય કે તમારા વગર પણ ચાલી શકે છે."

પ્રસ્તુતમાં થોડુંક ક્ષેત્રાન્તર થવાથી પરસ્પરને એકબીજાની આવશ્યકતા, હૂંફ, ઉપયોગિતા આદિની કિંમત સમજાય છે. પણ, કોઇક સંઘર્ષનો પ્રસંગ બનતા આવેશમાં આવીને સર્વથા જુદા થઇ જવું, સંબંધો તોડી નાંખવા કે છેડો ફાડી નાંખવો તે તો સર્વથા અનુચિત છે. તે નોબત ન આવે તે માટે જ કામચલાઉ ક્ષેત્રાન્તરનો ઉપાય અજમાવી શકાય.

(૪૧) અપરાધીના સ્થાને જાતને મૂકીને વિચારવું :

શાળામાં ભણતા ત્યારે પરીક્ષામાં આવા નિબંધ પૂછાતા

જો હું પટાવાળો હોઉં તો...

જો હું વડાપ્રધાન હોઉં તો...

જો હું પ્રિન્સીપાલ હોઉ તો...

જો હું ભિખારી હોઉં તો...

આ પ્રકારના નિબંધ મને ખૂબ ગમતા. આવો નિબંધ પૂછવા પાછળ કદાચ

વિદ્યાર્થીના કલ્પનાવૈભવને નિહાળવાનો પરીક્ષકનો આશય હશે. પણ, જુદા જુદા ક્ષેત્રમાં રહેતી વ્યક્તિની મનઃસ્થિતિને સમજવાનો ખૂબ સુંદર અવસર આવા નિબંધલેખન વખતે પ્રાપ્ત થાય છે.

વિદ્યાર્થીઓ હડતાલ પાડીને સ્કૂલનાં દરવાજાની બહાર પોતાનાં નામના છાજિયા લે તેવા પ્રસંગોમાં શાળાના પ્રિન્સીપાલ કેવી માનસિક વિટંબણા અનુભવતા હશે તે વિચારે, "જો હું પ્રિન્સીપાલ હોઉં તો" તે વિષય પરનો નિબંધ લખતા લખતા મને ધ્રુજાવી દીધો હતો.

ક્રોધથી રક્ષણ ઇચ્છતા પ્રત્યેક વ્યક્તિએ 'જો હું અપરાધી હોઉં તો...' વિષય પર ચિંતનધારા ચલાવવાની જરૂર છે.

કઇ પરિસ્થિતમાં અપરાધ કર્યો ?
ક્યા આશયથી અપરાધ કર્યો ?
હું શિક્ષા કરી દઉં તો તેનું દિલ કેવું દુભાશે ?
ક્ષમા કરી દેવાથી કદાચ વધુ લાભ નહિ થાય ?

આ બધા ચિંતન માટેના મુદ્દાઓ છે. જ્યારે સામેની વ્યક્તિનાં સ્થાન પર જાતને બેસાડીને વિચારીએ છીએ ત્યારે વિચારધારાના પ્રવાહની દિશા તદ્દન બદલાઇ જાય છે. જે દંડાના પ્રહારને યોગ્ય જણાતો હતો તે જ હવે શાબાશીનો અધિકારી જણાવા લાગે છે. જેની સામે આંખ લાલ કરવાનું મન થતું હતું તેની પીઠ થાબડવાનું મન થાય છે.

કોઇની ઉપર પણ ક્રોધ થાય... કોઇની ઉપર પણ દ્વેષ થાય... કોઇની ઉપર પણ અરુચિ થાય.... ત્યારે તુરત તમે તમારી જગ્યાઓથી ઊભા થઇ જાઓ.... તે વ્યક્તિનાં સ્થાન પર બેસી જાઓ.... પછી, મન કોઇક જુદો જ નિર્ણય આપશે.

એક પિતાએ પોતાના પુત્રના હાથમાં એક ફાટેલું વસ્ત્ર આપીને કહ્યું : "જો. પેલા ખાટલામાં સૂતેલા તારા દાદાને ઓઢાડી દે." પુત્ર હોશિયાર અને ચબરાક હતો. તેણે તે ચીંથરેહાલ વસ્ત્રનાં બે ટુકડા કર્યા. તુરત પિતા બોલ્યા : 'કેમ ટુકડા કર્યા ?" "એક ટુકડો તો દાદાને ઓઢાડું છું અને આપને માટે ભવિષ્યમાં કામ લાગે તે હેતુથી બીજો ટુકડો મારી પાસે રાખી મૂકું છું."

પોતાના પિતાની જેમ વૃદ્ધાવસ્થા પોતે પણ ભોગવવાની આવશે ત્યારે કેવી હૂંફ અને કાળજીની આવશ્યકતા હશે તેની ખબર પાડવા "પિતાના સ્થાને હું હોઉં તો.." તેવો વિચાર કરવાની પ્રેરણા પુત્રે આ નુસખાથી કરી દીધી. પછી, જે પિતા

પ્રત્યે અરુચિ હતી તેમના પ્રત્યે ભક્તિ ઉપજી. જે વૃદ્ધ પિતા પ્રત્યે બેકાળજી હતી, તેમના પ્રત્યે આદર ઉત્પન્ન થયો. દ્વેષ અને અરુચિને ડામવાનો આ સરસ ઉપાય છે જાતનું સ્થાન બદલીને નિહાળવું.

(૪૨) ગુણદૃષ્ટિ :

ઉકરડા પર નજર પડે તો જુગુપ્સા થાય તે જેટલી સાચી વાત છે, તેટલી જ સત્ય હકીકત એ છે કે બગીચા તરફ નજર પડતાં મન પ્રસન્ન બને. આટલી સાધી-સાદી વાત ખ્યાલમાં રહી જાય તો પછી મનને બગાડવું કે પ્રસન્ન રાખવું તે આપણા અધિકારની વાત બની જાય છે.

મનને બગાડવું હોય તો ઉકરડા પર દૃષ્ટિ કરો, મનને પ્રસન્ન કરવું હોય તો બગીચાની મુલાકાત લો. વ્યક્તિની ક્ષતિઓ, ખામીઓ, ભૂલો અને દોષો તરફ નજર જાય છે.. માટે તેનાં પર ઘૃણા અને દુર્ભાવ ઊપજે છે. તે જ દૃષ્ટિને ગુણો અને ખૂબીઓ પર ટેકવવામાં આવે તો વ્યક્તિ પ્રત્યે માન અને બહુમાન ઉપજે છે.

દુર્ભાવ થાય તો સંબંધ બગડે. માન થાય તો સંબંધ સુધરે. સંબંધો બગાડવા હોય તો દોષદૃષ્ટિ કેળવો. સંબંધો સુધારવા હોય તો ગુણદૃષ્ટિ કેળવો.

અન્યના દોષોથી દિલ ઉભગી ન જાય તે માટે પ્રબળ સમાધાન છે - કે સંસારી વ્યક્તિ વીતરાગ નથી, છદ્મસ્થ છે માટે ભૂલ થઇ જાય. તે જ રીતે, અન્યના ગુણો પ્રત્યે દૃષ્ટિ જાય તે માટેનું સમાધાન છે કે - સંસારી વ્યક્તિ ભલે વીતરાગ ન હોય પણ તે જડ તો નથી જ. તેથી તેનામાં કાંઇ ને કાંઇ ગુણવૈભવ પથરાયેલો છે. ક્રોધની ઉત્પત્તિ દોષદર્શનથી છે. ગુણદૃષ્ટિ આવતા ક્રોધને કોઇ અવકાશ જ નથી.

પણ મુશ્કેલી એ છે કે માનવી માટે ભાગે પોતે સર્વગુણસંપન્ન છે તેમ માનીને જ જીવે છે. તેથી પોતે જે કાંઇ કરે તેને ઉચિત અને યોગ્ય લેખવવા પ્રયત્ન કરે છે. અને બીજી વ્યક્તિએ સર્વગુણસંપન્ન રહેવું જોઇએ તેવી અપેક્ષા રાખે છે. તેથી કોઇનો દોષ કે ક્ષતિ દેખાતાં ઉભગી જાય છે.

વાસણની દુકાનેથી વાસણ મળે. કાપડની દુકાનેથી કાપડ મળે. કિરાણાની દુકાનેથી કરિયાણું મળે. જનરલ સ્ટોર્સ પરથી સ્ટેશનરી આદિ મળે. પણ, કોઇ વ્યક્તિ આગ્રહ રાખે કે જે દુકાનેથી વાસણ મળે, ત્યાં જ કાપડ મળવું જોઇએ અને કિરાણું પણ ત્યાં જ મળવું જોઇએ. તે કેમ ચાલે ? તેવું સ્થાન તો માત્ર ડિપાર્ટમેન્ટલ સ્ટોર છે, જ્યાં બધી વસ્તુ મળે. આવા ડિપાર્ટમેન્ટલ સ્ટોર જેવા તો છે માત્ર વીતરાગ પરમાત્મા, જે સુવર્ણસંપન્ન છે. બાકી, સંસારી વ્યક્તિઓમાં તો કોઇ - કોઇ ગુણ જોવા મળે. જેનામાં જે ગુણ દેખાય તે પ્રાપ્ત કરી લેવો જોઇએ.

ચીકુંનાં ઝાડ પર ચીકુ મળે. દાડમનાં છોડ પર દાડમ મળે. પપૈયાના છોડ પર પપૈયું મળે. બધા જ ફળો એક જ વૃક્ષ કે છોડ પરથી મળવાં જોઇએ તેવો આગ્રહ મૂર્ખતાનો ઘોતક છે. તેમ પ્રત્યેક વ્યક્તિમાં ક્ષમા, નમ્રતા, વિવેક, જ્ઞાન, તપ આદિ તમામ ગુણો હોવા જોઇએ તેવો આગ્રહ પણ શું સૂચવે છે ?

જ્યાંથી જે ગુણ દેખાય તે મેળવી લેવો, તે ગુણદષ્ટિ જીવને અનેક લાભો કરી આપે છે. ગુણવૃદ્ધિ, ગુણપક્ષપાત આદિ અનેક લાભો ઉપરાંત ઉપશમભાવ અને મૈત્રી ભાવની સાધનામાં પણ આ ગુણદષ્ટિ ખૂબ સહાયક બને છે. અને, ગુણોનું આકર્ષણ થવાથી જીવો પ્રત્યે સાચો સ્નેહ અને મૈત્રીભાવ પ્રગટે છે.

(૪૩) અપથ્યપરિહાર :

મેલેરિયાથી મુક્ત થવાનો ઉપાય ક્વિનાઇનની ટેબ્લેટ છે તેમ મેલેરિયાને ઉત્પન્ન. કરનારાં કારણોથી દૂર રહેવું તે પણ છે. રોગ નિવારક ઔષધ જેટલું મહત્વનું છે, તેટલું જ મહત્ત્વનું છે રોગોત્પાદક કારણોથી દૂરત્ત્વ. ક્રોધને જીતવો છે, તો ક્રોધના ઉદ્‌ગમસ્થાનોથી જ છેટા રહો. ક્રોધોત્પાદક સ્થાનોનું સેવન એ અપથ્યસેવન છે. આ પુસ્તકમાં ક્રોધને પેદાં કરનારાં અનેક કારણોથી વિચારણા થઇ ગઇ છે. તે તમામ અપથ્યોનો પરિહાર કરવો તે ક્રોધવિજય માટે અત્યંત આવશ્યક છે. આજથી ૧૦૦૦ વર્ષ પહેલાં ચીન દેશમાં એક ગજબની પ્રણાલી હતી. કોઇ પણ બિમારી ન હોય અને સંપૂર્ણ શારીરિક સ્થવસ્થતા હોય ત્યારે લોકોએ પોતાના વૈદ્ય કે હકીમને નિયમિત પુરસ્કાર આપવાનો રહેતો. પણ કોઇ બિમાર પડે ત્યારે તેનો સંપૂર્ણ ખર્ચ અને સંપૂર્ણ જવાબદારી તે વૈદ્ય કે હકીમની રહેતી. તેથી, કોઇ બિમાર જ ન પડે તેની સુંદર કાળજી વૈદ્યો અને હકીમો સહજ રાખે. માંદા પડીને સાજા થવાના ઉપચારો કરવા કરતાં માંદા જ ન પડવાના ઉપાયોમાં પ્રવૃત રહેવું તે ડાહાપણ છે. તેમ, ક્રોધ આવી ગયા પછી તેને શમાવવાના પ્રયત્નો કરવા કરતાં ક્રોધ પેદા કરનારા અપથ્યનો જ પરિહાર કરવો તેમાં બુદ્ધિમત્તા છે.

(૪૪) પરલોકદષ્ટિ :

શાસ્રોમાં જીવોની ત્રણ કક્ષા નક્કી કરવામાં આવી છે. સ્વભાવથી જ ક્રોધાદિ પાપોમાં ન રાચે તે ઉત્તમ. પરલોકના ભયથી જે પાપવિરામ પામે તે મધ્યમ. લોક-આબરૂના ભયથી જે ક્રોધાદિથી અટકે તે કનિષ્ઠ.

કોધાભિભૂત બનેલા મુનિ લપસતાં લપસતાં ત્રીજા ભવે તો ચંડકૌશિક નામના ભયાનક સાપના ખોળિયામાં પૂરાઇ ગયા.

ક્રોધાન્ધ બનેલો બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકનો અતિથિ બન્યો.

૫૦૦ અણગારોને અદ્‌ભુત નિર્યામણા કરાવનાર શ્રી ખંધકસૂરિ સ્વયં કોપાભિભૂત બન્યા તો ભાવિને ભયાનક બનાવી બેઠા !

ક્રોધથી પેદા થતું રૌદ્રધ્યાન એટલે નરકાદિ ભયાનક દુર્ગતિઓને આમંત્રણ પત્રિકા. ભવિષ્યનાં ૨૫/૫૦ વર્ષ સુખમય પસાર થાય તે માટે માનવી પ્રારંભનાં ૧૫/૨૦ વર્ષ અભ્યાસ આદિનાં કષ્ટોમાં પસાર કરી દે છે. કારણ કે, તેને ભાવિનો વિચાર છે. પણ, આ દીર્ઘદષ્ટિને વધુ દીર્ઘ કરવાની જરૂર છે. મૃત્યુ તો માત્ર વચ્ચેનો એક પડદો છે. મૃત્યુ તો માત્ર વચ્ચેનો એક અવરોધ છે. મૃત્યુને પેલે પાર પણ વિરાટ જીવનપંથ લંબાયેલો છે. જીવન એક મહાવાક્ય છે અને મૃત્યુ તો તેનું માત્ર એક અલ્પવિરામ છે. આ મૃત્યુની પેલા પારના જીવનની શ્રદ્ધા અંતરમાં ઊભી થાય તો તેને ભવ્ય અને ઉજ્જવલ બનાવવા મન ચિંતિત બને. આ શ્રદ્ધા આવી જાય પછી તો લેખા તૈયાર છે.

જીવનમાં ક્ષમાદિ ગુણોની ખીલવણી, તો પરલોક ઉજ્જવળ.
જીવનમાં ક્રોધાદિ કષાયોનું આધિપત્ય, તો પરલોક ભયંકર.

ક્યો ડાહ્યો અને સમજુ માણસ પરલોકને ભયંકર નોતરવા તૈયાર થાય ? પછી તો પ્રત્યેક પ્રસંગે પરલોક યાદ આવે. નોકરે ઝુમ્મર તોડયું, ૧૫૦૦ નું નુકશાન થયું. તેના પર ક્રોધ કરીશ તો દુર્ગતિનું ભયંકર નુકશાન વહોરવું પડશે. પત્નીએ ઠંડી રસોઇ પીરસી તેમાં શું બગડયુ ? પત્ની પર ગુસ્સો કરીશ તો મારો પરલોક બગડશે. પરલોકની ચિંતા પરલોકને તો ઊજળો બનાવે. આ લોકમાંય શાંતિ અને સ્વસ્થતા આપે.

(૪૫) કલ્પના :

નવરા મનમાં ક્યારેક એવી કલ્પના ઊઠે છે કે કોઇએ મારું અપમાન કર્યું અને તુરત જ મનથી તે વ્યક્તિ પર અત્યંત ગુસ્સે થઇ જઇએ છીએ અને યોગાનુયોગ મનથી કલ્પેલો પ્રસંગ જો નક્કર વાસ્તવિકતા બનીને આવી ઊભો રહે છે તો તો ક્રોધ આસમાને ચડી જાય છે, કારણ કે કલ્પનાથી એક વાર નેટ-પ્રેકટીસ કરી લીધી છે. પૂર્વે વિચારી રાખેલો ક્રોધ અત્યંત ઉગ્ર હોય છે.

'કલ્પના' ના આ જ સાધનનો ઉપયોગ આપણે ક્રોધને જીતવા કરવો છે. સવારે માત્ર દશ મિનિટ આ માટે ખાસ ફાળવો. આત્મગવેષણાથી પહેલા નક્કી કરો કે, તમને કઇ - કઇ બાબતની અરુચિ છે કે જે અરુચિ ક્રોધના ભાવમાં પણ તમને પહોંચાડી દે છે.

કેટલાકને ભોજન અત્યંત અનુકૂળ જોઇએ. ભોજન ઠંડુ હોય, મોડું મળે,

રુચિ અનુરૂપ ન મળે એવી ભોજનસંબંધી કોઇ પણ પ્રતિકૂળતા તેને અકળાવી મૂકે છે. કોઇને કપડાંનો શોખ ભારે હોય છે. કોઇ કપડાંની ઇસ્રી ચૂંથી નાખે. ડાઘ પાડે, મેલું કરે કે બરાબર ન મૂકે તો તેના મનમાં ઉઝરડા પડી જાય છે. કોઇકને નાનકડું પણ અપમાન અસહ્ય હોય છે. કોઇકને બરાબર આદર-સન્માનની અપેક્ષા હોય છે. કોઇકને પોતાની મહત્તાનો પ્રેમ હોય છે. દરેક વસ્તુ તેને પૂછીને થવી જોઇએ તેવો આગ્રહ હોય છે. આ બધી તે તે વ્યક્તિની નબળી કડી છે, ઉત્કલન બિંદુ છે. આત્મસંશોધન કરીને શોધી કાઢો કે તમારું ઉત્કલન બિંદુ કર્યું છે ?

સમજો કે, કપડામાં કોઇ આધીપાછી થાય તો તમે જલ્દી ઉકળી ઊઠો છો. તમારા ક્રોધના પ્રસંગોમાં મોટા ભાગના પ્રસંગો કપડાંને કારણે થાય છે. હવે સવારે ફાળવેલી દશ મિનિટમાં કલ્પના કરો :

તમે તદ્દન નવા સોહામણાં પેન્ટ-શર્ટ પ્રથમવાર જ પહેરીને બહાર કોઇકના લગ્નપ્રસંગમાં જવા માટે નીકળ્યા છો. માર્ગમાં કોઇક મકાનની પહેલા માળની ગેલેરીમાંથી કોક વ્યક્તિએ પાનની પિચકારી ફેંકી અને તે જ ટાણે તમે ત્યાંથી પસાર થયા. પાછળથી તમારા શર્ટ અને પેન્ટ પિચકારીથી બિલકુલ રંગાઇ ગયા.

આમ તો આવી કલ્પના આવતા તુરત જ સ્પ્રીંગની જેમ ક્રોધ ઉછળી આવશે. પણ, તમે ક્ષમાની સાધના માટે બેઠા છો. તેથી ક્ષમાનુકૂળ વિચારણા કરો :

અરે, નવા કપડા બગાડી નાંખ્યા ! પણ હોય ! જાણી જોઇને આ રીતે કોઇ પિચકારી મારે નહિ ! નીચેની દુકાનનું પાટિયું વચ્ચે આવી જવાના કારણે ઉપરના માણસને હું દેખાયો નહિ ! તો, બિચારાનો એનો શું વાંક ? સારું થયું ઘરેથી હજુ નીકળ્યો ત્યાં જ આ બની ગયું, આગળ બન્યું હોત તો વધુ ફજેતો થાત ! ઘરમાં બીજી જોડ ઇસ્રી કરેલી તૈયાર જ છે, પાછો જઇને એ પહેરી લઇશ. આ માણસ પર ગુસ્સે થઇશ તોય આ કપડાં બગડયાં છે તે ચોકખાં તો નથી જ થઇ જવાનાં । ઊલટું, મન અત્યારે ચોકખું છે તે ય બગડી જશે. અને, જો હું ગુસ્સે થઇશ તો પોતાનો બચાવ કરવા પેલા ભાઇ સામે ગુસ્સે થશે. કાંઇ બોલ્યા વગર પાછો ચાલતો થઇશ તો તે ભાઇને પોતાની ભૂલનું ભાન થશે અને કદાચ નીચે ઊતરીને માફી માંગવાનું પણ મન થશે.

આવી વિચારણાથી કલ્પનામાં બનેલા પ્રસંગમાં તમે ક્રોધને અટકાવી દીધો. આ વિચારણાથી મન ઉપર એક સુંદર અસર ઊપજ છે. ચિત્તને ક્ષમાની સુંદર તાલીમ મળે છે, ક્ષમાનો ક્ષયોપશમ ઘડાય છે. પછી, ખરેખર આવો પ્રસંગ બને ત્યારે મન એકાએક ક્ષુબ્ધ થતું નથી, ક્રોધનો ઉતાવળિયો હલ્લો આવતો નથી, મનને સમજાવવાનો અવકાશ રહે છે.

(૪૬) પ્રાયશ્ચિત્ત :

જૈન શાસ્ત્રોમાં છ પ્રકારનાં અભ્યંતર તપ બતાવ્યા છે. તેમાં એક પ્રાયશ્ચિત્ત છે. સર્વજ્ઞતા અને વીતરાગતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવથી ભૂલો તો થવાની જ. અનેક પ્રકારના કર્મોની, સંયોગોની અને સંસ્કારોની અસર નીચે રહેલો માનવી નાની કે મોટી, મામૂલી કે ગંભીર ભૂલોનો ભાગી બનવાનો. પણ, ભૂલ થયા પછી યોગ્ય, ગંભીર અને ગીતાર્થ ગુરુ ભગવંત પાસે પોતાની ભૂલનું નિવેદન કરીને આલોચના કરવી જોઇએ. તે ભૂલના દંડ રૂપે ગુરુ ભગવંત જે પ્રાયશ્ચિત આપે તેનો સ્વીકાર અને પાલન કરવું જોઇએ.

જ્યારે પણ ક્રોધ થઇ જાય ત્યારે પોતે એક પાપ કર્યું છે તે ભાવ લાવીને ગુરુ ભગવંત પાસ તેનું પ્રાયશ્ચિત્ત લઇ લેવું જોઇએ. આલોચના અને પ્રાયશ્ચિત્ત પાપશુદ્ધિ માટેનો સાબુ છે.

આલોચના કરી એટલે થઇ ગયેલા ક્રોધને ખોટો માન્યો. ક્રોધવિજય માટે આ બહુ જરૂરી બાબત છે. ક્રોધને ખોટો માન્યો અને તેની આલોચના કરી તેથી તેના અનુબંધ શિથિલ બને છે. અનુબંધ એટલે વૃત્તિ અથવા સંસ્કાર. થઇ ગયેલા ક્રોધનું પ્રાયશ્ચિત કરવાથી મનમાં બેઠેલી ક્રોધની વૃત્તિ, સંસ્કાર કે પ્રકૃતિ નબળાં પડે છે. પછી ક્રોધના પ્રસંગો ઘટે છે, ઉત્કલનબિંદુ ઊંચું જાય છે, ક્રોધના પ્રસંગો બને તો પણ તેનો પાવર ઓછો હોય છે.

મકાનની સાફસૂફી કરતાં અભરાઇ પરના માળામાંથી ચકલીનું ઇડું પડયું અને ફૂટી ગયું અને રડતાં રડતાં ગુરુભગવંત પાસે તેની આલોચના કરીને પ્રાયશ્ચિત્ત લીધું. તેમ જ્યારે ક્રોધાદિ કષાયની પરવશતા આવી જાય ત્યારે આત્માનાં ક્ષમાદિ ગુણોની કતલ થઇ ગયાના પારાવાર શોકપૂર્વક રડતા હૃદયે પ્રાયશ્ચિત્ત લઇ લેવું તે ક્ષમાના સાધક માટે આવશ્યક કર્તવ્ય છે.

(૪૭) તુરત ક્ષમાયાચના :

કોઇએ અપમાન કર્યું, મનમાં ઉકળાટ આવ્યો. ચિત્તને સાવધાન કરવાનો અવકાશ ન રહ્યો. અને, બોઇલર ફાટી ગયું. અકસ્માત તો થઇ ગયો. પણ થોડી જ પળોમાં મન પ્રશ્ચાત્તાપની વેદના અનુભવે છે. આ પળો બહુ નાજુક હોય છે. તે વખતે જ અહંની પાઘડી બાજુમાં ઉતારીને જેના પર ક્રોધ કર્યો છે તેની માફી યાચી લેવામાં ઘણો મોટો લાભ છે. ક્ષમાયાચના થતા જ પ્રકરણ સમાપ્ત થઇ જાય છે અને ચિત્ત સ્વસ્થ થઇ જાય છે.

જો ક્ષમાયાચના ન થઇ જાય તો પસ્તાવાની તીવ્રતા ઘટતા દુષ્ટ મન ફરી ક્રોધને વ્યાજબી ઠેરવતાં કારણો શોધવામાં પડે છે, અનેક સંકલ્પ વિકલ્પો ચાલે છે, ફરી તે વ્યક્તિને સંભળાવી દેવાનું મન થયા કરે છે, વ્યક્તિ પ્રત્યે દ્વેષ અને અરુચિ વધે છે. તેમ સામેની વ્યક્તિનાં મનમાં પણ આવું જ ઘમસાણ ચાલ્યા કરવાનું. પણ, ક્ષમાપના થઇ જતા બન્ને પક્ષે કોલાહલ શાંત થઇ જાય છે. બે શત્રુ રાજાઓ વચ્ચે સંધિ ન સધાય ત્યાં સુધી બન્ને પક્ષની છાવણીમાં તંગદિલી રહેવાની જ.

(૪૮) ક્રોધની સામે ખામોશી :

બે હાથે તાલી ન પડે - આ કહેવત તાલી પડતી અટકાવવા માટે છે. પણ, આપણે તો તેનો ઊલટો ઉપયોગ કરીએ છીએ. કોઇનો એક હાથ લાંબો થાય કે આપણે તુરત તાલી પાડવા આપણે તેની ઉપર હાથ પછાડીએ છીએ. કોઇએ જાણતા કે અજાણતા એક અપશબ્દ કહ્યો, આપણે સામે તેનો પડઘો પાડીએ છીએ માટે કોલાહલ સર્જાય છે. કોઇ બીભત્સ વર્તન કરે ત્યાર આપણે તેનું પ્રતિબિંબ બનીએ છીએ માટે જ કુરૂપતા સર્જાય છે.

ક્રોધના પ્રસંગને ટાળવા માટે અન્યના ક્રોધની સામે ખામોશી રાખવી બહુ જરૂરી બને છે. બીજાના ક્રોધ તણખલા જેવો જ હોય પણ સામેથી પ્રતિભાવ મળે તો તે દાવાનલ જેવો બની જાય છે, અને, બીજાનો ક્રોધ દાવાનલ જેવો હોય પણ સામે ખામોશી રાખવામાં આવે તો આ ખામોશી શીતલ જલનું કામ કરે છે. બીજાના ગુસ્સાનો પ્રતિકાર ગુસ્સાથી ન કરવો આટલો નિર્ણય જેનાં જીવનમાં હોય તેનું જીવન શાંતિધામ બની જાય.

મેન્યુ. હેન્રીએ એ દંપતીનો દાખલો ટાંક્યો છે. આ બન્ને જણ ઉતાવળિયાં અને ક્રોધી સ્વભાવનાં હતાં. પરંતુ એક ખાસ નિયમનું પાલન કરીને તેમણે શાંતિમય જીવન પસાર કર્યું. તે નિયમ હતો - એક જ સમયે બન્ને જણે ગુસ્સે ન થવું.

પૂર્વના રાજા-મહારાજાઓ રાજમહેલમાં એક કોપભુવનનું નિર્માણ કરતા. રાણી, રાજકુમાર કે રાજકુમારી રિસાઇ જાય ત્યારે તેમને આ કોપભુવનમાં રાખવામાં આવતાં. આ કોપભુવનમાં ક્રોધ શાંત પડે તેવું વાતાવરણ ઊભું કરવામાં આવતું. ક્રોધ વધુ ઉશ્કેરાટ પામે તેવું કોઇ નિમિત્ત આ કોપભુવનમાં મળતું નહિ.

(૪૯) ભવિતવ્યતાનું ખાનું :

વિશ્વમાં બનતી ઘટનાઓમાં કારણ રૂપે પાંચ પરિબળો ભાગ ભજવે છે. ૧. કાલ, ૨. સ્વભાવ, ૩. ભવિતવ્યતા, ૪. કર્મ અને ૫. પુરુષાર્થ. તેમાં ભવિતવ્યતા એટલે નિયત ભાવ. જે કાંઇ જે કાળે બનવા સર્જાયેલું હોય તે અવશ્ય તે કાળે બને

જ છે, તે ભવિતવ્યતા.

જીવનમાં અનેક અપસંદ ઘટનાઓ બને છે. જેમાં મન બેચેન અને વ્યાકુલ બનીને તંગદિલીનો ભોગ બને છે. અન્યની ભૂલભરેલી વર્તણૂક ખૂબ ઉકળાટ ઊભો કરે છે. આવા પ્રસંગો બનવામાં અન્યના અસત્ પુરુષાર્થ આદિને જવાબદાર ગણીએ તો મન ક્રોધ અને દોષનો ભોગ બન્યા વગર ન રહે. બહેતર છે કે આવી ઘટનાઓ માટે અન્ય કોઇને જવાબદાર ગણવાને બદલે, તે ઘટનાને ભવિતવ્યતાનાં ખાનામાં નાખી દઇએ. આ ઘટના બનવા સર્જાયેલી જ હતી માટે બની. માટે મારે ઉદાસીન ભાવમાં જ રહેવું ઉચિત છે - આટલું વિચારો તો ક્રોધથી બચી જશો.

(૫૦) પ્રતિક્રિયાવિરતિ :

આત્મવિકાસની યાત્રામાં પાપવિરતિ જેમ આવશ્યક છે તેમ પ્રતિક્રિયાવિરતિ પણ અત્યંત આવશ્યક છે. કોઇ પણ પ્રસંગનું પ્રતિબિંબ મુખદર્પણમાં ઊપસવા દેવું તેનું નામ પ્રતિક્રિયા. જરા કાંઇ મનગમતું થયું એટલે ગેલમાં આવી જવું અને જરા કાંઇ અણગમતું બન્યું એટલે ખિન્ન બની જવું, તે પ્રતિક્રિયા. આવી પ્રતિક્રિયાની આદતને કારણે આપણે દિવસભરમાં સેંકડો ચહેરા બદલીએ છીએ. ક્યારેક ઉત્સાહ; ક્યારેક નિરાશા; ક્યારેક પ્રસન્નતા; ક્યારેક ખુમારી; ક્યારેક દીનતા; ક્યારેક તોષ, ક્યારેક રોષ. ગાળ સાંભળતા ગુસ્સે થઇ જઇએ છીએ, પ્રશંસા થાય ત્યારે ફૂલાઇ જઇએ છીએ. કોઇકના સારા વ્યવહારથી રીઝાઇ જઇને તેના પર ક્યારેક ઓવારી જઇએ છીએ અને ક્યારેક તે જ વ્યક્તિના પ્રતિકૂળ વ્યવહારથી ખીજાઇ જઇને તેને જ દુશ્મન બનાવી દઇએ છીએ. બીજાનાં વચન અને વ્યવહારના નાદે નાચનારી કઠપૂતલી ન બનીએ. દવાનું રી-એક્શન ઘાતક બને તેમ બીજાના વચન કે વર્તનનું રી-એક્શન પણ મુશ્કેલી સર્જે. આવું રી-એક્શન આપવું કે નહિ તે આપણા હાથની વાત છે. દરેક પ્રસંગના દ્દષ્ટા બનવું, કર્તા નહિ. જે કર્તા બનવા જાય છે તે પ્રતિકર્તા બન્યા વિના રહી શકતો નથી. પ્રતિક્રિયા આપવા જતા ક્રોધાદિ દુષ્ટ લાગણીઓ ઉશ્કેરાય છે. માટે, શાસ્રોમાં ઉપાય બતાવ્યો છે-પ્રતિક્રિયાથી વિરામ પામો.

ક્ષમાની સાધનાના કેટલાક માર્ગો બતાવ્યા. કેટલીક કેડીઓ છે તો કેટલાક રાજમાર્ગ છે. કષાયજયના અનેક ઉત્તમ અને અકસીર ઉપાયોની વિચારણા કરી. કોઇનો તાવ સુદર્શનથી ઉતરે, કોઇનો મેટાસીનથી, તો કોઇનો ક્રોસિનથી. જેને જે દવા માફક આવે તેનું સેવન કરે. ક્રોધના તાવની થોકબંધ દવાઓ ખડકી દીધી છે. વ્યક્તિએ વ્યકિતએ ઉપાયોની અગત્ય કે અસરકારકતા જુદી પડે.

દર્શાવેલા ઉપાયો ઉપરાંત બીજા પણ અનેક ઉપાયો વિચારી શકાય અને

અજમાવી શકાય: સહુથી વધુ અગત્યનું અંગ છે પ્રણિધાન. ક્રોધવિજયની ઉત્કટ ઇચ્છા અત્યંત અનિવાય છે. યેન કેન પ્રકારેણ મારે ક્રોધને જીતવો છે આવું દઢ પ્રાણિધાન થયા પછી શસ્રસરંજામ સ્વયં હાથમાં આવી ચડે છે. ઉપાય ક્યો અજમાવવો તે મહત્વનું નથી. ક્રોધને જીતવો તે મહત્ત્વનું છે. ક્યા રસ્તે દિલ્હી પહોંચો તે મહત્ત્વનું નથી. દિલ્હી પહોંચવું જ જરૂરી હોય છે.

કોપાનલ શાંત થતા મનોભૂમિ પર એક મનોરમ્ય સૃષ્ટિનું સર્જન થશે. ક્ષમાની દિવ્ય સૌરભ પ્રસરવા લાગશે. અનેક ગુણરત્નો સ્વયં ખેંચાઇને જીવનની પેટીમાં પૂરાઇ જશે. મોક્ષની મંઝિલ ઘણી નિકટ આવી ગઇ હશે.

સૂચવેલા ઉપાયોમાંથી કેટલાક તો નાકે આગળી અડાડીને ક્ષણિક ક્રોધને ચૂપ કરતા ઇશારા જેવા છે તો કેટલાક ક્રોધને શાંત કરતા ઊના ડામ જેવા છે. કેટલાય ઉપાય ક્રોધને મૂર્છિત કરતા કલોરોફોર્મ જેવા છ તો કેટલાક તેના રામ રમાડી દેતા તાલપુંટ વિષ જેવા છે. તમારો ક્રોધ કેવો છે, અને તમારે તેની સાથે કેવી રીતે કામ લેવું છે તે નક્કી કરીને આ ઔષધિની યાદીમાંથી કઇ ઔષધિનો કેટલો ડોઝ લેવો તે સ્વયં નક્કી કરી લેજો.

❋ ❋ ❋

नाकारणरुषां संख्या, संख्याताः कारणे क्रुधः ।
कारणेऽपि न कुप्यन्ति, ये ते जगति पञ्चषाः ॥

કારણ ન હોય તો ય ધમધમી ઊઠતા હોય
તેવા માણસોની સંખ્યાનો તો કોઇ સુમાર જ નથી.
કારણ મળતા કોપી ઊઠે તેવા ય ઘણાં મળશે.
પણ, કારણ મળવા છતાં ય કોપ ન પામે
તેવા વીરલા તો દુનિયામાં પાંચ-છ માંડ મળશે.

ક્રોધ વિજયનું મહાન શસ્ત્ર એટલું હું - ક્ષમા.
ક્ષમા રાખવાથી વાણીને શ્રમ પડતો નથી,
માથામાં વેદના ઉપડતી નથી,
ચિત્તમાં ઉદ્વેગ પેદા થતો નથી,
કાયાને થાક લાગતો નથી,
અને, હિંસા વગેરે કોઇ અનર્થ સેવવા પડતા નથી,
ક્રોધવિજય માટે મારા જેવું સુંદર શસ્ત્ર બીજું કયું હોય ?

To win one hundred victories in one hundred battles is not the acome of skill.

To subdue the enemy without fighting is the acome of skill.

- Sun Tzn

ખંડ – 3

- ક્ષમાનું આધ્યાત્મિક મૂલ્ય
- ભાવનાનું રસાયણ

છિમા બડનકો ચાહિયે, છોટનકો ઉત્પાત
કહા વિષ્ણુ ઘટિ ગયો, જો ભૃગુ મારી લાત...
- સંત કબીર

હલકા માણસો તો ઉત્પાત કરે,
પણ મોટાએ તો ક્ષમા જ રાખવી.
ભૃગુઋષિએ ભગવાન વિષ્ણુને છાતી પર લાત મારી તેમાં
પ્રભુનું શું ઘટી ગયું ?

❋ ❋ ❋

કોટિ પરમ લાગે રહૈં, એક ક્રોધકી લાર
કિયા કરાયા સબ ગયા, જબ આયા હંકાર
- સંત કબીર

ક્રોધના પનારે તો કરોડો મોટા મોટા આદમી પણ પડેલા છે.
ક્રોધનો અહંકાર આવ્યો એટલે સમજી જ લેવાનું કે કર્યું કરાવ્યું બધું જ ધૂળ.

❋ ❋ ❋

क्लमो न वाचां शिरसो न शूलं,
न चित्ततापो न तनोर्विमर्दः ।
न चापि हिंसादिरनर्थयोगः
श्लाध्या परं क्रोधजयेऽहमेका ॥

- પ્રબોધ ચંદ્રોદય નાટકમાં
ક્ષમાનું આત્મનિવેદન

❋ ❋ ❋

ક્ષમાનું આધ્યાત્મિક મૂલ્ય

કષાયમુક્તિ એ જ સાચી મુક્તિ

ક્રોધથી બળી ઝળીને ખાખ થતા દુ:ખિયારા જીવોને કરુણાના ભંડાર સમા મહર્ષિઓ કેવી રીતે જોઇ શકે ? ઉપશમ અને ક્ષમાની ચિંતધારા રૂપી બંબાના જલપ્રવાહથી આ આગને ઠારવા જ્ઞાનીઓ ખૂબ મથ્યા છે. તેઓ કહે છે કે कषायमुक्तिः किल मुक्तिरेव । વર્ષો સુધી ગુલામીમાં રાખીને પશ્ચિમની વિકૃતિનો ચેપ લગાડયા પછી અંગ્રેજો ગુલામીની જંજીરમાંથી છોડી દે અને ભારતવાસીઓ મુક્ત થયાની મોજ માણે કે ૫-૨૫ લાખ પડાવીને કોઇ કીડ્નેપર મુક્ત કરી દે ત્યારે રાહતનો દમ ખેંચે પણ કષાયની જંજીરથી માનવી જકડાયેલો છે ત્યાં સુધી માનવી ગુલામ અને બંધાયેલો જ છે. કષાયમુક્તિ તે જ વાસ્તવિક મુક્તિ છે.

ક્ષમા એ જ મહાશસ્ત્ર

જુડો કે કરાટેની તાલીમ લઇ લેવા માત્રથી વિજેતા નથી બનાતું. શસ્ત્રાગારોમાં મહાવિનાશક શસ્ત્રોના ખડકલા કરી દેવા માત્રથી પણ જગતવિજેતા નથી થવાતું. ષટ્ખંડના સામ્રાજ્યથી નહિ ધરાયેલા લોભાભિભૂત સુભૂમ ચક્રવર્તીઓ સૈન્યસહિત દરિયાનાં ખારા જળમાં હામાઇ ગયા છે. વિશ્વવિજેતા બનાવા વિજયકૂચ કરવા નીકળેલા સિકંદરો, નેપોલિયનો અને હિટલરો સ્મશાનમાં ખાખ થઇ ગયા છે. જુડો, કરાટે, શસ્ત્રો, સૈન્ય કે કૂચોથી કદાચ જગતને જિતાય તો પણ જાત પર જ વિજય પ્રાપ્ત ન થતો હોય ત્યાં એવા વિજયનું મૂલ્ય નથી. અને એમ યુદ્ધો અને શસ્ત્રોથી જગતનાં પ્રદેશ અને ભૂમિઓ જિતાય, રાજ્યનાં સિંહાસનો લુંટાય પણ માનવીનાં મન તેનાથી થોડા જ જિતાવાના છે ? શસ્ત્રાગારોમાં પડેલાં વિનાશક શસ્ત્રો, મુખની રૌદ્ર રેખાઓ કે બળથી અન્યને વશ કરવાના સહુ ઉપાયો એ તો માનવ પર ચાલતા ક્રોધચંડાલના કારમા આધિપત્યના વિજયવાવટાઓ છે. 'क्षमा शस्त्रं करे यस्य, दुर्जनः किं करिष्यति !' કહીને કરુણાસંપન્ન મહર્ષિઓ જાત અને જગત, સહુ ઉપર વિજય પ્રાપ્ત કરવાનું એક તીક્ષ્ણ શસ્ત્ર આપણા હાથમાં મૂકે છે. આ ક્ષમાને કોઇ શમ કહે છે, કોઇ ઉપશમ કહે છે, કોઇ શાન્તરસ કહે છે, કોઇ જીવનનો પરમ વૈભવ કહે છે તો કોઇ તેને આત્માનું સાચું સૌદર્ય કહીને બિરદાવે છે. ક્ષમા એ જ સૌંદર્ય, ક્ષમા એ જ સૌષ્ઠવ, ક્ષમા એ જ વૈભવ. માટે જ પાનાંના પાનાં ભરીને જ્ઞાનીઓએ આ ક્ષમાના ગુણલા ગાયા છે. આ ઉપશમને સાધનાનું એક અનિવાર્ય અંગ ગણવામાં આવ્યું છે. મોહચંડાલ સામે જંગે ચડેલા આત્મપૌરુષના

વિશાળ ગુણસૈન્યના સેનાપતિ તરીકે મહર્ષિઓએ ક્ષમાની વરણી કરી છે. શ્રી આર્હત્પ્રવચનસંગ્રહ સમા શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પૂર્વધર મહર્ષિ શ્રી ઉમાસ્વાતિજી મહારાજાનું વચન છે.

उत्तम: क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाकिंचन्यब्रह्मचर्याणि धर्म: ।

મહાવ્રતો અને ઉત્તરગુણોથી અલંકૃત ક્ષમા, મૃદુતા, ઋજુતા, શૌર્ય, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય એ દશ યતિધર્મ છે. આ ૧૦ યતિધર્મની શ્રમણ સાધના કરે છે. આ દશમાં ક્ષમાનું પણ મહત્ત્વનું સ્થાન છે.

સાધુ એટલે ક્ષમાશ્રમણ

સાધુનાં જીવનભુવનમાં અનેક ભવ્ય ખૂણાઓ છે. અનેક કલ્યાણકર યોગોનો તે સાધક છે. સાધુના સાધનામય ભવ્ય જીવનનો પરિચય આપવા માટે શાસ્ત્રકારો ગુણનિષ્પન્ન અનેક નામોથી શ્રમણનો પરિચય આપે છે. પરસ્પર સહાયક ભાવ હોવાથી તે સાધુ છે. નિર્દોષ માધુકરી ભિક્ષાથી વૃત્તિ ચલાવનાર હોવાથી તે ભિક્ષુ છે. ભાષાસમિતિ અને વચનગુપ્તિની સાધના છે માટે તે વાચંયમ છે. ૧૭ પ્રકારના સંયમના ધારક હોવાથી તે સંયમી છે. તપપ્રધાન જીવન હોવાથી સાધુ તપસ્વી છે અને બાવીસ પ્રકારના પરિષહને પ્રસન્નતાથી સહન કરતા હોવાથી શ્રમણ છે. પાંચ પ્રહરના સ્વાધ્યાયમાં સદા રત રહેવાથી સ્વાધ્યાયી છે. તે મુનિ છે, યતિ છે, અણગાર છે. બધું હોવા છતાં સાધુને વંદન કરવા માટેના પ્રણિપાત સૂત્રમાં સાધુને ક્ષમાશ્રમણ નામથી સંબોધન કરવામાં આવ્યું છે. ક્ષમાનો મહિમા ગાવા માટે આનાથી બીજું મોટું પ્રમાણપત્ર ક્યું હોઇ શકે ? તપશ્રમણ, જ્ઞાનશ્રમણ, વૈરાગ્યશ્રમણ કે સંયમશ્રમણ શબ્દ ત્યાં નથી વપરાયો. ક્ષમાનું આ પ્રાધાન્ય પણ સહેતુક છે. ક્ષમાભાવની સાધના વિના સંયમ, ત્યાગ કે તપ આવે ક્યાંથી ? અને આવે તો ટકે પણ શી રીતે ? ક્ષુધા, તૃષા, અલાભ, આક્રોશ, વધ આદિ ૨૨ પરિષહો પર શ્રમણે વિજય પ્રાપ્ત કરવાનો છે. ક્ષમાના શસ્ત્ર વિના એ દુર્જેય પરિષહોને કેવી રીતે જીતી શકાય ? ગલીએ ગલીએ ધૂમવા છતાં નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત ન થાય અને ક્ષુધાની તીવ્ર વેદના સહવાનો પ્રસંગ આવે ત્યારે પણ ચિત્તની પ્રસન્નતાને અકબંધ રાખવા કેવો ઉપશમભાવ જોઇએ ! વૈશાખની તપેલી ધરતી ઉપર ઢળતી બપોરે હાથમાં પાણીનો ઘડો અને ખભા ઉપર ઉપધિ ઊંચકીને ચાલતા શ્રમણના દેહ પર પરસેવાના રેલા નીતરતા હોય, તૃષાથી તાળવું શોષાતું હોય, ઘડામાં થોડું જ પાણી બચેલું હોય, તૃષા સહન કરીને પણ છેલ્લે પાણી ચૂકવવા માટે તે રાખી મૂકેલું હોય અને રસ્તામાં ને રસ્તામાં કોક તોફાની છોકરો પથરો ફેંકી ઘડો ફોડે, બચેલું પાણી ઢોળાઇ જાય અને ૧૨-૧૫ કલાક આકરી તૃષા સહન કરવાનો વારો આવે ત્યારે ઉપશમનાં અમૃત ઘૂટેલા ન હોય તો

શી હાલત થાય ? ભિક્ષા માટે 'ધર્મલાભ' કહીને કોઇના આંગણે ઊભો રહે અને ગૃહસ્થ અપમાન કરીને કાઢી મૂકે ત્યારેય ક્ષમા જ સમભાવમાં રાખી શકે. કૂતરા પાછળ પડે, મચ્છર ચટકા ભરે, કોઇ ગાળો આપે, કોઇ હથિયાર ઉગામે, શરીર ઉપર મેલ બાઝે.... દરેક પરિસ્થિતિમાં ઉપશમભાવને હાજર રાખવો જ પડે. ક્ષમાનો સેનાપતિ હાજર હોય તો જ પરિષહો પરની વિજયયાત્રા સાધુ કાઢી શકે.

ઉપશમનો મહિમા કલ્પસૂત્રમાં

ચૌદ પૂર્વના જ્ઞાતા શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજાએ શ્રી કલ્પસૂત્રજીમાં ભાખ્યું છે. उवसमसारं खु सामण्णं શ્રામણ્યનો પ્રાદુર્ભાવ કરવા માટેનું એક મહત્વનું કારણ છે - ઉપશમભાવ. આ કારણની મહત્તા તે મહર્ષિને કેટલી જણાઇ હશે કે કારણમાં જ કાર્યનો ઉપચાર કરીને ઉપશમને જ તેઓશ્રીએ શ્રામણ્ય કહી દીધું !

ઉપશમનો મહિમા ગાતા શ્રી કલ્પસૂત્રજી આગળ વધીને કહે છે :

जो उवसमई, तस्स अत्थि आराहणा ।
जो न उवसमइ, तस्स नत्थि आराहणा ॥

જે ઉપશાન્ત બને છે, તે આરાધક બને છે. સાધનાની વિગતોની નોંધવાળી સાધનાપોથીનું કદ મોટું ને મોટું થતું જતું હોય પણ હૃદયના ખૂણાઓમાં દ્વેષના ઉકરડાઓ જામેલા હોય તો દિલ્હી ઘણું જ દૂર છે. દ્વેષના ઉકરડાઓ ઉલેચીને હૃદયને ઘૂઘવાટા કરતો ઉપશમરસનો દરિયો બનાવવામાં આવે છે ત્યારે મહર્ષિઓ આરાધનાની પ્રવૃત્તઓને 'આરાધના' નું પ્રમાણપત્ર આપે છે.

ઉપશમ અને સમ્યગ્દર્શન :

જૈન શાસ્રો સમ્યગ્દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની સમુદિત સાધનાને મોક્ષનો માર્ગ કહે છે. આ ત્રણેયને ઉપશમ સાથે બહુ ગાઢ સંબંધ છે. શુદ્ધ ધર્મની રુચિ કે શ્રદ્ધાનો શુદ્ધ આત્મપરિણામ તે સમ્યગદર્શન છે. આ નિર્મલ આત્મપરિણામ એ અતીન્દ્રિય પદાર્થ છે. મેળવણ નાખેલા દૂધનું દહીં બન્યું કે નહિ તે જોવાથી ખબર પડે પણ આ અતીન્દ્રિય પરિણામનો બોધ સ્થૂલ અને વામણી ઇન્દ્રિયો દ્વારા કેવી રીતે થાય ? છતાં, અનંત કરુણા કરીને મહાપુરુષોએ તેને ઓળખવા માટેના શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિક્ય અને અનુકંપા નામનાં પાંચ લક્ષણો જણાવ્યાં છે. ઉપશમ એ સમ્યગ્દર્શનનું લક્ષણ છે. **મહોપાધ્યાય શ્રી યશોવિજયજી** મહારાજ આ ઉપશમની વ્યાખ્યા કરે છે. **"અપરાધી શું પણ નવી ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકૂલ"** ગાળો આપનારા, લાફો મારનારા કે પાંચ માણસની વચ્ચે ઘોર અપમાન કરી નાખનારા અપરાધી પ્રત્યે મનથી પણ દુર્ભાવ ન થવા માટે ક્ષમાનો પાઠ કેવો

આત્મસાત્ કરવા પડે ? સમ્યગ્દર્શનની રક્ષા માટે ઉપશમભાવ એ ચોકીદાર છે અને આ સમ્યગ્દર્શન વિના તો બધી સાધના પ્રાણ વગરના મડદા જેવી છે.

આ સમ્યગ્દર્શન એ કલ્યાણવૃક્ષનું મૂળ છે. તે પુણ્યનગરનો દરવાજો છે અને નિર્વાણમહેલનો પાયો છે. સમ્યગ્દર્શન સર્વ સંપત્તિઓનું નિધાન છે, સર્વ ગુણોનો આધાર છે અને ચારિત્રરત્નને સાચવવા માટેની મંજૂષા છે. આવી ભવ્ય ઉપમાઓ આપીને શાસ્ત્રજ્ઞ પુરુષોએ જે સમ્યગ્દર્શનનો મહિમા ગાયો છે તેને ક્ષમા વગર બિલકુલ ગોઠતું નથી. ઉપશમને ધક્કો મારીને ક્રોધાદિ કષાયો આત્મા ઉપર અડ્ડો જમાવી દે તો સમ્યગ્દર્શન પણ ઉચાળા ભરી જાય છે. તીવ્ર કક્ષાના કષાયને શાસ્ત્રીય પરિભાષામાં 'અનંતાનુબંધી કષાય' કહેવામાં આવે છે, આ અનંતાનુબંધી કષાયનું આગમન એટલે સમ્યગ્દર્શનની વિદાય.

ઉપશમ અને સમ્યગ્જ્ઞાન :

સમ્યગ્ જ્ઞાન વિવેકને જન્મ આપે છે. ગજને માહિતીઓનું ગોડાઉન બનાવી દેવા માત્રથી જ્ઞાની નથી બનાતું. વિવેકબુદ્ધિ ઉત્પન્ન કરે તે સમ્યક્ જ્ઞાન. આ વિવેકબુદ્ધિ 'હું કોણ ? ' અને 'મારું કોણ ? ' એ બે વિરાટ પ્રશ્નોના સાચા ઉત્તર આપી મોહનિદ્રામાં ઘોરતા આતમરામને જગાડે છે. આ વિવેકબુદ્ધિ આદરવા યોગ્ય અને ત્યાગ કરવા યોગ્ય પદાર્થોના વિભાગ કરી આપે છે. 'મારુ શું ?' અને 'પારકું શું ? ' એવાં બે ખાનાં પાડીને આ વિવેકબુદ્ધિ સર્વ ભાવોના ભાગલા પાડી આપે છે. અને ત્યારે ક્રોધાદિ કષાયો પરભાવના ખાનામાં જાય છે અને ક્ષમા અને સમત્વ સ્વ-ભાવના ખાનામાં સ્થાન પામે છે. પારકાને પોતીકું માનીને આજ સુધી આપણે રખડ્યા છીએ. ક્રોધ એ વિભાવની નીપજ છે અને ક્ષમા એ મારો પોતાનો વૈભવ છે તેની ઓળખાણ સમ્યક્જ્ઞાનથી ઉત્પન્ન થયેલી વિવેકબુદ્ધિ દ્વારા થઇ ગયા પછી ક્રોધના તાવને ઉતારવા વારંવાર ઉપદેશના ઇન્જેક્શનની પણ જરૂર નહિ પડે. ક્ષમાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે મનની સાથે યુદ્ધ પણ નહિ ખેલવા પડે કે દંડ અને શિક્ષાના હાઉ બતાવીને ક્રોધને બિવડાવવાની પણ જરૂર નહિ પડે. પોતાનો વૈભવ ઓળખાઇ ગયા પછી ક્રોધાદિ પરભાવોને ખંખેરવા કોઇ ઝાઝા પ્રયાસોની જરૂર નથી પડતી, સ્વયં ખરી પડે છે. માનવસ્વભાવની એ ખાસિયત છે કે જે પોતાનું છે તેના પર તેને ગાઢ મમત્વ ઉપજે છે, પછી યેન કેન પ્રકારેણ તેને મેળવીને જ તે જંપે છે. જૂની ફાઇલો ફેંદતા એક દસ્તાવેજ મળે અને તમને ખબર પડે કે પડોશમાં રહેલું મકાન તમારા બાપદાદાની માલિકીનું છે, તેમાં રહેનાર તો ભાડૂઆત છે. આ ખ્યાલ આવ્યા પછી મકાન પ્રત્યે કેવો મમત્વભાવ ઊપજે ! કોર્ટના પગથિયાં ચડીને પણ માણસ તે મકાનની માલિકી મેળવ્યા વિના રહે ખરા ? તેમ ક્ષમા સ્વકીયધન છે

તે જાણ્યા પછી માનવી ક્ષમાને મેળવ્યા વિના જંપતો નથી.

આમ, સમ્યક્ જ્ઞાનનો દિવ્ય પ્રકાશ ક્ષમાનો આંતરવૈભવ ખોળી આપે છે. ત્યારે વર્ષો પહેલા ગુમ થયેલા દીકરો મળી જતા માતાને થાય તેટલો આનંદ અનુભવાય છે. ક્રોધ પરભાવ રૂપે ઓળખાઇ ગયા પછી તેના ઉપર જ ગુસ્સો આવે છે. આત્મપ્રતિષ્ઠિત, પરપ્રતિષ્ઠિત, ઉભય પ્રતિષ્ઠિત કે અપ્રતિષ્ઠિત ક્રોધ પછી ક્રોધપ્રતિષ્ઠિત બની જાય છે.

અનાદિકાળથી મોહની જોહુકમીથી કચડાતા જીવાત્માએ મોહની આજ્ઞાઓને જ શિરોમાન્ય કરી છે. અનાદિકાલીન તે અવળા અભ્યાસને કારણે તે પોતાની જાતને અને પોતાના વૈભવને પણ વીસરી ગયો છે. વિભાવદશાને જ પોતાનો સ્વભાવ માની બેઠો છે. તેથી જાગૃત બનેલા આત્માને પોતાનું શું ? અને પરાયું શું ? તે ઓળખવું કઠણ થઇ પડ્યું છે. અનાદિકાલીન અભ્યાસને કારણે જે પ્રવૃત્તિ સહજ થઇ જાય તે સામાન્યથી વિભાવ દશા જાણવી. પણ જેને માટે મનને મારવું પડે અને આત્મપુરુષાર્થ કેળવવો પડે તે સામાન્યથી આત્મભાવ તરીકે ઓળખી શકાય. કોઇ પ્રતિકૂળ વર્તે ત્યારે આવેશ અને ઉકળાટ સહેલાઇથી આવી જાય છે, તે વિભાવદશા છે. તેવા પ્રસંગોમાં ક્ષમા રાખવામાં અંતરની ઉદારતા દાખવીને અપરાધીને માફી આપી દેવામાં મનને ખૂબ સમજાવવું પડે છે. ક્રોધ સહજ થઇ જાય છે, ક્ષમા માટે પુરુષાર્થ ફોરવવો પડે છે. આ જ હકીકત પુરવાર કરે છે કે, ક્રોધ પરભાવ છે અને ક્ષમા બાપીકી મૂડી છે.

પાણીના દૃષ્ટાંતથી પણ ક્ષમા સ્વભાવ રૂપે અને ક્રોધ વિભાવ રૂપે સિદ્ધ થાય છે. શીતલતા એ પાણીનો સ્વભાવ છે. દુનિયાભરનાં કોઇ પણ કૂવા, સમુદ્ર, નદી, તળાવનું પાણી લાવો, શીતલ જ હશે. ગરમ પાણીના ઝરામાં રહેલા પાણીની ઉષ્ણતા લાવારસનાં સંસર્ગને કારણે હોય છે. તે ઝરામાંથી ડોલ ભરીને પાણી બહાર કાઢો, તો થોડીવારમાં ઠંડું થઇ જશે. પાણીને સ્ટવ કે ચૂલા પર મૂકવામાં આવતા ગરમ થાય છે. પણ, જેવો અગ્નિનો સંસર્ગ દૂર કરવામાં આવે કે તુરત તે ઠંડું પડવા લાગે છે. તે જ રીતે, ક્ષમા આપણો સ્વભાવ છે, ક્રોધ નહિ. દુનિયાનાં કોઇ પણ વ્યક્તિનું પરીક્ષણ કરો તો તેનાં જીવનમાં ક્રોધનો કાળ બહુ અલ્પ હશે. ક્રોધરહિત-કાળ જ મોટો હશે. કોઇ નિમિત્ત મળતાં ક્રોધ ભભૂકી ઊઠે પણ તે પરિસ્થિતિ લાંબો સમય ટકતી નથી. નિમિત્ત દૂર થતાં વ્યક્તિ ધીમે ધીમે ઠંડી પડતી જાય છે. આ જ સિદ્ધ કરે છે કે, ક્ષમા એ જ આત્માનો સ્વભાવ છે. ક્રોધ એ તો વિભાવદશા છે. માટે, ઉત્તમ પુરુષ પરાભૂત થવા છતાં ક્ષમાના સ્વભાવને છોડતો નથી.

શ્રી સિદ્ધર્ષિગણિએ ઉપમિતિમાં આ ક્ષમાને "અનેક ગુણરત્નોની મંજૂષા"

કહીને નવાજી છે. જૈન પંચતંત્ર નામના ગ્રંથમાં કહ્યું છે કે, ક્ષમા જેવો કોઇ તપ નથી. મહાભારતમાં વ્યાસ મુનિ કહે છે કે, ક્ષમા જેવું કોઇ બળ નથી. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે ક્ષમાને સંયમરૂપ બગીચાને નવપલ્લવિત કરનાર નીક સમાન ગણી છે. યોગશાસ્ત્રમાં તેઓશ્રીએ લખ્યું છે કે - "ત્રણ લોકના પ્રલયને રક્ષણ કરવા સમર્થ એવા તીર્થંકરદેવો પણ જે ક્ષમાનું શરણ સ્વીકારે છે, તે ક્ષમાનો આશ્રય કેળના થડ જેવો તુચ્છ તું કેમ નથી લેતો ?" પુરાણોમાં ક્ષમાને દેવની પૂજા માટેના એક પુષ્પ તરીકે ઓળખાવવામાં આવી છે. ઉપદેશ પ્રાસાદ નામના ગ્રંથમાં ક્ષમાને મુનિનું આભૂષણ ગણવામાં આવ્યું છે. વિષ્ણુપુરાણમાં લખ્યું છે કે, ક્ષમા આ લોકમાં સન્માન અને પરલોકમાં સદ્‌ગતિ આપે છે. પંચતંત્રમાં ક્ષમાને શ્રેષ્ઠ બખ્તર કહેવામાં આવ્યું છે. વાલ્મિકી ક્ષમાને જ ધર્મ ગણે છે. રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે ક્ષમા જેવો ઉત્તમ બદલો બીજો કોઇ નથી. અબ્રાહ્મ લિંકનને કોઇએ પૂછયું :" તમે તો સત્તાધીશ છો. તમારા દુશ્મનને તમે ખતમ કેમ કરી નાખતા નથી ?"

"એ જ તો કરું છું." "મેં તો એ ના જોયું" "મારા દુશ્મનને મિત્ર બનાવીને હું એમને દુશ્મન તરીકે તો ખતમ જ કરું છું ને ?"

એક વિદેશી ચિંતકે લખ્યું છે કે, He who converts his enemy into his friend is hero. સન ઝેન નામનાં ચિંતકે એક જગ્યાએ લખ્યું છે કે - સો યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરી લેવામાં કોઇ બહાદુરી નથી. શત્રુનેઉદારતાથી ક્ષમા કરી દેવામાં પરાક્રમ છે. George Hergert લખે છે : He who cannot forgive others, destorys the bridge over which he himself must pass. જે મનુષ્ય બીજાને ક્ષમા આપનો નથી, તે જે પુલ ઉપર થઇને પોતાને પસાર થવાનું છે, તે પુલને જ ભાંગી નાંખે છે.

ક્ષમાનું મૂલ્ય આંકી ન શકાય, કારણ કે એ વિભાવ નથી પણ સ્વભાવ છે. એ વ્યવહાર નથી, જીવનમૂલ્ય છે. એ વેપાર નથી, પરમાર્થ છે. કબીર કહે છે કે - "જહાં છિમા તહાં આપ" જ્યાં ક્ષમા છે, ત્યાં પ્રભુ છે.

સંસ્કૃતમાં પૃથ્વીને 'ક્ષમા' કહેવામાં આવે છે. તેથી સુંદર શ્લેષ કરીને એક સુભાષિતમાં ક્ષમાનો મહિમા ગાવામાં આવ્યો છે.

आजन्मसिद्धं कौटिल्यं खलस्य च हलस्य च ।
सोढुं तयोर्मुखाक्षेपमलमेकैव सा क्षमा ॥

દુષ્ટ પુરુષ અને હળની કુટિલતા જન્મસિદ્ધ છે. તે બન્નેનાં મુખના આક્ષેપને સહન કરવા માટે ક્ષમા જ સમર્થ છે. દુર્જન પુરુષના મુખનાં કટુવચનો સજ્જન પુરુષ

ક્ષમાગુણથી સહન કરે છે. તથા હળ પોતાના અગ્રભાગથી પૃથ્વીને ખેડે છે, તેને સહન કરવા ક્ષમા (પૃથ્વી) જ સમર્થ છે.

ક્ષમાનો પ્રશ્ન એ માત્ર મહાવીર કે બુદ્ધના કાળની સમસ્યા નથી, એ તો સનાતન પ્રશ્ન છે. માત્ર ઇશુ ખ્રિસ્ત કે મહમદ પયગમ્બરને જ એની સાથે સંબંધ હતો તેમ નથી. વ્યક્તિમાત્ર માટે ક્ષમાનું મૂલ્ય અનેક ગણું વધી જાય છે. આ ક્ષમાના મહિમાને આપણે પિછાણવો પડશે એટલું જ નહિ તેને જીવનમાં જીવવો પડશે. ક્ષમા એક પરમ આત્મવૈભવ રૂપે ઓળખાઇ ગયા પછી તેને સિદ્ધ કરવામાં બહુ અંતરાયો નહિ નડે.

પણ આપણે તો ક્ષમાને મહાવીર, ગજસુકુમાલ કે ખંધક અણગારની જ જાયદાદ માનીએ છીએ. મહાવીરની ક્ષમા જ્યારે 'મારી' લાગી જશે ત્યારે ક્રોધના નિકાલ માટે કોઇ યોજનાઓ નહિ ઘડવી પડે અને 'ક્ષમા' ને આતમઘરમાં પધરાવવા માટે આમંત્રણ પત્રિકાઓ નહિ પાઠવવી પડે. વિભાવમાં રાચતો માનવી ક્ષમાને દીનતા કે હાર તરીકે ખતવે છે અને ક્રોધમાં પરાક્રમ માને છે. રસ્તા પરના મવાલીઓ કે મચ્છરોએ પણ મહાવીરની કાયા ઉપર કારમી કનડગત કરી અને મહાવીરે ઉંહકારો પણ ન કર્યો અને બધું જ સમભાવે સહી લીધું, તે મહાવીરની દીનતા કે પરાક્રમ ? શું મહાવીરમાં પ્રતિકારનું સામર્થ્ય નહોતું ? જન્મકાળે પગના અંગૂઠાથી મેરૂને કંપાયમાન કરનાર અને શિશુ અવસ્થામાં પણ એક જ મુષ્ઠિના પ્રહારે પિશાચનું રૂપ કરીને આવેલા દેવતાની કેડ ભાંગી નાંખનાર મહવીરે ધાર્યું હોત તો સંગમ, શૂલપાણિ કે ગોવાળિયાને ખાંડણીમાં ડાંગર ખાંડે તેમ ખાંડી નાખ્યા હોત. પણ, મહાવીર મુડદાલ નહીતા, પરાક્રમી હતા. તેમણે ક્ષમાનું શસ્ત્ર ઉગામ્યું અને દુશ્મન બનીને આવેલા પામરોને તો જીત્યા, અનાદિકાળથી પજવતા કષાયો ઉપર પણ વિજય પ્રાપ્ત કરી લીધો.

ઉપશમ અને સમ્યક્ ચારિત્ર :

ક્ષમાદિ આત્મભાવોને જાણીને મેળવી લેવા અને પછી તેમાં જ રમ્યા કરવું તે સમ્યક્ ચારિત્ર. ક્ષમા મારી છે તેમ નહિ, હું પોતે જ ક્ષમા સ્વરૂપ છું આ ભાન થતાં સ્વરૂપનાં પ્રગટીકરણનો પુરુષાર્થ સ્ફુરે. સ્વસ્વરૂપને પ્રાપ્ત કરીને જીવ તેમાં જ રાચ્યા કરે તે જ સમ્યક્ ચારિત્ર. આમ ક્ષમા અને ચારિત્રને તો 'અભેદ' નો સંબંધ છે.

ગુણસ્થાનકનું તત્વજ્ઞાન અને ક્ષમાની સાધના :

આત્મવિકાસની ઉત્તરોત્તર ચડિયાતી ભૂમિકાઓને જૈન દર્શન ગુણસ્થાનકની

ફિલસૂફી દ્વારા સમજાવે છે. આત્મવિકાસનાં ચૌદ સોપાનને ચૌદ ગુણસ્થાનક તરીકે ઓળખાવવામાં આવ્યાં છે. તે તે ગુણસ્થાનકની પ્રાપ્તિ જીવ કેવી રીતે કરે, તે તે ગુણસ્થાનકે જીવના અંતરંગ પરિણામ કેવાં હોય, તે તે ગુણસ્થાનકથી જીવ કેવી રીતે આગળ વધે અને તે તે ગુણસ્થાનકથી જીવ કેવી રીતે ભ્રષ્ટ થાય - આ બધી બાબતોની અત્યંત સૂક્ષ્મ અને વ્યાપક વિચારણા આ ભૂમિકાના તત્વજ્ઞાન દ્વારા જૈન દર્શને આપી છે. તળેટીથી છેક શિખર સુધીનો આખો માર્ગ અને તે માર્ગના એક એક સોપાનનું વિશદ વર્ણન આ ગુણસ્થાનકોને સમજાવતાં શાસ્ત્રોમાં કરવામાં આવ્યું છે. આ ચૌદમાંથી પણ પ્રથમ દશ ગુણસ્થાનકની વિકાસયાત્રા અત્યંત મહત્વની છે. અને આ ભિન્ન ભિન્ન ભૂમિકાઓના ભેદ પાડનારું વિભાજક પરિબળ છે - ક્રોધાદિ કષાયોની તીવ્રતા અને મંદતા. આ ક્રોધાદિ કષાયો માત્ર આત્માનાં ક્ષમાદિ ગુણોની જ અટકાયત કરે છે તેમ નથી. આત્માના સર્વાંગીણ ઉત્કર્ષનાં તે નિરોધક પરિબળો છે. અત્યંત તીવ્ર કોટીના ક્રોધાદિ ભાવોને જૈન પરિભાષામાં 'અનંતાનુબંધી' સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. આ પ્રકારના કષાયની હાજરીમાં જીવ પ્રથમ ગુણસ્થાનકથી આગળ પ્રગતિ કરી શકતો નથી. ઉપરનાં ગુણસ્થાનકોની વિકાસશીલ અવસ્થામાં વર્તતો કોઇ જીવ આવા અનંતાનુબંધી કોટિના ક્રોધ આદિના આક્રમણનો ભોગ બની જાય તો વિકાસપંથ ઉપરથી પતન પામીને તે પ્રથમ પગથિયા પર આવી પડે છે. જૈનશાસન પ્રસિદ્ધ 'સમ્યકૃત્વ' નામનો ગુણ એ અધ્યાત્મની દુનિયાનું પ્રવેશદ્વાર છે. અનંતાનુબંધી કોટિનો કષાય જીવને આ સમ્યકૃત્વ ગુણથી ભ્રષ્ટ કરે છે. અનંતાનુબંધી કરતાં થોડા મંદ સ્વભાવનાં ક્રોધાદિ ભાવોને 'અપ્રત્યાખ્યાનાવરણીય' સંજ્ઞા આપવામાં આવી છે. આ પ્રકારના કષાયો જીવને ચોથા પગથિયાથી આગળ વધવા દેતા નથી. વળી, આંશિક પણ વ્રત-નિયમો કરવાનો પુરુષાર્થ કરવા દેતા નથી. તેનાથી પણ થોડા મંદ સ્વભાવના કષાયોને 'પ્રત્યાખ્યાનાવરણીય' નામ અપાયું છે તે પાંચમાં પગથિયે અટકાવી રાખે છે. કષાયોની હાજરી આત્મામાં મુનિપણાના પરિણામોને ઉગવા દેતી નથી. મંદતમ કક્ષાનાં 'સંજ્વલન' નામના ક્રોધાદિ ભાવો દશમાં ગુણસ્થાનક સુધી હોય છે. તે કષાયોનો સર્વથા નાશ થતાં જીવ વીતરાગ દશાને પ્રાપ્ત કરે છે. ૧૧ થી ૧૪ નંબરનાં ગુણસ્થાનકો વીતરાગદશાની જુદી જુદી ભૂમિકાઓ બતાવનારાં છે. સંજવલન કક્ષાનાં મંદતમ કષાયોની હાજરી આત્માની વીતરાગદશાના પ્રાદુર્ભાવ પરત્વે આડખીલી બની જાય છે. આમ, ક્રોધ માન, માયા અને લોભ નામના ચાર કષાયો એ આત્માની અવદશાનું મૂળ છે. અને તે ચાર શત્રુઓ પરનો વિજય એ આત્માની ઉન્નતિનું કારણ છે.

સાપેક્ષવાદનો સિદ્ધાંત અને ક્ષમાધર્મ :

જૈનધર્માવલંબી સાધકોના આચાર માર્ગમાં જિનાજ્ઞામૂલક અહિંસાનું પ્રાધાન્ય છે અને વિચારમાં સાપેક્ષવાદ જડાયેલો છે. તેને અનેકાંતવાદ કે સ્યાદ્વાદના નામથી ઓળખવામાં આવે છે, આ સાપેક્ષવાદ એટલે કે પૂર્ણ દર્શન. અપૂર્ણ દર્શન છે ત્યાં રાગ અને દ્વેષ છે, પરિપૂર્ણ દર્શન છે ત્યાં વિરાગ અને ક્ષમા સહજ બની જાય છે. અહીં, ક્ષમાગુણની સાધનામાં અનેકાંતવાદ શું મદદ કરી શકે તેની જ વિચારણા કરશું.

સ્યાદ્વાદીને ક્ષમા કરવી ન પડે, સહજ થઇ જાય. પ્રત્યેક વસ્તુસ્થિતિને અનેક બાજુઓ હોય છે. એક જ બાજુ તરફ દૃષ્ટિ જાય ત્યાં સુધી બહુ વાંધો નથી. પણ, તે એક જ દૃષ્ટિની પક્કડ આવી જાય છે ત્યારે સર્જાય છે - સંઘર્ષ. જીવનમાં સર્જાતા સઘળાય સંઘષોનાં મૂળમાં હોય છે - આ પક્કડ. તેને આપણે એકાંતવાદ કહીશું. આ એકાંતવાદનો બીજો અર્થ એટલે અન્યની દૃષ્ટિને ઓળખવામાં અસમર્થ બનાવતો અંધાપો. કોઇ પણ વસ્તુને અનેક દૃષ્ટિકોણથી જોઇ શકાય છે. આપણે જે દૃષ્ટિકોણથી કોઇ વસ્તુને જોઇએ છીએ તેનાથી ભિન્ન દૃષ્ટિકોણથી તે જ વસ્તુને બીજો કોઇ જુએ છે. તેના દૃષ્ટિકોણને સ્વીકારવાની ઉદારતા આપણે ગુમાવી બેસીએ છીએ ત્યારે જે સર્જાય છે તેનું નામ સંઘર્ષ. પાણીથી અર્ધા ભરેલા ગ્લાસને જોઇને એક વ્યક્તિ કહે છે : ગ્લાસ અર્ધો ભરેલો છે. બીજી વ્યક્તિ કહે છે: ગ્લાસ અર્ધો ખાલી છે. બન્ને પોત-પોતાની અપેક્ષાએ સાચા છે. અન્યની અપેક્ષાને સમજવાની અને સ્વીકારવાની તૈયારી ન હોય તો આ નાનકડી વાતમાંથી વિવાદ સર્જાય અને તે વિવાદમાંથી કલહ મંડાય.

જ્યારે જ્યારે સંઘર્ષનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે જો સામેની વ્યક્તિની ભૂમિકા, સંયોગો, પ્રકૃતિ અને આશયને સમજવાનો પ્રયાસ કરવામાં આવે તો સંઘર્ષ પ્રસવ પામે તે પહેલાં જ તેનો ગર્ભપાત થઇ જાય છે. પતિ ઓફિસેથી આવ્યા અને થાળી પીરસતા એક મિનિટ મોડું થતા તે એકદમ ચિડાઇ ગયા. આટલા પ્રસંગને તેની પત્ની જો અત્યંત ગંભીરતાથી લઇ લે અને આવેશમાં આવી જાય તો ઘરનું રસોડું કુરુક્ષેત્ર જ બની જાય. તેને બદલે તે પત્નીએ સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ કે, આવી બાબતમાં ક્યારેય ન ચિડાતા પતિદેવ આજે એકદમ ચિડાઇ ગયા છે, તો તેનું કોઇક કારણ હોવું જોઇએ. કદાચ ઓફિસમાં તેમના માટે કોઇ વિષમ પરિસ્થિતિ સર્જાઇ હશે અથવા આવતા ગાડીમાં ખૂબ ભીડ નડવાથી તે કંટાળી ગયા હશે, કદાચ રસ્તાની ગિરદીમાં તેમનું પાકીટ ચોરાઇ ગયું હશે. આવા કોઇ વિષમ સંયોગોને કારણે મન થોડું અસહિષ્ણુ બની ગયું હશે જે ભોજનમાં એક મિનિટના વિલંબને પણ

સાંખી ન શક્યું. આ પરિસ્થિતિમાં કોઇપણ માણસની આ જ હાલત થાય. પતિના સંયોગોને સમજવાનો આટલો નાનો પ્રયત્ન સંઘર્ષને થતો અટકાવે છે અને કુટુંબની શાંતિને અખંડિત રાખે છે. સામેની વ્યક્તિના સંયોગો આદિને સમજવાનો પવિત્ર પ્રયત્ન એટલે જ અનેકાંતદષ્ટિ.

સવારના ઊઠતાની સાથે હોસ્ટેલના પાર્ટનરનું મોઢું ચડેલું છે ત્યારે વિચારો કે કદાચ મચ્છરોના ત્રાસને કારણે તેને રાત્રે ઊંઘ નહિ આવી હોય. ઓફિસમાં જતાંની સાથ વિના વાંકે બોસે ફાયરીંગ શરૂ કરી દીધું. કદાચ ઘરમાં પત્ની સાથે આજે વાંકું પડયું હશે.

પુત્ર પરીક્ષામાં બહુ ઓછા માર્ક્સ લાવ્યો ત્યારે તેનો પુરુષાર્થ અલ્પ હતો તેવો આક્ષેપ કરીને તેને ધમકાવનાર પિતાએ તેના સંયોગોને સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ કે, તેને પરીક્ષા આપવા માટેનું જે પરીક્ષા કેન્દ્ર મળ્યું હતું તે અત્યંત ઉકળાટવાળું અને વિમાસણ ઉપજાવે તેવું હતું તેથી આવડતું હોવા છતાં તે વ્યવસ્થિત જવાબ નહોતો લખી શક્યો.

એક અજાણ્યા વ્યક્તિએ તમને રસ્તો બતાવ્યો ત્યારે તમે 'Thanks' કહ્યું તેના પ્રત્યુત્તરમાં તે વ્યક્તિએ સામે 'That'all' ન કહ્યું ત્યારે તમને નારાજગી થઇ. પણ કદાચ તે વ્યક્તિ ઊચ્ચ શિક્ષણ પામેલો નહિ હોય અને ઔપચારિકતાના આવા ઉદ્ગારોનું જ્ઞાન તેને નહિ હોય.

તમે સાયકલ પર જતા હતા અને તમારી સાયકલના કેરીયર પરથી થેલી નીચે પડી ગઇ. સાયકલની પાછળ જ રહેલા ભાઇએ તમારું ધ્યાન દોર્યું પણ તે નીચેથી ઉપાડીને તમને આપવાનું સૌજન્ય ન દાખવ્યું અને સડસડાટ આગળ ચાલી ગયા, તમારે સાયકલ પરથી નીચે ઊતરવું પડયું અને મન થોડુંક કલુષિત બન્યું. આવા પ્રસંગમાં મોઢેથી તો ગાળ સંભળાવી ન શકાય એટલે મનમાં આપી દીધી. પણ, તે ભાઇને ટ્રેનનો સમય થઇ ગયો હશે. દોડીને માંડ ટ્રેન પકડી શકે તેવી પરિસ્થિતિ હશે. તેથી તમને મદદ કરવાની પોતાની ઉત્કટ ઇચ્છા હોવા છતાં પણ તે સૌજન્ય નહિ દાખવી શક્યા હોય તેવું મન કેમ ન વિચારી શકે ?

વર્ગમાં બાજુમાં બેઠેલા વિદ્યાર્થીના ગંદા કપડાં જોઇને સૂગ થાય છે. પણ, રોજ તેનાં કપડાં ધોઇ આપનારી તેની માતા ફ્લુના તાવમાં પટકાઇ હોય અને તેની સેવામાં વ્યસ્ત રહેવાને કારણે તે પોતે પણ કપડાં ધોવાનો સમય ન કાઢી શક્યો હોય, તેવું ન બની શકે ?

કોઇ યુવાનની વાણીમાં કે ચાલચલગતમાં સભ્યતા ન વરતાય તે જોઇને

મનમાં ચીડ આવે. પણ, તે જ્યાં જનમ્યો અને ઉછર્યો તે કુટુંબ, પાડોશ અને સમાજ જ એવાં હતાં કે સભ્યતા તે ન શીખી શકે. આટલું વિચારવાની જરા અમથી મહેનત મનની પ્રસન્નતાને કેવી અખંડિત રાખી શકે ?

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ દરેક વ્યક્તિનાં વૃત્તિ, વર્તન અને વ્યક્તિત્વ પર ઘણી અસરો ઉપજાવે છે. કોઇનામાં કાંઇક ન્યૂનતા દેખાય ત્યારે તેને મળેલા વિપરીત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ઉપર દોષનો ટોપલો ઓઢાડી દેવામાં આવે તો મનની ગંગામાં મલિન વમળો પેદા ન થાય.

કોઇ સેમીનારમાં ભેગા થયેલા બે વિદ્યાર્થીઓ વાતમાંથી વિવાદમાં ચડી ગયા. વાત આટલી જ હતી. એકે કહ્યું. મુંબઇ નજીક છે. બીજાએ કહ્યું : મુંબઇ દૂર છે. પોતાની વાતને સાચી કરવા ઉગ્રતા અને ગાળાગાળીનાં શસ્રોનું પણ તે બન્નેએ શરણું લીધું. પણ, બેમાંથી એકે પણ એક બીજાની વાત ન જ માની. પણ, વાસ્તવમાં બન્ને સાચા હતા. મુંબઇને નજીક કહેનાર વિદ્યાર્થી વલસાડનો હતો અને દૂર કહેનાર વિદ્યાર્થી વડોદરાનો હતો.

વહુના પગની ઠેસ વાગતાં ચાનો કપ ઢોળાઇ ગયો અને સાસુ બરાડી ઊઠયાં. પણ પ્રાયમસ પર મૂકેલું દૂધ ઊભરાઇ રહ્યું હતું તે ઉતારવા વહુ ઉતાવળાં દોડયાં અને તેથી આ ભૂલ થઇ, તેટલું સાસુ સમજી શકે તો યુગ-યુગથી ચાલ્યાં આવતાં સાસુ-વહુનાં વૈર ટકે કેવી રીતે ?

બંગલાની બહાર રોજ સૂતો કૂતરો રાતના મોટે માટેથી ભસે અને શેઠની ઊંઘ બગાડે ત્યારે પથારીમાં જ પડખાં ફેરવતા શેઠજી કૂતરાને કેટલી ગાળો આપે ? સવારે ઊઠીને ઓટલા પર દાતણ કરવા બેસે અને પડોશી ખબર આપે કે - "રાતના તમારા બંગલા પાસે ચોર આવેલા પણ કૂતરો ભસવાથી ભાગી ગયા." ત્યારે શેઠજી કૂતરાના પગમાં પડીને પોતે આપેલી ગાળો બદલ માફી માંગવાનું સૌજન્ય દાખવી શકશે ખરા ?

પોતાના માતા-પિતાને ખભા ઉપરથી ઉચકેલી કાવડમાં બેસાડીને તીર્થોની યાત્રા કરાવનારો માત-પિતાનો પરમ ભક્ત શ્રવણ ગુજરાતનાં એક ગામ પાસે આવતા અત્યંત રોષમાં આવીને માત-પિતા સામે ઉદ્ધત વર્તન કરવા લાગ્યો. માતા-પિતાને આ વર્તનથી ઘણું આશ્ચર્ય થયું. પણ તેના રોષ પાછળ કોઇ અગમ્ય કારણ કામ કરતું હશે તેમ વિચારવાથી ખેદ ન પામ્યા. તે ગામની સરહદ પાર કર્યા પછી ચોધાર આંસુએ રડીને શ્રવણે માતા-પિતાની ક્ષમા માગી. તેણે ઉદ્ધત વર્તન કેમ કર્યું તેનું કારણ પોતે પણ જાણતો નહોતો. હકીકતમાં તેનો કોઇ દોષ નહોતો પણ તે ગામનું

ક્ષેત્ર ઉપદ્રવવાળું હતું, તેથી તેની અસરથી તેનું વર્તન બદલાઇ ગયું હતું.

કોઇ વાર ભોજનમાં અત્યંત ઠંડા કે વાયુપ્રકોપક પદાર્થો આવી જવાથી વાયુનો પ્રકોપ થાય અને માણસ નજીવી બાબતમાં ચિડાઇ જાય તેવું બને.

અમુક દિશામાં પવન વાંતો હોય ત્યારે માનવીમાં ચીડ જલ્દી આવી જાય છે, તેવું એક સંશોધન દ્વારા નિર્ણીત થયેલું છે. ઇટલીની એક હાઇકોર્ટના જજ કોઇ ગુનાના આરોપીને સજા ફટકારતા પહેલાં એ જાણવાનો પ્રયત્ન કરે છે કે, આ ગુનો થયો ત્યારે પવન કઇ દિશામાં વહેતો હતો. અમુક ચોક્કસ દિશામાં પવન વહેતો હતો તેવું જાણવામાં આવે તો તે સજા આપતી વખતે ઉદારવૃત્તિ રાખે છે.

જીવનમાં બનેલા અનેક સારામાઠા પ્રસંગો પણ વ્યક્તિનાં વ્યક્તિત્વ-ઘડતર માટે જવાબદાર હોય છે. માતા-પિતાનો આનુવંશિક વારસો પણ અમુક વૃત્તિઓ અને વલણો માટે જવાબદાર હોય છે. ભૌગોલિક સંયોગોની અસર પણ માણસના મન પર હોય છે. શૈક્ષણિક ધોરણોની અને સામાજિક રિવાજોની અસર તળે પણ માનવી રહેલો છે.

છરીથી બાપનું ખૂન કરનાર ૧૫ વર્ષના કિશોરને તિરસ્કારતા પહેલાં તેનામાં આવા ઝેરી સંસ્કારો રેડનાર ટી.વી. પરની કોઇ ફિલ્મને વધુ ગુનેગાર ગણવી જોઇએ.

નદીમાં નાહીને એક છોકરો ખેડૂતના તલના ઢગલામાં પડયો. તેના શરીરે ઘણા તલ ચોંટી ગયા અને તે જ હાલતમાં તે ઘરે પહોંચ્યો. તેના શરીર પરથી બધા તલ ખેરવીને તે માતાએ તેને ફરીથી નાહીને તે ઢગલામાં આળોટવા પ્રેરણા કરી. આમ વારંવાર ચાલ્યું પછી, કાળક્રમે તે નામચીન ચોર બન્યો. તેને માતા જ ચોરીના સંસ્કાર આપનારી મળી હતી. તે વાતનો ખ્યાલ રહે તો તેના દુશ્ચરિત્ર બદલ તેના પ્રત્યે આપણા મનમાં ઊપજતા દ્વેષથી જાતને બચાવી શકાય.

જૈન ગ્રંથોમાં અર્જુનમાળી નામના એક હત્યારાનું ચરિત્ર આવે છે. તેના શરીરમાં યક્ષનો પ્રવેશ થયો હતો. યક્ષના સહારે તે રોજ સાત માણસની હત્યા કરતો હતો. તેનું આવું ભયાનક ચરિત્ર સાંભળતાં તેના પર કેટલો બધો રોષ ઉપજે ? પણ, તેના આ દુશ્ચરિત્રનાં મૂળમાં એક ઘટના હતી. એક વાર છ ગુંડાઓએ તેને દોરડાથી બાંધીને તેની નજર સામે તેની પત્ની પર બળાત્કાર કર્યો હતો. તેથી તે અત્યંત સમસમી ઊઠયો હતો અને આ સાત વ્યક્તિઓ તેના રોષનું કેન્દ્ર બની હતી. યક્ષની સહાયથી તે સાત વ્યક્તિઓની તેણે તત્કાલ હત્યા કરી પણ તેટલાથી તેનો રોષ ન શમ્યો. રોજ સાત વ્યક્તિની હત્યા કરવાના તેણે શપથ લીધા. પણ, પાછળથી સુદર્શન શ્રેષ્ઠી નામના એક પવિત્ર પુરુષના સંપર્કથી તેને સન્માર્ગ પ્રાપ્ત થયો અને

તે જ હત્યારો મહાસંત બની ગયો અને તે જ ભવમાં મોક્ષ પામી ગયો. પ્રતિકૂલ સંયોગોએ તેને દુષ્ટ બનાવ્યો. અનુકૂળ સંયોગોએ તેને સંત બનાવ્યો, સંયોગોનો વિચાર કર્યા વિના કોઇ પણ વ્યકિત માટે આપણે બેધડક અભિપ્રાય આપી દઇએ ત્યારે આપણે તે વ્યક્તિને કેટલો બધો અન્યાય કરી બેસીએ છીએ !

કોઇ વેશ્યાને જોઇને ઘૃણા ઉપજે ત્યારે જાતને આ ઘૃણાના ભાવથી બચાવવા એના ભીષણ જીવનસંયોગોનો વિચાર કરીએ જેમણે તેને આ અધમ રસ્તે ફંટાવા માટે લાચાર બનાવી હશે.

શારીરિક બંધારણ કે કોઇ બિમારી પણ વ્યક્તિનાં કેટલાક વિપરીત વર્તન માટે કારણ હોય છે. તે કારણોમાં ઊંડા ઊતર્યા વિના વ્યક્તિને દોષપાત્ર ઠેરવવી એ અજ્ઞાનતા છે. આપણાં શરીરમાં અનેક પ્રકારનાં રસો ઝરતી અનેક ગ્રંથિઓ છે. તે ગ્રંથિઓમાંથી ઝરતા રસોની અધિકતા કે ન્યૂનતા માનવીના મૂડ પર ઘણી અસર કરે છે. ઘણી વાર, આનંદની ઊર્મિઓ હૃદયમાં સમાતી નથી અને માણસ તાલીઓ પાડવા લાગે છે કે ગીતો ગાવા માંડે છે. તો ક્યારેક કોઇ પણ કારણ વગર સમસમી ઊઠે છે. શરીરની થાઇરોઇડ કે ઓડ્રીનોલ જેવી ગ્રંથિમાંથી ઝરતાં રસાયણનાં પ્રમાણની અધિકતા કે ન્યૂનતાથી આવી વિચિત્ર ઊર્મિઓ ઉદ્ભવે છે.

એક આઠ વર્ષના ખૂબ જીદ્દી બાળકને જોયેલો. પોતાનું ધાર્યું ન થાય તો તે ખૂબ ચિડાઇ જાય અને હાથમાં જે આવે તેનો છૂટો ઘા કરી નાખે. એક વાર તો તેના ધાર્યા મુજબ ન થતાં સો રૂપિયાની નોટના બે ટુકડા કરી નાખ્યા હતા. આ વાત સાંભળતાં આ ટેણિયાના મિજાજ પર તિરસ્કાર થઇ જાય. પણ, તેના આ જીદ્દી સ્વભાવનું કારણ એ હતું કે તે જન્મ્યો ત્યારથી બે વર્ષનો થયો ત્યાં સુધી તેને અવારનવાર ફીટ આવતી હતી અને ૧૫-૧૫ મિનિટ સુધી બેભાન રહેતો. જરાક રડતાંની સાથે જ તેને ફીટ આવી જતી. તેન રડવાનું નિમિત્ત ન મળે તે માટે તેનાં મા બાપ તેની બધી ઇચ્છા તુરત પૂરી કરી દેતાં, પરિણામે જીદ્દ તેના સ્વભાવમાં ઘર કરી ગઇ.

કેટલાકને ડિપ્રેશન જેવા રોગો થાય છે, તેને કારણે નાની વાતમાં પણ ખૂબ ગુસ્સો આવી જાય છે, તેના ડિપ્રેશનના રોગને નજર સામે રાખીએ તો તેનો નિષ્કારણ ક્રોધ પણ અક્ષમ્ય ન લાગે.

કોઇ બીમારી લાંબી ચાલવાથી કે અવારનવાર બીમારીઓ આવવાથી પણ માણસની પ્રકૃતિ બદલાઇ જાય છે.

હાયપરટેન્શન વગેરે રોગોની પણ ઘણી પ્રતિકૂળ અસરો હોય છે. કેટલાક ભારે વ્યાધિઓ માટે કરાતી દવાઓ પણ પ્રકૃતિને પલટી નાખે છે અને તામસભાવ પેદા કરી દે છે.

આવી પડતી અનેક ઉપાધિઓને કારણે ક્યારેક માણસ સતત માનસિક તાણ અનુભવે તો પણ તેના સ્વભાવ પર અસર થાય છે.

પેટની કબજિયાત પણ કોઇ વાર મૂડ બગાડી નાખે. સ્વજનનાં ઘરે મળવા ગયા અને તેણે જોઇએ તેવો આવકાર ન આપ્યો કે બહુ વાત ન કરી તેથી માઠું લાગી ગયું. પણ, સંભવ છે કે તેનું માથું ખૂબ જ દુઃખતું હોય અને તેથી તે મૂડમાં ન હોય.

એક અંધ પુરુષે હાથીનો પગ પકડયો અને અભિપ્રાય આપ્યો કે - હાથી થાંભલા જેવો છે. બીજાએ કાને હાથ ફેરવીને જણાવ્યું કે હાથી સૂપડા જેવો છે. હવે, આ અંધ પુરુષોના અભિપ્રાયની હાંસી ઉડાવતા કે તેમના પ્રત્યે રોષ કરતાં પહેલા તેમનાં સ્વરૂપને નજર સામે રાખવું જોઇએ. એક તો બન્ને અંધ છે અને બન્નેએ હાથીના એક એક અંગને જ સ્પર્શ ર્ક્યો છે. હવે વિચારો કે આપણાં હાંસી કે રોષ કેટલા વ્યાજબી છે ?

આમ, સાપેક્ષવાદ એ પૂર્ણદર્શન છે. તે ઇતિહાસના થરો ઉકેલે છે, ભૂગોળના નકશાઓ વાંચે છે, સર્વ સંયોગોનું અધ્યયન કરે છે અને વસ્તુનું સત્ય સ્વરૂપ ખુલ્લું કરે છે. માનવીના જીવન ઘડતરમાં તેના સંયોગોનો બહુ મોટો ફાળો હોય છે. સંયોગો માનવીને ઘડે છે તે વાત ગળે ઉતારીને સાપેક્ષવાદ ઘટનાનાં મૂળ કારણ સુધી દોરી જાય છે. અનેકાંતદૃષ્ટિ એટલે ઉદાર દૃષ્ટિ. સાપેક્ષવાદ સમજણની અનેક ક્ષિતિજોને ઉઘાડી આપે છે. અને તે સમજણમાંથી સમાધાન જડે છે, તે સમાધાનથી ક્ષમા સહેલી બને છે. મોટા ભાગના સંઘર્ષો અણસમજ, અર્ધી સમજ કે ઊંધી સમજમાંથી ઉદ્‌ભવતા હોય છે. અનેકાંતવાદ આ બધી અણસમજોને ઉલેચી નાખે છે અને સત્યને આપણી હથેળીમાં લાવીને મૂકે છે.

ક્ષમાગુણના સાધકે આ સાપેક્ષવાદને અપનાવવો પડશે અને જીવવો પડશે. સાપેક્ષવાદને સિદ્ધાંતની પોથીમાંથી બહાર કાઢીને વ્યવહારુ બનાવશું તો સંઘર્ષો આપણાથી લાખો યોજન દૂર ભાગી જશે અને જીવન એક મોંઘેરા વીરવલયથી શોભી ઊઠશે. તે વીરવલયનું નામ છે ક્ષમા.

❋ ❋❋

ભાવનાનું રસાયણ

શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનનાં સ્તવનમાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ ગાય છે.

કલેશે વાસિત મન સંસાર કલેશ રહિત મન તે ભવ પાર.

બધી જ મોંકાણનું મૂળ મન છે. જીવનમાં સર્જાતા અનેક પ્રલયો કે હોનારતોનું ઉદ્‌ગમસ્થાન મન છે. ચિત્તમાં ઊઠતી નાનકડી એક ડમરી વિરાટ આંધીમાં પરિણમી શકે છે, જે આંધી જીવનના ખૂણેખૂણાને ઉજાડી નાંખે.

બળાત્કાર સ્ત્રી ઉપર પછી થાય છે, પહેલાં તે પાપિયાનાં મનમાં થાય છે. ખૂન રસ્તા ઉપર પછી થાય છે, પહેલાં તો ખૂનીનાં મનમાં થાય છે.

અમદાવાદમાં અવારનવાર હુલ્લડો ફાટી નીકળે છે. આ હુલ્લડો આખા અમદાવાદમાં તો પછી વ્યાપે છે. પહેલાં તો ખાડિયા કે જમાલપુરમાં તે ખેલાય છે. માનવનું મન એ ખાડિયા કે જમાલપુર છે. ક્રોધનું કે કોઇ પણ પાપનું હુલ્લડ પહેલાં ત્યાં ફાટી નીકળે છે. સન્મતિનું પોલીસ તંત્ર તેને અટકાવવામાં ઉપેક્ષા કરે અથવા નિષ્ફળ નીવડે તો પછી માનવીનું સમગ્ર વ્યક્તિત્વ આ હુલ્લડનો ભોગ બને છે અને જીવનના ખૂણેખૂણામાં તોફાન ફાટી નીકળે છે. વચનવ્યવહાર કર્કશ બને છે. આંખો લાલાશ પકડે છે. ગાત્રો ધ્રૂજે છે, લોહી ઉકળે છે, અને ઘણું ઘણું બને છે.

શુભ કે અશુભ પ્રવૃત્તિનું મૂળ મન છે. કોઇ પણ કાર્ય, પહેલાં મનમાં એક વિચાર રૂપે આકાર લે છે તે Ideal Reality (આદર્શ) છે અને તે વિચાર જ્યારે મૂર્ત બને છે ત્યારે તે Objective Reality (વાસ્તવિકતા) બને છે. ક્ષમાભાવને જીવનસ્થ કરવો હોય તો પહેલાં મનને ભાવનાનું રસાયણ પીવડાવીને ક્ષમામય બનાવવું પડશે.

કૃત્રિમ ખેંચતાણ કરીને ક્ષમા કેળવવાનો પ્રયત્ન કરવાથી પેદા થતી ક્ષમા સોહામણી નહિ પણ છેતરામણી હશે. તે જીવનનો શણગાર નહિ, ભાર હશે. ગુણ તેના નૈસર્ગિક ક્રમથી ઉત્પન્ન થાય છે ત્યારે તેમાં સૌષ્ઠવ હોય છે, સૌંદર્ય હોય છે, શોભા હોય છે. બળાત્કારે કે મારી મચડીને ગુણને ઠોકી બેસાડવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે તે ગુણ ચિરંજીવ નથી બનતો.

કોઇ પણ ગુણનો નૈસર્ગિક વિકાસક્રમ આ પ્રમાણે છે. અહીં આપણે ક્ષમાનો વિચાર કરીએ. ક્ષમા સહુ પ્રથમ એક શુભ વિચાર રૂપે મનમાં પ્રવેશ પામવી જોઇએ. ભાવનાનું રસાયણ પીવડાવીને આ શુભ વિચારને પુષ્ટ કરવાથી તે વિચારમાં ચૈતન્ય

ધબકે છે. ભાવનાનું સાતત્ય અને વેગ વધતા શુભ વાસના બને છે. તે શુભ વાસનામાં સ્થિરતા આવવાથી તે સંસ્કાર બને છે. આખરે તે સંસ્કાર સહજ સ્વભાવરૂપ પરિણામ પામે છે.

આ ક્રમથી પેદા નહિ થયેલી માત્ર પ્રયત્નોથી ઊભી કરેલી ક્ષમામાં કૃત્રિમતા છે. લગ્નપ્રસંગે કોઇનાં ઉછીનાં આભૂષણ પહેરવાથી પ્રસંગ પાર પડે છે, પણ તેની સાચી મજા અનુભવાતી નથી. પ્રયત્નોથી ઊભી કરેલી ક્ષમા આવી ઉછીનાં આભૂષણો જેવી છે. તેથી સહજ ક્ષમાથી જીવનને અલંકૃત કરવું હોય તો ભાવનાનાં રસાયણનું નિત્ય સેવન અનિવાર્ય છે. માત્ર ક્ષમા માટે જ નહિ, કોઇ પણ ગુણને આત્મસાત્ કરવા તે ગુણોને પુષ્ટ કરતી ભાવનાઓથી ચિત્તને વારંવાર ભાવિત કરવું પડે છે. તેથી જ પાંચ મહાવ્રત આદિ ગુણોની પુષ્ટિ માટે પણ શાસ્ત્રોમાં વિવિધ ભાવનાઓ બતાવવામાં આવી છે. ગુણ એ પવિત્ર ચીજ છે, તેનાં દીર્ઘ જીવન અને પુષ્ટ વ્યક્તિત્વ માટે ભાવનાનું ટોનિક અત્યંત આવશ્યક છે.

અધ્યાત્મ કલ્પદ્રુમમાં શ્રી મુનિસુંદરસૂરિ મહારાજ લખે છે :

चित्तबालक ! मा त्याक्षीरजस्रं भावनौषधीः ।
यत्त्वां दुर्ध्यानभूता न च्छलयंति च्छलान्विषः ॥

દુર્ધ્યાન રૂપી ભૂતડાઓ છળી ન જાય માટે ચિત્ત રૂપી બાળકને ભાવના રૂપી માદળિયું પહેરાવો.

ક્ષમાની ભાવનાઓથી ચિત્તને ભાવિત નહિ કરેલું હોય અને સ્થૂલ પ્રયત્નોથી પરાણે ક્ષમા ઊભી કરેલી હશે તો ગમે તે ક્ષણે ક્રોધાદિ ભાવો તે ક્ષમાનું કાટલું કાઢી નાંખશે.

ક્ષમાને જીવનધન બનાવવા માટે વિધેયક (Positive) અને નિષેધક (Negative) એવી બે પ્રકારની વિચારધારાથી ચિત્તને ખૂબ ભીનું કરવાની જરૂર છે. ક્ષમાના ગુણોને વિચારી તેના પર અનુરાગ ઉત્પન્ન કરવો તે વિધેયક બાજુ છે. અને, ક્રોધના દુષ્ટ વિપાકોનાં ચિંતનથી ક્રોધ પર અત્યંત જુગુપ્સાભાવ પેદા કરવો તે નિષેધક વિચારધારા છે. ક્રોધ સર્વસંયોગોમાં, સર્વસ્થળે, સર્વકાળે, સર્વપ્રકારે અનિષ્ટ છે તેટલું ચિત્તમાં વસી જાય છે ત્યારે ક્ષમા એ જીવનનું અમૂલ્ય ધન લાગે છે.

પ્રયત્નોથી પરાણે ઊભી થયેલી ક્ષમામાં ક્ષમાની માત્ર પ્રવૃત્તિ છે, જ્યારે ક્ષમાને જીવનધન બનાવવા માટે ક્ષમાની પરિણતિ આવશ્યક છે. મહર્ષિઓ પ્રવૃત્તિ કરતાં પરિણતિને બહુ મહત્વ આપે છે. પરિણતિનું નામ છે વૃત્તિ. આ પરિણતિ જ પ્રવૃત્તિને ઘડે છે. માટે માત્ર પ્રવૃત્તિને સુંદર બનાવવાના પ્રયત્નમાં રત રહેવા કરતાં

પરિણતિને જ સુંદર બનાવી દો. ક્રોધના દોષો અને ક્ષમાના ગુણો વિષેના વિચારરૂપ ભાવનાઓને રક્તનાં બુંદ બુંદમાં એવી ભેળવી દેવી જોઇએ કે જીવનના પ્રત્યેક પ્રસંગમાં ક્ષમા જ બહાર પ્રગટે.

શ્રીતત્ત્વાર્થસૂત્રની ટીકામાં શ્રીસિદ્ધસેનગણિએ ક્ષમાની પાંચ ભાવનાઓ વર્ણવી છે. અત્રે બીજી પણ અનેક ભાવનાઓનો સમાવેશ કરીને ક્ષમાને ચિત્તમાં ઘૂંટવાની વધુમાં વધુ સામગ્રી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

(૧) કર્મ જ ખરો શત્રુ છે, બીજા તો માત્ર નિમિત્ત છે.

કર્મવાદ એ આર્યધર્મોનો મહત્વનો સિદ્ધાન્ત છે. તમામ આર્યધર્મોએ કર્મસિદ્ધાન્તને એક અથવા બીજા નામથી સ્વીકાર્યો છે. જૈન દર્શન તો કર્મવાદના ખૂબ ઊંડાણ સુધી પહોંચેલું છે. જગતમાં દેખાતી તમામ વિચિત્રતાઓનું તર્કબદ્ધ અને સચોટ કારણ કર્મવાદ સિવાય બીજે ક્યાં મળી શકે ? જીવનમાં બનતી પ્રત્યેક ઘટનાને 'કર્મ'સાથે સંબંધ છે. તે સંબંધ ખોળી કાઢવાથી પ્રત્યેક બાબતનું સમાધાન જડે છે. સર્વપલ્લી રાધાકૃષ્ણન લખે છે : Every ethical theory is rooted in metaphysics. દરેક નીતિનિયમનું મૂળ કોઇક તત્ત્વજ્ઞાનમાં છે. ક્ષમાને તમે નીતિનિયમરૂપે સ્વીકારો તો તેનું મૂળ તમને કર્મના સિદ્ધાન્તમાં જડશે.

કોઇ પણ સંયોગોમાં કોઇ પણ વ્યકિત પ્રત્યે ક્યારેય દ્વેષ ન થાય તેવી માનસિક પરિસ્થિતિ ઘડી દેવાની બાહેંધરી કર્મ સિદ્ધાન્ત આપે છે. તમે કર્મવાદ જાણી લો, સ્વીકારી લો અને પચાવી લો, પછી તમને કોઇ વ્યક્તિ ગુનેગાર નહિ દેખાય, પોતાના કર્મ જ ગુનેગાર લાગશે. વ્યક્તિનો અપરાધ દેખાય છે માટે વ્યક્તિ પર દ્વેષ થાય છે, તે ન્યાયે કોઇ વ્યક્તિ પ્રતિકૂળ વર્તન કરે ત્યારે તેના પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થવાનો જ. દોષનો ટોપલો તે વ્યક્તિ પરથી ઉઠાવી લઇએ તો દ્વેષમુક્ત રહી શકાય. મગનભાઇએ તમારો કોઇ અપરાધ કર્યો. મગનભાઇ પર દ્વેષ ન થાય તે માટે દોષનો ટોપલો તેમના પર ન નાખતા છગનભાઇ પર ઢોળો. પણ, તો તો છગનભાઇ પર દ્વેષ થશે તેનું શું ? તો તે ટોપલો ચીમનભાઇને ઓઢાડો. પણ, તો દ્વેષ ચીમનભાઇ પર થશે. આ ચક્ર તો ક્યારે અટકે ? તો, એવી કોઇ હસ્તિ શોધી કાઢો કે જેના પર દોષનો ટોપલો ઓઢાડતા આ જીવદ્વેષનો અનર્થ ન સર્જાય. બસ, એવી હસ્તિ છે કર્મ.

વેપારમાં ખોટ આવી ? દોષિત ભાગીદારને ન ગણો, તમારા કર્મને ગણો. પડોશીએ ગાળ આપી ? દ્વેષ પડોશી પર ન કરો, ગાળ ખાવાની પરિસ્થિતિ ઊભી કરનાર કર્મ પર કરો. દીકરાએ કહેલું ન માન્યું તેમાં તેની ઉદ્ધતાઇ કારણ જણાય તો

તેના પર અરુચિ થાય અને પોતાના અનાદેય કર્મનો ઉદય કારણભૂત જણાય તો મન દોષમુક્ત રહી શકે. અકસ્માતમાં પગે ફ્રેકચર થયું તેમાં ટ્રકડ્રાયવરનો વાંક દેખાશે તો તેની સામે કેસ માંડીને વેર બાંધવાનું મન થશે અને પોતાના અશાતા વેદનીય કર્મનો વાંક દેખાશે તો કર્મનાશની સાધનામાં ચિત્તને પરોવવાનું મન થશે.

કૂતરા પર કોઇ પથરો ફેકે ત્યારે કૂતરો આવેશમાં આવીને તે પથરાને બટકાં ભરે છે. પણ, સિંહ પર કોઇ ગોળી છોડે તો તે ગોળી તરફ નજર કરતો નથી. તે તો ગોળી જે દિશામાંથી આવી હોય તે દિશામાં છલાંગ મારતો દોડે છે.

પ્રતિકૂળતામાં નિમિત્ત બનનાર વ્યક્તિ પર કરડી નજર કરવી, તેની સાથેના સંબંધો બગાડવા કે વેરવિખવાદ કરવા તે શ્વાનવૃત્તિ છે. પ્રતિકૂળતાના કારણભૂત કર્મોને જ જવાબદાર ઠેરવી તેના પર જ તૂટી પડવું તે સિંહવૃત્તિ છે.

ટપાલી ટેલીગ્રામ આપી જાય અને તેમાં અંગત સ્વજનના દેહાંતના માઠા સમાચાર હોય તો તેવા માઠા સમાચાર લાવનાર ટપાલીને કોઇ ટીપવા બેસતું નથી. કારણ કે દરેક વ્યક્તિને એટલી સીધી સાદી સમજ હોય છે કે, આમાં ટપાલીનો કોઇ જ વાંક નથી. સમાચાર પહોંચાડવાનું તેનું કર્તવ્ય છે. આટલી સીધી સાદી સમજ જીવનમાં બનતી દરેક ઘટનાના પ્રસંગે આવી જાય તો કર્મવાદ જાણ્યો અને પચ્યો કહેવાય. કોઇએ ગાળો આપી, પણ તે તો ટપાલી માત્ર છે. ગાળ મોકલનાર તો અન્ય કોઇ છે. તે છે કર્મ.

કેદીને રોજના ૧૦૦ ચાબૂકના ફટકાની સજા થઇ હોય ત્યારે તે ફટકા મારનાર જેલર પર તે ગુસ્સો કરે તે તો બિલકુલ ગેરવ્યાજબી છે. તે સજા ફરમાવનાર તો કોર્ટ છે. પ્રતિકૂળ વર્તન કરનાર દરેક વ્યક્તિ જેલર કે નોકરથી વધીને કાંઇ નથી. સજા ફરમાવનાર તો કર્મરાજાની કોર્ટ છે.

રામચંદ્રજીની આજ્ઞાથી કૃતાન્તવદન નામના સેનાપતિએ સીતાજીને નિર્જન અને વિકરાળ જંગલમાં એકલાં છોડયાં. સગર્ભાવસ્થામાં રહેલા સીતાજીને એકલાં છોડતાં સેનાપતિની આંખો આંસુથી છલકાઇ ત્યારે સીતાજીએ તેને સાંત્વન આપ્યું.

"અરે, ભાઇ, તમે શું કામ ખેદ કરો છો ? તમારો આમાં કોઇ જ વાંક નથી. સ્વામીનો હુકમ બજાવવો તે તમારું કર્તવ્ય છે. તમે તો તમારું કર્તવ્ય અદા કર્યું છે.

અને, તમને આવી આજ્ઞા કરનાર આર્યપુત્રનો પણ કોઇ જ વાંક નથી. પ્રજામાં નિંદા અને અપવાદ ફેલાયાં હતાં તેથી પ્રજાના વિશ્વાસ માટે રાજા તરીકે તેમણે જે કર્યું તે ઉચિત જ છે. અને, હું અકલંકિત છતાં મને કલંકિત માનીને મારી

નિંદા કરનાર પ્રજા પણ ગુનેગાર નથી. ગુનેગાર તો છે મારું અપયશ નામ કર્મ. મારી આ પરિસ્થિતિ માટે જવાબદાર છે મારું કર્મ. મારા અશુભ કર્મનો ઉદય ન હોય તો કોઇ મારી નિંદા શું કામ કરે ? સેનાપતિજી ! તમે ચિંતા ન કરો. હું બિલકુલ સ્વસ્થ છું."

કર્મના સિદ્ધાંતને પચાવ્યો હોય તેની સ્વસ્થતાને ખંડિત કરવા કોણ સમર્થ છે ? તે તો સમજે છે કે આજે જે મારો અપરાધી છે તેનો પહેલા હું અપરાધી હતો. તેનું વેર તે મારી જ કોઇ ભૂલનો પડઘો છે. મને આવેલી પ્રતિકૂળતા એ મારા જ પૂર્વના કોઇ અપરાધનું ફળ છે. કર્મની વિચારણા હોય ત્યાં ક્ષમા અત્યંત વેગથી દોડી આવે છે. કર્મની વિચારણા હોય ત્યાં ક્રોધને આવવું અને રહેવું ભારે થઇ પડે છે.

પોતાના કર્મ વાંકા ન હોય તો પરેશાન કરવા કોણ સમર્થ છે ? કર્મો વાંકાં ન હોય તો હાઇકોર્ટે ફરમાવેલી ફાંસીની સજા સુપ્રીમ કોર્ટ રદ્દ કરી દે છે અને કર્મો વાંકા હોય તો હાઇકોર્ટ નિર્દોષ છોડવા છતાં સુપ્રીમ કોર્ટ ફાંસી ફટકારે છે.

કર્મો વાંકા ન હોય તો હત્યા માટે રાજા દ્વારા હત્યારાઓને સોંપાયેલા રાજકુમાર પર તે હત્યારાઓને દયા આવે છે અને તેને જીવનદાન આપી દે છે અને કર્મો વાંકા હોય તો રક્ષા કરવા માટે કોઇને રાજકુમાર સોંપ્યો હોય અને તે વ્યક્તિ જ તેની હત્યા કરી નાખે છે. કર્મો વાંકા ન હોય તો કોઇ ભોજનમાં Tiq-20 પીવડાવી દેવા છતાં તે ઝેર પણ પચી જાય છે. અને, કર્મો વાંકા હોય તો કોઇ પ્રેમથી નિર્ભેળ બાસુંદી ખવડાવે અને છતાં ઝેર ચડી જાય છે. કર્મો વાંકાં ન હોય તો મકાન નીચે દટાઇ જવા છતાં બચી જાય અને કર્મો વાંકા હોય તો પથારી નીચે દટાઇ જતાં ગૂંગળાઇને મરી જાય. કર્મો વાંકાં ન હોય તો રિવૉલ્વરની ગોળી વાગવા છતાં માણસ આબાદ જીવી જાય અને કર્મો વાંકાં હોય તો શાક સમારતા ચપ્પુ વાગે અને ધનુર્વા થતાં મોતને શરણ થઇ જાય.

કર્મો વાંકા ન હોય તો પરેશાન કરવાની જગતમાં કોઇની તાકાત નથી. અને, કર્મો વાંકાં હોય તો પરેશાનીથી બચાવવાની ય કોઇની તાકાત નથી.

પ્રત્યેક પ્રતિકૂળતાના પ્રસંગે જીવ પર દ્વેષ થવાની સંભાવના છે, ત્યારે કર્મને વચ્ચે લાવી દો. દ્વેષના દાવાનલથી બચી જવાશે.

જીવનો ખરો શત્રુ કર્મ જ છે. કારણ કે -

(૧) દુઃખ અને વેદનાનાં પડીકાંની પ્રભાવના તે જ કરે છે.

(૨) કોઇને શ્રીમંત બનાવે છે, કોઇને દરિદ્ર.

કોઇને વધુ બુદ્ધિ આપે છે, કોઇન કમ.

કોઇને ઘણુ રૂપ પીરસે છે, બીજાને પીરસવામાં કૃપણ રહે છે.

દેરાણીને વધુ ઘરેણા આપે છે, જેઠાણીને ઓછા.

નાનાભાઇને ઘણી કમાણી કરાવે છે, મોટાભાઇને ઓછી.

આવી પૌદ્ગલિક વિષમતાઓ સર્જીને જીવોને પરસ્પર લડાવી મારે છે.

(૩) કર્મસત્તા અજન્મા સ્વભાવવાળા જીવને નવ-નવ મહિના માતાના પેટમાં ઊંધા મસ્તકે લટકાવે છે અને જન્મ ધારણ કરવાની ફરજ પાડે છે.
અમર આત્માને તે જ ઠાઠડીએ બંધાવે છે.
અનંતજ્ઞાનના ધણીને તે જ અજ્ઞાનીદશામાં ગૂંગળાવી મારે છે.
વીતરાગસ્વરૂપ આત્માને આ કર્મ જ રાગ-દ્વેષની હોળીમાં સળગાવી મારેછે
અરૂપી એવા આત્માને શરીરનાં નશ્વર વાઘા પહેરાવે છે.

આત્માની લખલૂટ સમૃદ્ધિને લૂંટી ખાનારો કર્મ તો મહાશત્રુ છે.

(૪) જીવની નાનકડી ભૂલની પણ તે ભયંકર શિક્ષા કરે છે.

મરિચિના ભવમાં કુળનો જરા ગર્વ ર્ક્યો તો પરમાત્મા મહાવીર દેવના આત્માને પણ અંતિમ ભવમાં બબ્બે માતાનાં પેટમાં લટકાવ્યા.

મોટા મગરમચ્છના ખુલ્લા મુખમાં પાણી સાથે અનાયાસે આવતાં અને પાણી સાથે જીવતાં જ બહાર નીકળતાં માછલાંઓને જોઇને પેલા નાનકડા તંદુલિયા મચ્છનાં પેટમાં તેલ રેડાયું. તેને આ મગરમચ્છ મૂરખ લાગ્યો. "આના સ્થાને હું હોઉ તો આમાંના એકેયને ન છોડું" આટલી મનથી માત્ર વિચારણા કરવાની ભૂલ અને સાતમી નરકની સજા. કેટલી ક્રૂરતા કર્મસત્તાની !

જેઠાણીએ દેરાણીની દાબડીમાંથી રત્ન લીધું. બીજા ભવમાં જેઠાણી દેવાનંદા બની અને દેરાણી ત્રિશલા. પૂર્વની રત્ન ચોરવાની ભૂલની સજા રૂપે દેવાનંદાના ઉદરમાંથી વિશ્વનું શ્રેષ્ઠ પુત્રરત્ન (મહાવીર પરમાત્મા) ચોરાઇ ગયું.

આમ નાનકડી ભૂલની મહાભયંકર સજા ઠોકી દેનાર કર્મસત્તા કેવી ભયંકર કહેવાય ?

(૫) તેની અનાડી કોર્ટમાં ફરમાવાયેલી સજાનો જરાક પ્રતિકાર કરવા જતા સજા બમણી થઇ જાય છે.

ઉપરોક્ત કારણોને સૂક્ષ્મતાથી વિચારો પછી મહાન શત્રુની ઓળખ થશે. કોઇ કોઇ બનાવમાં સ્થૂલ દષ્ટિથી જગતના જીવો આપણા અપરાધી લાગશે, પણ તે તો નિમિત્ત માત્ર છે. આપણને અપરાધી દેખાય છે કારણ કે આપણી દષ્ટિ ઘણી

ટૂંકી છે. ક્રોધને જીતવા એ દષ્ટિને થોડી લાંબી કરીને કર્મ સુધી પહોંચાડવાની જરૂર છે.

(૨) સર્વ જીવો કર્મવશ છે

સંથારા પોરિસિ સૂત્રમાં જીવ ક્ષમાપના કરે છે :

सव्वे जीवा कम्मवसा चउदहराज भमंत ।
ते मे सव्व खमाविआ, मुज्झ वि तेह खमंत ॥

સર્વ જીવો કર્મવશ છે અને કર્મને આધીન બનીને ચૌદ રાજલોકના વિશાળ વિશ્વમાં સહુ ભટકી રહ્યા છે. તે સર્વે જીવોને હું ખમાવું છું. સર્વ જીવો મને ખમાવો.

પરસ્પર ક્ષમાપના કર્તવ્ય છે, તેનો સુંદર હેતુ જણાવ્યો છે. જીવોની નાની-મોટી ભૂલોને મહત્વ આપીને વેર શું બાંધવાનાં ? બિચારા નાદાન છે, બિચારા છદ્મસ્થ છે, બિચારા કર્મને આધીન છે. કર્મરાજા સૂત્રધાર અને જીવો બિચારા કઠપૂતલી. તેમાં વાંક તો સૂત્રધારનો જ ને ? કઠપૂતલી બિચારી શું કરે ?

કોઇ વેર રાખે છે... બિચારો મોહનીય કર્મના ઉદયને આધીન છે. મારે સહન કરવું પડયું... હું અશાતા વેદનીય કર્મના ઉદયને આધીન છું. પુત્રી લફંગાની સાથે ચાલી ગઇ... બિચારી મોહના ઉદયને આધીન છે... મારો સમાજમાં અપયશ થયો... હું અપયશ નામકર્મને આધીન છું. મારી વ્યાધિના ઉપચારમાં ડોકટર નિષ્ફળ ગયા, ડૉકટર અપયશ નામકર્મના ઉદયને આધીન છે. હું અશાતા વેદનીય કર્મના ઉદયને વશ છું.

વીતરાગ અવસ્થા આવે નહિ ત્યાં સુધી ભૂલ થયા કરે તે સહજ છે. કારણ કે, ત્યાં સુધીની અવસ્થા એ અપૂર્ણ અવસ્થા છે. અપૂર્ણ અવસ્થામાં ભૂલો હોય, દોષો હોય, અધૂરાશ હોય. સર્વદોષથી રહિત અને સર્વગુણથી પૂર્ણ તો વીતરાગ જ હોય.

રાગદશામાં અને અજ્ઞાનદશામાં રહેલો જીવ ભૂલ કરે તેમાં નવાઇ શું ? કેન્સરના વ્યાધિથી ઘેરાયેલો દરદી કણસ્યા કરે... અભણ અને અંગૂઠાછાપ વ્યક્તિથી છબરડા થયા કરે... અપંગ હોય તે ગોથાં ખાઇ જાય... અંધ હોય તે અથડાઇ પણ જાય... તેમ અપૂર્ણ અને છદ્મસ્થ છે તેનાથી અપરાધ થઇ પણ જાય. "સર્વ જીવો કર્મવશ છે અને છદ્મસ્થ છે." આ ભાવના એ પરમ રસાયણ છે. તેનાથી ચિત્તને રસી લીધા પછી ગોખવું નહિ પડે, પાઠય પુસ્તકના પ્રતિજ્ઞાપત્રની જેમ પરાણે ઉચ્ચારવું નહિ પડે. દિલમાંથી સ્વયં રણકાર ઊઠશે :

तेमे सव्व खमाविआ,

मुज्झ वि तेह खमंत ॥

(૩) જાત સુધારણા તે જગત સુધારણાનું પ્રથમ સોપાન છે.

સહુના દોષ દેખાય છે, માટે હું ભડકું છું.

બીજા બગડેલા દેખાય છે, તેથી હું ઉભગું છું.

જગતને સુધારી દેવાની ચળવળ જીવ અનાદિકાળથી ચલાવી રહ્યો છે. તેમાં જગત બગડેલું દેખાય ત્યારે જ સુધારવાની ઇચ્છા થાય છે. જગતને બગડેલું દેખવાની મોહજન્ય દોષદ્દષ્ટિ મોટેભાગે જગતને સુધારી દેવાની ચળવળના મૂળમાં બેઠેલી હોવાથી, આ સુધારણાની ભાવના એ અનાદિકાળની દુષ્ટવૃત્તિ છે.

જગતને સુધારવાની ઇચ્છા છે, કારણ કે જગત બગડેલું લાગે છે. જગત બગડેલું લાગે છે માટે દ્વેષ અને દુર્ભાવોના મલિન તરંગો ચિત્તમાં ઊઠયા જ કરે છે. જગત તો સુધરતું નથી. ચિત્ત ક્રોધાદિ ભાવોથી બગડયા કરે છે.

ખરેખર જગતને સુધારવું છે ? તેનો બહુ જ સરળ ઉપાય છે. માત્ર એક જ ક્ષણની કાર્યવાહી બગડેલા બેડોળ જગતને સુંદર અને સોહામણું બનાવી શકે છે.

કાર્યવાહી એટલી જ - તું સુધરી જા.

તું સુધરી જઇશ પછી દ્દષ્ટિ દોષો સુધી નહિ પહોંચે.

તું સુધરી જઇશ પછી જગત તને બગડેલું નહિ લાગે. તું સુધરી જઇશ પછી જગતને સુધારવાની કોઇ જરૂર જ નહિ રહે. દુર્યોધન સ્વયં બગડેલો હતો, તેથી આખી દુનિયા બગડેલી લાગી. યુધિષ્ઠિર બની જાઓ, આખી દુનિયા સુધરેલી લાગશે

(૪) સર્વ જીવો મારા મિત્ર છે.

બીજાના અપરાધ ગંભીર લાગે છે, ત્યાં ક્રોધ ઉદ્દભવ પામે છે. પણ, જ્યારે મૈત્રીભાવ, સ્નેહભાવ કે આત્મીયભાવ સઘન બને છે, ત્યારે ગંભીર ગુનો પણ ક્ષમ્ય જણાય છે.

કાચનું ઝુમ્મર નોકરે તોડયું, ગુસ્સો ભયંકર.

પુત્રે તોડયું, ગુસ્સો ઓછો.

પત્નીએ તોડયું, ગુસ્સો વધુ ઓછો.

પોતે તોડયું, ગુનો બિલકુલ ક્ષમ્ય.

સ્નેહ જેમ પાતળો પડતો જાય તેમ ગુનો ગંભીર જણાતો જાય છે. સ્નેહ જેમ સઘન બનતો જાય તેમ ગુનો વધુ ક્ષમ્ય બનતો જાય છે. અને ગુનો ગંભીર

તો, ક્રોધ વધુ. ગુનો ક્ષમ્ય તો ક્રોધ ઓછો. તેથી, ક્રોધનો આધાર વ્યક્તિના ગુના પર નહિ પણ વ્યક્તિ સાથેના સંબંધ ઉપર છે. ક્રોધની કક્ષા સંબંધોને નિર્ભર છે. તેથી, સામેની વ્યક્તિ ભૂલ ન કરે તેના કરતાં તેની સાથે ગાઢ મૈત્રીભાવ હોય તેવી અપેક્ષા ક્ષમાભાવને વધુ રહે છે. તેથી ક્રોધને ડામવા "સર્વ જીવો મારા મિત્ર છે" તે ભાવનાની ઔષધિ ચિત્તને પીવડાવવાની ખૂબ જ આવશ્યકતા છે.

આ મૈત્રીભાવ કેળવવાના કેટલાક ઉપાયો વિચારીએ :

(૧) પ્રથમ ભાવનામાં જ જણાવ્યું કે મોટામાં મોટો શત્રુ કર્મ છે. હવે ચાણક્યની રાજનીતિનું એક સૂત્ર યાદ કરો.

"શત્રુનો શત્રુ તે મિત્ર છે."

આપણો શત્રુ કર્મરાજ. કર્મરાજાને આપણી જેમ જગતના સર્વ જીવો સાથે શત્રુભાવ છે. તેથી તે કર્મ નામના મહાન શત્રુને જીતવા તેના શત્રુ એવા જગતના સર્વજીવો સાથે સંધિ અને સુલેહ કરવા અત્યંત જરૂરી બને છે. જગતના સર્વજીવોને સ્નેહભાવની વિરાટ બાથમાં લપેટી લેવાથી કર્મરાજાની છાવણીમાં ભયનાં મોજા ફરી વળશે.

આવો, જગતના હે સર્વજીવો ! આજે આપણે એક શિખર પરિષદ યોજીને મૈત્રીના કરારનામા પર સહી કરીએ. આ કર્મશત્રુએ મને'ય ખૂબ હેરાન કર્યો છે અને તમને'ય ખૂબ ત્રાસ આપ્યો છે. નરકની અંધારી કોટડીમાં અસંખ્ય વર્ષો સુધી પૂરી રાખીને સહનાતીત જુલ્મો તેણે જ ગુજાર્યા છે. બળદ અને પાડાના ભવમાં ભૂખ્યા અને તરસ્યા રાખીને, પીઠ ઉપર ટનબંધ વજન ખડકાવીને અને ચાબુકના ફટકા ખવડાવીને અત્યંત પરાધીન અવસ્થામાં ભવોના ભવ સુધી પશુની કારમી સ્થિતિમાં તેણે જ આપણને પૂરી રાખ્યા છે. વ્યાધિની તીવ્ર વેદનાઓ ફટકારનાર તે જ છે. ગરીબી કે ભૂખમરાની પીડાઓ માટે પણ જવાબદાર તે જ છે. ૨૫ વર્ષના એકના એક જુવાનજોધ પુત્રનું આકસ્મિક મોત નીપજાવીને સુખ-વૈભવની આખી ગંજી ઉપર આગ ચાંપી દેવાનું અધમ કૃત્ય કરનાર આ કર્મસત્તા જ છે. કજિયાખોર પત્નીને ગળે બઝાડી જીવનભરની અશાંતિની સજા ફટકારનાર આ નીચ કર્મરાજા છે.

આપણે હવે સંગઠિત થઇએ. તેની અસીમ તાકાત સામે લડવાનું મારું કે તમારું કોઇ એકનું એકલાનું ગજું નથી. આપણી જુની નાની ખટપટો અને ખેંચાતાણીઓ વિસારે પાડીએ. હવેથી હું અને તમે મિત્ર.

(૨) ભવમાં ભમતા ભમતા અનંતા રૂપ ધારણ કરી લીધા આપણે. તે અનંત ભવોમાં વિશ્વના સર્વજીવો સાથે સર્વ પ્રકારના સંબંધો બાંધી દીધા છે. કોની મા

બનવાનું બાકી રાખ્યું હશે ? કોના બાપ નહિ બન્યા હોઇએ ? પુત્ર પણ બન્યા હોઇશું અને પત્ની પણ.

અતીતમાં ક્યારેક જેની સાથે માતા, પિતા, પુત્ર, પત્ની આદિના સંબંધો કેળવ્યા હોય તેની સાથે વૈરની ગાંઠો બાંધવી વ્યાજબી છે ? જેણે કોઇ ભવમાં માતા બનીને આપણા મળ અને પેશાબ સાફ કર્યા છે, તેની સામે ક્રોધની આગ કેમ ઓકી શકાય ?

જે દુઃખના આંસુ લૂછનાર અંગત મિત્ર અનેકવાર બની ચૂક્યો છે તેના શત્રુ બનીને તેની આંખમાંથી આંસુ પડાવવાં કેટલા વ્યાજબી છે ?

શાસ્ત્રમાં સુકોશલ અણગારનું ચરિત્ર અંકાયેલું છે. તે માતાના ઉદરમાં હતા ત્યારે જ તેમના પિતાએ સંસારનો પરિત્યાગ કરીને સંયમનો સ્વીકાર કર્યો હતો. જન્મ થયો, બાલ્યવય પસાર કરીને યુવાન બન્યા. પિતાના પગલે પગલે સંયમ સ્વીકારવા ઉત્સુક બન્યા. મોહઘેલી માતાને આ પસંદ નહોતું તે તો સંયમ અંગીકાર કરીને અણગાર બન્યા. પણ તેની માતાનું મન દ્વેષભાવથી કલુષિત બન્યું.

મૃત્યુ પામ્યા પછી તે માતા વાઘણ બની. જંગલમાં કાયોત્સર્ગ ધ્યાને ઊભા રહેલા સુકોશલ અણગાર પર વાઘણની દૃષ્ટિ પડી ! આત્મામાં અંકિત થયેલા દ્વેષના સંસ્કારો જાગ્રત થયા અને વાઘણે તો મુનિવરની કૃશ અને કોમલ કાયા ઉપર તરાપ મારી. વાઘણ મુનિવરના શરીરનું લાહી પીવા લાગી. માંસના ટુકડાઓને બટક-બટક કરતી ખાવા લાગી. મુનિવરનું પ્રાણપંખેરું ઊડી ગયું, પણ તેમનો સમાધિભાવ જરાય ખંડિત ન થયો. કારણ કે, મૈત્રીભાવથી તેમનું હૃદય સુવાસિત હતું.

આપણે પણ એ જ વિચારવાનું કે ગટક-ગટક કરીને સુકોશલ મુનિનું લોહી પીનાર આ વાઘણ તે જ છે કે જેણે પોતાનું અમૃતતુલ્ય દૂધ આ જ સુકોશલને વાત્સલ્યથી પાયું હતું. બટક-બટક કરીને માંસના ટુકડાઓની મિજબાની માણી રહેલી આ વાઘણ તે જ કે જેણે તે જ સુકોશલને પોતાના ખોળામાં પ્રેમ અને વહાલથી રમાડયો હતો. સુકોશલને ઘડીવારમાં મોતને ઘાટ ઉતારી દેનારી આ વાઘણ એ જ છે કે જેણે આ સુકોશલને જન્મ આપ્યો હતો.

જેના પર ક્રોધ કરવાનું નિમિત્ત થયું છે તે દરેકને માટે આ વિચારણા કરીએ તો ક્રોધને કોઇ અવકાશ જ ન રહે.

આજે જે અપમાન કરી રહ્યો છે, તેણે ક્યારેક ફૂલહારો પહેરાવીને મારું ભવ્ય સન્માન પણ પર્યું હશે. આજે મારું ધન લૂંટી લેનારે પૂર્વે મને અઢળક ધન આપ્યું હશે. આજે મારા ધંધામાં વિઘ્ન કરનારે પૂર્વે મને ધંધા માટેની સારી તકો પૂરી પાડેલી

હોઇ શકે. આજે મારો અપયશ ગાનાર વ્યક્તિએ કદાચ પૂર્વે યશવાદ ફેલાવ્યો હશે. કાળના થરો ચડી જતા તે પૂર્વનો સ્નેહપૂર્ણ સંબંધ કે પૂર્વના એ અગણિત ઉપકારો અત્યારે સ્મૃતિપટ પર સ્પષ્ટ વંચાતા નથી. પણ, તેટલા માત્રથી શું થઇ ગયું ? યાદ આવે કે ન આવે, એ જૂના સ્નેહપૂર્ણ સંબંધોની શરમ રાખીને પણ દ્વેષને દફનાવી દઇએ.

(૩) રામલીલા નાટકમાં રામ અને રાવણનું પાત્ર ભજવનાર બે વ્યક્તિ નાટકના ત્રણ કલાક માટે પરસ્પરના શત્રુ, પણ પરદા પાછળ તો તેમનો પરસ્પરનો વ્યવહાર કેવો ? શેષ ૨૧ કલાક તેમની વર્તણૂક કેવી ? એક જ થાળીમાં જમે. સાથે ચા-પાણી કરે. સ્નેહથી હળી મળીને રહે. તો પછી સ્ટેજ પરના તેમના માત્ર ત્રણ કલાકના બન્નેના પરસ્પરના દ્વેષપૂર્ણ વ્યવહારને જોઇને બન્ને એકબીજાના દુશ્મન છે તેવું પ્રમાણપત્ર આપણાથી કેમ આપી દેવાય ? ૨૧ કલાકના સંબંધો તરફ નજર નાખો. માત્ર ૩ કલાકના સંબંધો જોઇને અભિપ્રાય ન આપો.

જૈન દર્શન માને છે કે, અનાદિકાળથી જીવ અવ્યવહાર રાશિમાં સૂક્ષ્મ નિગોદની અવિકસિત અવસ્થામાં રહેલો હતો. ત્યાં એક જ શરીરમાં અનંત જીવો સાથે રહે છે. આ અવસ્થામાં જ જીવે અનંત કાળ વ્યતીત કર્યો. ભાવિમાં જીવ જ્યારે સકલ કર્મના ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરશે ત્યારે પણ તે સિદ્ધાવસ્થામાં અનંત કાળ માટે એક જ અવગાહનામાં અનંત જીવો સાથે રહેશે. અનંત અતીતકાળ આવો એક જ કાયામાં રહેવાનો જીવો સાથેનો ઘનિષ્ઠ સંબંધ જીવે અનુભવ્યો છે. ભાવિમાં અરૂપી દશા પ્રાપ્ત કર્યા બાદ જીવ અનંતકાળ અનંત જીવો સાથે એક જ સ્થાનમાં રહેવાનો છે, એક સરખા જ્ઞાનનો અનુભવ કરવાનો છે, સમાન કક્ષાનું અપ્રતિમ સુખ અનુભવવાનો છે. આમ, આગળ પાછળના વિરાટ દીર્ઘકાળ માટે જીવો સાથે આપણો મિત્રતાનો વ્યવહાર છે. વચ્ચેના વ્યવહારરાશિના કાળમાં પણ જીવો સાથે અનંતવાર સ્નેહસંબંધ જોડેલો છે. અત્યારે અલ્પકાળ માટે કદાચ કોઇનો શત્રુતાપૂર્ણ વ્યવહાર જોવા મળે ત્યારે વિચારવું કે આ તો રામલીલાના નાટકના સ્ટેજપર ૩ કલાકનો અભિનય છે.

(૪) કુદરત એક અનોખી શિક્ષણ સંસ્થા છે. જેને જે શિક્ષણની આવશ્યકતા હોય તેને તે શિક્ષણ આપવાની વ્યવસ્થા કુદરત કરી દે છે. પોતાના નિકટની વ્યક્તિઓ સાથે સ્નેહપૂર્ણ વ્યવહાર જે કરી શકતો નથી અને વારંવાર સંઘર્ષ કરે છે, તેને સ્નેહપૂર્ણ વ્યવહાર, સહવર્તીપણું કે સ્વજનપણું શીખવાની આવશ્યકતા છે. તેથી કુટુંબીઓ સાથે, સ્વજનો સાથે, નિકટની વ્યક્તિઓ સાથે, સંઘ કે સમાજના સભ્યો સાથે જે વારંવાર ટકરાય છે, દુર્ભાવથી પીડાય છે તેને સ્નેહપૂર્ણ વ્યવહારનું શિક્ષણ

લેવા માટે કુદરત નિગોદમાં મોકલી આપે છે. ત્યાં એક જ શરીરમાં અનંત જીવોએ સાથે જ રહેવાનું, સાથે જ શ્વાસોચ્છવાસ કરવાનો, સાથે જ જન્મ ધારણ કરવાનો, સાથે જ આહાર ગ્રહણ કરવાનો અને સાથે જ મૃત્યુ પામવાનું. આ અવસ્થામાં અનંતકાળ પસાર કરવાનો.

આવી ગોઝારી શિક્ષણશાળામાં કુદરત મોકલી ન આપે તે માટે પણ આપણે સહુ સાથે સ્નેહપર્ણ વ્યવહાર રાખીએ.

(૫) સતત સહાયભૂત બને તેનું નામ મિત્ર. દુ:ખમાં પણ સાથે ઊભો રહે તે મિત્ર. આપણા માટે સર્વસ્વનો ભોગ આપવા પણ તૈયાર થઇ જાય તે મિત્ર. તો, આ જગતના જીવોએ આ અનાદિની ભવયાત્રામાં આપણા માટે કેટલો બધો ભોગ આપ્યો છે ! આપણા અસ્તિત્વને ટકાવવા તેમણે પોતાનું અસ્તિત્વ પણ નાબૂદ કરી નાંખ્યું છે.

જેના પ્રત્યે અત્યારે દ્વેષ થાય છે તેણે કોઇ વાર અપકાયના (પાણીના) જીવ બનીને સ્વયં નાશ પામીને આપણી તૃષા છિપાવી છે. તેણે વાયુના જીવ બનીને, પોતાના સર્વસ્વના ભોગે આપણે શ્વાસોશ્વાસના દમ ખેંચાવ્યા છે. તેણે અગ્નિના જીવરૂપે પોતાની જાનફેસાની કરીને આપણી ખીચડીઓ રાંધી આપી છે. તે ક્યારેક આંબાની કેરી રૂપે હતો ત્યારે આપણા ક્ષણના રસાસ્વાદને ખાતર તેણે પોતાના જીવનની સમાપ્તિને પણ સ્વીકારી લીધી હતી. આપણા દુ:ખને દૂર કરવા અને સુખને શોધી આપવા તેણે કેટલું બધું જીવન સમર્પણ કર્યું છે !

જીવોએ એક યા બીજા રૂપે આપણને પૂર્વે કરેલા યોગદાનને યાદ કરીએ તો સહુ કોઇ પરમ મિત્ર લાગ્યા વગર ન જ રહે. આવી અનેક વિચારણાઓથી પુરસ્કૃત બનેલી સર્વ જીવો મારા મિત્ર છે, તે ભાવનાથી ચિત્તને રસી દ્યો તો ઉપશમભાવના મનોહર સ્વસ્તિકથી જીવનાંગણ શોભી ઊઠશે.

(૫) કોઇ પણ સંયોગોમાં મારે મારા ભાવોને કલુષિત કરવા નથી.

નિર્મળ ચિત્ત એ મહામૂલી મૂડી છે. કોઇ પણ ભોગે તેનું જતન કરવું જ રહ્યું. મંદ પવન વાઇ રહ્યો હોય ત્યારે સરોવર અત્યંત શાંત હોય છે. શાંત સરોવરનાં સ્થિર પાણીની શોભા અનેરી હોય છે. પણ તેમાં એકાદ કાંકરી પડતા તરંગો ઊઠે છે, શાંત પાણી ક્ષુબ્ધ બને છે, શોભામાં ઉણપ આવે છે. નિર્મળ ચિત્તમાં સંકલેશની એકાદ કાંકરી પડતાં ચિત્તનું સૌંદર્ય ડહોળાય છે.

અખંડિત ચિત્ત-નિર્મળતા એ જીવનનો પરમ વૈભવ છે પણ જીવનની કેટલીય સંકિલષ્ટ ક્ષણો આ વૈભવને લૂંટી લે છે. ચિત્તસ્વસ્થતામાં તિરાડો પાડીને તેને ખંડિત

કરી દે છે.

નફા-નુકસાનની ગણતરી જીવનના પ્રત્યેક તબક્કામાં જીવ કરે છે. નુકસાનીના ધંધાને પૂંઠ કરીને નફાને જ મુખ્ય કરવાનું વલણ સર્વજનસહજ છે. બે વિકલ્પો પોતાની સમક્ષ ખડા થાય ત્યારે નુકસાનીના વિકલ્પને છોડી દેવો અને નફાવાળા વિકલ્પને સ્વીકારી લેવો, તે કોઇને શીખવવું પડતું નથી. બાર આનાનો નફો થતો હોય તો પાવલીનું નુકશાન ગૌણ છે. તે કોઇ પણ સમજુ અને શાણો માણસ સમજી શકે છે. પણ આ ડાહી-ડમરી વણિક્‌વૃત્તિ કે શાણપણ જીવનમાં બનતા કેટલાક સંઘર્ષોના પ્રસંગોમાં ક્યાં ચોરાઇ જાય છે તે જ સમજાતું નથી.

નોકરની બેદરકારીને કારણે દુકાનમાંથી ૫૦૦૦ રૂપિયા ચોરાઇ ગયા ત્યારે નોકર પર અત્યંત ક્રોધ થવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે. નિર્મળ ચિત્ત જેને મહામૂલા વૈભવ તરીકે જણાઇ ગયું છે તે તુરત નફા-નુકસાનના ગણિત માંડી લેશે.

બીજાનો અપરાધ નાનો હોય કે મોટો હોય પણ પોતાના મનની શાંત અવસ્થા કરતાં તો તેનું મૂલ્ય વધારે નથી જ.

સંપત્તિ ચોરાઇ જાય, બંગલો પડી જાય, ટી.વી. બગડી જાય, મોટું અપમાન થઇ જાય, સત્તા ઝૂંટવાઇ જાય. આ બધાં નુકસાન નાનાં. પણ, ચિત્તની સ્વસ્થતા નંદવાઇ જાય, તે નુકસાન મોટું. ત્રેવીસમાં તીર્થપતિ શ્રીપાર્શ્વનાથ પરમાત્માનો જીવ પ્રથમ ભવમાં મરુભૂતિ નામનો એક સજ્જન હતો. તેનો કમઠ નામનો ભાઇ મહાદુષ્ટ હોતો. પોતાની પત્ની સાથે કમઠનો દુર્વ્યવહાર ચાલુ છે. તેવા સમાચાર મળતા મરુભૂતિએ પાકી તપાસ કરી. ફરિયાદ સાચી જણાતા રાજાને જાણ કરી. રાજાએ કમઠને દેશનિકાલની સજા કરી. જંગલમાં રખડતો કમઠ એક તાપસના આશ્રમમાં જઇને તાપસ બન્યો.

પોતે રાજાને ફરિયાદ કરી તેથી કમઠને નગરપાર થવું પડયું. તેનો મરુભૂતિને ખૂબ વસવસો થતો. કમઠની ક્ષમા યાચવા તે કમઠની શોધમાં નીકળ્યો. તાપસના આશ્રમમાં તાપસ બનેલા કમઠનો પત્તો લાગ્યો. ધ્યાનમાં ઊભેલા કમઠના પગમાં પડીને મરુભૂતિએ ચોધાર અશ્રુએ ક્ષમા યાચી.

પોતે ગુનેગાર ન હોવા છતાં કમઠના પગમાં પડીને ક્ષમા યાચનાર મરુભૂતિની સજ્જનતા કેવી મહાન ! પણ, પેલો દુષ્ટ કમઠ તો દુષ્ટતાની પરાકાષ્ટાએ પહોંચ્યો. બાજુમાં પડેલી શિલા લઇને મરુભૂતિના નમેલા મસ્તક પર ઝીંકી દીધી. તત્કાલ ખોપરી ફાટી અને લોહીનું ખાબોચિયું થઇ ગયું. આ મૃત્યુની પળોમાં મરુભૂતિને દુર્ધ્યાન થઇ ગયું :

"અરે, આ તો કેવો દુષ્ટ છે ! તેનો વાંક હોવા છતાં હું ક્ષમા માંગવા આવ્યો છું અને હજુય તેની દુષ્ટતા છોડતો નથી !..." આટલા જ દુર્ધ્યાનના પ્રભાવે આવો ગુણસંપન્ન સજ્જન મરુભૂતિ ત્યાંથી મૃત્યુ પામીને હાથીના ખોળિયામાં પૂરાઇ ગયો.

કર્મસત્તાએ તેને પડકાર્યો :

ભલે ને કમઠ દુષ્ટતાના શિખર સુધી પહોંચ્યો. તેં તારા ભાવોને મલિન કેમ કર્યા ? દ્વેષ-દુર્ભાવના કાદવ છાંટણાથી તેં તારા ચિત્તને ગંદું કેમ કર્યું ? ચિત્તપ્રસન્નતાના તાર તેં કેમ તોડી નાખ્યા ? વાંક કમઠનો હતો, તેની સજા તેને મળત. દુર્ધ્યાન કરીને તેના વાંકે તું કેમ દંડાયો ? તારા ભાવોને મલિન કરવાના તારા ગુનાની સજા તું પહેલાં ભોગવી લે.

કુદરતની કોર્ટમાં મનને દુર્ભાવોથી મલિન કરવું તે મોટો ગુનો છે. ક્યા સંયોગોમાં તમે મનને મલિન કર્યું હતું તેની તપાસ કરવા માટેનું કોઇ તપાસપંચ કુદરતી કોર્ટમાં નથી.

પ્રસ્તુત વિષયને વધુ ઊંડાણથી સમજીએ. હિત બે પ્રકારનું છે. ૧. સ્વહિત ૨. પરહિત. આ બન્ને હિત બબ્બે પ્રકારનાં છે. ૧. દ્રવ્યહિત, ૨. ભાવહિત.

આમ હિતના કુલ ચાર પ્રકાર થયા.

૧. **પરનું દ્રવ્યરહિત :** ભૂખ્યાને ભોજન આપવું વગેરે.

૨. **પરનું ભાવહિત :** અન્યને પ્રેરણા કરીને ઉન્માર્ગેથી સન્માર્ગે વાળવો. અથવા અન્યને સંકલેશ ન થાય તે રીતે વર્તન કરવું.

૩. **સ્વનું દ્રવ્યહિત :** પોતાને આવેલી કોઇ પ્રતિકૂળતા દૂર કરીને અનુકૂળતા કરવી. ગરમીનો ખૂબ ઉકળાટ થઇ રહ્યો છે, તે ત્રાસને દૂર કરવા એ.સી. કે પંખાનું બટન દબાવ્યું, તે પોતાના દ્રવ્યહિતની પ્રવૃત્તિ થઇ.

૪. **સ્વનું ભાવહિત :** કોઇ પણ સંયોગોમાં મનને મલિન ન થવા દેવું. દ્વેષાદિ કુભાવોના કાદવથી તેને ખરડાવા ન દેવું.

પરનું દ્રવ્યહિત વિશિષ્ટ પુણ્યબંધનું કારણ છે, પોતાના દ્રવ્યહિતનાં ભોગે પણ તે કરવું જોઇએ. પોતે ભૂખ્યા રહીને પણ અન્યને અન્ન આપવું તે દ્રવ્યહિતનો પ્રકર્ષ છે.

યોગ્યવ્યક્તિને, યોગ્યકાળે, પ્રેરણા કરીને ઉન્માર્ગથી સન્માર્ગે વાળવો તે પરનું ભાવહિત છે. અથવા અન્યના મનમાં દ્વેષ-દુર્ભાવ ન થાય તેની કાળજી રાખીને

વર્તવું તે પણ અન્યના ભાવહિતની ચિંતા છે.

પોસ્ટના કવર પર સુવાચ્ય અક્ષરોથી સરનામું નહિ કરું તો પોસ્ટમેનને વાંચતા તકલીફ પડશે અને તેથી તેનું મન જરા બગડશે. તો લાવ જરા સુવાચ્ય અક્ષરોથી સરનામું કરું. રસ્તા વચ્ચે ચાલીશ તો પાછળથી આવતી ટ્રકના ડ્રાઇવરને હોર્ન વગાડવું પડશે અને તેનાં મનમાં જરાક ઇતરાજી થશે. તેનું મન ન બગડે તેટલા માટે પણ હું રસ્તા પર વ્યવસ્થિત ચાલું. મારા ચપ્પલ યોગ્ય સ્થાને વ્યવસ્થિત નહિ મૂકેલા હોય તો મારા પિતાજીને મનનાં જરાક સંકલેશ થશે. કારણ કે, બધાએ બધી વસ્તુ વ્યવસ્થિત મૂકવી જોઇએ તેવી તેમની અપેક્ષા હોય છે. તેમનું મન ઉદ્વિગ્ન ન બને તે માટે પણ મારે વ્યવસ્થિત રહેવું જોઇએ.

આમ, ડગલે ને પગલે, પોતાની વર્તણૂકને કારણે અન્યનાં મનમાં દુર્ભાવ ઉત્પન્ન ન થાય તેની કાળજી રાખવી તે પણ પરની ભાવચિંતા છે.

પોતાને આવેલી પ્રતિકૂળતા દૂર કરીને અનુકૂળતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો તે સ્વની દ્રવ્યચિંતા છે. ભૂખ લાગી છે, રસોડામાં પહોંચી જાઓ. તરસ લાગી છે, પાણિયારા પાસે પહોંચી જાઓ. માંદગી આવી, ડોક્ટર પાસે પહોંચી જાઓ. આવી સ્વની દ્રવ્યચિંતા તો આપણો આત્મા અનાદિ કાળથી કરતો આવ્યો છે. અનાદિનો અભ્યાસ હોવાથી તે સહજ થઇ જાય છે, કોઇ વિશેષ પ્રયાસ કરવો પડતો નથી. સાધનાના પંથ ઉપર આવી સ્વની દ્રવ્યચિંતાનું જરા પણ મૂલ્ય નથી.

ચોથા નંબરનું હિત તે સ્વનું ભાવહિત. ચારેય પ્રકારના હિતમાં સૌથી વધુ કઠિન અને સૌથી મહત્વનું આ સ્વનું ભાવહિત છે. સાધનાના વિકાસ માટેની અનિવાર્ય શરત છે સ્વના ભાવહિત માટેનો ઉદ્યમ.

દ્વેષ અને દુર્ભાવોથી, વિષય અને કષાયોથી, વિકારો અને સંકલેશોથી, ખેદ અને ઉચાટથી... મનને ખરડાવા ન દેવું તે સ્વના ભાવહિતની પ્રવૃત્તિ છે. આ બધા ગંદવાડથી ચિત્ત ખરડાઇ જાય તેવા અનેક પ્રસંગો જીવનના પટ ઉપર ઉપસ્થિત થયા જ કરવાના. પણ, તે દરેક વખતે સ્વના ભાવહિતને મુખ્ય કરીને તે પ્રસંગો જીતી જાય તેનું જ નામ સાધક.

પોતાના દ્રવ્યહિતને ગૌણ કરીને પણ બીજાનું દ્રવ્યહિત કરવું જોઇએ. પોતાના દ્રવ્યહિતને ગૌણ કરીને બીજાનું ભાવહિત પણ થઇ શકે. પણ, સ્વના ભાવહિતને શેષ ત્રણમાંના એક પણ હિત ખાતર ગૌણ ન કરી શકાય.

શ્રી મુનિસુવ્રતસ્વામી પાસે સ્કંધકાચાર્ય પોતાના ૫૦૦ શિષ્યો સાથે પોતાના બનેવીના નગર તરફ વિહાર કરવાની અનુમતિ માંગવા ગયા. ભગવાને તેમને કહ્યું,

"ત્યાં જશો તો તમે વિરાધક બનશો."
"અને મારા ૫૦૦ શિષ્યોને ત્યાં લાભ થશે ?"
"હા, તે તો મહાઆરાધક બનીને તે ભૂમિમાં નિર્વાણપદની પ્રાપ્તિ કરશે. પણ, તમારા આત્માનું અહિત થવાનું છે માટે ઉચિત નથી."
"હું ભલે વિરાધક બનું, મારા ૫૦૦ શિષ્યો તો આરાધક બનશેને ? "આ વિચારણા લાવીને આચાર્યદેવે તે તરફ વિહાર કર્યો.

પણ, અધ્યાત્મના ક્ષેત્રમાં આવા નફા-ખોટના ગણિત માંડી શકાતાં નથી. ૫૦૦નું કલ્યાણ થાય છે, તેની સામે એકનું જ અકલ્યાણ છે. પણ તે એક એ અનુમતિ લેવા આવનાર પોતે જ છે. માટે, તીર્થંકર પરમાત્માએ નિષેધ કર્યો હતો.

ત્યાં પાલક નામના પૂર્વના દ્વેષી વ્યક્તિએ ષડ્યંત્ર રચીને આ આચાર્ય ભગવંત વિરુદ્ધ રાજાના કાન ભંભેર્યા અને આચાર્ય ભગવંત અને તેમના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલવાનો હુકમ છૂટયો. એક પછી એક શિષ્યો ઘાણીમાં પીલાઇ રહ્યા છે. લોહીની શેરો ફૂટે છે, હાડકાંના ઢગલા થાય છે, માંસના લોચા ચોપાસ પથરાય છે. પણ, આચાર્ય ભગવંત અદ્‌ભુત પ્રેરણાપાન કરાવીને પ્રત્યેક શિષ્યને અપ્રતિમ સમાધિનું દાન કરે છે, જેના પ્રભાવે શિષ્યો સકલકર્મનો ક્ષય કરીને મુક્તિ પામે છે.

૪૯૯ શિષ્યો આ રીતે ઘાણીમાં પીલાતાં પીલાતાં મોક્ષપદને પામી ગયા. હવે, માત્ર એક બાલમુનિ અને પોતે એમ બેનો વારો જ બાકી છે. આચાર્યદેવ પાલક પાપીને વિનંતી કરે છે : 'આ નાનકડા મુલાયમ બાલમુનિને ઘાણીમાં પીલાતા હું નહિ જોઇ શકું, માટે, પહેલાં મને ઘાણીમાં નાંખ અને છેલ્લે આ બાલમુનિને પીલજે."

પણ, તે પાપિયાને તો ખંધકસૂરિને વધુમાં વધુ ત્રાસ આપવો હતો. તેથી, વિનંતીને ઠુકરાવીને પહેલા બાલમુનિને જ ઘાણીમાં નાખ્યા. પૂર્વના મુનિઓની જેમ બાલમુનિને પણ અદ્‌ભુત સમાધિપાન કરાવીને આચાર્ય ભગવંતે મુક્તિનાં સંગી બનાવી દીધા.

પણ, હવે તેમનાં ચિત્તમાં આંધી ઊઠી. પોતાની આટલી ક્ષુલ્લક વિનંતી પણ માન્ય ન કરી તેથી રોમ-રોમમાં ક્રોધની આગ ફાટી નીકળી. લોહીનાં બુંદ-બુંદમાં કષાયની કાલિમાં ઘૂંટાઇ ગઇ. દ્વેષથી અત્યંત ક્ષુબ્ધ બનેલા મનવાળા આચાર્ય ભગવંતને પેલા પાલકે ઘાણીમાં નાખ્યા. ૫૦૦ શિષ્યોને સમાધિનું અમૃતપાન કરાવનાર પોતે અસમાધિની આંધીમાં અટવાઇ ગયા. અત્યંત દ્વેષાન્વિત બનેલા તેઓએ ઘાણીમાં પ્રાણ છોડયા. ૫૦૦ ને નિર્વાણપદની પ્રાપ્તિ કરાવનાર પોતે દુર્ગતિમાં પટકાઇ ગયા.

આ નિશ્ચિત ભાવિને શ્રીમુનિસુવ્રતસ્વામીએ સર્વજ્ઞતાના પ્રકાશમાં જોયું હતું તેથી શ્રી સ્કંદકાચાર્ય અનુમતિ માંગવા ગયા ત્યારે પરમાત્માએ નિષેધ કર્યો. એક બાજુ ૫૦૦ આત્માનું ભાવહિત હતું તો બીજી બાજુ સ્વનું ભાવ-અહિત હતું. સ્વનું ભાવહિત મુખ્ય છે માટે જ પ્રભુએ અનુમતિ ન આપીને ?

આવો, ચંદનબાળાનો પ્રસંગ વિચારીએ.

ચંદનબાળા વસુમતિ નામની રાજકુમારી હતી. દુશ્મન રાજાએ તેના પિતાની હત્યા કરી. માતા ધારિણી અને પુત્રી વસુમતિને શત્રુરાજાના સૈનિકો પોતાના નગરમાં લઇ જઇ હતાં. પોતાના શીલ પર કોઇ આપત્તિ ન આવે તે ડરથી માતા ધારિણીએ જીભ કચડીને આત્મહત્યા કરી.

પોતાના પ્રાણ ચાલ્યાં ગયાં, તે સ્વનું દ્રવ્ય અહિત થયું. પોતે મૃત્યુ પામવાથી વસુમતિ અનાથ બનશે, તેનું પાલન-પોષણ કોણ કરશે, વિ... ચિંતા તે વસુમતિના દ્રવ્યહિતની ચિંતા છે. તેને પણ ધારિણીએ ગૌણ કરી.

વસુમતિ કુમારિકા છે, નિરાધાર છે, તેના શીલને માટે મોટું જોખમ છે. પોતે હયાત હોય તો પુત્રીનાં શીલનું રક્ષણ કરવા યથાશક્ય પ્રયત્ન કરી શકે. વસુમતિના શીલની રક્ષા તે તેનું ભાવહિત. ધારિણીએ આત્મહત્યા કરીને વસુમતિના ભાવહિતને પણ ગૌણ ગણી નાખ્યું. કારણ કે પોતાની પુત્રીને એવી તૈયાર કરેલી કે શીલની રક્ષા તે કરી જ શકશે તેનો તેના વિશ્વાસ પણ હશે.

સ્વનું દ્રવ્યહિત ગૌણ ગણ્યું. પરનું દ્રવ્યહિત ગૌણ ગણ્યું. પરનું ભાવહિત ગૌણ ગણ્યું. મુખ્યતા આપી સ્વના ભાવહિતને. ઉપરના ત્રણ હિતની રક્ષાનો પ્રયત્ન કરવા જતા પોતાનાં શીલનું ખંડન થવાનો ભય છે. અને પોતાનું શીલ ખંડિત થાય તે પોતાનું ભાવ-અહિત છે. ઉપરોક્ત ત્રણ હિતને ગૌણ કરીને ધારણીએ સ્વના ભાવહિતને મુખ્યતા આપી દીધી.

પોતાના માલિક એવા હલ્લ અને વિહલ્લનાં જીવનની રક્ષા ખાતર બળતા અંગારા ભરેલી ખાઇમાં સેચનક હાથીએ ઝંપલાવી દીધું હતું. વફાદારીનો મહાન ધર્મ પ્રાણના ભોગે બજાવનાર આ સેચનક હાથીનું મન અંગારાની વેદનાને કારણે કલુષિત બન્યું. શત્રુ કોણિક રાજા કે સ્વામિ હલ્લ-વિહલ્લ પ્રત્યે જરાક અરુચિનો ભાવ મૃત્યુની પળોમાં આવી ગયો તો પ્રાણના ભોગે વફાદારીનો ધર્મ અદા કરનાર સેચનક હાથી મૃત્યુ પામીને નરકનો અતિથિ બની ગયો.

વફાદારી અદા કરીને માલિકના જીવનની રક્ષા કરી તે પરનું દ્રવ્યહિત થયું. પોતાના આત્મભાવોને દુર્ભાવથી કે આર્ત્તધ્યાનથી કલુષિત કર્યા તે સ્વનું ભાવ-અહિત

થયું.

પરના દ્રવ્યહિત આગળ સ્વનું ભાવહિત ગૌણ બન્યું તો ઘોર નરકની વેદનાઓનો ભાગી બની ગયો.

આપણા જીવનમાં ડગલે ને પગલે આવા દ્વંદ્વ સર્જાય છે. આ ચાર પ્રકારનાં હિતમાંથી સ્વના ભાવહિત સામે અન્ય પ્રકારનાં હિતો ટકરાય છે. તે પળોમાં ક્યા હિતને મુખ્યતા આપવી, તેની વિકટ સમસ્યા સર્જાય છે. પણ, મોટાભાગના પ્રસંગોમાં આપણે સ્વના ભાવહિતને ગૌણ કરી નાખીએ છીએ અને ખોટનો ધંધો કરી બેસીએ છીએ.

ચાર પ્રકારનાં હિતની પ્રસ્તુત વિચારણા સ્પષ્ટ થઇ જાય તો ક્રોધાદિ દુષ્ટ ભાવોનો વિજય મગફળીના ફોતરાને ફોલવા જેટલો સરળ બની જાય. સ્વનું ભાવહિત મહત્ત્વનું જણાઇ ગયું છે ? સાધનાનું અનિવાર્ય અંગ સ્વનું ભાવહિત છે સ્પષ્ટ થઇ ગયું છે ?

તો, કોઇના મસમોટા અપરાધ સામે પણ આંખથી ક્ષમા જ પીરસો. અપરાધી સામે પણ તમે આંખો લાલ કરશો તો કુદરત તમારી સામે આંખો લાલ કરશે.

(૬) જે થાય તે સારા માટે.

આ ભાવના પણ ચિત્ત સમાધિ માટેનું અદ્ભુત રસાયણ છે. જીવનમાં બનતી દરેક ઘટના પાછળ કુદરતનું કોઇ ગૂઢ અને ગંભીર પ્રયોજન હોય છે. તેથી જે કાંઇ બને છે તેનો શાંત ભાવે સ્વીકાર કરો, સામનો કરવા સજ્જ ન બનો. કાંઇક પ્રતિકૂળ બને તેનાથી વ્યાકુળ ન બનો. કારણ કે તે પ્રતિકૂળ ઘટનામાં પણ કુદરતનો કોઇ રૂડો સંકેત છે.

ટ્રાફિક જામને કારણે ટ્રેન ચૂકી ગયા ત્યારે ખૂબ વ્યગ્ર બની ગયા હતા. પણ તે જ ટ્રેનનો આગલા સ્ટેશને ગંભીર અકસ્માત થયાના સમાચાર જાણ્યા ત્યારે ટ્રેન ચૂકી જવાની ઘટના તમને કુદરતની કેવી મહાકૃપા સ્વરૂપ લાગી હતી ?

સમારંભમાં જમનાર સહુ કોઇને ઝેર ચડી જવાથી ઝાડા-ઉલટીઓ થઇ. ગયાના સમાચાર બહાર આવ્યા ત્યારે તમને આમંત્રણ નહિ આપવા બદલ તમે કાકાનો મનોમન કેટલો બધો આભાર માન્યો હતો ?

પ્રત્યેક ઘટના દિવ્ય છે. પ્રત્યેક ઘટના ભવ્ય છે... દેખાવમાં બિહામણી જણાતી ઘટનામાં પણ અનુપમ સૌંદર્ય પૂરાયેલું છે. આપણી સ્થૂલ દષ્ટિના પંથ ઉપર તે ન અવતરે તેવું બને.

'જે થાય તે સારા માટે' - આ ભાવનાથી એક રાજાનો મંત્રી અત્યંત ભાવિત થયેલો હતો. તેથી તેને ક્યારેય ઉદ્વેગ નહોતો, ગ્લાનિ નહોતી, ખિન્નતા નહોતી. કારણ કે જીવનમાં બનતી પ્રત્યેક ઘટના તેને કુદરતના મહાપ્રસાદ સ્વરૂપ લાગતી હતી. કાંઇ પણ બને એટલે તેનાં મુખમાંથી શબ્દો સરી પડતા - 'જે થાય તે સારા માટે.'

એક વાર ચપ્પુ લાગવાથી રાજાની આંગળી કપાઇ ગઇ. મંત્રી બાજુમાં જ બેઠા હતા. તેમના મુખમાંથી શબ્દો સરી પડયા. 'જે થાય તે સારા માટે' આ શબ્દો સાંભળતાં જ રાજાના મિજાજની સમતુલા તૂટી.

'અરે, મારી આંગળી કપાઇ તે તને સારા માટે લાગે છે ? હરામખોર, તારા શબ્દોનું ફળ ચાખી લે.' કોપિત રાજાએ મંત્રીને કેદની સજા ફટકારી. તુરત મંત્રીના મુખમાંથી શબ્દો સરી પડયા : જે થાય તે સારા માટે.

ઘણા દિવસો પછી રાજા જંગલમાં શિકાર માટે ગયો. જંગલના ભીલોએ ઘેરો ઘાલીને રાજાને પકડી લીધો. પોતાની પલ્લીમાં બનાવેલા યજ્ઞના કુંડ પાસે ભીલો રાજાને લઇ આવ્યા. યજ્ઞમાં હોમવા માટે બત્રીસલક્ષણા પુરુષની જરૂર હતી. તેને માટે રાજાને અહીં લાવવામાં આવ્યો. યજ્ઞના પુરોહિતે રાજાનું આખું શરીર તપાસ્યું. ખંડિત આંગળીને જોઇને પુરોહિતે નિઃસાસો નાખ્યો : 'આની આંગળી તો ખંડિત છે. આનો બલિ નહિ આપી શકાય, બીજા પુરુષને લઇ આવો.'

ભીલોએ રાજાને છોડી મૂક્યો. મંત્રીના મંત્રવાક્યનું રહસ્ય હવે સમજાયું. નગરમાં જઇને પહેલું કામ મંત્રીને કેદમુક્ત કરવાનું કર્યું. રાજાએ મંત્રીને ખૂબ ધન્યવાદ આપ્યા : "ખરેખર, મંત્રીશ્વર, તમારું તે વાક્ય સાચું હતું. મારી આંગળી કપાઇ તે સારું જ થયું નહિ તો યજ્ઞનો બલિ બની ગયો હોત."

મંત્રીએ કહ્યું : "રાજન્ તમે મને કેદમાં પૂર્યો ત્યારે પણ મેં તે જ વાક્ય ઉચ્ચાર્યું હતું. તેનું રહસ્ય પકડયું કે નહિ ? જો તમે મને કેદમાં ન પૂરેલો હોત તો તમે જંગલમાં શિકારે ગયા ત્યારે તમારી સાથે હું પણ હોત. અને ખંડિત આંગળીને કારણે તમે બલિ માટે અયોગ્ય ઠર્યા તેથી મારો જ બલિ દેવાઇ જાત. પણ તમે મને કેદમાં પૂરેલો તેય મારા હિત કાજે જ. સમજ્યા ?"

મંત્રીનું ગહરું તત્ત્વજ્ઞાન રાજાના ગળે હવે બરાબર ઉતરી ગયું. આપણા ગળે પણ ઉતારી દઇએ. કેટલીક ઘટનાઓમાં, છુપાયેલું આપણું હિત પ્રત્યક્ષ નહિ દેખાય, પાછળથી વરતાશે.

બધા લોકો પૈસાના જોરે લખલૂટ વૈભવ માણે છે અને તમે દરિદ્રતાની

સપાટીએ જીવી રહ્યા છો. દરિદ્રતા અણગમતી છે. પણ, પરલોકમાં પુણ્ય પાપના હિસાબો ચૂકવતી વખતે મોજમજા કરનારના બરડાઓ પર કોરડા વીંઝાતા હશે ત્યારે તમારો આત્મા પોકારતો હશે, "સારું થયું હું દરિદ્ર હતો, તેથી જ કોરડાઓના ફટકાથી બચી શક્યો."

સાધુને ભિક્ષા મળે કે ન મળે, તે સ્વસ્થ રહી શકે છે. કારણ કે તેનું સૂત્ર છે - મળે તો સંયમવૃદ્ધિ, ન મળે તો તપોવૃદ્ધિ. આ સમાધાન છે માટે દરેક પરિસ્થિતિમાં તેને સમભાવ છે, માટે તે સ્થિતપ્રજ્ઞ છે, માટે તે મસ્ત છે, માટે તે પ્રસન્નતાથી તરબતર છે. કષ્ટો અને વેદનાઓ તેથી જ તેને દુઃખી નથી કરી શકતા. ઉપસર્ગો અને પરિષહોમાં તેથી જ તે પ્રસન્ન છે. સમાધિની આ કળા છે - સંયોગોનો પ્રસન્નવદને સ્વીકાર કરો. સમાધિનું આ સૂત્ર છે : **જે બને તે સારા માટે.** મનને સદા પ્રસન્ન રાખવાનો કીમિયો છે : Everything is in order.

શરીર નિરોગી મળ્યું	:	સારું થયું, સુંદર આરાધના કરશું.
શરીરમાં રોગ આવ્યો	:	સારું થયું, સહન કરીને કર્મ ખપાવશું.
સૂવા માટે પલંગ મળ્યો	:	સારું થયું, નિરાંતે ઊંઘ આવશે.
ભોંય પર સૂવું પડયું	:	સારું થયું, પડવાની કોઇ બીક નહિં.
સુખ-સંપત્તિ મળ્યા	:	પુણ્ય અનુકૂળ છે, ધર્મ સારો થશે.
વિપત્તિઓથી ઘેરાઇ ગયા	:	સારું થયું, ધર્મ ખૂબ યાદ આવશે.
આંખોમાં તેજ સારું છે	:	પ્રભુદર્શન, જીવરક્ષા, શાસ્ત્રવાંચન સારા થશે.
આંખોનાં નૂર હણાયા	:	ચાલો, હવે અંદરનું જોવાનો અવસર મળ્યો.
ઘાટી કામ કરવા આવ્યો	:	ચાલો, આજે ધર્મ - આરાધનાનો વધુ સમય મળ્યો.
ઘાટીએ ખાડો પાડયો	:	સારું થયું, શરીરને થોડી કસરત મળશે.
પૈસા ઘણાં કમાયા	:	ચાલો, દાનનાં ઘણાં સુકૃત્ય કરી શકીશું.
પૈસા બહુ ન કમાયા	:	સારું થયું, પૈસા મળ્યા હોત તો ઘણાં પાપ કરત.
ચા મોળી છે	:	સારું થયું, ડાયાબીટીસ નહિ થાય.

પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રસન્ન રહે તે જ સાચો મર્દ છે. નઝીરે ગાયું છે : પૂરા હૈ વહી મર્દ જો હર હાલમેં ખુશ રહે.

પત્ની મૃત્યુ પામી ત્યારે નરસિંહ મહેતાએ સમાધાન શોધ્યું : ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.

કર્કશા પત્ની મળી તેનું તુકારામે સમાધાન શોધી કાઢયું : સારું થયું, પત્ની પ્રતિકૂળ મળી, તેથી સંસારની માયામાં ફસાયો નહિ.

અનુકૂળ પત્ની મળી તેથી એકનાથે ઇશ્વરને પ્રાર્થના કરી : કુદરતની મહેરથી

પત્ની અનુકૂળ મળી છે તેથી સંસારમાં કોઇ આંધી નથી. તે ધર્મપત્નીની સહાયથી હું તારી વધુ નજીક આવી શકીશ.

સંસાર લીલી વાડી જેવો છે ત્યારે સમજવું કે કુદરતની મહેર છે.

ચારે બાજુથી આપત્તિઓ આવે ત્યારે સમજવું કે કુદરત તમારું ઘડતર કરવા માંગે છે. સેલિયા બર્લે નામના એક વિદેશી ચિંતકે લખ્યું છે : જ્યારે કુદરત માણસને ઘડવા માંગે છે ત્યારે તેને કડવા પાઠો શીખવાની ફરજ પાડે છે, માટે તેને સંઘર્ષની નિશાળે મોકલે છે.

મહાન ચિંતક સોક્રેટીસની પત્ની ઝેન્ટપી ખૂબ ઝગડાખોર હતી. ક્ષમાની ઘણી તકો આપીને સોક્રેટીસને મહાન બનાવવામાં તે પત્નીએ ઘણો ફાળો આપ્યો હતો. એક યુવક લગ્ન પૂર્વે મૂંઝવણમાં હતો કે પત્ની કેવી મળશે? સોક્રેટીસે તેને સમાધાન આપ્યું : ચિંતા ન કરીશ. પત્ની અનુકૂળ મળશે તો સંસારમાં કોઇ વિખવાદ નહિ. અને કદાચ પત્ની ઝગડાખોર મળે તો પણ સારું, જગતને બીજો સોક્રેટીસ મળશે.

એક કવિ સમાધાનનાં આ ગણિતને ગણગણે છે :
રાજી હૈ હમ ઉસીમેં, જિસમેં તેરી રજા હૈ ।
યોં ભી વાહવાહ હૈ ઔર વોં ભી વાહવાહ હૈ ।

ઇ.સ. ૧૫૩૫ માં સર થોમસ મૂરને કેદમાં પૂરવામાં આવ્યા. તેમણે રાજાનો આભાર માન્યો : “કેદમાં નાંખીને પરમ તત્ત્વનાં ચિંતન માટે તમે એકાંતની અનુકૂળતા કરી આપી, તે બદલ આપનો ખૂબ આભાર.” તેને કેદમાં અત્યંત ત્રાસ આપવામાં આવ્યો. તેણે જેલરનો આભાર માન્યો : “સહિષ્ણુતાની આટલી સુંદર તાલિમ આપવા માટે હું તમારો ખૂબ આભારી છું.” થોડા દિવસ બાદ કેદમાં રાજાના દૂતે આવીને તેમને ફાંસીની સજાનું ફરમાન સુપ્રત કર્યું. તેમણે બચેલી બધી રકમમાંથી એક સુવર્ણમૂર્તિ ખરીદીને તે દૂતને ભેટ આપી : “રાજાએ દુ:ખી સંસારમાંથી મને મુક્ત કરવાની બહુ મોટી કૃપા કરી અને તેની વધામણી આપવા બદલ હું તારું અભિવાદન કરું છું.”

વિધિના ગણિત અકળ હોય છે. દેખીતી દુ:ખમય લાગતી ઘટના વાસ્તવમાં સુખજનક હોઇ શકે છે, દેખીતી સુખમય જણાતી ઘટના કદાચ દુ:ખ માટે સર્જાયેલી હોય તેવું પણ બને. તેથી, કોઇ પણ વિષમ પરિસ્થિતિ ઊભી થતાં જરા પણ અકળાવું નહિ.

એક ખેડૂતનો ઘોડો રાત્રે ભાગી ગયો. સવારે પડોશીને આ વાતની ખબર પડી. તે ખેડૂતને આશ્વાસન આપવા આવ્યો : “તમારો ઘોડો ચાલ્યો ગયો તે ઘણું

ખોટું થઇ ગયું...." ખેડૂત તો અત્યંત સ્વસ્થ હતો. તેણે જવાબ આપ્યો : "ઘોડો ચાલ્યો ગયો તે પણ કદાચ મારું સૌભાગ્ય નહિ હોય તે કોને ખબર ?"

બે દિવસ બાદ ઘોડો જંગલમાંથી પાછો ફર્યો, પણ તેની સાથે બીજા ૮-૧૦ જંગલના જાતિવંત ઘોડાને લઇને આવ્યો. પેલો પડોશી ફરી આવી પહોંચ્યો, અભિનંદન આપવા. "તમે તો ખૂબ ભાગ્યશાળી છો. માલંમાલ થઇ ગયા. કેટલા બધા ઘોડા મફતમાં મળી ગયા ?

ખેડૂત આજે પણ મધ્યસ્થ ભાવમાં હતો. તેણે જવાબ આપ્યો : "આ પણ મારું સદ્ભાગ્ય હશે ક દુર્ભાગ્ય, તે કોને ખબર ?" અને, ખરેખર બે ચાર દિવસમાં જ એક માઠો પ્રસંગ બની ગયો. ખેડૂતનો દીકરો જંગલમાંથી આવેલા એક ઘોડા પર બેસેલો હતો ત્યારે ઘોડો તોફાને ચડયો અને તેને હેઠે નાંખ્યો, ટાંટિયો ભાંગી નાંખ્યો.

અત્યંત અધિરીયા પેલા પડોશી પાછા તુરત ટપક્યા ખેડૂત પાસે: "અરે, પટેલ, ખૂબ ખરાબ થઇ ગયું. આ જવાનીમાં તમારા દીકરાનો પગ ભાંગી ગયો, તમારે આખી જિંદગી તેની વેઠ કરવી પડશે. તેણેય આખી જિંદગી પરાધીનતામાં જીવવું પડશે." ખેડૂત તો સ્થિતપ્રજ્ઞ હતો. તેની પાસે એક જ જવાબ હતો. "આ પણ મારું સદ્ભાગ્ય હશે કે દુર્ભાગ્ય, કોને ખબર ?"

થોડા મહિના બાદ રાજ્ય પર દુશ્મનોનું આક્રમણ થયું. રાજ્યની સેનાના અફસરો ગામમાં આવ્યા રાજા તરફથી ફરમાન હતું કે, ગામમાં જેટલા યુવાન પુરુષો હોય તે બધાને ફરજિયાત સૈન્યમાં જોડાઇને સરહદ પર લડવા જવું પડશે. ખેડૂતનો દીકરો અપંગ હતો, અફસરે તેને સૈન્યમાં લેવાની ના પાડી દીધી. ગામના બીજા બધાય જવાનિયાઓને સૈન્યમાં ભરતી થવું પડયું, સરહદે લડવા જવું પડયું. અને મોટા ભાગના યુવાનો યુદ્ધમાં ખપી ગયા. પેલા પડોશીને ત્યારે પેલા ખેડૂતનું તત્ત્વજ્ઞાન સમજાયું કે, ક્યારેક પગ ભાંગે તે પણ સદ્ભાગ્યનું પ્રતિક હોઇ શકે છે.

જીવનમાં જે કાંઇ બને છે, તે સારું બને છે, આવી ઉમદા વિચારણા એ એક શુભ અધ્યવસાય છે. વિપરીત અને વિષમ પરિસ્થિતિમાં આવી શુભ વિચારણા દ્વારા મનને મલિન બનતું અટકાવવું તે એક ઉન્નત સાધના છે. આવો શુભ અધ્યવસાય પુણ્યનો ઉદય કરાવે છે. પાપના ઉદયને કારણે વિષમ સંયોગો ઉપસ્થિત થયા, તેને પણ સારા માની મનને સ્વસ્થ રાખવાનો શુભ અધ્યવસાય કેળવ્યો તેથી પાપોદય વિરામ પામ્યો, પુણ્યોદય જાગૃત થયો, પ્રતિકૂળ સંયોગો અનુકૂળ બન્યા અને આપણને પ્રતીત થયું કે, જે બને તે સારા માટે. આમ, જે થાય તે સારા માટે - આ માત્ર

મનને સમજાવવા માટેનું રમકડું નથી. પણ, આ વિચારણાથી મનને ભાવિત કરવાથી, ઉપર બતાવ્યા મુજબ સંયોગો અનુકૂળ બની જાય છે અને જે બન્યું તે સારા માટે બન્યું તેવો સાક્ષાત્ અનુભવ થાય છે.

જીવનમાં બનતી પ્રત્યેક ઘટના પાછળ કુદરતનો કોઇ ઊંડો અને રૂડો સંકેત હોય છે. તે દ્વારા પણ કુદરત મારું હિત કરવા જ ઇચ્છે છે, આ સીધી સરળ વાત જેનાં હૈયે જચી ગઇ છે તેને તો ક્રોધ સાથે બાપે માર્યા વેર જ બંધાયેલાં હશે. કારણ કે, કોઇ અપમાન કરે તે પણ તેને મન કુદરતની કૃપા છે. કોઇ ગાળો આપે તે પણ કુદરતનો મીઠો પ્રસાદ છે. કોઇ લપડાક મારે તે પણ પ્રકૃતિનો પ્રેમાળ પુરસ્કાર છે. પછી તેને ક્ષમા કરવી ક્યાં પડે ? ક્ષમા થઇ જ જાય.

(૭) સહુ કોઇ મારું હિત જ કરે છે.

સાધક આત્માની દુનિયા જુદી હોય છે, તેનું ગણિત અલગ હોય છે, તેની દૃષ્ટિ જુદી હોય છે, તેની વ્યાખ્યાઓ અને સંદર્ભો જગતથી નિરાળા હોય છે. આંતરશત્રુઓને જીતીને આત્મસ્વરૂપને જેણે છતું કરવું છે, તેણે જાત સંપૂર્ણ બદલવી પડે છે. દુનિયાના વહેણથી વિરૂદ્ધ દિશામાં તેણે વહાણ હંકારવું પડે છે.

દુનિયાનું ગણિત છે : કોઇ અનુકૂળ વર્તે તો હિત કરે છે. પ્રતિકૂળ વર્તે તો અહિત કરે છે. સાધકનું ગણિત જુદું છે : કોઇ અનુકૂળ વર્તે તો હિત કરે છે. કોઇ પ્રતિકૂળ વર્તે તો પણ હિત જ કરે છે. અનુકૂળતા આપનાર દ્રવ્યહિત કરે છે. પ્રતિકૂળતા આપનાર ભાવહિત કરે છે. અને, સાધકને મન દ્રવ્યહિત કરતાં પણ ભાવહિતનું મૂલ્ય બહું મોટું હોય છે. તેથી દ્વેષ, દુર્ભાવ કે ક્રોધાદિ દુષ્ટ ભાવોને સાધકનાં દિલમાં પ્રવેશ જ પ્રાપ્ત થઇ શકતો નથી.

લગ્ન કરીને તુરત જ રાજકુમાર ગજસુકુમાલે સંસારના મોહમય વાઘા ફગાવીને આત્મોત્કર્ષના પવિત્ર પંથને મુબારક માન્યો. રૂપ, યૌવન અને મનોરથના મોહક થાળ સમી નવપરિણીત નવયૌવનાનો પરિત્યાગ કરીને તેમણે તો સંયમસુંદરી સાથે લગ્ન કરી લીધા. રાજકુમાર ગજસુકુમાલ હવે મહામુનિ ગજસુકુમાલ બન્યા.

મહાપરાક્રમી આ ધર્મયોદ્ધા કેસરિયા કરીને કર્મના વિરાટ દળ ઉપર તૂટી પડયા. સ્મશાનભૂમિને કર્મ સામેનો સંગ્રામ ખેલવાની યુદ્ધભૂમિ બનાવી. ધ્યાનસાધનાને કર્મદળોનો કૂચો કરી નાંખતા વિનાશક શસ્ત્ર તરીકે પસંદ કરી. ભયંકર જણાતી સ્મશાનભૂમિ પર નિશાની નાજુક પળોમાં પરમતત્વ સાથે તેમણે અનુસંધાન જોડી દીધું. પોતાની યુવાન કન્યાને ત્યાગ કરનાર આ જમાઇ સોમિલ સસરાને જમ જેવો લાગ્યો. પીછો પકડતો પકડતો સસરો અહીં આવી ગયો. ક્રોધના ભયંકર વાવાઝોડાનો

તે શિકાર બનેલો હતો. ધ્યાનસ્થ ગજસુકુમાલ મુનિરાજના પવિત્ર મસ્તક પર ખેરના ધગધગતા અંગારા સસરાએ રોપી દીધા. મસ્તક પર જ્વલંત આગ પ્રજ્વલિત બની. પણ આગના ભડકા મુનિરાજની ચિત્તસ્વસ્થતાને જલાવવા સરિયામ નિષ્ફળ પુરવાર થયા. બળતા અંગારાનો આ ભયાનક જીવલેણ ઉપસર્ગ કરનાર સોમિલ સસરા પ્રત્યે પણ પરમ મૈત્રીભાવ મુનિરાજ અનુભવી રહ્યા છે. ખેરના અંગારા શરીરને જલાવી રહ્યા છે પણ દ્વેષના અંગારા મનની નિર્મળતાને ન જલાવી શક્યા. મુનિરાજના માનસપટ પર ઉપસેલો અદ્‌ભુત વિચારવૈભવ નિહાળી લઇએ :

"અરે, મને તો કેવા મહાન સસરા મળ્યા ! બીજા સસરા તો સાદી અને સસ્તી પાઘડી પહેરાવે, આ સસરા તો મસ્તક પર અણમોલ પાઘડી પહેરાવી રહ્યા છે. મોક્ષની મૂલ્યવંતી પાઘડી પહેરાવનાર આ સસરાજી તો કેવા ઉપકારી છે. અનાદિકાળથી સંચિત કરેલાં કુટિલ કર્મોનું કાટલું કાઢી નાંખવા હું નીકળ્યો છું, પણ, તે કર્મની ગંજાવર સેના સામે મારું એકલાનું શું ગજું ? તેથી કર્મનાશના મારા યજ્ઞમાં સહાય કરવા આવનાર આ સસરાજી મારા પરમ કલ્યાણમિત્ર છે. માનપાન અને હારતોરા કરનાર સ્વજનો તો માત્ર દ્રવ્યહિત કરે છે. આ તો, મારા શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટ કરવામાં મને અત્યંત સહાય કરીને મારું પરમ ભાવહિત કરી રહ્યા છે."

અંગારાની આગમાં સેકી નાંખનાર નરાધમને પણ પરમોપકારી કલ્યાણમિત્ર માનવાની લોકોત્તર કળા સાધકનો અનુત્તર જીવનવૈભવ છે.

ગાળો આપનાર પણ જેને મિત્ર લાગે, વધ કરનાર પણ જેને ઉપકારી લાગે, આગ ઓકનાર પણ જેને હિતેચ્છુ લાગે, તેના ઉંબરામાં પગ મૂકવાની પણ ક્રોધચંડાલની કોઇ હેસિયત ખરી ?

(૮) દ્વેષને પેદા કરનારો રાગ જ ભયંકર છે.

રોગનાશ કરતાં રોગના મૂળનું નિર્મૂલન વધુ માર્કસ લઇ જાય છે. દ્વેષનાં મૂળિયા અકબંધ હોય અને ઉપરથી થડ અને ડાળીઓ વાઢી નાંખો તો પણ પુનઃદ્વેષ પેદા થવાનો પૂર્ણ સંભવ છે.

અઢાર પ્રકારના પાપમાંથી શેષ સત્તર પ્રકારના પાપનો જનક રાગ છે. પરપુદ્‌ગલો પ્રત્યેના રાગની મોહદશામાં જીવ સબડે છે ત્યાં સુધી તે રાગને પોષવા હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ-અરતિ, પરપરિવાદ, માયામૃષાદ અને મિથ્યાત્વશલ્યનાં ગંદા પાણી રાગના ક્યારામાં સીંચવા જ પડે છે. એક રાગને ખસેડી લો, ક્યું પાપ થઇ શકે ? રાગને રહેવા દો, ક્યાં પાપથી બચી શકો ? પરપદાર્થો પ્રત્યેના રાગમાં વિઘ્ન કરનાર

વ્યક્તિ દ્વેષનું પાત્ર બને છે. રાગને ઉખેડી નાંખો, દ્વેષનો પ્રસવ જ નહિ થાય.

કપ-રકાબી પર રાગ હતો માટે કપ-રકાબી ફૂટી જતા સાસુને વહુ પર કોપ થયો. પૈસા પર રાગ હતો માટે પૈસાની ગોલમાલ કરનાર મુનિમજી પર ક્રોધ થાય છે. શરીર પર કારમો રાગ છે, માટે શરીરને પ્રતિકૂળતા આપનાર પર અણગમો થાય છે. માન-સન્માનની કામના છે તેથી અપમાન કરનાર વૈરી લાગે છે.

સર્વ ધર્મશાસ્ત્રોનું આ સર્વસંમત નિદાન છે.

कामात् क्रोधोऽभिजायते ।

ક્રોધ કામનામાંથી ઉત્પન્ન થાય છે. કામના એટલે ઇન્દ્રિયની પરવશતા. કષાયજય માટે ઇન્દ્રિયજય અનિવાર્ય છે. યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે પણ આ વાત જણાવી છે. "विषयैर्विजितो जन्तुः कषायैरभिभूयते" ઇન્દ્રિયોના વિષયોને જે આધીન થયો તે કષાયોથી પણ કચડાવાનો જ. ઇન્દ્રિયનો ગુલામ ક્રોધવિજેતા ન બની શકે. કોટની એક ઇટ પડતાં ભીંત તોડવી સરળ થઇ પડે છે તેમ ઇન્દ્રિયાધીન મનુષ્ય કષાયને સહેલાઇથી વશ થઇ શકે છે.

'કામ' શબ્દ મૈથુનસેવનની કામના માટે રૂઢ છે. તે કામ ઉપરનો વિજય ક્રોધવિજય માટે અત્યંત આવશ્યક છે. કામવાસનાની પીડાથી સત્ત્વ હણાય છે. સત્ત્વહીન થતાં ક્રોધાદિ દુષ્ટ તત્ત્વોને પડકારવાનું સામર્થ્ય બચતું નથી. કષાયજયને ઉલ્લસિત પરાક્રમની આવશ્યકતા છે. યોગશાસ્ત્રમાં લખ્યું છે કે સોનાને પીગાળવા ભઠ્ઠીની ગરમી જોઇએ. ક્રોધવિજય કરવો હશે તો રાગદશાને નાથવી પડશે. રાગદશાના રાફડામાં ક્રોધસર્પનો વસવાટ છે. તે રાફડાને જ ઉખેડી નાંખો તો નિરાધાર કળોતરો નાગ તમારા પાંજરામાં પુરાઇ જશે.

જૈન શ્રમણ ૪૨ દોષથી રહિત નિર્દોષ સર્વસંપત્કરી ભિક્ષા વહોરીને લાવ્યા પછી ભોજન માટે બેસે ત્યારે તેને પાંચ દોષો પર વિજય પ્રાપ્ત કરવો પડે છે. તેમાં પ્રથમદોષનું નામ છે - ઇંગાલદોષ. પ્રાપ્ત ભોજનને નીરસતાથી વાપરવામાં શ્રામણ્યનો પમરાટ છે. પણ કલાકોમાં દુર્ગંધી વિષ્ટામાં રૂપાંતર પામી જનાર ભોજનના જડ પુદ્ગલો પર આસક્તિ કરવી તે ઇંગાલ દોષ છે. ઇંગાલ એટલે અંગારો. વસ્ત્ર પર પડે તો વસ્ત્રને બાળી નાંખે તેમ ભોજનના પદાર્થનો રાગ શ્રામણ્યની મનોહર રત્નકંબલને બાળીને ચપટી રાખમાં ફેરવી નાંખે છે.

અનુકૂળ પદાર્થનો રાગ છે, તેને જ પ્રતિકૂળ પદાર્થ પ્રત્યે દ્વેષ થાય છે. જેને ગરમની અપેક્ષા છે તેને ઠંડાનો ધિક્કાર છે. જેને ઘણાંની અપેક્ષા છે, તેને થોડામાં નારાજગી છે. છત ઉપરની ટયુબલાઇટને બંધ કરવા ભીંત ઉપરનાં બટનને દબાવવું

પડે છે. દ્વેષના ભડકા શાંત કરવા રાગના ઉભરાને ઠારવો પડે છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં એક મુનિરાજનું મર્મવેધક દ્રષ્ટાંત ટંકાયેલું છે. વૃદ્ધ ગુરુના તે શિષ્યમુનિને ભિક્ષામાં ગરમ અને અલ્હાદક રાબ પ્રાપ્ત થઇ. રાબની સુવાસથી જ સુષુપ્ત રાગદશા જાગ્રત બની. મનમાં મનોરથોની અને સંકલ્પ-વિકલ્પોની હારમાળા શરૂ થઇ.

"આવી ગરમાગરમ સ્વાદિષ્ટ રાબ આજે મળી ગઇ છે. ગુરુદેવ તો વૃદ્ધાવસ્થાને કારણે દાળ-ભાત સિવાય કાંઇ લે છે જ ક્યાં ? રાબનો સંપૂર્ણ હક્કદાર હું જ બનીશ. આજે ભોજન આનંદપ્રદ રહેશે."

નિર્મોહી અણગાર રાગના સંકલેશમાં ચડયા. ઉપાશ્રયે આવીને શાસ્ત્રવિધિ મુજબ ગુરુદેવને ભિક્ષા બતાવી. ગરમાગરમ રાબ જોઇને ગુરુદેવ બોલ્યા: "વત્સ, આજે તને બહુ સારો લાભ મળી જશે. આજે સવારથી મારી દાઢ દુઃખે છે. આ ગરમ રાબ મને શાતાકારક બનશે."

ગુરુના શબ્દોએ આસક્તિ પર પહાર કર્યો. અંતરમાં ઊભી થયેલી રાબની અપેક્ષા ખંડિત થઇ. દ્વેષના તરંગો મનમાં પેદા થયા. લજ્જાનાં તાળાએ મુખને બંધ રાખ્યું તેથી એ તરંગો વચનથી પ્રગટ ન થઇ શક્યા પણ વર્તનમાં છાના ન રહ્યા. પાત્ર આદિ વસ્તુઓની પછડાટના અવાજોમાં તેમની રીસ પ્રગટ થવા લાગી.

દાઢને અનુકૂળ હોવાથી ગુરુજી બધી રાબ વાપરી ગયા અને શિષ્યનાં હૈયામાં કષાયના ભડકા થવા લાગ્યા. વર્તનની વિષમતાથી શિષ્યના કષાયનો તાગ પામતા સ્વની અને શિષ્યની ભાવદયાને ખાતર વૃદ્ધ ગુરુજીએ રાતોરાત વિહાર કર્યો. નજીકનાં નગરમાં વિદ્યમાન અન્ય મુનિવૃંદની નિશ્રામાં જઇને રહ્યા. થોડા જ દિવસોમાં આયખું પુરું થયું. તે મુનિવૃંદે અદ્‌ભુત સમાધિનું પાન કરાવ્યું. તેમના મૃતદેહને પારિષ્ઠાપનિકાની વિધિ અનુસાર મુનિઓ જંગલમાં મૂકી આવ્યા.

પેલો કષાયગ્રસ્ત મુનિ રાબ પી જનારા ગુરુનો બદલો લેવા ગુરુની શોધમાં નીકળ્યો. તપાસ કરતાં આ નગરમાં બિરાજમાન મુનિવૃંદ પાસે આવ્યો. પોતાના ગુરુજી તો આગલા દિવસે જ દેહવિલય પામી ગયા છે તે જાણી તેમના મૃતદેહને જ્યાં ફેંકવામાં આવ્યો હતો તે સ્થાને પહોંચી ગયો. ગુરુના મૃતદેહને જોતાં જ ક્રોધાનલ પ્રદીપ્ત થયો, આંખો તગતગી ઊઠી, દાંત કચકચવા લાગ્યા, ગાત્રો ધ્રૂજવાં લાગ્યાં. હાથમાં પથરા લીધા.

"હરામખોર, ગરમાગરમ રાબ આવી એટલે તારી દાઢ દુઃખવા આવી ગઇ ! મારી બધી રાબ તું ઝાપટી ગયો ! લે, તારી દાઢને સખણી કરી દઉં." અને,

પત્થરના ઘા કરીને મૃત ગુરુની દાઢના ચૂરેચૂરા કરી નાખ્યા.

ક્ષમાશ્રમણના જીવનાગારમાં કષાયચોરટો ઘૂસી ગયો અને કેવું ભયાનક રમખાણ મચાવી દીધું ! પણ પહેલાં રાગરિપુ પેઠો, પછી દ્વેષરિપુ પેઠો.

કોણિકરાજાની પદ્માવતી રાણીને હલ્લ વિહલ્લના દિવ્યકુંડલ અને સેચનક હાથીનું આકર્ષણ ઉત્પન્ન થયું તો આ રાગના પાપે આ અવસર્પિણી કાળના રથમુશલ અને શિલાકંટક નામના બે મહાસંગ્રામોનું ઉદ્ભાવન ક્યું.

કમરે બાંધવાના કપડાના ચીંથરા પ્રત્યેના રાગે આચાર્ય ભગવંતને અનાર્યદેશમાં અપંગપણે જન્મ આપ્યો !

રાગ શેના પ્રત્યે છે તે ગૌણ છે, રાગની માત્રા કેટલી છે તે જોવું જરૂરી છે. કોહિનૂર હીરા પ્રત્યેનો રાગ હોય કે ચીંથરા જેવા હાથરૂમાલ પ્રત્યનો રાગ હોય, બન્ને હોળી સળગાવી શકે છે. રાગના એન્જિનની પાછળ દ્વેષદુર્ભાવતી આખી ટ્રેન જોડાયેલી છે. ગરમ ચા પ્રત્યે આસક્તિ છે તો ઠંડી ચાનો દ્વેષ અંદર બેઠો જ છે. સિક્કાની એક બાજુ રાગ છે, બીજી બાજુ ક્રોધની આગ છે. રાગમાંથી વિરાગમાં જાઓ, તો દ્વેષમાંથી ક્ષમામાં જવા માટે લાંબી મજલ કાપવી નહિ પડે.

(૯) ક્ષમાના લાભ અપરંપાર છે.

નફા-નુકસાનના હિસાબ કરીને પ્રવર્તતી વણિકબુદ્ધિને કોઠામાં રાખીને ક્રોધ અને ક્ષમાના પેપર તપાસો તો બેશક ક્ષમાના માર્કસ વધારે હશે. વધારે-ઓછાનો પણ કોઈ સવાલ નથી. ક્રોધને શૂન્ય ગુણાંક અને ક્ષમાને પૂર્ણ ગુણાંક મળેલા હશે. ક્રોધથી કોઇક વાર દેખાતો ક્ષણિક લાભ વાસ્તવમાં મહાન ગેરલાભનો એક પર્યાય જ હોય તો એવા ક્રોધનું શરણું કોણ સ્વીકારે ?

તાત્કાલિક કે ક્ષુદ્ર લાભોને લક્ષમાં રાખીને આપણે લેખાં માંડીએ છીએ માટે આપણું જીવન ઊંધી દિશામાં ચાલે છે. ક્રોધ એ સર્વધર્મમાન્ય આત્મઘાતક રોગ છે, સર્વજનમાન્ય મહાદૂષણ છે. તેવા ક્રોધનો મહિમા ગાનારની બુદ્ધિને પેરાલિસિસ લાગુ પડયો છે.

અહંકારના વાઘા ઉતારીને વ્યક્તિ નમી પડે છે અને અપરાધોની ક્ષમા યાચે છે અને હૃદય સંકીર્ણતાને ઓગાળીને સામેની વ્યકિત ક્ષમા આપે છે, ત્યારે પરસ્પરનું જે સ્નેહમય જોડાણ થાય છે તેની આગળ ક્રોધજન્ય ક્ષુલ્લક લાભો તણખલા તુલ્ય પણ નથી.

દીર્ઘકાલીન અસરો કે લાંબા કાળે આવનારાં પરિણામોનો વિચાર કરતી

દીર્ઘકાલીન સંજ્ઞાના સ્વામી બનીને વિચારશું તો ક્ષમા એ રત્નોની પેટી લાગશે. લોકપ્રિયતા, શાંતિ, સમાધિ, આદેયવાક્યતા, સુચારુ આરોગ્ય, પરલોકમાં સદ્‌ગતિ આદિ અનેક મહાલાભોથી આગળ વધીને ક્ષણોમાં કૈવલ્ય કે નિર્વાણની ભેટ ધરી દેવાનું સામર્થ્ય આ ક્ષમામાં છે. માટે જ ઋષિઓ અને મહર્ષિઓએ પાનાંના પાનાં ભરીને ક્ષમાના ગુણલાં ગાયાં છે.

ક્ષુધાવેદનીય કર્મના તીવ્ર ઉદયને કારણે જરા પણ ભૂખ્યા નહિ રહી શકનારા કુરગડુ મુનિ સાંવત્સરિક મહાપર્વના પવિત્ર દિવસે પણ ઘડો ભરીને ચોખા વહોરી લાવ્યા. ચાર-ચાર મહિનાના ઉપવાસી મહાતપસ્વી મુનિઓની અમીદૃષ્ટિથી ચોખાનાં ભોજનને પવિત્ર કરવા આ અણગારે વહોરી લાવેલા ભાત તેમને દેખાડ્યા. પણ, ઓ મહાતપસ્વી મુનિઓને કુરગડુ મુનિનું આત્મલઘુતાસૂચક વિનય અને નમ્રતાપૂર્ણ શુભ વર્તન પણ નફફટાઇ કે ઉદ્ધતાઇનાં પ્રદર્શન જેવું લાગ્યું. મુનિવરની આ ચેષ્ટા પ્રત્યેનો અણગમો તેઓ છાનો ન રાખી શક્યા. બતાવવા સામે ધરેલા કૂરના પાત્રમાં આ તપસ્વી મુનિઓ થૂંક્યા.

રસ્તાના ખૂણામાં કોઇનું થૂંક પડેલું જોઇને પણ આપણે મનોમન ગાળો ભાંડીએ છીએ અને ભોજનનાં પાત્રમાં મુનિઓનું આ થૂંક જોઇને આ અણગાર તો નાચી ઊઠયા. “મારા લૂખા ભાતમાં આ મુનિઓએ ઘી નાખ્યું. મારું તો દળદર ફીટયું. આ તપસ્વી મુનિઓનું પવિત્ર થૂંક એ તો મહાઔષધિ છે. તેનાથી મારા તીવ્ર ક્ષુધાવેદનીયનો મહારોગ નાબૂદ થઇ જશે.” ભાવનાની ધારાએ ચડેલા કુરગડુ મુનિ તપસ્વી મુનિઓના તપને અનુમોદતા હોંશે હોંશે ભાત આરોગી ગયા.

પોતાને ખાવાના ભાતમાં કોઇ થૂંકે ત્યારે આવી ઉચ્ચ કક્ષાની વિધેયાત્મક વિચારણા લાવવી કેટલી દુષ્કર છે ? તે અવસરે તે ગુસ્સે થઇને ચાર મુનિઓને ધમકાવી શકતા હતા. અને કદાચ ૫-૨૫ માણસ ભેગું થઇ ગયું હોત તો પણ બધા તેમનો જ પક્ષ લેત અને તેમના ક્રોધને વ્યાજબી ગણાવત ! પણ, દુનિયાની ટૂંકી દૃષ્ટિનાં પ્રમાણપત્રોની આ મહાઅણગારને મન કોઇ કિંમત નહોતી !

ઉપશમભાવના અરીઠા ઘસીને કષાયના મેલને કેવો કાઢયો હશે ત્યારે એ મુનિનું હૃદય આવું પારદર્શક બન્યું હશે ! પાત્રના થૂંકમાં ઘીની કલ્પના કરવા માટે મન કષાયની પીડાથી કેટલું મુક્ત જોઇએ અને ગુણાનુરાગનો કેવો પ્રકર્ષ જોઇએ ?

થૂંકમિશ્રિત ભાત આરોગતા મુનિવરના હૃદયમાં તો એક મનોરમ્ય ભાવસૃષ્ટિ સર્જન પામી. ઉપશમભાવના સીમાડાઓ ઓળંગીને ક્ષણમાં તે તો પહોંચ્યા એક ભવ્ય ભાવનિકુંજમાં, જ્યાં અનંત લબ્ધિઓ તેમના ચરણતળે આળોટવા લાગી,

વીતરાગતા તેમનો સ્વભાવ બની, અનંતજ્ઞાન તેમની મૂડી બન્યું, અનંત દર્શનનો વૈભવ તે પામ્યા.

ક્ષમાભાવથી રક્ત રહેવાનું ફળ જુઓ - આત્મસ્વરૂપનું પ્રાગટય.

તેમની ક્ષમાથી તુષ્ટ થઇને કુદરતે વિશ્વશ્રેષ્ઠ ચીજ ભેટ આપીને તેમનું બહુમાન કર્યું. તે જોઇને પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરીને પેલા ચાર તપસ્વી મુનિઓને પણ કેવલજ્ઞાન પ્રગટ થઇ ગયું. હવે વિચારો, ચાર તપસ્વી મહાત્માઓ પાત્રમાં થૂંક્યા ત્યારે કુરગડુ મુનિએ ક્રોધ કર્યો હોત તો બીજીવાર આ રીતે પાત્રમાં થૂંકવાની હિંમત ન કરે તેટલો ભય પમાડવાનો એક ક્ષુદ્ર લાભ કદાચ મળી જાત પણ, તેની સામે નુકશાનો કેટલાં ?

- જે કૈવલ્યની પ્રાપ્તિ કરી તે ન કરી શક્યા હોત !
- ક્રોધવિવશ બનવા જતા ઉગ્રતા આવી જવાને કારણે ગુણસ્થાનકથી પતન પામી જતા કદાચ ભાવશ્રામણ્ય ગુમાવી બેઠા હોત !
- ચાર-ચાર મહિનાના તપસ્વી મહામુનિઓની ઘોર આશાતના કરી બેઠા હોત !
- તપસ્વીઓની આશાતનાને કારણે તપના અંતરાય વધુ ગાઢ બનતા તપયોગ દુ:શક્ય હતો તે અશક્ય બની ગયો હોત !
- મુનિઓ પરના ક્રોધની ઉગ્રતાથી ૫-૨૫ માણસ એકત્ર થઇ જાત. શાસનની અપભ્રાજના (નિંદા) નું નિમિત્ત પોતે બની જાત !
- અન્ય લોકોને પણ તપસ્વીઓ અને સાધુની નિંદા કરવાના પાપમાં પાડવાનું પોતે કારણ બની જાત !
- તે સાંવત્સરિક મહાપર્વનો દિવસ હતો. તે દિવસે જ ચિત્ત સંકિલષ્ટ બની ગયું હોત તો વર્ષભરના પાપો અને અપરાધોનું સાચું પ્રતિક્રમણ ન કરી શક્યા હોત !
- સહવર્તી મુનિઓ સાથે આ પ્રસંગથી કટુતા થઇ જતા તે શ્રમણવૃંદનું વાતાવરણ કલુષિત બની ગયું હોત !
- ચાર મુનિઓના પણ આત્મોત્કર્ષનું નિમિત્ત બન્યા તેને બદલે અપકર્ષનું નિમિત્ત બન્યા હોત !

ક્ષમા કરીને કેટલું મેળવી શક્યા ! ક્રોધ કરવા જતા છઠ્ઠે ગુણસ્થાનકેથી પડીને કદાચ પ્રથમ ગુણસ્થાનકે પણ પહોંચી ગયા હોત અને ક્ષમા રાખી તો તેરમા

ગુણસ્થાનકનો પ્રકૃષ્ટ આત્મવૈભવ પામી ગયા.

થૂંકને ય રસાયણ બનાવનારા, ભોજનને ય કૈવલસર્જક સાધના બનાવનારા અને તિરસ્કારનારા મુનિઓને પણ કૈવલ્યની ભેટ ધરનારા કુરગડુજીનું પવિત્ર ચરિત્ર ક્ષમાના શીતલ ઝરણા ભણી આંગળી ચીંધે છે. ધિક્કાર, તિરસ્કાર, દ્વેષ કે દુર્ભાવ કોઇ ગમે તેટલા વરસાવે, તમે આ ઝરણા પાસે દોડી જાઓ. દ્વેષનો સાચો પ્રત્યુત્તર પ્રેમ છે. વેરનો સાચો પ્રતિભાવ મૈત્રી છે. ક્રોધનો ખરો જવાબ ક્ષમા છે. દુર્ભાવનો સાચો પ્રતિધ્વનિ સમભાવ છે. આ જીવનમંત્ર આત્મસાત કરી લો. પછી કોઇ ગાળ આપશે તોય તે તો કોઇ ચારણે ગાયેલી પ્રશંસાની બિરુદાવલી જેવી લાગશે. કોઇ ગાલે તમાચો મારશે તે પણ વ્હાલપનાં પ્રતીક સમો લાગશે. અને, ભોજનમાં કોઇ થૂંકશે તો તે ગળફો પણ ઘીના કોળિયા જેવો લાગશે. અને ત્યારે જે ઉપશમભાવ આત્મસાત્ બનશે તે બધીય આરાધનાઓમાં ચેતના પૂરશે. પછી, મુક્તિ પણ હાથ લાંબો કરીને પકડી લેવાય એટલી નજીક આવી જશે.

(૧૦) હું ક્ષમાશીલ મહાવીરનો અનુયાયી છું.

નવજાત સિંહશિશુને એક રબારી જંગલમાંથી ગામમાં લઇ આવ્યો અને પોતાના ઘેટાના વાડામાં પૂર્યું, ઘેટાની સાથે ઉછેર્યું. રબારીના ઇશારાથી ઘેટા જે પ્રવૃત્તિ કરે તે મુજબ તે કરવા લાગ્યું. મોટું થવા છતાં ઘેટાનાં ટોળા વચ્ચે પોતાની જાતને ઘેટું સમજીને જ તે રહેવા લાગ્યું. એક વાર ઘેટાનાં ટોળા સાથે જંગલમાં ચરવા ગયું હતું. દૂરથી સિંહની ત્રાડ સંભળાઇ. તે ત્રાડ સાંભળતાં જીવનમાં તેને પહેલીવાર ભાન થયું કે હું તો સિંહબાળ છું અને આ ભાન થયા પછી તે હવે તે ઘેટામાં પડયું રહે ખરું? તે તો છલાંગ મારીને ત્યાંથી ભાગ્યું અને પર્વતની કોઇ ગુફામાં એકાકીપણાના મિજાજને ધારણ કરવા લાગ્યું.

જાતનું ભાન માનવીમાં અપાર સત્ત્વ પ્રગટાવે છે. યાદ કરો દેવાધિદેવ મહાવીરને. અપાર સત્ત્વના એ સ્વામીએ ક્ષમા કરવામાં પરાક્રમ માન્યું અને ક્રોધને કાયરતા ગણી. રાક્ષસી અટ્ટહાસ્યો, પિશાચી હાંકોટાઓ, ઘાતકી વાઘ-વરૂ, બિહામણા હાથી, તીક્ષ્ણ ધીમેલો, કાળોતરો નાગ કે ઝેરી વીંછીઓના રૂપ કરીને શૂલપાણિ યક્ષે આ મારા નાથ પર એક જ રાતમાં કેટ-કેટલું ગુજાર્યું છે ! એના મંદિરમાં રાત રહેવાના તેણે માનેલા અપરાધ બદલ આ પ્રભુ પર તેણે કેટલું વીતાવ્યું ? આ તો કોઇ જડ પથરો હતો કે કુહાડાના ઘા વીંઝે જ જાઓ ! પણ કોઇ પરમના અનુસંધાનમાં ચડેલા આ મહાપંથના યાત્રીને આ ત્રાસની કોઇ જ અસર નહીં ! પ્રભુના મુખ પર પથરાયેલી અપ્રતિમ પ્રસન્નતાનો એક અંશ પણ ઓછો ન થયો ! કઇ નદીના જલ એણે પીધા હશે ?

અને, પેલો સંગમ તો અધમતાની પરાકાષ્ટાએ પહોંચ્યો છતાં મહાવીર ન ડગ્યા કારણ કે તે સમભાવના શિખરે મહાલતા હતા ! મેરુની ચુલિકાને ય ઉથલાવી દે તેવો કારમો વંટોળિયો તેણે વિકુર્વ્યો પણ પ્રભુ વીરનું તો રૂવાડું ય ન ફરક્યું.

અંધારા ઓરડામાં બેસીને પ્રભુ વીર પર સંગમે કરેલા ઉપસર્ગોની તમે માત્ર કલ્પના કરો અને તમે ચીસ પાડી ઊઠશો, પણ વીર તો સંપૂર્ણ સ્વસ્થ હતા. ક્ષમાનાં અમૃત તેમની રગ-રગમાં પ્રસરેલાં હતાં.

હાથીનું રૂપ લઇ સંગમે ભગવાનને આકાશમાં અદ્ધર ઉલાળીને દંતશૂળ પર ઝીલી લીધા ત્યારે કેવી વેદના વીરે અનુભવી હશે ! પણ, પ્રભુ વીરની મસ્તીને એક ઘોબો પણ ન પડયો. બિચારો સંગમ !

દુનિયાભરનાં બધાંય ઘાતકી તત્ત્વોને સંગમે આમન્ત્ર્યાં હતાં ! પરિષહો અને ઉપસર્ગોની મોટી ફોજ લઇને તે ઊતરી પડયો હતો ! કીડીઓ અને ધીમેલોએ શરીરને ચાળણી જેવું બનાવ્યું. વીંછીઓએ કારમાં ડંખ દીધા. નાગ અને અજગરોએ પ્રભુ વીરના દેહનો જાલિમ ભરડો લીધો. એ દુષ્ટ સંગમે પક્ષીઓનાં પીંજરા લાવીને વીરની કાયા પર લટકાવ્યાં અને ચાંચથી વીરની કાયાને પક્ષીઓ ફોલી ખાવાં માંડયા. પ્રભુના મસ્તક પર કારમું કાળચક્ર એવું તો ફેંક્યું કે પ્રભુ ઘૂંટણ સુધી જમીનમાં ખૂંપી ગયા. મહિનાઓ સુધી તો પ્રભુને ભિક્ષા ભ્રષ્ટ કરીને નિર્જળ ઉપવાસ કરાવ્યા છે, આ દુષ્ટ સંગમે ! એ સુરાધમે ત્રાસ આપવામાં કાંઇ બાકી નથી રાખ્યું. મહાસત્ત્વના સ્વામી પ્રભુ વીરને માટે આ સંગમ એ બગાઇ કે મગતરાથી વધીને કાંઇ નહોતો. ભગવાને પગની એક આંગળીથી તેને જરાક દબાવ્યો હોત તો "વોય-વોય" ની બૂમો પાડતો રિબાઇ મર્યો હોત ! પ્રભુએ ચરણોપાસક ઇન્દ્રને બોલાવીને ફરિયાદ પણ કરી નથી કે, આ નીચને જરાક મેથીપાક ચખાડ.

પ્રભુએ તો ક્ષમાનાં અમૃતથી તેને નવડાવ્યાં જ કર્યો છે. પણ એ બિચારા વામનનું હેરાન કરવાનું પણ કેટલું ગજું હોય ! હેરાન કરી કરીનેય આખરે થાક્યો અને હાર્યો. નિષ્પ્રકમ્પ મેરૂને ડગાવવાની વાયરાની શી ગુંજાઇશ ? પગ પછાડતો તે ભાગ્યો. પણ હવે વીરની ક્ષમાનું સર્વોચ્ચ શિખર અહીં જોવા મળ્યું. પ્રભુના આ ક્ષમાપૂર્ણ લોચનમાંથી કરુણાનાં બે અશ્રુ ટપક્યા. તે આંસુમાં સંગમ માટેની જ ઘેરી વેદના ચીતરાયેલી હતી.

"વિશ્વના સર્વ જીવોની આધ્યાત્મિક ઉન્નતિ માટે મેં ભેખ લીધો છે. આખા ય સંસારને જીવોથી ખાલી કરીને બધા જ જીવોને સિદ્ધશિલાના પરિપૂર્ણ સુખના ધામમાં ઠાલવી દેવાની મારી તીવ્ર ભાવના છે અને આ બિચારાની અવનતિનું નિમિત્ત

હું જ બની ગયો ! સંસાર સાગરમાં ડૂબતા બધાને પકડીને તારી દેવાના મારા અરમાનો છે અને આ તો મને પકડીને જ ડૂબી ગયો !"

આપણું ખરાબ કરનાર વ્યક્તિનું કાંઇક ખરાબ થાય ત્યારે આપણે મનમાં હરખાઇએ છીએ. "ઠીક થયું, એ જ લાગનો હતો." અને પ્રભુ વીર તો સંગમની અવનતિ થશે તે વિચાર માત્રથી ધ્રૂજી ઊઠયા. સંગમનું કાળચક્ર પડવા છતાં સ્મિત વેરનારા મહાસહિષ્ણુ પ્રભુ વીરનું હૃદય કેટલું કોમળ હશે કે સંગમની અવનતિના વિચાર માત્રથી રડી ઊઠયા. ક્ષમાની સરહદ આટલી બધી પહોળી હશે તેની કલ્પના પણ આવે ?

આ મહાવીરના આપણે વારસદાર છીએ. આ ક્ષમામૂર્તિ વીરના આપણે સંતાન છીએ. કાનમાં ખીલા ઠોકાવા છતાં સ્મિત રેલાવનાર પ્રભુ વીરનો સંતાન કાનમાં કોઇએ આપેલી ગાળ સંભળાતા પ્રજ્વલી ઊઠે ? તમારામાં રહેલી વીરની સંતાનિયતનું સ્મરણ કરો, સાચું વીરત્વ સ્ફુરાયમાન થશે જે ક્રોધને કાયરતા માનશે અને ક્ષમાને પરાક્રમ ગણી તે પરાક્રમ ફોરવવા ઉલ્લસિત બનશે.

(૧૧) હું પશુ નથી, માનવ છું.

प्रत्यहं प्रत्यवेक्षेत नरश्चरितमात्मनः ।
किं नु मे पशुभिस्तुल्यं, किं वा सत्पुरुषैरिव ॥

રોજ પોતાની જાતનું અન્વેષણ કરતા માનવીએ પોતાની જાતને પૂછવું જોઇએ કે, મારું જીવન પશુની તોલે આવે તેવું છે કે સત્પુરુષોને છાજે તેવું છે ?

જાતને આ પ્રશ્ન પૂછયા પછી તેનો જવાબ મેળવવા માટે એક નજર પશુસૃષ્ટિ તરફ નાંખવી પડશે. અને પછી જાતનું અન્વેષણ કરીન તુલના કરવી પડશે. પશુ એ પશુ છે અને માનવ તેનાથી ઘણી વિકસિત અને ઉચ્ચ કક્ષામાં રહેલી હસ્તી છે. પશુનાં અને માનવનાં જીવનમાં કોઇક નોંધપાત્ર ફરક નજરે પડવો જોઇએ.

ખાવું, પીવું, સૂવું, ભોગવવું આદિ તો પશુ અને માનવમાં સમાન છે. ફરક એટલો કે, કૂતરો ચાટમાં ખાય, ગાય-ભેંસ ગમાણમાં ખાય અને માનવી ડાઇનીંગ ટેબલ પર સ્ટીલના વાસણમાં ખાય. કૂતરો રસ્તા પર સૂવે અને માનવી ડનલોપની ગાદી પર સૂવે. પોતાની બુદ્ધિશક્તિને કારણે ખાવા-પીવા આદિની પ્રવૃત્તિઓ માનવી ગોઠવીને સુપેરે કરે તેટલા માત્રથી તેને પશુથી જુદો ન પાડી દેવાય. પશુ-માનવની ભેદરેખા બીજી કોઇક હોવી જોઇએ. વિવેક, વિરાગ, સમત્વ આદિ દ્વારા માનવી પશુથી જુદો પડવો જોઇએ.

બેકારીથી ત્રાસેલા એક યુવાને શહેરના પ્રાણીસંગ્રહાલયના વ્યવસ્થાપક પાસે

ક્યાંય પણ નોકરી અપાવવા વિનંતી કરી. વ્યવસ્થાપકશ્રીએ તેને કહ્યું:

"આ મારી ઓફિસમાં તો કારકુન વિ.ની કોઇ જગ્યા ખાલી નથી. બીજી એક નોકરી આપું પણ કામ થોડું હલકું છે અને ખૂબ જવાબદારીભર્યું છે. ફાવશે ?"

વાત સાંભળતા જ યુવાન ખૂબ ઉત્સાહમાં આવી ગયો. "આપ કહેશો તો સંડાસ સાફ કરીશ, પણ મને નોકરીએ લગાડો."

"ના, એટલું બધું હલકું કામ નથી. જો, પ્રાણીસંગ્રહાલયનું મુખ્ય આકર્ષણ વાંદરો કહેવાય. પણ અહીંનો વાંદરો મરી ગયો છે અને કોઇ નવો વાંદરો હજુ સુધી પકડાયો નથી. વાંદરાનું પાંજરું ખાલી છે તેથી મુલાકાતીઓની સંખ્યા ઘટી ગઇ છે. અમારી પાસે વાંદરાનું આબેહૂબ મહોરું તૈયાર છે. તારે રોજ આ મહોરું પહેરીને પાંજરામાં ગોઠવાઇ જવાનું અને વાંદરાને છાજે તેવી કૂદાકૂદ અને હૂપાહૂપ કર્યા કરવાની. કોઇ પણ વ્યક્તિને ભૂલેચૂકે પણ ખબર ન પડવી જોઇએ કે તું સાચો વાંદરો નથી. આટલી તારી જવાબદારી."

"આ તો મને બહુ સરસ ફાવશે."

તે યુવાનને નોકરી પર નિયુક્ત કરવામાં આવ્યો. બીજા દિવસથી તેની કામગીરી શરૂ થઇ ગઇ. આબેહૂબ વાંદરો જ જોઇ લો ! મુલાકાતીઓનો ધસારો વધવા લાગ્યો.

એક વાર તેના કોલેજના મિત્રો પ્રાણીસંગ્રહાલય જોવા આવેલા અને તેના પાંજરા સામે ઊભા રહ્યા. મિત્રોને જોઇને ખૂબ તાનમાં આવી ગયો. અને મોટા કૂદકા શરૂ કર્યા. એક ઊંચો કૂદકો મારીને નીચે પડવા જતા જરાક ચૂક્યો અને બાજુના પાંજરામાં જઇને પડયો. બાજુનું પાંજરું તો વાઘનું હતું. તે ગભરાયો અને બૂમાબૂમ શરૂ કરી : બચાવો..... બચાવો.

પેલા વાઘે તેને હાંકોટો કર્યો : "અલ્યા, ચૂપ મર. તારી પોલ તો ઉઘાડી પડી જશે, મારી પણ પડી જશે."

તે વાઘ પણ વાઘનાં મહોરામાં માણસ હતો. પછી તો તપાસ ચલાવી તો ખબર પડી કે આખા પ્રાણીસંગ્રહાલયમાં એક પણ સાચું પ્રાણી નહોતું.

વાંદરાનાં મહોરામાં માણસ.
વાઘનાં મહોરામાં માણસ.
સિંહનાં મહોરામાં માણસ.
વરૂનાં મહોરામાં માણસ.

હવે પ્રશ્ન એ છે, આપણું મહોરું માણસનું છે, અંદર કોણ છે ? માણસના મહોરામાં અંદર કોઇ બિલાડી, કૂતરો, સાપ કે સિંહ તો બેઠો નથી ને ? ઉંદર નજરે પડતાં બિલાડી તેના પર તૂટી પડે. બિલાડી નજરે પડતાં કૂતરો તેના પર તૂટી પડે. સાપ અને નોળિયા વચ્ચે વેર. ગજ અને ગ્રાહ વચ્ચે વેર. મૃગ અને સિંહ વચ્ચે વેર. બીજી શેરીનો કૂતરો પોતાની શેરીમાં પગ મૂકે તો આખી શેરીના કૂતરા કોલાહલ મચાવી દે છે. સર્પ અને નાગ ફૂંફાડા મારતા હોય, ઝેર ઓકતાં હોય. આ બંધુ તે તે જાતિના દરેક પશુમાં સહજ હોય છે. તેથી નક્કી થાય છે કે જાતિ વૈર, ઘાતકીવૃત્તિ, ક્રૂરતા, વિષમયતા, ઉગ્રતા, બીજાની ઉપસ્થિતિને ખમવાની અસહિષ્ણુતા આદિ પશુવૃત્તિઓ (Animal Instincts) છે.

પશુની કક્ષા નીચી છે, માનવીની કક્ષા ઘણી ઊંચી છે. તેથી માનવીને કોઇ પશુ કહે તે ખમાતું નથી, તે તેનું અપમાન છે, હીનતા છે. કોઇ પશુ કહે તે ન ખમાય તો પશુની જેમ રહેવું તો તેને કેવી રીતે મંજૂર હોઇ શકે ?

ક્રોધના આક્રોશ અને ઝેરીલા નાગના ફૂંફાડામાં શું ફરક છે ? જ્યારે હું અત્યંત ક્રોધાવેશમાં આવીને ભાનભૂલો બનું છું ત્યારે માનવી મટીને સાપ બની જાઉ છું. જ્યારે અન્યના ઉત્કર્ષને સહી શકતો નથી ત્યારે હું માનવીના ખોળિયામાં કૂતરો હોઉં છું. જ્યારે સાસુ-વહુ, દેઠાણી-જેઠાણી કે બે શોક્યોના સંઘર્ષો નજરે પડે છે ત્યારે કૂતરા-બિલાડી, સાપ-નોળિયા કે ગજ-ગ્રાહના વિગ્રહોથી કલંકિત પશુસૃષ્ટિ મારા માનસપટ પર ઊપસે છે.

આપણું માનવપણું આપણને વહાલું હોય તો ક્રોધ, દ્વેષ, ઝગડા, સંઘર્ષ આદિને જીવનમાંથી હકાલપટ્ટી કરવાનો આદેશ ફાડતા આપણને કાંઇ વાર લાગે ખરી ?

(૧૨) ક્રોધ બિલકુલ બિનજરૂરી છે.

સમ્રાટ થીયોડોસીયસની આજ્ઞા હતી કે :-

મારી નિંદા કરનારને સજા કરવી નહિ. કારણ કે,

- જો નિંદા સાચી હોય તો નિંદકનો આભાર માનવો.
- જો નિંદા ખોટી હોય તો હસી કાઢવી.
- અને, નિંદા દ્વેષભાવથી કરાઇ હોય તો નિંદકને ક્ષમા આપવી.

આ જ રીતે વિચારતા ક્રોધની પણ કોઇ જ આવશ્યકતા જણાતી નથી. અનેક અપેક્ષાઓ છે. ભિન્ન દૃષ્ટિકોણો છે, બુદ્ધિને વિચારવાના અનેક માર્ગો છે. યોગ્ય માર્ગ અપનાવીને નક્કી કરી શકાય કે ક્રોધ બિલકુલ જરૂરી નથી. કુતર્કથી જો

પ્રત્યક્ષસિદ્ધ વસ્તુના નાસ્તિત્વની પણ સિદ્ધ થઇ શકતી હોય તો બુદ્ધિના બળથી ક્રોધની અનાવશ્યકતા આપણે ન સિદ્ધ કરી શકીએ ?

તમારા ઘરની ભીંત પર આટલું બોર્ડ ટીંગાડશો ?

ક્રોધ બિલકુલ ગેરવ્યાજબી છે. કારણ કે :-

- અપરાધ અજાણતા થયો હોય તો ક્રોધ તદ્દન અનુચિત છે.
- વાસ્તવમાં અપરાધ ન હોય અને આપણને લાગતો હોય તો આપણા અધૈર્ય, પૂર્વગ્રહ આદિનો દોષ છે.
- અપરાધ, ઉતાવળ, અનાવડત આદિને કારણે થયો છે તો બીજી વાર તેમ નહિ કરવાની શિખામણથી જ કામ પતી જાય છે.
- અપરાધીએ કરેલી ભૂલ સુધારી લેવાનો અવકાશ છે, તો ભૂલ સુધારી લેવાને બદલે ક્રોધની પંચાતમાં પડવું તે મૂર્ખતા છે.
- અને, અપરાધ જો દ્વેષભાવથી પ્રેરાઇને ઇરાદાપૂર્વક કરવામાં આવ્યો છે તો ક્ષમાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો છે.

(૧૩) દોષ મારો પણ હોઇ શકે છે.

કેટલાંય પરિબળો એવાં છે જે ખોટા નિર્ણય તરફ બુદ્ધિને દોરી જાય છે. બીજાને અપરાધી માનીને ક્રોધપાત્ર ઠેરવવામાં આપણે ઘણીવાર તેને ઘોર અન્યાય કરી બેસતા હોઇએ છીએ. વાસ્તવમાં દોષ આપણાં પક્ષે જ હોય છે. પૂર્વગ્રહ, અહંકાર, અનૌદાર્ય, અણસમજ, ગેરસમજ, અધૂરી સમજ, આપણો કડપ, કોઇની ચડામણી, વ્યક્તિની લાચારી વિ. અનેક પરિબળોને ધ્યાનમાં લીધા વિના આપણે ફેંસલો આપી અન્યને અપરાધી ઠેરવી દઇએ છીએ, ત્યારે આપણો ફેંસલો ન્યાયપૂર્ણ ન કહી શકાય.

કોઇને અન્યાય ન થઇ જાય તે હેતુથી ઉપરોક્ત પરિબળોને લક્ષ્યમાં લઇને ફરી ફરી ખૂબ ઝીણવટથી વિચારવું અને પોતાનો દોષ શોધવા પ્રામાણિક પ્રયત્ન કરવો આવશ્યક છે, તેમ કરવાથી કેટલાય ક્રોધના પ્રસંગો આપોઆપ ટળી જશે.

(૧૪) સંપ ત્યાં જંપ

ક્ષમાના સાધકે સંપના મહિમાથી આત્માને ખૂબ ભાવિત કરવાની જરૂર છે. ક્રોધ સ્નેહને ઓગાળે છે. સંબંધોને ખંડિત કરે છે અને બે દિલ વચ્ચે મોટી દીવાલ રચે છે. સંપના મહિમાથી ભાવિત થયેલો આત્મા ક્રોધના આ નુકસાનોથી વાકેફ હોવાના કારણે તુરંત સાવચેત થઇ જશે.

સફળતા માટે સંગઠનબળ એ અનિવાર્ય આવશ્યકતા છે. કોઇ પણ વ્યકિત સાથેનો વિગ્રહ એ કુસંપનું બીજ છે તેથી સફળતાનું ઘાતક છે. મરણપથારીએ પડેલા પિતાએ ચાર પુત્રોને સંપનો મહિમા સમજાવવા એક લાકડાની બાંધેલી ભારીના ટુકડા કરવા કહ્યું. ચારેય પુત્રોએ એ ભારીને તોડવાના ઘણા પ્રયત્ન કર્યા પણ નિષ્ફળ ગયા. પછી ભારી છોડીને લાકડાં અલગ કરીને તોડવાના પ્રયત્ન કરવા સૂચવ્યું. તેમ કરવાથી થોડા જ પ્રયત્નમાં આખી ભારીના ટુકડા તે કરી શક્યા. આ ટુચકા પાછળ પિતાનો ઉપદેશ હતો.

તમે સંગઠિત રહેશો તો તમે અજેય બની શકશો. પરસ્પરના કલેશ-કંકાસથી તૂટી પડશો. કુસંપથી તમારી તાકાત નબળી પડશે.

સંપનો મહિમા કોઇ કવિએ નોખી રીતથી ગાયો છે.

સંપ કર્યે કિંમત વધે, ઘટે કર્યે મન રીસ ;

થાય અંક મુખ ફેરવે, તેસઠના છત્રીસ

છ અને ત્રણ સંપ કરી એકબીજા સામે મુખ કરીને બેસે તો ૬૩ (તેસઠ) થાય છે અને ઝગડો કરીને મુખ ફેરવી નાખે તો કિંમત ઘટીને ૩૬ (છત્રીસ) થઇ જાય છે.

નવડાની વાત પણ જુઓને ? નવ નવડા એક બીજા ઉપર ચડવાનું અભિમાન કરી બેસે તો તેમની કિંમત માત્ર ૮૧ થાય છે અને સંપ કરીને સાથે બેસે તો એક અબજમાં માત્ર એક જ ખૂટે છે.

સંપની વાત જ ન્યારી છે. જીવનમાં શાંતિ અને શક્તિ વધારવા સંપ જોઇએ. એ સંપ ટકાવવા ક્ષમા જોઇએ. કોઇની નાની મોટી ભૂલોને ખમી ખાતા મનને કેળવ્યા વિના સંપ દુષ્કર છે.

(૧૫) બીજો ક્રોધ કરે છે તે મને અનિષ્ટ લાગે છે, તો તે અનિષ્ટનું આચરણ મારાથી કેમ થાય ?

મનની અવળચંડાઇના દર્શન કરવા છે ? પોતાના ગુણોને આગળ કરીને જાતને પ્રશંસે છે અને, અન્યના દોષોને આગળ કરીને અન્ય વ્યક્તિને નિંદે છે. આ પ્રવૃત્તિ પરથી જીવની વૃત્તિ અને વલણ પકડાઇ જાય છે કે -

તેને મન ગુણોની મહત્તા નથી, જાતની મહત્તા છે. તેને દોષો અપ્રિય નથી. જીવો અપ્રિય છે.

જો ગુણોની મહત્તા હોય તો અન્ય ગુણવાન વ્યકિતની પ્રશંસા કરવાનું મન

કેમ ન થાય ? દોષો અપ્રિય હોય તો જાતના દોષોને નિંદવાનું દિલ કેમ ન થાય ? આ અવળચંડાઇ દ્વેષ અને ક્રોધના કચરાને જીવનમાં પ્રવેશ કરાવતો દરવાજો છે. પ્રસ્તુત ભાવના એ તે દરવાજાને બંધ કરનારું ખંભાતી તાળું છે. પેલી અવળચંડાઇને નિવારનારું અક્સીર રસાયણ છે.

વ્યક્તિ પ્રશંસનીય નથી, ગુણ પ્રશંસનીય છે. વ્યકિત નિંદનીય નથી, દોષ નિંદનીય છે. જો દોષ જ નિંદાપાત્ર હોય, ત્યાજ્ય હોય અને જુગુપ્સનીય હોય તો એવા દોષોનો સંગ મારાથી કેમ કરાય ? ક્રોધી વ્યકિત ગમતો નથી તો તેના ક્રોધને મારાથી આશ્રય કેમ અપાય ? અન્ય વ્યક્તિ-પ્રત્યે જે અપેક્ષા હોય છે તે દરેક બાબતની જાતમાં પૂર્તિ કરે તે સજ્જનનું લક્ષણ છે. દરેક વ્યક્તિ સમતાપૂર્ણ અને ક્ષમાશીલ હોવી જોઇએ તેવી અપેક્ષા રહે છે. તેથી જાતે સમતાસાગર અને ક્ષમાશીલ બનવું તે સજ્જનતા અને આરાધકતા છે.

લેવા-દેવાનાં કાટલાં જુદા રાખે એ પ્રામાણિક ન કહેવાય. બીજા તરફથી સુખ-પ્રેમ, આદર, ક્ષમા જોઇએ છે તો બીજાને પણ એ જ આપો.

(૧૬) ક્રોધ અનેક નિર્દોષ વ્યકિતને અન્યાય કરી દે છે.

માનેલા અપરાધીને સજા કરી દેવાનો તીવ્ર આવેગ કેવા અંધ બનાવી દે છે? તે ક્રોધના તણખા કેટલાય નિર્દોષની જીવનમઢુલીમાં આગ ચાંપે છે, તે વિચારવાની દૃષ્ટિ પણ બિડાઇ જાય છે.

બે કુમારની ભૂલના ભોગે આખી દ્વારિકાને બાળવા તત્પર બનેલા દ્વૈપાયનને લાખો નિર્દોષને થઇ રહેલો અન્યાય ક્યાં દેખાયો ?

દોષિતને સજા કરવા જતા કોઇક નિર્દોષને જરા સરખોય અન્યાય થઇ જતો હોય તો તે જરાય ઇચ્છનીય નથી. ન્યાયતંત્રની એ નીતિ હોય છે કે, દશ દોષિત ભલે નિર્દોષ છૂટી જાય પણ એક નિર્દોષને તો સજા ન જ થવી જોઇએ. આ નીતિને અપનાવશો તો ક્રોધ અસ્પૃશ્ય લાગશે.

સૂતેલા પાંચ પાંડવપુત્રોની અશ્વત્થામાએ હત્યા કરી નાખી. તે હત્યારા અશ્વત્થામાને પકડીને પાંડવોએ દ્રૌપદી સમક્ષ હાજર કર્યો. ક્રોધથી પાંડવોનાં ગાત્રો કંપતાં હતાં. દ્રૌપદીને પૂછ્યું.

"બોલો, તમારા પુત્રના હત્યારાને કઇ સજા કરવી છે ? તમે કહો તો તેના શરીરના રાઇ જેવડા ટુકડા કરીએ. તમે ફરમાવો તો તેને ઉકળતા તેલમાં તળી નાંખીએ. તમારી ઇચ્છા હોય તો તેને જીવતો જ ભૂમિમાં દાટી દઇએ" ત્યારે દ્રૌપદીએ જવાબ આપ્યો :

"જવા દો, મારી ઇચ્છા છે, તેને છોડી દો, પુત્રોના મૃત્યુથી પુત્રવિરહની વેદના હું અનુભવું છું. આની હત્યા કરશો તો તેની માતા પુત્રવિરહિણી બનશે, એ અસહ્ય વ્યથા અનુભવશે. અપરાધી અશ્વત્થામા છે, તેની માતા નહિ. તેને સજા કરવા જતાં તેની માતાને સ્હેજ પણ અન્યાય થઇ જાય તે સજા બિલકુલ અનુચિત છે. માટે, તેને ક્ષમા જ કરી દો."

(૧૭) ક્ષમા એ જ શ્રેષ્ઠ બદલો છે :

અંગ્રેજીમાં એક વાક્ય છે. Forgivness is the noblest revenge.

કોઇ અપરાધ કરે ત્યારે ખૂબ સજા આપી દેવાની તાલાવેલી થાય છે ને ? અપરાધીને ઉત્કૃષ્ઠ શિક્ષા કરી દેવાનો આવેશ આવી જાય છે ને ? તેને બે-ચાર ગાળ દેવાથી શું સજા થશે ? બે-ચાર થપ્પડ પણ કંઇ મોટી શિક્ષા કહેવાય ? ક્ષમા જેવી કડક સજા બીજી કોઇ નથી. ક્ષમા જેવો શ્રેષ્ઠ બદલો બીજો એકે ય નથી.

એક રાજાના ચાર નોકરોએ એકસરખો સંભીર અપરાધ ર્ક્યો. ચારેયને રાજા સમક્ષ ખડા કરવામાં આવ્યા. પહેલાને રાજાએ દેહાંતદંડની સજા ફરમાવી. બીજાને દેશનિકાલ કર્યો અને ત્રીજાને જન્મટીપની સજા કરી. ચોથા નોકરને રાજાએ માત્ર એક જ વાક્ય કહ્યું: "તેં આવી ભૂલ કરી ? તારી પાસે આવી અપેક્ષા નહોતી." બીજી કોઇ જ સજા ચોથા નોકરને ન કરી. પણ, તેની એટલી ઘેરી અસર તે નોકર પર પડી કે બીજી સવારે તેનો મૃતદેહ તેના ઘરમાંથી મળી આવ્યો.

ક્ષમા ક્યારેક અપરાધી પર જાદુઇ અસર ઉપજાવે છે. બીજી સજા તેના શરીરને ઘાત પહોંચાડે છે. પણ ક્ષમા તેના અંતરાત્માને અડે છે. હૃદયને દઝાડે છે. સજાપાત્ર વ્યક્તિ નથી પણ તેની દોષિત વૃત્તિ છે. ક્ષમાથી તે વૃત્તિને દંડ થાય છે, માટે તે જ સાચી સજા છે. ગુનાની સજા કરવા પાછળ કોર્ટનો ઉદ્દેશ એ જ હોય છે કે અપરાધી ફરી ગુનો ન કરે. કોઇ વ્યકિત આપણા પ્રત્યે અપરાધ કરે અને તેને સજા કરવાનું મન થાય છે તેનું કારણ પણ એ જ હોય છે કે ફરી તે અપરાધ કરવાનું નામ ન લે. આક્રોશ, ક્રોધ કે મારપીટની સજાથી આ આશય બર નહિ આવે. તે આશયને સિદ્ધ કરવા તો એક જ સજા છે - ક્ષમા.

તેણે અપરાધ ભલે ર્ક્યા પણ તે જીવ મટીને જડ નથી બન્યો. તેનામાં ચેતના હજુ ધબકતી છે. તેના સંવેદનાતંત્રને તમારો ઉદાર ક્ષમાભાવ એક સારી ચોટ લગાડશે. દ્વેષથી કલુષિત બનેલી તેની અંતરોર્મિઓ પર તમારો ઉપશમ જાદુઇ કરામતો કરશે. તમને ધિક્કારતું હૃદય તમને ભેટવા આતુર બનશે. તે હૃદયમાં ઊઠેલા તમારા પ્રત્યેના દ્વેષભાવનું ગલન કરનારી આ ક્ષમાપના એ જ બદલો લેવા માટેનું શ્રેષ્ઠ શસ્ત્ર છે.

(૧૮) કર્મોદયથી થતું નુકસાન અનિવાર્ય છે. ક્રોધથી થતું નુકસાન નિવાર્ય છે.

અપરાધીઓની મોટી લંગાર ખડી થઇ છે...
કોઇ ગાળાગાળી કરે છે.
કોઇ શારીરિક નુકશાન કરી જાય છે.
કોઇ પ્રતિષ્ઠાને કાળા ડાઘ લગાડી જાય છે.

આ બધા નુકશાન કરનાર કોઇને કોઇ વ્યક્તિ છે. પણ, તે દરેકની પાછળ કર્મસત્તાનો હાથ છે. કુટિલ કર્મના ઉદયથી જ આ બધી મોંકાણ ઊઠેલી છે. પણ, એ કર્મની બાજી આપણા હાથમાં ક્યાં છે ? ટાઇમબોમ્બની જેમ નિશ્ચિત સમયે ઉદયમાં આવીને કોઇને કોઇ અપરાધીઓ ઊભા કરીને આપણું બગાડનારા કર્મનો કોઇ ઇલાજ આપણા હાથમાં નથી. અપરાધીઓ દ્વારા જે બગડતું દેખાય છે, તે વાસ્તવમાં કર્મોદયથી બગડયું છે, અને તે અનિવાર્ય છે. પણ, હવે તે અપરાધી પ્રત્યે ક્રોધ કરવાથી પણ આત્મગુણોને મોટો ફટકો પડવાનો છે, શુભ મનોહર અધ્યવસાયો પર એક કાળો બટ્ટો લાગી જવાનો છે, અને અશુભ ચીકણાં કર્મોનું વાવેતર થવાનું છે. આ મહાભયંકર નુકશાન છે. અને, આ નુકશાન પોતાને આધીન છે. જાત પર થોડો અંકુશ રહે તો આ નુકશાન નિવારી શકાય છે.

મારા દ્વારા તો મને કોઇ નુકશાન ન જ થવું જોઇએ, એટલો સંકલ્પ કરો એટલે ક્રોધને ટાળવાની તમને ફરજ પડશે.

(૧૯) મારું બગાડવાની કોઇની તાકાત નથી :

સ્વ-પરનું ભેદજ્ઞાન આવ્યા પછી ક્રોધ બિલકુલ અનાવશ્યક બની જાય છે. પૈસા મારા, બંગલો મારો, પરિવાર મારો, દુકાન મારી, શરીર મારું આદિ મમકાર અજ્ઞાનજનિત છે. સ્વ - પરનું ભેદજ્ઞાન થાય પછી આ બધું જ પરકીય લાગે છે અને જ્ઞાન, વીતરાગતા, ક્ષમા, નમ્રતા મૃદુતા, ઋજુતા આદિ ગુણો જ સ્વકીય પ્રતીત થાય છે. હવે ક્રોધને કોઇ અવકાશ ખરો ? વંથલીના વનેચંદને કોઇ લૂંટે તો તમને ગુસ્સો આવે છે ? ઔરંગાબાદના ઇબ્રાહિમને કોઇ મારે તો તમે આવેશમાં આવો છો ? માણસાના મણીભાઇને કોઇ ઝૂડે તેની કોઇ અસર તમને થાય છે ? નથી થતી. કારણ કે તે બધા પારકા છે. જે કાંઇ બગડયું તે બધું પરકીય છે માટે ક્રોધ થતો નથી. તેમ, પૈસા, બંગલો, પરિવાર, શરીર આદિ પણ પરકીય જણાઇ જાય પછી તેમાં કોઇ પણ વ્યક્તિ કાંઇ પણ બગાડો કરે તો ય શરીરનું રૂંવાડુ પણ ન ફરકે કારણ કે સ્વ-પરનાં ભેદજ્ઞાન દ્વારા તે બધા સાથે સંબંધવિચ્છેદ કરી લીધો છે. અને, જ્ઞાનાદિ ગુણો સ્વકીય છે, તેને બગાડવાની કે લૂંટવાની કોઇની હેસિયત નથી.

ક્રોધની અનાવશ્યકતાને કોઇ ગેરવ્યાજબી ગણાવી શકે ખરું ?

(૨૦) ક્રોધાધીન બનવાથી પ્રાપ્ત થયેલા આત્મવિકાસના ઊજળા સંયોગો નિષ્ફળ જશે.

મોંઘેરો માનવભવ મળ્યો, ઊજળો આર્યદેશ મળ્યો, જયવંતુ જિનશાસન મળ્યું. પ્રાપ્ત થયેલા આ અનુપમ સંયોગોની સફળતા શામાં છે ?

પશુ આદિના ભવમાં અન્ય જીવોના સામે ક્રોધ કરીને ક્રોધને તગડો બનાવવાનું જ કાર્ય કર્યું છે. તે દુર્ગતિઓની અજ્ઞાનદશામાં ક્રોધના કટુ વિપાકોનું જ્ઞાન આપનાર જ કોઇ નહોતું. અનેક ભવોમાં પુષ્ટ કરેલા એ ક્રોધાદિના દુષ્ટ સંસ્કારોને દફનાવવાની પવિત્ર ક્રિયા માત્ર મનુષ્ય જ કરી શકે છે. અનાદિ કાળથી પૂંઠે પડેલા ક્રોધને કાનબુટ્ટી પકડીને સજા કરવાનું ભાન અને સામર્થ્ય અહીં જ પ્રગટે છે.

ખંભાત જાઓ અને કપડું કે કિરાણું લઇને આવો તેમાં શું વિશેષતા ? તે તો બધે જ મળે છે. હલવાસન ખંભાતની વિશેષતા છે. ખંભાત ગયા અને હલવાસન લીધા વિના આવ્યા ? સુરત ગયા અને ઘારી લીધા વિના આવ્યા ? કાવી ગયા અને માવો લીધા વિના આવ્યા ? મુંબઇ ગયા અને હલવો લીધા વિના આવ્યા ? જે સ્થાનની જે સ્પેશ્યાલીટી હોય એટલે કે જે ત્યાં જ મળતું હોય અને બીજે ખાસ ન મળતું હોય, તે વસ્તુ તો તે સ્થાને જાઓ ત્યારે ખાસ લેવી જોઇએ, તેમ સહુ કોઇ માને છે.

તો ક્રોધાદિ કષાયો ઉપરનો વિજય એ મનુષ્યભવની સ્પશ્યાલીટી છે. મનુષ્યભવ પૂર્ણ થઇ જાય અને તે પ્રાપ્ત ન થાય તો મનુષ્ય ભવ નિષ્ફળ નહિ ? ક્રોધે ધમધમવાનું નાગના અવતારમાં ક્યાં નથી કર્યું ? બીજાને જોતાંની સાથે ભસ્યા કરવાનું કૂતરા બનીને ક્યાં નથી કર્યું ? રૌદ્રતા અને હિંસકતા વાઘ, વરૂ અને દીપડાના ભવમાં ક્યાં નથી સેવી ? મારામારી અને કાપાકાપીના કામ ઘોર નરકાગારોમાં ઘણાં કર્યાં. ઇર્ષ્યાથી પ્રેરાઇને અધિક સમૃદ્ધિને ધારણ કરનાર સાથે સંગ્રામો દેવના ભવમાં પણ ખેલ્યા. કષાયો સામે સંગ્રામ ખેલવાની રણભૂમિ મનુષ્ય જન્મ સિવાય બીજી કઇ હોઇ શકે ? આંતરરિપુઓને કચડવાની મજા જેટલી મનુષ્ય માણી શકે તેટલું બીજાનું ક્યાં ગજું ?

અને, અચિંત્ય ચિંતામણી તુલ્ય પરમાત્માનું શાસન મળ્યા પછી ય ગુણદારિદ્રય જરાય ન ટળે તે કેવી અવદશા કહેવાય ?

(૨૧) ક્રોધ કરવો એ મોહની આજ્ઞા છે, ક્ષમા રાખવી એ જિનેશ્વરની આજ્ઞા છે.

જૈન શાસ્રોમાં છ પ્રકારના ભાવોની પ્રરૂપણા કરવામાં આવી છે. તેમાં કર્મના

ઉદયથી અનુભવાતા ભાવો એ ઔદયિક ભાવ છે અને કર્મના ક્ષયોપશમથી અનુભવાતા ભાવ એ ક્ષાયોપશમિક ભાવ છે. ઔદયિક ભાવો કર્મના ઉદયથી વશ થવા સ્વરૂપ હોવાથી મોહની આજ્ઞા સમાન છે. ક્ષાયોપશમિક ભાવો કર્મના ઉદયને નિષ્ફળ કરવા સ્વરૂપ હોવાથી જિનાજ્ઞાના પાલન સમાન છે.

કોઇકે અપમાન કર્યું, મનમાં આવેશ આવ્યો, તે આવેશને વશ થઇને ઉગ્ર બન્યો એટલે મેં મોહની આજ્ઞા પાળી. કોઇકે અપમાન કર્યું, મનમાં આવેશ આવ્યો, મેં તે આવેશને નિષ્ફળ કરીને ક્ષમા રાખી એટલે મેં જિનની આજ્ઞા પાળી. મોહની આજ્ઞાઓને શિરોમાન્ય કરીને અનંતકાળ સંસારમાં રખડયો છું. તેની આજ્ઞાઓને ઉથાપીને જિનેશ્વરની આજ્ઞાઓને મસ્તકે ચડાવવામાં જ સાચું કલ્યાણ છે.

(૨૨) ઉપશમ એ મારું કર્તવ્ય છે :

જો હું જિનશાસનનો શ્રમણ છું, તો ક્રોધની સાથે મારે અસ્પૃશ્યતાનો વ્યવહાર અનિવાર્ય છે. જ્ઞાનીઓએ મારું નામ જ પાડયું છે - ક્ષમાશ્રમણ. દશ યતિધર્મમાં પણ ક્ષમાને આગળ કરી છે. ક્ષમામાં જ શ્રામણ્યનો જ્ઞાનીઓએ ઉપચાર કર્યો છે. ક્ષમા મારું કર્તવ્ય છે, ક્ષમા મારો ધર્મ છે, ક્ષમા મારો પ્રાણ છે, ક્ષમા એ જ હું છું.

જો હું જિનશાસનનો શ્રમણોપાસક શ્રાવક છું તો પણ ઉપશમ એ મારું નિત્ય કર્તવ્ય છે. મન્હજિણાણંની સજ્જયમાં શ્રાવકનાં ૩૬ કર્તવ્યો છે, તેમાં લખ્યું છે : **ઉવસમ** વિવેગ સંવર ભાષાસમિઇ છ જીવ કરુણાય.....

ઉપશમને નિત્ય કર્તવ્ય ગણાવીને ગમે તેવા સંયોગોમાં પણ ક્ષમા રાખવાની જ્ઞાનીઓએ મને ફરજ પાડી છે.

જો હું, વિરતિ વગરનો પણ સમ્યગદષ્ટિ આત્મા છું તો પણ ઉપશમ એ મારા જીવનનું અંગ છે. સમ્યગ્દર્શનનાં પાંચ લક્ષણોમાં પહેલું જ ઉપશમ છે.

હું ચાર વર્ણમાંથી કોઇ પણ વર્ણનો છું તો પણ ક્ષમા મારો સ્વધર્મ છે, તેમ સર્વ શાસ્ત્રોનો એકમત છે.

મારાં તે-તે સ્થાનોને યોગ્ય મળેલા એક પણ અધિકારને હું જવા દેતો નથી. સ્વામિવાત્સલ્યમાં મારા શ્રાવકપણાંને આગળ કરીને પહેલો પહોંચી જાઉ છું. જૈન માટેની સ્કોલરશિપ આદિમાં મારું જૈનત્વ જલ્દી આગળ કરી દઉં છું. જૈનો માટેની રાહત-યોજનાઓ આદિમાં મારા કપાળના બદામ જેવા ચાંદલાને તુરત વટાવી દઉં છું. તો હવે કર્તવ્યની ઉપેક્ષા પણ કેમ થાય ?

(૨૩) ક્રોધનું નિમિત્ત એ પરીક્ષાનો અવસર છે. ક્રોધ કરવો તે પરીક્ષામાં નિષ્ફળતા છે :

કષાયની પરિણતિને ઓગાળવા તો વર્ષોથી ધર્મની આરાધના કરીએ છીએ. કેસર ઘોળીને પરમાત્માની પૂજના આત્મવિકાસ સાધવા કરી છે. પ્રતિક્રમણ અને પૌષધ પણ, સામાયિક અને તપજપ પણ, કે સ્વાધ્યાય અને શ્રવણ પણ આત્મસ્વરૂપને ઓળખવા અને પામવા કર્યા છે. ક્રોધાદિ કષાયોના નિમિત્ત મળે ત્યારે સમજવું કે પ્રાપ્ત કરેલી સમજ અને આજ સુધી આરાધેલી આરાધનાને કસોટીએ ચડાવવાનો એ સુઅવસર છે. અને, એ પણ સમજી રાખવું જોઇએ કે તે તે નિમિત્તોમાં ક્રોધ આપણને ઘોડા કે ગધેડા માનીને આપણી પીઠ ઉપર સવાર થઇ જતો હોય તો આપણે આવી ગયેલી પરીક્ષામાં નિષ્ફળ પુરવાર થયા છીએ, પરાજયના કલંકથી કલંકિત બન્યા છીએ. ક્રોધને વશ બનવાથી પ્રાપ્ત કરેલી સમ્યક્ સમજ ઘવાય છે, ડહાપણ નંદવાય છે અને જીવનશાળાનાં પ્રગતિ-પત્રકમાં એક લાલ ચોકડી વધે છે અને ગુણાંક ઘટે છે.

એક વણકરની ક્ષમાશીલ તરીકે ખૂબ ખ્યાતિ થઇ હતી. એક યુવક વણકરની ક્ષમાની કસોટી કરવા આવ્યો. તેણે વણકર પાસે એક ધોતિયાની કિંમત પૂછી. વણકરે કહ્યું: ૫૦ રૂપિયા. પેલા યુવકે તે ધોતિયાના કાતરથી બે ટુકડા કરી નાંખ્યા. વણકરે કહ્યું : "હવે આની કિંમત માત્ર ૨૫ રૂપિયા છે. કારણ કે, હવે આ ધોતિયા તરીકે કામ નહીં લાગે, ચાદર તરીકે જ કામ લાગશે." પેલા યુવકે હજુ તે કાપડના બીજા બે ટુકડા કર્યા. વણકર બોલ્યો. "હવે માત્ર ૧૨ રૂપિયા કિંમત, કારણ કે માત્ર ટુવાલ તરીકે જ તમને આ કપડું કામ લાગશે." હજુ યુવકે વણકરને ગુસ્સે કરવા વધુ બે ટુકડા કર્યા. પણ, વણકર ગુસ્સે થયા વગર બોલ્યો: "હવે તો માત્ર પાંચ રૂપિયા જ લાગશે, કારણ કે આ કપડું હવે તો માત્ર નેપકીન તરીકે જ તમને ઉપયોગી બનશે." તે પછી પેલા યુવકે બે ટુકડા કર્યા. પણ, વણકરે કહ્યું: આ કપડાની હવે કોઇ કિંમત નથી. કારણ કે તમને કોઇ કામમાં નહિ આવે.

પરીક્ષા કરવા આવેલો યુવક થાક્યો પણ ક્ષમાશીલ વણકર ન થાક્યો.

(૨૪) ક્ષમા રાખવાથી ક્ષમાના સંસ્કાર પડે છે. ક્રોધ કરવાથી ક્રોધના સંસ્કાર પડે છે :

જીવનો સંસાર પાપપ્રવૃત્તિઓથી નહિ પણ પાપવૃત્તિઓથી ચાલે છે, કર્મના બંધથી નહિ પણ અનુબંધથી ચાલે છે, પાપના ઉપાર્જનથી નહિ પણ પાપના સંસ્કારથી ચાલે છે. પાપની એકાદ પ્રવૃત્તિ તો દુ:ખનો એકાદ થાળ પીરસીને ખસી જાય છે. પણ પાપની વૃત્તિ આવા નવા નવા થાળ પેદા કર્યા જ કરે છે અને સંસાર ચાલ્યા કરે છે. માટે જ, ક્રોધાદિ દુષ્ટ વૃત્તિઓને ઓગાળવાની અને ક્ષમાદિ ગુણોના

સંસ્કારો પાડવાની આવશ્યકતા પ્રત્યેક આત્મસાધક માટે ઘણી છે. અને, તે પણ સમજી લેવું જોઇએ કે પ્રવૃત્તિના સાતત્યથી સંસ્કાર ઘડાય છે અને સાતત્ય તોડવાથી સંસ્કાર ઓગળે છે.

નિમિત્ત મળ્યું, ખૂબ ક્રોધ કર્યો, અશુભ કર્મનો બંધ થયો. આ મામૂલી વસ્તુ છે. પણ, ક્રોધની પ્રવૃત્તિથી ચિત્તમાં ક્રોધનો સંસ્કાર પડયો તે મોટું નુકશાન છે. કારણ કે આ સંસ્કાર ફરીફરીથી ક્રોધ કરાવશે. તે પ્રસંગમાં ક્રોધવશ બનવાને બદલે ક્ષમા રાખવામાં આવે તો સંસ્કાર ક્ષમાનો પડશે. અને, આ સંસ્કાર બીજી વાર પણ ક્રોધનું નિમિત્ત મળતા ઉપશમ જ સુઝાડશે.

ડોશી મરી તેનો વાંધો નથી પણ જમ ઘર ભાળી ગયો તે ખોટું થયું-આવી એક ગુજરાતી કહેવત છે. એકવાર ક્રોધ થઇ ગયો તે હજુ ચલાવી લઇએ પણ એક વારના ક્રોધથી ક્રોધચંડાલ ઘર ભાળી જાય છે અને વારંવાર મુલાકાતે આવવા માંડે છે તે અસહ્ય બીના છે. નાના નાના પ્રસંગે ક્ષમા રાખવાથી ક્ષમાનો અભ્યાસ પડે જે મોટા નિમિત્ત સામે પણ અડીખમ ઊભો રહે છે.

(૨૫) અન્યની વૃત્તિઓ પર મારો અંકુશ શક્ય નથી. પણ, મારી વૃત્તિઓ મને આધીન છે :

દુનિયાના જીવો એટલે અપાર વૈવિધ્યનું એક વિશાળ પ્રદર્શન.
સહુના ચહેરા જુદા, સહુના મહોરાં જુદા.
સહુ પોત-પોતાના કર્મોને આધીન.
સહુ પોત-પોતાની ટેવોને આધીન.
સહુ પોત-પોતાના સંયોગોને આધીન.
સહુ પોત-પોતાની પ્રવૃત્તિને આધીન.
સહુને પોત-પોતાનું સ્વતંત્ર મન છે, સ્વતંત્ર વિચાર છે.
સહુને પોત-પોતાની સ્વતંત્ર જીભ છે, સ્વતંત્ર ભાષા છે.
સહુને પોત-પોતાની સ્વતંત્ર કાયા છે, સ્વતંત્ર પ્રવૃત્તિ છે.

પોતાના મનથી તે ગમે તે વિચારી શકે છે. મારુ અહિત અને અપ્રિય પણ વિચારી શકે કારણ કે તે મન ઉપર તેમનો અધિકાર છે.

પોતાની જીભથી તે ગમે તે બકી શકે છે. મને ગાળો પણ પરખાવી શકે અને મારી નિંદા પણ કરી શકે. કારણ કે તે જીભ ઉપર તેમનો અધિકાર છે. પોતાની કાયાથી તે ગમે તે પ્રવૃતિ કરી શકે છે. મને અણગમતી પ્રવૃત્તિ પણ તે કરી શકે. કારણ કે, તે કાયા ઉપર તેમનો અધિકાર છે. સહુનાં મન, વચન અને કાયા ઉપર

અંકુશો અને નિયંત્રણો નાખવાનો પરવાનો મને કોઇએ આપ્યો નથી. પણ, મારુ મન મારા તાબામાં છે. મારી જીભ પર મારો કબજો છે. મારા દેહ ઉપર મારું વર્ચસ્વ ચાલે છે.

કોઇએ મારા પ્રત્યે પ્રતિકૂળ વર્તન કર્યું તેને અટકાવવાનું મારા હાથમાં નહોતું. પણ, તેનાં પ્રતિકૂળ વર્તન સામે મારામાં પ્રગટ થતા ક્રોધને અટકાવવો મારા હાથની વાત છે. અને, ક્રોધથી બચવાનો ઉપાય આ જ છે. મને ક્યારેય ક્રોધનું નિમિત્ત ન મળે તે માટે આખી દુનિયાને ક્રોધમુક્ત કરી દઉં તેવું વિચારનારા શેખચલ્લીઓ ઉપહાસપાત્ર છે. કંટકોથી બચવા પૃથ્વીને ચામડાથી ન મઢાય, પોતાના પગને જ ચામડાનાં જોડાથી મઢવા પડે.

બીજા મને ગુસ્સો કરે છે તેવા વિચાર એ નબળો વિચાર છે. એવી વિચારણામાં બીજાને સૂત્રધાર બનાવીને આપણે કઠપૂતલી બનીએ છીએ, તેથી ગુસ્સો છોડવાનું કાર્ય મુશ્કેલ બની જાય છે. તેથી તેમ વિચારવાને બદલે ગુસ્સો આવી જાય ત્યારે પણ એમ વિચારો કે - મેં ગુસ્સો કર્યો. ગુસ્સો થવાની ચાવી તમારા હાથમાં રાખશો તો ગુસ્સો નહિ કરવાની ચાવી પણ તમારા જ હાથમાં છે તેની તમને ખાત્રી થશે.

(૨૬) ક્રોધ મોટે ભાગે નિષ્ફળ છે :

સફળતાની સંભાવના વિના ડગલું પણ ભરવું અનુચિત છે તો પછી નિષ્ફળતાઓની સંભાવનાઓ જ્યાં ખડકાયેલી છે તે પંથ ઉપર ચાલવાનો તો વિચાર પણ કેમ કરાય ? વહુએ કપ-રકાબી ફોડયાં, સાસુના ગુસ્સાથી ફૂટેલાં કપ-રકાબી સાજાં થઇ જશે ? નોકરે ઇસ્રી કરતા નવા શર્ટને બાળ્યું. શેઠના ગુસ્સાથી શર્ટ નવું થઇ જશે ? બાળકે રમતમાં શાહીનો ખડિયો ઢોળી નાખ્યો. ક્રોધ કરવાથી હવે તે શાહી પાછી આવશે ?

તમે કહેશો, થયેલું નુકશાન તો મટવાનું નથી પણ ગુસ્સો કરવાથી ધાક પેદા થાય છે અને ભૂલોનું પુનરાવર્તન અટકે છે. ગુસ્સાનો બચાવ કરવાની ઢાલ તરીકે આ દલીલ બહુ સારી છે પણ તદ્દન વાહિયાત છે. ગુસ્સાથી ધાક નહિ પણ ભય પેદા થાય છે. અને, ભય હંમેશા ભૂલોનું પુનરાવર્તન કરાવે છે.

વળી, ભૂલોનું પુનરાવર્તન અટકાવવા માટે ક્રોધ કરતાં ક્ષમા એ સફળ ઉપાય છે. ચીડ ભરેલા ક્રોધ કરતાં મીઠા ઠપકાથી ભરેલી સુંદર શિખામણ ભૂલોને રોકવામાં અક્સીર નીવડે છે. વળી, ક્રોધથી સંબંધો શિથિલ બનવાથી બીજી વાત સમજાવટપૂર્વક કહેવાનો અધિકાર પણ ચાલ્યો જાય છે. તેથી, ક્રોધની નિષ્ફળતાનો વિચાર પણ

ક્રોધથી માણસને સેંકડો માઇલ દૂર રાખે છે.

(૨૭) ક્ષમા દુર્લભ છે માટે ઘણી કિંમતી છે.

અર્થશાસ્ત્રનો આ સિદ્ધાંત છે કે જેની તંગી હોય તેનું મૂલ્ય વધારે હોય. હવા વિના ક્ષણભર તો ચાલતું નથી, છતાં તે છૂટથી મળે છે. માટે તેનું કોઇ મૂલ્ય ચૂકવવું પડતું નથી. રેલ્વે સ્ટેશન પર એક ગ્લાસ પાણી માટે પાવલીના વીસ પૈસા કરાવવા પાંચ મિનિટ સુધી રકઝટ કરનાર કોઇ વેરાન રણમાં ભૂલો પડયો હોય અને તૃષાથી મરી રહ્યો હોય ત્યારે એક ગ્લાસ પાણીના કોઇ લાખ રૂપિયા માંગે તો પણ માણસ આપવા તૈયાર થઇ જશે.

મુંબઇવાસીને હલવાની કિંમત નથી કારણ કે મુંબઇમાં સુલભ છે. સુરતીને ઘારીની કિંમત નથી કારણ કે રોજ મળે છે. અવારનવાર ટપકી પડનારા જમાઇની કોઇ કિંમત રહેતી નથી. બે-ચાર વર્ષે આવનાર જમાઇની ખૂબ જ સરભરા થાય છે. સરકાર સાકરનો વધુ કવોટા રિલીઝ કરે તો સાકર સસ્તી થઇ જાય અને કાપ મૂકે તો સાકર મોંઘી થઇ જાય. સતત ટક્ટક્ કર્યા કરનાર સેકન્ડકાંટાને કોઇ ગણકારતું નથી, કલાકે એકવાર બોલનારા ટકોરાની ખાસ નોંધ લેવાય છે.

આ બધાં વ્યાવહારિક ઉદાહરણો પરથી પ્રતીત થાય છે કે, જેની તંગી હોય તેની કિંમત વધારે હોય છે. ધૂળ-ઢેફાનું કોઇ મૂલ્ય નથી, સોનું ઘણું મોંઘું હોય છે.

હવે ક્રોધ અને ક્ષમાનું મૂલ્યાંકન કરો. ક્રોધ કોને નથી આવતો ? ક્રોધ કેટલો સુલભ છે ? બચ્ચાથી બુઢા સુધીના સહુ કોઇ ક્રોધથી ગ્રસ્ત છે. જ્ઞાની અને તપસ્વીઓ પણ તેનાથી પરાજિત છે. આમ ઢેબે ટીપાતા ક્રોધની કોઇ કિંમત નથી. ક્ષમા તો કોક વીરલા વિરલ પ્રસંગે જ રાખી શકે છે. હજારો કે લાખો વ્યક્તિમાં કોક જ પુરુષ ક્ષમામૂર્તિ જોવા મળે છે. તો નક્કી કરી લો, લાખમાં એક મળે તેની કિંમત વધારે કે ૯૯ હજાર મળે તેની કિંમત વધુ ? ક્ષમા અત્યંત દુર્લભ છે માટે ખૂબ જ મૂલ્યવાન છે. ક્રોધ સુલભ છે, માટે તેનું કોઇ મૂલ્ય નથી.

ઉપસંહાર :

ક્રોધનું પ્રસવસ્થાન મન છે. મનમાં જન્મે છે અને મનમાં જ ઉછરે છે. તેનું બાળપણ મનમાં પુરું થાય છે. વચન કે વર્તનથી તે બહાર પ્રગટ થાય ત્યારે તો તે યુવાન અને પહેલવાન હોય છે. તેથી, ક્રોધ પર ચડાઇ કરવા માટે મનનું મેદાન જ પસંદ કરવા જેવું છે. મનનાં આંગણામાં બિચારો ઢીંચણીએ ચાલતો શૈશવમાં વિહરી રહ્યો હોય ત્યારે જ તેના પર આક્રમણ કરી દેવામાં સફળતાની સુલભતા છે. અથવા તો એવાં કોઇ રસાયણો સીંચીને મનોભૂમિને ક્રોધના પાક માટે આયોગ્ય બનાવી દેવી

જોઇએ.

વૈચારિક ભાવનાઓ આવું ઉત્તમ અને અક્સીર રસાયણ છે. ક્રોધના અપાયો દર્શાવતી કે ક્ષમાની ઉપાદેયતા જણાવતી નિષેધાત્મક કે વિધેયાત્મક વિચારણાઓ એ મનોભૂમિમાં ક્રોધ સામે જંગ ખેલવાનાં કાતિલ શસ્રો છે. અહીં આવી છવ્વીસ ભાવનાઓ વર્ણવી છે. ક્રોધનો તાવ અત્યારે ચડેલો હોય કે ન હોય, આ ભાવનાની ઔષધિનો એક ડોઝ નિત્ય લેવો જોઇએ. તેનાથી મનનું આરોગ્ય હંમેશા સ્વસ્થ રહે છે.

ક્રોધ આવે છે ત્યારે નુકસાનોની મોટી વણઝાર લઇને આવે છે. ક્ષમાની લાલ ઝંડી ઊંચી કરવાથી એ વણઝાર જીવનનાં આંગણાની બહાર જ થંભી જાય છે. ક્રોધથી થતા અઢળક નુકસાનોથી બચાવે છે ક્ષમા. પરમોપાસ્ય તત્ત્વની ઉપાસનામાં અનુસંધાન જોડી આપે છે ક્ષમા. પરમપદને પગ તળે શીઘ્ર લાવી મૂકે છે ક્ષમા. પરલોકને ઊજળો કરી આપે છે ક્ષમા. મનને પ્રસન્ન રાખે છે, તનને નિરામય રાખે છે. કુટુંબમાં સંપ સર્જે છે. જીવનમાં શાંતિ સ્થાપે છે. લોકમાં યશ ફેલાવે છે, સહુની ચાહના મેળવી આપે છે. ક્રોધજય સત્ત્વને વિકસાવે છે અને સ્વત્ત્વને પ્રગટ કરે છે. ક્રોધ મુડદાલ બનતા બીજા કષાયો પણ બાપડા બને છે. અનેક આપત્તિઓ અને પ્રતિકૂળતાઓને સમભાવે સહન કરવાથી અઢળક કર્મરાશિ ક્ષય પામે છે.

ક્ષમાશીલ માનવી સહુનો વિશ્વાસપાત્ર બને છે. ક્ષમાવાન વ્યક્તિથી સહુ નિર્ભીક રહે છે. તેથી, તેની ભૂલો અને ક્ષતિઓ પણ પ્રેમપૂર્વક નીડરપણે તેને કહી શકે છે. ભૂલો સુધરે છે અને જીવન ઉન્નત બને છે. ઉપશમના મનોહર રંગોથી મઢેલું ચિત્ત સ્વસ્થ અને શાંત હોય છે. ક્રોધથી કલુષિત ચિત્ત ડામાડોલ હોય છે. શાંત ચિત્તમાં જ આરાધનાની સુંદર રંગોળી ચીતરી શકાય છે. ક્ષમાથી આત્માનું કૌવત ખીલે છે. સિદ્ધિઓ શક્ય કે સુશક્યના ખાનામાં ઘર બદલે છે.

કેટલાક તુચ્છ અને ક્ષુદ્ર દેખીતા લાભોની ફાટેલી ચાદર નીચે ઢંકાયેલા ક્રોધના અપરંપાર નુકસાનો અને જીવનને સમૃદ્ધિમંત બનાવતા અનેક લાભોના નિધિ સમાન ક્ષમાના બેસુમાર લાભોની તુલના પરિણત પ્રજ્ઞાનાં ત્રાજવાથી કરશું ત્યારે ક્ષમાનું મૂલ્ય આપણને સમજાશે. આપણે તેને કાયરોનું લક્ષણ ગણી બેઠા છીએ પણ તે તો શૂરવીરોનું આભૂષણ છે.

ક્ષમાજન્ય અપરંપાર ફાયદાઓ તમારા જીવનના આંગણામાં પ્રવેશ ઝંખી રહ્યા છે. જરા ખડકી ઉઘાડશો ?

❋ ❋ ❋

ખંડ – ૪

- પર્યુષણ અને ક્ષમા
- ક્ષમાના પાંચ પ્રકાર

તેણે નોકર પર ગુસ્સો કર્યો,
નોકર સીધોદોર થઇ ગયો.
તેણે રૂઆબ માર્યો:
"જોયું ? ક્રોધથી કેવો સીધો દોર થઇ ગયો ?
મારો ક્રોધ કેવો સફળ થયો !"
પણ...ના, આ ક્રોધની સફળતાથી ફુલાવા જેવું નથી.
મળેલી સફળતા મામૂલી છે. તેની સામે આ ક્રોધના ભડકામાં પ્રચંડ પુણ્યસાધનાને તમે ફૂંકી મારી છે.
મળેલી સફળતા કાચના ટુકડા જેવી છે.
ગુમાવેલી સાધના પારસમણિતુલ્ય હતી.
પારસમણિના બદલામાં કાચનો ટુકડો મેળવીને હરખાય કોણ ?
ક્રોધથી થયેલા નુકશાનના આંકડા વાંચવા છે ?

अहनैकेन हरत्येव तेजः षाण्मासिकं जवरः ।
क्रोधः पुनः क्षणेनापि पूर्वकोट्यर्जितं तप : ॥

એક જ દિવસનો તાવ છ મહિનાની સ્ફૂર્તિને હણી નાખે છે.

તેમ,

એક જ ક્ષણનો ક્રોધ ક્રોડપૂર્વમાં પેદા કરેલા તપના ફળને ફૂંકી મારે છે.

દુર્વાસા ! ક્રોધશક્તિ ના તમોને પૂરતી મળી
પ્રેરવો ક્રોધની સામે ક્રોધ - ત્યાં ઓછી એ પડી.

- ઉમાશંકર જોષી

પર્યુષણ અને ક્ષમાપના

સર્વ સંગનો ત્યાગ કરીને આતમસાધનાના કંટકછાયા પંથે પગ મૂકીને કુમાર વર્ધમાન શ્રમણ બન્યા. સાડા બાર વર્ષની સંયમ જીવનની ઘોર સાધનાના અંતે કેવલજ્ઞાનનો અનંત પ્રકાશ તેમને પ્રાપ્ત થયો. સાડા બાર વર્ષના સાધનાકાળ દરમ્યાન તેમના ઉપર ઉપસર્ગો અને ઉપદ્રવોનો વરસાદ વરસ્યો હતો. વર્ણન સાંભળતા તાવ ચડી જાય એવા ભયંકર એ ત્રાસ હતા. ઉપદ્રવ કરનારા માનવો પણ હતા, દાનવો પણ હતા અને દેવો પણ હતા. કોઇએ આવીને પગમાં આગ લગાડી, કોઇએ કાનમાં તીક્ષ્ણ ખીલા ઠોક્યા. આ બધુંય થવા છતાં વીર મેરુની જેમ અડગ રહ્યા. આ મહાશ્રમણનાં ધૈર્યને, સમત્વને કે સાધનાને ઊની આંચ પણ ન આવી. આ ભયંકર ઉપસર્ગોનો જરા પણ પ્રતિકાર કર્યા વિના મહાવીરે જે બન્યું તેનો શાંતભાવે સ્વીકાર કર્યો અને પ્રસન્નતાથી સહન કર્યું. તેમણે કોઇ પ્રતિકાર ન કર્યો. આ રણવીરે તો શોધી કાઢયું - ક્ષમાંનું શસ્ત્ર. લગાતાર સાડા બાર વર્ષ સુધી આ ક્ષમાના દિવ્ય શસ્ત્રથી તેમણે ઘોર સંગ્રામ ખેલ્યો. જે કોઇ શત્રુ બનીને આવ્યા તે બધામાં રહેલી શત્રુતાને જ, શત્રુતાના શત્રુ મહાવીરે ક્ષમાના જાદુઇ શસ્ત્રથી હણી નાખી, કારણ કે તેમની સાધના તો હતી વિશ્વમૈત્રીનું મહાઅભિયાન. વિશ્વના પ્રત્યેક જીવ ઉપર તેમનું માતૃવાત્સલ્ય છવાયેલું હતું. જગતની એ માતાએ પોતાના હૈયાની ગોદમાં જગતના સર્વ જીવોને બેસાડીને વાત્સલ્યની ચૂમીઓ ભરી હતી.

સાધક મહાવીરના પારદર્શક હૈયામાં બેઠેલો એ વિરાટ ક્ષમાપુરુષ જગતને ઢંઢોળીને કહી રહ્યો છે: વૈરની આગ ક્ષમાના વારિથી બુઝાશે, દ્વેષના પેટ્રોલથી તો એ વધુ બેકાબૂ બનશે. શસ્ત્રાગારમાં એટમબોમ્બના ખડકલા કરવાથી વિશ્વશાંતિ નહિ સ્થપાય. વેરની ગાંઠો ઉકેલી નાંખવાથી શાંતિનું સામ્રાજ્ય સ્થપાશે.

પર્યુષણ પર્વ સમગ્ર વિશ્વને મહાવીરનો ક્ષમાનો સંદેશ પીરસે છે. પર્યુષણ પર્વ એ રોગોનું ઓપરેશન કરતી એક અપ્રતિમ હોસ્પિટલ છે. વૈરની ગાંઠનું ઓપરેશન કરાવવા તમે પર્યુષણની હોસ્પિટલમાં એડમીટ થાઓ. હોસ્પિટલનું વાતારવરણ સ્ટેરીલાઇઝ્ડ જોઇએ. અમારિ પ્રવર્તન નામનું કર્તવ્ય અદા કરવાથી વાતાવરણ સ્ટેરીલાઇઝ્ડ બને છે. રોગમુક્ત થવા માટે પહેલા તો રોગપ્રતિકારક દવા લેવી પડે. રોગ દ્વેષનો છે. દ્વેષનો પ્રતિકાર કરે છે પ્રેમ. તેથી સાધર્મિક વાત્સલ્યરૂપી રોગપ્રતિકારક ઔષધનું સેવન કરવામાં આવે છે. ઓપરેશન ભરેલા પેટે ન થાય, ફાસ્ટ કરવા પડે. અઠ્ઠમતપ એ ત્રણ દિવસનો ફાસ્ટ છે.

પછી, અત્યંત કુશળતાથી ક્ષમાપનાનું ઓપરેશન થતા દ્વેષની ગ્રન્થિ દૂર થાય છે. પણ, અત્યાર સુધી આ રોગોની અસરથી આત્મા ઘણો નિર્બળ બન્યો હતો તેથી ટોનિકની જરૂર છે. અરિહંતના અનુગ્રહરૂપ ટોનિકનાં સેવન માટે ચૈત્યપરિપાટીનું કર્તવ્ય બતાવવામાં આવ્યું છે. આમ, પર્યુષણમાં બજાવવાનાં પાંચ કર્તવ્યો દ્વેષના રોગથી મુક્ત બનવા માટેની એક અદ્‌ભુત પ્રક્રિયા છે.

પાવર હાઉસમાં ઉત્પન્ન થતી વીજળી હાઇ વોલ્ટેજની હોય છે. તે જ રૂપમાં જો તેને ઘર-ઘરમાં પહોંચાડવામાં આવે તો રોશની ન થાય, ભડકા જ થાય. પરંતુ તેને ટ્રાન્સફોર્મરમાંથી પસાર કરીને વોલ્ટેજ ઘટાડવામાં આવે છે, તેથી કોઇ હોનારત સર્જાતી નથી. ભારેકર્મી આત્મા પોતાના વર્તમાન જીવનમાં અને પરલોકમાં મહાભયંકર હોનારતો સર્જનારો બની રહે છે. પણ, પયુષણાજી એક અદ્‌ભુત ટ્રાન્સફોર્મર છે. ભારેકર્મી આત્મા ઉપર પણ પર્યુષણના આઠ દિવસની આરાધનાથી એવી પુનિત પ્રક્રિયાઓ થાય છે કે તે લઘુકર્મી બને છે.

પર્યુષણપર્વનાં પાંચ કર્તવ્યોનું પાલન, વાર્ષિક ૧૧ કર્તવ્યોનું શ્રવણ, શ્રી કલ્પસૂત્રજીનું પવિત્ર શ્રવણ, પરમાત્મા મહાવીરદેવના લોકાત્તર ચરિત્રનું શ્રવણ તથા પરસ્પરની હાર્દિક ક્ષમાપના આ બધી એવી અદ્‌ભુત પ્રક્રિયાઓ છે જે ભારેકર્મી આત્માને પણ લઘુકર્મી બનાવે છે.

પર્યુષણપર્વ એ કર્મના મર્મને ભેદનારુ પર્વ છે. રાગ અને દ્વેષ કર્મના મર્મ છે. ચૈત્યપરિપાટી, સાધર્મિક ભક્તિ અને અઠ્ઠમતપ જેવા કર્તવ્યો રાગનો છેદ કરે છે. અમારિપ્રવર્તન અને ક્ષમાપનાનાં કર્તવ્ય દ્વષનું ઉન્મૂલન કરે છે. ક્ષમાપનાના કર્તવ્યથી દ્વેષભાવ ઓગળી જતા આત્મા શુભ અને શુદ્ધ અધ્યવસાયોમાં રમે છે.

ક્ષમાપના એ પર્યુષણ પર્વનો પ્રાણ છે. પર્વના અંતિમ દિવસે સહુ જૈનો ભેગા થઇને "સાંવત્સરિક પ્રતિક્રમણ" નામની એક આત્મશુદ્ધિની શાસ્રોક્ત ક્રિયા કરે છે. આ પવિત્ર ક્રિયા કરતાં પૂર્વે વેરની ગાંઠો ઉકેલીને વિશ્વના સર્વ જીવોને મૈત્રીથી આલિંગે છે. આ મૈત્રીભાવ એ આરાધનાનો અર્ક છે. અન્ય શાસ્રોક્ત અનુષ્ઠાનો એ આત્મશુદ્ધિનું ઔષધ છે. તો મૈત્રીભાવ તેનું અનુપાન છે. હાથમાં પકડીને ફેંકાયેલી બુલેટ નિશાનને માત્ર અડે છે. અને રિવોલ્વરમાં ભરીને ફેંકાયેલી બુલેટ નિશાનને વીંધે છે. કારણ કે રિવોલ્વરમાં રહેલી સ્પ્રીંગનો બુલેટને જોરદાર પુશ મળવાથી તેનો વેગ અને વેધકતા વધી જાય છે. તેમ સાધનાનાં અનુપમ અનુષ્ઠાનોને મૈત્રીભાવનાનો જોરદાર પુશ મળે તો સાધ્ય નિશાનને તે આબાદ વીંધી શકે. તે હાર્દિક મૈત્રીભાવ કેળવવાની અદ્‌ભુત પ્રક્રિયા એટલે ક્ષમાપના. તમામ જૈનો આ દિવસે મિચ્છામિ દુક્કડંના મંત્ર દ્વારા સહુની સમક્ષ જાણતા-અજાણતા થયેલા

પોતાના તમામ અપરાધોની ક્ષમાયાચના કરે છે અને સહુને ઉદાર હૃદયથી ક્ષમાનું પ્રદાન કરે છે. ક્ષમાપના એ પર્યુષણનું હાર્દ છે. અને પરમાત્મા મહાવીરદેવના સેવકપણાનું એ વાર્ષિક લવાજમ છે. જૈન શાસનમાં રહેવા માટેની એ વાર્ષિક સભ્ય ફી છે.

ડાયલિસીસની પ્રક્રિયા દ્વારા લોહીને શુદ્ધ કરવામાં આવે છે. પર્યુષણની આરાધના એ આત્માને શુદ્ધ કરતી ડાયાલિસીસની પ્રક્રિયા છે. ક્ષમાપના વિના આત્મા શુદ્ધ થઇ શકતો નથી. પર્યુષણની મશીનરીનો મુખ્ય સ્પેરપાર્ટ ક્ષમાપના છે. ક્ષમાપના કર્યા વિનાની પર્યુષણની આરાધના વર વગરની જાન જેવી છે.

વર્ષ દરમ્યાન થયેલા કષાયની ક્ષમાપના સાંવત્સરિક પર્વના દિવસે તો સંપૂર્ણ કરી જ લેવી જોઇએ. વર્ષમાં થયેલા વૈરનું વિસર્જન ત્યારે ન થાય તો તે કષાયની કક્ષા અનંતાનુબંધીની કહેવાય છે જે નરકનું આયુષ્ય બંધાવે છે, અને જીવને પહેલા ગુણસ્થાનકે ઉતારી દે છે.

ક્ષમાનો આ જાંગુલીમંત્ર ક્રોધના જાલિમ ઝેર નીચોવી દેવા સમર્થ છે. ક્ષમાપનાનો આ જાદુ શત્રુને મિત્રમાં ફેરવી દેવાની ગજબ તાકાત ધરાવે છે. પણ માત્ર પરસ્પરને ભેટીને ઔપચારિક મિચ્છામિ દુક્કડં કરી દેવાથી આ વિરાટ તાકાતનો પરિચય નહિ થાય. તે માટે ક્ષમાપનાને ઔપચારિકતા મટાડીને આરાધના બનાવવી પડશે.

ક્ષમાપના એ પર્યુષણનો પ્રાણ છે અને તે ક્ષમાપનાના પણ પાંચ પ્રાણ છે. ક્ષમાપનાની વિધિમાં આ પાંચ પ્રાણ ભળે ત્યારે તે ક્ષમામાં દેવતાઇ કૌવત પૂરાય છે. પછી ધગધગતા લોખંડના ગોળાને પણ, મુલાયમ માખણના પિંડમાં ફેરવવાની તાકત તેનામાં પ્રગટે છે.

- ક્ષમા હાર્દિક જોઇએ.
- ક્ષમા સર્વની જોઇએ.
- ક્ષમા બિનશરતી જોઇએ.
- ક્ષમા ચિરંજીવ હોવી જોઇએ.
- ક્ષમા જ્ઞાનગર્ભિત જોઇએ.

ક્ષમાપનાના આ પાંચ પ્રાણોનો ક્રમશ : પરિચય કરીએ.

(૧) ક્ષમા હાર્દિક જોઇએ :

પરમાત્મા મહાવીરની ક્ષમાને આપણે પચાસ પૈસાના પોસ્ટકાર્ડથી ખરીદી લીધી છે. હૃદયના મુલાયમ ખૂણાની કૂણાશ તેને સ્પર્શેલી ન હોય તો તેનું મૂલ્ય કેટલું? ક્ષમાની પ્રાર્થના હોઠ પરથી નહિ, હૈયામાંથી નીકળવી જોઇએ. કરેલા અપરાધ બદલ ઝરતાં પસ્તાવાનાં આંસુ આંખમાંથી નહિ, અંત:કરણમાંથી નીકળવાં જોઇએ. ટેલિફોનનું ડાયલ ઘુમાવી દીધું. ક્ષમાપનાનું છાપેલું કાર્ડ લખી દીધું કે હાથમાં હાથ મિલાવીને 'મિચ્છામિ દુક્કડં' કહી દીધું તેટલા માત્રથી ક્ષમાપના થઇ જતી નથી. હૃદયથી હૃદયને અડાવવું પડે છે. માથું ઝૂકી પડે, આંખ ભીની થાય, હૈયું રડી પડે અને પછી ક્ષમાપના થાય તે ધબકતી હોય છે. તે માટે મોટાઇના વાઘા ઉતારી દેવા પડે અને હૈયાના તાર ધ્રૂજાવવા પડે. આવી ખરા હૃદયની ક્ષમાના પડછાયામાં શાંતિનો વિશ્રામ હોય છે. અંત:કરણમાંથી નીકળતું ક્ષમાનું ઝરણું શત્રુની શત્રુતાને ધોઇ નાંખે છે.

કેટલાંય વર્ષોથી પર્યુષણની આરાધનામાં ક્ષમાપનાનું કર્તવ્ય બજાવવાં છતાં શત્રુઓ ઘટયા નહિ કારણ કે બેસતા વર્ષના 'સાલ મુબારક', નાતાલના Happy New Year કે જન્મ દિવસના Happy Birth Day ની જેમ 'મિચ્છામિ દુક્કડં' શબ્દને આપણે ગોખી કાઢયો છે. શબ્દોથી અર્થ સુધીની યાત્રા હજુ પ્રારંભાઇ નથી.

દ્રોણાચાર્ય પોતાના બધા જ શિષ્યોને પાઠ કરાવી રહ્યા હતા. સૌ પોતપોતાનો પાઠ તૈયાર કરી આપતા. આજે તો બધાને એક નાનકડો પાઠ જ તૈયાર કરવા આપ્યો હતો - ક્ષમાં કુરુ । બધા જ વિદ્યાર્થીઓ થોડી જ વારમાં પાઠ તૈયાર કરીને આપી ગયા. હોંશિયાર યુધિષ્ઠિર જ આજે પાછળ રહી ગયો. ગુરુદેવે વારંવાર ઉઘરાણી કરી: "કેમ, યુધિષ્ઠિર, પાઠ પાકો થઇ ગયો ?" દરેક વખતે એક જ જવાબ મળ્યો : "હજુ વાર છે." આ એકના એક જવાબથી કંટાળીને ગુરુદેવે ગુસ્સે થઇને યુધિષ્ઠિરને જોરથી એક તમાચો લગાવી દીધો અને યુધિષ્ઠિર હાથ જોડીને અત્યંત સમતાપૂર્વક બોલ્યો :

"ગુરુદેવ! હવે મને પાઠ આવડી ગયો છે - ક્ષમાં કુરુ"

સાંવત્સરિક પ્રતિક્રમણમાંથી ઊઠીને એકબીજાને હાથ મિલાવીને હસતા હસતા ગોખેલા 'મિચ્છામિ દુકકડ' એવા શબ્દો બોલી દેવા માત્રથી ક્ષમાપનાનો પાઠ નહિ આવડે. હૃદયની દીવાલોને કોરવી પડશે અને અંદર જામેલાં વિષને બહાર કાઢવાં પડશે.

જેવી યુધિષ્ઠિરની વાત છે તેવો જ એરિસ્ટ્રાયસનો પ્રસંગ છે. તે વિદેશના

એક મહાન તત્ત્વચિંતક જીનોનો વિદ્યાર્થી હતો. આ આદર્શવાદી અને ભાવનાશીલ યુવકનું લક્ષ્ય સદા માટે એ જ રહેતું કે ગુરુના ઉપદેશને જીવનમાં જીવતો કેમ કરવો.

જીનો પાસે છ મહિનાનો અભ્યાસ કરીને તે ઘરે આવ્યો. એક દિવસ પિતાએ તેને પૂછયું : "તું શું ભણ્યો ?" એરિસ્ટ્રાયસે આ પ્રશ્નનો ઉડાઉ જવાબ આપ્યો. બે-ત્રણ વાર પૂછયું પણ એકે ય વાર સાચો જવાબ ન મળ્યો તેથી પિતાએ ગુસ્સે થઇને એક તમાચો લગાવી દીધો. છતાં જવાબ ન મળ્યો ત્યારે અત્યંત ક્રોધિત બનીને પિતાએ જોર-જોરથી તમાચા મારવા માંડ્યા. તમાચા પડી રહ્યા છતાં તેના મુખ પર તો વરસી ગયેલા વાદળની જેમ અક્રોધની શુભ્રતા જ વસેલી હતી !

પિતા તમાચા મારીને થાક્યા ત્યારે પુત્ર બોલ્યો : "હવે હું કહું કે મારા ગુરુજી પાસેથી હું શું શીખ્યો ?"

"શું શીખ્યો ?"

"પિતાજી, મારા ગુરુજીએ મને શીખવ્યું છે કે ક્યારેય ક્રોધ કરવો નહિ. આ ઉપદેશને મેં જીવનમાં ઉતાર્યો છે કે નહિ તે ક્રોધનો પ્રસંગ ઉપસ્થિત થયા વિના મને પણ કેવી રીતે ખબર પડે ? તેથી, હું પહેલાં આપને સાચો જવાબ આપી શક્યો નહિ, તે બદલ ક્ષમા કરજો."

ક્ષમા એ માત્ર શબ્દનો વિષય નથી, હૃદયની ભાવનાનો વિષય છે. પોતાની જાત અપરાધી લાગે, પોતાના અપરાધનો પશ્ચાત્તાપ હોય અને તે પછી અહંકારની પાઘડી ઉતારીને નમેલા મસ્તકે અને રડતી આંખોએ મુખમાંથી "મિચ્છામિ દુક્કડં" શબ્દો નીકળે ત્યારે તે શબ્દો નથી હોતા, મંત્ર હોય છે અને સામેની વ્યક્તિનાં હૃદય પર તે કામણ કરે છે.

ક્ષમા યાચવી કે ક્ષમા આપવી એ કોઇ સરળ કાર્ય નથી. ક્ષમાપના કરવા માટે ઉભય પક્ષે ઘણી નૈતિક હિંમત જોઇએ છે. આવી નૈતિક હિંમત ધરાવનારા વીર પુરુષો જ ક્ષમાપના કરી શકે. માટે તો કહ્યું છે : ક્ષમા વીરસ્ય ભૂષણમ.

ક્ષમાપનાની આરાધના પર્યુષણપર્વમાં વિશેષ રૂપમાં કરવાની છે અને રોજ પણ આ આરાધના અચૂક કરવાની છે. ત્યારે જ તે ઔપચારિક મટીને વાસ્તવિક બને છે. કહેવાતા ગાંધીભક્તો રેંટિયાબારસના દિવસે અભરાઇ પરથી રેંટિયો નીચે ઉતારે તેમ આપણે સાંવત્સરિક પર્વ આવે ત્યારે હૃદયના ખૂણામાંથી કટાઇ ગયેલી ક્ષમાપનાને બહાર કાઢીએ છીએ. જ્યારે કોઇની સાથે મનદુ:ખનો પ્રસંગ થાય ત્યારે જ ક્ષમાપના કરી લેવી જોઇએ. સાંવત્સરિક પર્વ સુધી મુલત્વી રાખવામાં જોખમ છે.

ત્યાં સુધીમાં વૈરની ગાંઠ એટલી બધી ગાઢ બની ગઇ હશે કે તેને ઉકેલવાનું નૈતિક સામર્થ્ય સાંવત્સરિક પર્વના દિવસે પણ લાવવું ઘણું મુશ્કેલ હશે.

રોજ રાત્રે દશ મિનિટ ક્ષમાપના દ્વારા શુદ્ધિકરણની પ્રક્રિયા કરો.

A Process of mental therapy :

(૧) જેના તરફથી ભય હોય તેને હાર્દિક પ્રેમ આપો.

(૨) જેના તરફથી અન્યાય થયો હોય તેને હૃદયની ઉષ્માથી યાદ કરો, અને ઉદારતાથી માફી આપો.

(૩) જેની નિંદા કરી હોય કે વચનથી દુર્ભાવ કર્યા હોય તેની અંત:કરણથી ક્ષમા યાચો.

(૪) જેને અન્યાય કર્યો હોય કે જેનું અપમાન કર્યું હોય તેની ગદ્‌ગદ હૈયે ક્ષમા પ્રાર્થો.

(૫) સહુ કોઇ પ્રત્યે જાણતા-અજાણતા થયેલા અપરાધો બદલ ખેદ અનુભવો.

જેના નિત્યક્રમમાં રોજ આ પ્રક્રિયા માટે દશ મિનિટની પણ ફાળવણી હશે તેની સાંવત્સરિક ક્ષમાપના કેવી Real, ધબકતી અને અસરકારક હશે !

(૨) ક્ષમા સર્વની જોઇએ :

ક્ષમાભાવ કેળવીને આત્માને મૈત્રીભાવથી ભાવિત કરવાની સાધના માટે એક શ્લોકનું વારંવાર પઠન કરવામાં આવે છે :

खामेमि **सव्व**जीवे, **सव्वे** जीवा खमंतु मे ।

मित्ती मे **सव्व**भूएसु, वेरं मज्झ न केणइ ।।

અર્થ : હું **સર્વ** જીવોને ક્ષમા આપું છું. **સર્વ** જીવો મને ક્ષમા આપો. મારે **સર્વ** જીવો સાથે મૈત્રી છે. મારે કોઇની પણ સાથ વૈરભાવ નથી.

આ શ્લોકમાં સર્વ શબ્દ ત્રણવાર વપરાયો છે. અને તેનું ઘણું વજન છે.

આફ્રિકાના હાથી, ગીરના સિંહ કે મીસીસીપી મીસૂરીનાં માછલાં સાથે ક્ષમાપના કરવી તો સરળ છે. બગદાદના ઇસ્માઇલ મોઠા, કરાંચીના રસુલ મિયાં, મદ્રાસના શ્રીનિવાસન, નાગપુરના પ્રેમિલાતાઇ, પેરીસના જ્હોન કે જિમી અથવા કલત્તાના મહેશબાબૂ અને આવા દુનિયાના લાખો-કરોડો લોકો સાથે ક્યારેય કોઇ મુલાકાત પણ થઇ નથી. દુનિયાની છ અજબ વસ્તીમાં વૈરભાવ છોડવાનો સવાલ કેટલા સાથે ? ૨૦૦-૪૦૦ સગાં-સંબંધી અને બીજા પરિચિતો મળી ૧૫૦૦-૨૦૦૦

જેટલાં વૈર બાંધવાનાં સ્થાનો છે. કારણ કે બીજાં બધાં સાથે તો પરિચયમાં પણ આવવાનું બનતું નથી. તેથી વૈર બંધાવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. રાજકારણીઓ કે ગુંડાતત્ત્વો આદિ માટે ક્યારેક મુખમાંથી ખરાબ વાક્યો નીકળતાં હોય તો તે પણ ક્ષણિક. તેની અસર લાંબો સમય સુધી નથી હોતી. એટલે દુનિયાની છ અબજની વસ્તીમાં વૈરભાવ બંધાવાની સંભાવના એક કરોડે માત્ર ૨॥ માણસ પૂરતી છે. તેમાંથી ય વૈરભાવ ઊભો થયો હોય તેવું તો બે-ચાર વ્યક્તિ સાથે જ બન્યું હોય.

બધા મિત્રો, સ્નેહી અને સ્વજનોને યાદ કરી રૂબરૂ અથવા પોસ્ટથી ક્ષમાપના કરી લેવાથી શું વળે ? જેની સાથે સંઘર્ષો થયેલા છે, અબોલા માંડેલા છે, જેનું નામ સાંભળતા અંદરમાંથી દ્વેષના તણખા ઝરે છે, તેનો આ 'સર્વ' માં સમાવેશ નથી શું ? જેની સાથે મારામારી થઇ હતી તે પાડાશી, જેની સાથે છૂટાછેડા લીધા છે તે સ્ત્રી, જે ઝગડીને જુદો થયો છે તે દીકરો, જેની સાથે ભાડાની બાબતમાં વાંધો પડયો છે તે મકાનમાલિક, જેણે વિશ્વાસઘાત કર્યો હતો તે જૂનો ભાગીદાર આ બધાની 'સર્વ' માંથી બાદબાકી થાય ખરી ?

સર્વની ક્ષમાપના કરવાની છે. પણ, જેની સાથે શત્રુભાવ ઊભો થયો તેની તો વિશેષ કરવાની છે. ધોતી વખતે કપડાને સાબુ દેવાય છે પણ કોલર જેવા મેલા ભાગ પર સાબુ વધારે ઘસવો પડે છે. પોતાનાં હૃદયના ઓરડામાં એકાદ વ્યક્તિના પ્રવેશ ઉપર પણ પ્રતિબંધ હશે તો હૃદયમાં પરમાત્મા પણ નહિ પધારે. હજારો માણસોનો પદયાત્રા સંઘ લઇને શત્રુંજય તરફ જઇ રહેલા ઝાંઝણશા નામના શ્રેષ્ઠીને માર્ગમાં અમદાવાદના રાજાએ આમંત્રણ મોકલ્યું : "તમારા યાત્રાસંઘના મોટા માણસોને લઇને મારા રાજમહેલમાં જમવા પધારો.' ત્યારે, તે ઝાંઝણશાએ રાજાને સ્પષ્ટ સંભળાવી દીધું કે "મારા સંઘના બધા જ યાત્રિકો મોટા છે. બધાને આમંત્રણ હોય તો જ હું આવી શકું. મારો એક પણ યાત્રિક આમંત્રણ વગરનો હોય તો હું પણ આવી શકું નહિ."

ઝાંઝણશાની જેમ પરમાત્માનું પણ આ જ કથન છે : "તારા દિલના દરવાજા એકાદ જીવ માટે બંધ હશે તો સમજી રાખ કે તેમાં હું પણ પ્રવેશ નહિ કરી શકું. અમુક ચોક્કસ વ્યકિત માટે તેં મૂકેલું 'No admission' નું બોર્ડ પહેલા તો મને જ વંચાય છે."

ખરેખર વાત સાચી છે. કચરાને અંદર આવતો અટકાવવા બારીબારણાં બંધ રાખ્યાં હોય તો પણ પવનની લહેર અને સૂર્યનો પ્રકાશ પણ દરવાજે અથડાઇને પાછાં ફરે છે. લેણદાર ફોન પર જીવ ખાઇ ન જાય તે માટે રિસીવર હેઠું મૂકી રાખેલું હોય તો દેણદારના ફોન પણ આવતા અટકવાના છે. પરમાત્મા પ્રત્યે પ્રીતિ જમાવવા

માટેની શરત છે કે-સહુની સાથે પ્રીતિ બાંધો. શત્રુને પણ ખરા હૃદયથી ખમાવવા હિંમત જાગે છે ત્યારે ક્ષમાપના સાધના બને છે. આપણો હાર્દિક મૈત્રીભાવ શત્રુનાં દયમાં બેઠેલી શત્રુતાને ખતમ કરવા માટે તો વિષનું જ કામ કરે છે. યોગવાશિષ્ઠમાં પણ કહ્યું છે :

अमृतत्वं विषं याति, सदैवामृतवेदनात् ।
शत्रुर्मित्रत्वमायाति, मित्रसंवित्तिवेदनात् ।

અર્થ : "આ અમૃત છે." તેવું સતત ચિંતન કરવાથી વિષ પણ અમૃત બની જાય છે. તેમ 'આ મારો મિત્ર છે.' એવી ખૂબ જ સંવેદના કરવામાં આવે તો તે શત્રુ મટીને મિત્ર બની જાય છે.

વધુ પડતી અથવા લાંબા કાળની શત્રુતા જેની સાથે બંધાયેલી છે તેની સાથે ક્ષમાપના કરવા જલ્દી પગ ઉપડતા નથી કે હોઠ ઊઘડતા નથી... માણસ કદાચ માઉન્ટ એવરેસ્ટ ચડી જશે પણ શત્રુનાં ઘરનાં પગથિયાં ચડી નહિ શકે. પણ હૃદયને મોકળું કરીને નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લેવામાં આવે તો તે કામ પણ આસાન છે.

- સામેની વ્યક્તિની વિગતો સમજવાની પૂર્ણ તૈયારી.
- પૂર્વગ્રહને બાજુ પર ઉતારી દેવાની તૈયારી.
- થોડીક ઉદારતા.
- સામેની વ્યક્તિના હક્કો પ્રત્યેનું ન્યાયી વલણ.
- પોતાના તેવા જ હક્કોના પોતાના દ્વારા થતાં ઉલ્લંઘનો પર ચાંપતી નજર.
- સ્વ કે પરની વિચારણામાં તટસ્થ અને ન્યાયસંગત ધોરણ.

આ બધું વિચારવાથી અપરાધીને કે માનેલા શત્રુને સમજવા માટેના સમજણના દ્વાર ઉઘડશે. સર્વ સાથેની ક્ષમાપના સરળ બનશે.

(૩) **ક્ષમાપના બિનશરતી જોઇએ :**

સામેની વ્યક્તિ બધી ભૂલોનો એકરાર કરે પછી તેને ક્ષમા આપું. મને થયેલું નકશાન તે ભરપાઇ કરી દે તો ક્ષમા આપું. મને આટલું લખાણ કરી આપે પછી તેની સાથે ક્ષમાપના કરું - આવી બધી શરતોના કાદવ - છાંટણાથી ક્ષમા ખરડાયેલી ન હોવી જોઇએ. આવી શરતોથી ક્ષમાપના સાધના નહિ પણ સોદો બને છે. મૈત્રીનો સંબંધ એ ભાગીદારીનો સંબંધ નથી કે જેમાં કાયદેસરનાં ડીડ કરવા પડે. ક્ષમાપના એ કોઇ બીઝનેસ કોન્ટ્રેક્ટ નથી કે જેમાં કન્ડિશન્સનો સમાવેશ કરવો પડે. એ તો છે એક નિર્મળ સ્નેહનો પ્રાદુર્ભાવ કે જે બે હૈયાંને જોડતો સેતુ બને છે. બધું જ

ભૂલી જઇને ક્ષમાપના કરવાની છે તેમાં વળી નવી યાદ રાખવાની શરતો શાની હોય ? ગાંઠ ઉકેલવી એનું નામ તો ક્ષમાપના છે, તેમાં વળી શરતની નવી ગાંઠ શાની હોય ? બધા જ સળ દૂર કરીને આત્મસૌંદર્ય ખીલવવાનું છે, તેમાં શરતના નવા સળ શોભે ખરા ?

(૪) ક્ષમા ચિરંજીવ જોઇએ :

કુંભારના વાડામાં માટલાંઓનો ગંજ ખડકાયો હતો. એક બાળકે વાડામાં આવીને પથરો ફેંકી એક માટલું ફોડયું. કુંભારની નજર પડી એટલે બોલ્યો : "મારી ભૂલ થઇ ગઇ." કુંભારે ક્ષમા આપી. થોડીવારમાં બીજો પથરો ફેંકી બીજું માટલું ફોડયું - અને બોલ્યો : "મારી ભૂલ થઇ ગઇ.' કુંભારે ગમ ખાધી. ફરી ત્રીજી વાર એ જ ભૂલ અને એ જ એકરાર. હવે કુંભાર ઊભો થયો. તેનો કાન પકડીને બરાબર મસળ્યો. પેલો રાડારાડ પાડવા લાગ્યો. કુંભારે કહ્યું : "મારી ભૂલ થઇ ગઇ હો."

જૂની ભૂલોની ક્ષમાયાચના સાથે સાથે નવી ભૂલો નહીં કરવાનો સંકલ્પ પણ જોઇએ. પોતાની ભૂલોના પ્રાયશ્ચિત્ત માટેનાં જૈનોનાં ખાસ ધાર્મિક સૂત્રોમાં જૂની ભૂલોના પશ્ચાત્તાપ માટે 'પડિકક્કમામિ' શબ્દ વપરાયેલો છે, તેમ નવી ભૂલો નહીં કરવાનો સંકલ્પ માટે 'પચ્ચકખામિ' શબ્દ પણ વપરાયો છે.

નામાના ચોપડાને દિવાળીએ ચોક્ખો કરી બેસતાં વર્ષે મુહૂર્તનો સોદો કરવામાં આવે તેવો આ ભૂલોનો ચોપડો નથી કે પર્યુષણમાં ક્ષમાપનાથી ચોકખો કર્યા પછી બીજી દિવસથી નવેસરથી ખાતું ખોલાવવું પડે. કપડા પર પડેલો કાળો ડાઘ સાફ કર્યા પછી ફરી ડાઘ ન પડે તેની કાળજી પણ જોઇએ - તે સમજને અહીં પણ લાગુ પાડવાની છે.

(૫) ક્ષમા જ્ઞાનગર્ભિત જોઇએ :

ગાડરિયા પ્રવાહની જેમ થતી ક્ષમાપનામાં ઝાઝો દમ નથી હોતો. ક્રોધ અને વૈરનાં મહાભયાનક પરિણામોના ખ્યાલપૂર્વક ક્ષમાપના થાય ત્યારે તેમાં એક અદ્‌ભુત ચેતના ઉમેરાય છે. વૈરનાં વિસર્જન કરવામાં ન આવે તો તેનાં કેવાં કટુ પરિણામ ભોગવવાં પડે છે તે વાત આ પુસ્તકમાં અન્યત્ર જણાવી છે. ક્રોધ અને વૈરના કટુ વિપાકો નજર સામે હોય તો ક્ષમાપના કેવી નક્કર થાય ?

અલ્હાબાદ કોર્ટની જૂની ઇમારતની બહાર બે જમીનદારોના બાવલાં છે. તેની નીચે તેમનો ઇતિહાસ લખેલો છે. એક જમીનના ટુકડા ખાતર કોર્ટમાં લડીને બન્ને જાગીરદારો પૈસે ટકે બિલકુલ બરબાદ થઇને રખડતા ભિખારી થઇ ગયા. તેમનો એ વિગતવાર ઇતિહાસ લખ્યા પછી નીચે લખ્યું છે : "આ ઇતિહાસને નજર સામે

રાખીને પછી કોર્ટના પગથિયાં ચડજો.”

આમ, ક્રોધની ભયંકરતા અને ક્ષમાનાં ગુણોનાં જ્ઞાન પૂર્વકની ક્ષમા એ જ્ઞાનગર્ભિત હોવાથી વધુ ચેતનવંતી હોય છે.

આ પાંચેય વિશેષતાઓથી આપણી ક્ષમા અલંકૃત બનશે ત્યારે એ માત્ર ખાલી ખોખું નહિ પણ મૂલ્યવાન ઘરેણું હશે.

❋ ❋ ❋

ક્રોધ ! તારાં નામો ઘણાં.....
ક્રોધ... મન્યુ... કોપ... પ્રતિઘ... રોષ... ખીજ.... રીસ
ક્રુધા... રુષા... અનુશય... અમર્ષ... ભીમ...
ગુસ્સો... વૈશ્વાનર... સંરમ્ભ

ક્ષમાદેવી ! તારાં નામ ઘણાં...
ક્ષમા... તિતિક્ષા... ક્ષાન્તિ... સમતા...
અક્રોધ... સહિષ્ણુતા... ઉપશમ

अण थोवं वण थोवं कसाय थोवं व अग्गि थोवं च ।
नहु मे विससीअव्वं, थोवं पि तं बहुं होइं ॥

કરજ, ઘા, કષાય અને અગ્નિ થોડા હોય તો પણ
તેનો વિશ્વાસ ન કરવો. થોડામાંથી જ તે વધી જાય છે.

ક્ષમાના પાંચ પ્રકાર

કોઇએ માર્યું અને શાંતિથી સહન કરી લીધું એટલા માત્રથી તમને ક્ષમાના પેપરમાં સો માર્ક્સ પ્રાપ્ત થઇ જતા નથી. કયા સંયોગોમાં તમે કેવી રીતે ક્ષમા રાખો છો તેનું નિરીક્ષણ અને પરીક્ષણ કરીને જ્ઞાની ભગવંતો તમારી ક્ષમાની કક્ષા નક્કી કરે છે.

શાસ્ત્રોમાં ક્ષમાના પાંચ પ્રકાર બતાવ્યા છે.

(૧) ઉપકાર ક્ષમા :

દરિદ્રતાની સપાટી નીચે જીવતા હતા અને કોઇ સ્નેહીએ તમારી પર મહેર કરી. તમને હાથ પકડીને તે ઊંચે લાવ્યા. તમે તેમના અહેસાન તળે છો. તેથી તેમની નાની-મોટી ભૂલોમાં તમારે ગમ ખાઇ લેવી પડે છે. નોકરની આજીવિકા શેઠની મહેર પર નભે છે તેથી શેઠના ડફણાં તેને મૂંગે મોઢે સહન કરવાં પડે છે. કોઇ શિક્ષક કે કલાચાર્યે ઉપકાર કરીને અઘરી વિદ્યાઓ શીખવી હોય તેના ઠપકા અને આક્રોશને વારંવાર સહન કરવા પડે.

સામેની વ્યક્તિ ઉપકારી છે. તેની સામે ગુસ્સે થવાથી તેના ઉપકારની આમન્યા તૂટે છે. તેની સામે આક્રોશ કરવાથી તેના ઉપકારનો પ્રવાહ બંધ થવાનો ભય છે. આ પ્રકારની ક્ષમાને શાસ્ત્રકારોએ 'ઉપકાર ક્ષમા' નામ આપ્યું છે.

(૨) અપકાર ક્ષમા :

અપરાધ કરનાર વ્યક્તિ બળમાં, સ્થાનમાં, સત્તા કે સંપત્તિમાં ચડિયાતી હોય ત્યારે તેના અપરાધની ક્ષમા ન કરે તો ઘણી મુશ્કેલી સર્જાય છે. પેલો તેના બળ કે સત્તાનો પરચો દેખાડે તેવો ભય છે. જ્યોતીન્દ્ર દવેના પગ ઉપર દારાસિંગ થૂંકે ત્યારે જ્યોતીન્દ્ર દવેને ખમી લેવું પડે, કારણ કે, પોતાની સુકલકડી કાયા અને દારાસિંગની પહેલવાન કાયા વચ્ચેનો તફાવત તે સારી પેઠે જાણે છે.

એક માણસ રસ્તા પરથી પસાર થતો હતો. તેના પગ પાસે બાજુના મકાનમાંથી કોઇએ ફેંકેલી ઇટ પડી. તે એકદમ ગુસ્સે થઇ ગયો. ઇટ ફેંકનારને બરાબરનો પરચો બતાવવા તે સજ્જ થયો. ધમધમતો તે ઇટ લઇને મકાનનાં પગથિયાં ચડયો. ઉપર એક પહેલવાન કસરત કરતો હતો. આ વ્યક્તિને જોતાં જ તે બરાડયો :

"કેમ ચીબાવલા, ઉપર કેમ ચડયો છે ? બોલ શું છે ?"

તેની કાયા અને ગર્જના જોઇને જ બિચારો હેબતાઇ ગયો. તેણે વાતનો

ટોન બદલતા કહ્યું : "અરે, પહેલવાન સાહેબ, આપની ઇટ નીચે પડી ગઇ હતી. એટલે આપવા આવ્યો છું." ગયો તો હતો મેથીપાક ચખાડવા પણ, પહેલવાનની કાયાને જોતાં જ તે ભય પામ્યો અને દાવ બદલ્યો.

આ પ્રકારની ક્ષમાનું જ્ઞાનીઓએ નામ પાડ્યું છે : અપકાર ક્ષમા.

(૩) વિપાક ક્ષમા :

ક્રોધના કટુ પરિણામો પ્રત્યક્ષ છે. તે શીખવા અને જાણવા નિશાળે બેસવું પડતું નથી. કેટલાંય ભયંકર નુકસાનો નજરે દેખાય છે.

ક્રોધથી સંબંધો નંદવાય છે.
ક્રોધથી કુટુંબની શાંતિ ઘવાય છે.
ક્રોધથી શરીરમાં રોગો થાય છે અને મનમાં ઉકળાટ.

"જેવા ભાવ તેવો ભવ" તે નિયમ મુજબ પરલોકમાં જીવ વાઘ, સિંહ, નરક, આદિ ક્રોધના ભાવથી યુક્ત ભયંકર દુર્ગતિમાં જઇ પહોંચે છે. નિમિત્ત મળતા ક્રોધનો આવેશ આવતા પહેલા આ કટુ વિપાકોનું સ્મરણ થઇ જતા જીવ સાવધાન થઇ જાય છે, તેનાથી ચેતી જાય છે અને ક્ષમા રાખે છે.

ઉપરની બે ક્ષમા કરતાં ચડિયાતી આ ક્ષમાને વિપાક ક્ષમા કહેવામાં આવે છે.

(૪) વચનક્ષમા :

શ્રાવકોનાં કર્તવ્ય જણાવતી "મન્નહ જિણાણં" સજ્ઝાયનું પ્રથમ કર્તવ્ય છે: જિનેશ્વરની આજ્ઞા તું માન. આ કર્તવ્યનું જે સંપૂર્ણ પાલન કરે છે તેને તો જિનાજ્ઞા એ જ પ્રાણ છે. જિનેશ્વરની આજ્ઞાથી ચીંધાયેલો માર્ગ એનો જીવન પંથ છે.

અને, જિનેશ્વરની આજ્ઞા છે : ક્રોધ ન જ કરાય. ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તું ક્ષમા રાખજે. જિનાજ્ઞાના આરાધક આત્માને હવે બીજું કાંઇ વિચારવાનું જ રહેતું નથી. પરમાત્માના તારક વચનો જ તેને ક્ષમાના અમૃતપંથે દોરી જાય છે.

ઉપશમ રાખવામાં પરમાત્માના વચનને અનુસરતી આ ક્ષમા એટલે વચનક્ષમા.

(૫) ધર્મક્ષમા :

ધર્મ જાણ્યા અને સમજ્યા પછી તે ધર્મની પરિણતિ પ્રાપ્ત કરવાની છે. ક્ષમા પ્રારંભિક કક્ષામાં પ્રયત્નરૂપ હોય છે. વિચાર અને ભાવના દ્વારા ક્ષમા આત્મામાં પરિણમે છે પછી ક્ષમા રાખવા કોઇ દંડનો હાઉ બતાવવાની કે બીજા ક્ષુદ્ર ઉપાયો અજમાવવાની પણ જરૂર રહેતી નથી. ક્ષમા એ સ્વભાવ બને છે, ધર્મ બને છે.

પ્રાથમિક અવસ્થામાં અન્ય ઉપાયોથી ક્રોધને જીતવા માટે પ્રયત્નો કરવા પડે. પણ, છેલ્લે તો ક્ષમાને પોતાનો સ્વભાવ બનાવવો જ રહ્યો.

ક્ષમા જ્યારે સ્વભાવ બનશે ત્યારે આત્માના પ્રદેશોમાંથી પ્રસન્નતાના ફુવારા ઊડશે. સુગંધ એ ચંદનનો સ્વભાવ છે. ચંદનના લાકડાને કોઇ કાપે કે બાળે, તેમાંથી સુગંધ જ પ્રસરે. ક્ષમા જેણે આત્મસાત્ કરી છે તેને કોઇ કાપે કે બાળે, ચામડી ઊતરડે કે ઘાણીમાં પીલે, તેના આત્મામાંથી ક્ષમાની સૌરભ જ પ્રસરતી હોય છે.

પહેલી ત્રણ પ્રકારની ક્ષમા મિથ્યાદષ્ટિ જીવને પણ હોઇ શકે છે. છેલ્લી બે ક્ષમા સમ્યદર્શનની પ્રાપ્તિ વિના સંભવતી નથી.

તો ચાલો, ક્ષમાના હોજમાં નાહીએ. જુઓ, પેલા આનંદ શ્રાવકની પૌષધશાળાનાં પગથિયાં ચડતાં ક્ષમાવીર ગૌતમસ્વામીને. ગુરુણી ચંદના પાસે પોતાના અપરાધની ક્ષમા ચાચીને ભાવની ધારા પર ચડવા દ્વારા કૈવલ્યરત્નને ધારણ કરતા મૃગાવતીજીને. કલ્યાણમંત્રીના બંગલામાં પહોંચીને ક્ષમાપના કરતા ધર્મસાગરજી ઉપાધ્યાયજીને. તે સહુ વિરલ ક્ષમાવીરો કરુણાનો ધોધ વહાવે અને હૈયામાં બાઝેલા કષાયનાં ગુમડાં ધોવાય.

****

દેખાવનો ક્રોધ કેવો હોય ?

Anybody can become angry - that is easy; but to be angry with the right person, and to the right degree and at the right time, and for the right purpose and in the right way - that is not within everybody's power and is not easy. so better practice tollerance.

- Aristotal

ગુસ્સે તો સહુ કોઇ થઇ શકે છે, તે તો બહુ જ સહેલું છે. પણ યોગ્ય વ્યક્તિ પર, યોગ્ય સમયે, યોગ્ય કારણે, યોગ્ય રીતે અને પ્રમાણસર ક્રોધ કરવો તે ઘણું કઠિન છે, કોઇક જ કરી શકે. તેથી ક્ષમા રાખવી તે જ શ્રેષ્ઠ છે.

જ્યારે ક્રોધ આવે ત્યારે
તેના પરિણામનો વિચાર કરો.

- કન્ફુશિયસ

માનવીના અંદર રહેલા ક્રોધ અને ધિક્કારને ભેગા કરીએ તો ઘડીના છઠ્ઠા ભાગમાં દુનિયા નાશ પામે. એ ભેગા નથી થતા તેથી જ વ્યવહાર ચાલે છે.

- ધૂમકેતુ

ગુસ્સો એક એવો ખર્ચાળ વિલાસ છે કે અમુક આવકવાળા માણસોને જ તેના શોખ પોસાય !

- જી. ડબલ્યુ. કર્ટિસ

જ્યાં ક્ષમા નથી,
ત્યાં પ્રેમ માત્ર વિડંબના છે.

- પ્રેમચંદજી

ખંડ – ૫

- ક્ષમાના સંબંધનો વ્યાપ
- ક્ષમાનો સાર્વત્રિક સ્વીકાર

ઉંદરને માંકડ કરડયો,
માંકડને સીધોદોર કરવાનું તેણે નક્કી કર્યું. તે માટે તે બિલાડીની સહાય લેવા ગયો.
શું થયું હશે, તમે કલ્પી શકો છો.

ઉંદર તમને મૂરખ લાગ્યો ?

તમને કોઇએ ગાળ આપી તે તો બહુ નાનું નુકશાન હતું.
પણ તેને સીધોદોર કરવા તમે ક્રોધના શરણે થયા....
તમે ઘણું જ ગુમાવી બેઠા.
હવે, તમે કેવા ?

ક્ષમાના સંબંધનો વ્યાપ

સોળ ભાવનાઓ અને ઉપશમ :

ધર્મના કયારામાં જ્યારે ભાવનાનું રસાયણ સિંચવામાં આવે છે, ત્યારે ધર્મમાં ચેતના આવે છે. જડ પદાર્થો પ્રત્યેના વિરાગને અને જીવમાત્ર પ્રત્યેના સ્નેહને આત્માસાત્ કરવા માટે જૈન દર્શનમાં સોળ ભાવનાઓ બતાડવામાં આવી છે. આ ભાવનાઓથી ભાવિત થયેલા આત્મામાં ધર્મને ઓગળતા વાર નથી લાગતી. તે સોળ ભાવનાઓનું ચિંતન ક્ષમાગુણની સાધનામાં પણ ઘણું ઉપયોગી છે. આપણે તો યેન કેન પ્રકારેણ દ્વેષને દફનાવીને તેની કબર પર ક્ષમાદેવીનું મનોહર મંદિર રચવું છે. તે માટે જ્યાં જ્યાં જે જે સહાયક તત્ત્વો મળી જાય તેમાનાં એકેયને છોડવા નથી. આ સોળ ભાવનાઓ આપણને કેવી રીતે મદદ કરી શકે, તે વિચારી લઇએ.

(૧) અનિત્ય ભાવના : જગતના પ્રત્યેક પદાર્થને વિનાશિતાનો શાપ લાગેલો છે. વસ્તુમાત્ર તૂટી-ફૂટીને ખલાસ થઇ જવાના સ્વભાવવાળી છે. ઝુમ્મર તૂટી જાય, કપ ફૂટી જાય, કેરી સડી જાય, કપડું ફાટી જાય, ફૂલહાર કરમાઇ જાય, મકાન પડી જાય, ધાતુ કોહવાઇ જાય અને માણસ મરી જાય. કોણ કાયમ રહ્યું ? શું સર્વદા રહેવાનું ? સંઘર્ષો થાય છે આ વિનાશી જડ પદાર્થો માટે. કમાન છટકે છે કોઇ પૌદ્ગલિક ચીજના વિધ્વંસને કારણે. પણ, તે પદાર્થનો ક્ષણભંગુર સ્વભાવ નજર સામે રહે તો આંખને લાલ ન થવું પડે.

શાસ્ત્રમાં કહ્યું છે :

अनित्यताकृतबुद्धिर्म्लानमाल्यो न सोचते ।
नित्यताकृतबुद्धिस्तु भग्नभाण्डोऽपि शोचते ॥

ફૂલનો હાર કરમાઇ જવાનો છે તે મનમાં નિશ્ચિત હોવાથી ૧૦૦ રૂપિયાનો ફૂલહાર કરમાઇ જતાં દુઃખ થતું નથી, પણ ૫ રૂપિયાનો ઘડો ફૂટી જતાં શોક થાય છે કારણ કે ઘડામાં અનિત્યતાબુદ્ધિનો સ્વીકાર નથી કર્યો.

દશ વર્ષ પહેલાં લાવેલું મનોહર કાચનું ઝુમ્મર નોકરની ગફલતથી તૂટી જાય. અનિત્ય ભાવનાથી ભાવિત થયેલો આત્મા તુરત્ વિચારશે - "આ તો કાચનું ઝુમ્મર, જરાકમાં તૂટી જાય, આ દશ વર્ષ કેમ ટક્યું એ જ આશ્ચર્ય ! નોકરની કેટલી સાવધાની કે રોજ તે છત સાફ કરે છે. છતાં દશ વર્ષમાં આ વિનાશી ઝુમ્મરને પોતાનો સ્વભાવ પ્રગટ કરવા ન દીધો. પોતાના સ્વભાવને કોઇ ઢાંકી રાખવા મથે તે ઝુમ્મર પણ ક્યાં સુધી સાંખી લે ? એટલે, આજે તેણે બળવો પોકાર્યો અને નોકરની સાવધાની

નિષ્ફળ ગઇ. દશ-દશ વર્ષ સુધી ઝુમ્મરના ક્ષણિકતાના સ્વભાવ સામે બહાદુરીથી ટક્કર ઝીલનારા મારા આ નોકરનું તો મારે બહુમાન કરવું જોઇએ." આવી એક વિધેયાત્મક વિચારણા દ્વેષના દારુણ દુશ્મનને આતમઘરમાં પેસતો ન અટકાવી શકે? ભાગીદારે દગો દીધો અને વેપારમાં મોટું નુકશાન થયું ત્યારે લક્ષ્મીનો ચંચળ સ્વભાવ યાદ આવે તો ભાગીદાર અપરાધી ન લાગે. રસ્તા પર ટ્રક ડ્રાઇવરની ભૂલથી તમારી મારૂતિને નુકશાન પહોંચ્યું ત્યારે મારૂતિની વિનાશિતાનું ચિત્ર મનમાં ઊપસેલું હોય તો બહુ આકરું ન લાગે. આમ, જીવનની ક્ષણે ક્ષણમાં આ અનિત્ય ભાવનાને apply કરશું તો ક્ષમા એ માત્ર મહાસંતોનો જ જીવનવૈભવ છે તેવું નહિ લાગે.

(૨) અશરણ ભાવના : જગતની કોઇ વ્યક્તિ કે વસ્તુ શરણભૂત નથી તેવી વિચારણાનું નામ અશરણ ભાવના. કોઇના પર બહુ આશા રાખી હોય અને તેણે હાથ ન પકડયો. કોઇના પર બહુ વિશ્વાસ હોય અને તેણે જ દગો દીધો, કોઇને પોતીકા માન્યા અને તે જ પારકા પુરવાર થયા તેવું જીવનમાં ઘણું બને છે. આ પ્રસંગોમાં અશરણ ભાવનાના ચિંતકની પ્રસન્નતાની એક કાંકરી પણ ખરતી નથી, કારણ કે તે તો જગતમાં પોતાને નિરાશ્રિત માને છે અને માત્ર શુદ્ધ દેવ-ગુરુ અને ધર્મનું જ શરણું શોધે છે. તેના જીવનમાં કજિયા ક્યાંથી હોય ?

(૩) સંસાર ભાવના : સ્મશાનભૂમિ સાથે, અગ્નિના ભડકા સાથે, ખારા દરિયા સાથે કે વિષના કટોરા સાથે સંસારને મહર્ષિઓએ સરખાવ્યો છે. પોતાનાં અનેક રૌદ્ર સ્વરૂપોથી તે બિહામણો છે. તે દુઃખો અને વેદનાઓથી ભરેલો છે, સ્વાર્થથી સડેલો છે, પાપાચારોથી ખાબકેલો છે, વિચિત્રતાઓથી ખરડાયેલો છે. અગ્નિની દોસ્તી કરવી અને દાઝી જતા અકળાઇ જવું તે કેટલું યુક્ત છે ? વીંછીને હથેળીમાં લેવો અને ડંખ મારે ત્યારે રોષ કરવો કેટલો વ્યાજબી છે ? સંસાર છે, ઉપાધિઓ પણ આવે, વેદનાઓ પણ આવે. પુત્ર નફ્ફટ પણ પાકે, પત્ની કુલટા પણ પાકે, ભાગીદાર વિશ્વાસઘાતી પણ નીવડે. સ્વાર્થનો ચેપ સહુ કોઇને લાગેલો છે તેથી પૈસા માટે સગો ભાઇ કોર્ટમાં દાવો માંડે તેમાં પણ કોઇ જ નવાઇ નહિ. સંસારના સ્વભાવથી આ બધું બન્યા જ કરે. આટલું સુંદર સમાધાન ક્ષમાના સાધકને કેટલું બધું ઉપયોગી થઇ જાય ?

(૪) એકત્વ ભાવના : 'હું એકલો છું' એવી વિચારણા ઘણા સંકલેશોથી આત્માને બચાવે છે. કોઇ કામ દશ વ્યક્તિએ સાથે ઉપાડયું હોય ત્યારે બાકીની નવ વ્યક્તિએ પણ ભોગ આપવો જોઇએ તેવી અપેક્ષા રહે છે અને તેથી અપેક્ષા પૂરી ન થાય તો અથડામણ થાય છે. પણ એક જ વ્યકિતની જવાબદારી હોય ત્યારે તે બહુ સફળતાથી વહન કરે છે. આ જીવનયાત્રામાં પણ હું એકલો છું તેવી પ્રતીતિ

વ્યક્તિ સતત અનુભવે તો કોઇના માટે તેને કોઇ અપેક્ષા ઊભી થતી નથી અને અપેક્ષાજન્ય કેટલાય કલહોમાંથી તે બચી જાય છે.

(૫) અન્યત્વ ભાવના : સ્વજન - પરિવાર આદિ સહુ કોઇમાં પરાયાપણું માનવું એ અન્યત્વ ભાવનાનો વિષય છે. આ દેહ પણ મારો નથી. હું તો તેનાથી પર છું. આ શરીર છૂટી જશે છતાં હું રહીશ. આ બધી વિચારણાથી મમત્ત્વભાવ પીગળે છે. પારકાના ઘરમાં ચોરી થાય તેમાં આપણને કોઇ ખેદ થતો નથી. તેમ આ પરાઇ ચીજોમાં કાંઇ ન્યૂનતા કે અધિકતા થતા મન ઉદ્વેગ પામતું નથી. વળી, માત્ર આ બધા બાહ્ય વળગાડો જ પરાયા છે તેટલું જ નહિ. અન્યત્વ ભાવનામાં આગળ વધીને તે વિચારવાનું છે કે, ક્રોધાદિ ભાવો પણ પરભાવો છે. વિભાવો છે, તે મારો સ્વભાવ નથી. પછી, ક્રોધને ખંખેરવામાં બહુ મહેનત પડતી નથી.

(૬) અશુચિ ભાવના : કાયા પ્રત્યેનું મમત્વ ઓગાળવા માટે અને રૂપનાં આકર્ષણોથી બચવા માટે અશુચિ ભાવના દ્વારા બહારથી રૂપાળી દેખાતી કાયાની ચામડી તળેના બીભત્સ સ્વરૂપનું ચિંતન કરવાનું છે. મોહક ચામડીની કોથળીમાં ભરેલી ટનબંધ અશુચિઓને આ ભાવનાના એક્સ-રે દ્વારા જોવાની છે. આ ભાવનાના ચિંતનમાં હજુ આગળ વધીએ ત્યાર માત્ર કાયાની નહિ, મનની અને આત્માની મલિનતાઓ પણ કઠવા લાગે છે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આ બધાં આંતરિક અશુચિ રૂપે ઓળખાય છે. અને તેથી તુરત તેના પ્રત્યે ઘૃણા ઊપજે છે, તેને ફેંકી દેવાનું મન થાય છે. શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં ક્રોધને સ્થંડિલ (વિષ્ટા) કહ્યો છે. ક્રોધનો આવેશ આવે ત્યારે, અત્યારે મારી હથેળીમાં વિષ્ટા છે, તેટલું જ ભાન તે આવેશથી મુક્તિ મેળવવા માટે પૂરતું નથી ?

(૭) આશ્રવ ભાવના : આતમઘરમાં કર્મોને પ્રવેશ કરવાના દરવાજાને જૈન પરિભાષામાં આશ્રવ કહેવામાં આવે છે. કર્મબંધના અનેક કારણો છે. તેમાં મુખ્ય ક્રોધાદિ કષાયો પણ છે. કર્મથી મલિન બનેલા આત્માને મુક્ત કરવાની પ્રચંડ સાધના ચાલુ હોય પણ તે મલિનતાનો પ્રવાહ ન અટકે તો એ પ્રચંડ સાધનાથી પણ શું વળે ? માટે ક્રોધ આદિ આશ્રવસ્થાનોનો અટકાવ પ્રત્યેક આત્મસાધક માટે અનિવાર્ય છે. આ ભાવનાના ચિંતનમાં ક્રોધાદિ કષાયોને આશ્રવ રૂપે વિચારીને તેના વિષમય વિપાકોનું ચિંતન કરવાનું છે.

(૮) સંવર ભાવના : સાતમી ભાવનામાં આશ્રવોની નલિકા દ્વારા આત્મસરોવરમાં પેસતા કર્મકચરાના મલિન પ્રવાહને અટકાવવાની વાત કરી. પણ, તે અટકાવવા માટે તો તે નલિકાઓને ઢાંકણ ઢાંકી દેવાં પડે. આ ઢાંકણ ને 'સંવર' ની સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. ક્રોધ, માન, માયા અને લોભ પણ આશ્રવ છે. તેને

રોકવાના સાધન શ્રી શાંતસુધારસ ગ્રંથમાં જણાવ્યા છે :

क्रोधं क्षान्त्या मार्दवेनाभिमान् ।
हन्या मायामार्जवेनोज्जवलेन ।
लोभं वारांराशिरौद्रं निरुन्ध्याः ।
सन्तोषेण प्रांशुना सेतुनेव ॥

ક્રોધનો અટકાવ ક્ષમાથી, અભિમાનનો મૃદુતાથી, માયાનો ઋજુતાથી અને લોભનો સંતોષથી થઇ શકે છે. આ ગ્રંથમાં ક્ષમાને ક્રોધના અગ્નિને ઠારતા મેઘની ઉપમા આપવામાં આવી છે. આ ક્ષમા, મૃદુતા આદિ સંવરસ્થાનો એ પરમશ્રેયના પરમ ઉપાયો છે, તેવું વારંવાર ભાવવાથી આત્માના કયારામાં તે ગુણો પાંગરે છે.

(૯) નિર્જરા ભાવના : ત્રાસ આપવાના સ્વભાવવાળા અને આત્માને વળગીને રહેલાં કર્મોને ખેરવી નાંખવા તેને નિર્જરા કહે છે. આ કર્મક્ષયનો અમોઘ ઉપાય તપ છે. આ તપના મુખ્ય બે ભેદ પડે છે.

(૧) બાહ્ય તપ : ઉપવાસ આદિ.
(૨) અભ્યંતર તપ : સ્વાધ્યાય, શુભ ધ્યાન આદિ.

ઉપશમભાવ એ એક પ્રકારનું શુભ ધ્યાન હોવાથી કર્મક્ષયનો અકસીર ઉપાય છે. દ્વેષભાવ દુર્ધ્યાન છે, તેથી દ્વેષભાવનાથી વિરામ પામવો તે પણ એક પ્રકારનો તપ છે. ક્ષમાનો તપ આદરીને આવી પડેલા જીવલેણ ઉપસર્ગને પ્રસન્નતાથી સહન કર્યો તો ગજસકુમાલ કે મેતાર્ય જેવા મહામુનિઓ સર્વ કર્મોની નિર્જરા કરી શક્યા. ક્રોધનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે આ વિચારવું કે, ક્રોધ એ આશ્રવ છે. ક્ષમાથી નિર્જરા છે. ક્રોધને વશ બનીશ તો કર્મનો બંધ થશે અને ઉપશમભાવ રાખીશ તો કર્મનો ક્ષય થશે. આટલું ડહાપણ આવી જાય તો ક્યો માણસ ખોટનો ધંધો કરે ?

(૧૦) ધર્મભાવના : સકલ વિશ્વના અને જીવમાત્રના યોગક્ષેમની ધરી છે - ધર્મ આરાધના. આ ધર્મની કલ્યાણકારિતા, મહત્તા અને સ્વરૂપનું ચિંતન કરવાથી ધર્મનિષ્ઠા વધે છે. ધર્મ બે પ્રકારના છે : ૧. યતિધર્મ, ૨. ગૃહસ્થ ધર્મ. પરમશ્રેયકારી યતિધર્મના ૧૦ ભેદ બતાવવામાં આવ્યા છે. એ દશવિધ યતિધર્મમાં પહેલી છે - ક્ષમા. કોઇ દ્વેષના પ્રસંગમાં ક્ષમા રાખવી તે માત્ર સજ્જનતા જ નથી તેથી પણ આગળ વધીને તે એક ધર્મની આરાધના છે. આટલી ઉચ્ચ ભૂમિકાથી ક્ષમાનું મૂલ્યાંકન થાય છે ત્યારે તેનો આદર વધે છે, આવશ્યકતા સમજાય છે અને અનિવાર્યતા જણાય છે.

(૧૧) લોકસ્વરૂપ ભાવના : જૈન સિદ્ધાંત અનુસાર આ વિશ્વ છ દ્રવ્યનું

બનેલું છે. તે છ દ્રવ્યોનું ચિંતન આ ભાવનામાં કરવાનું છે. છ દ્રવ્યોનાં સૂક્ષ્મ ચિંતનમાં મન કેન્દ્રિત બનવાથી ક્રોધાદિ કષાયોની પીડા સ્વયં ઉપશાન્ત પામે છે. વળી જીવ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, પુદ્ગલ અને કાળ નામનાં આ છ દ્રવ્યોનું ચિંતન ક્ષમાની સાધનામાં ઉપષ્ટમ્ભક બને છે. જીવસ્વરૂપનું ચિંતન ક્ષમાને આત્મગુણ રૂપે અને ક્રોધને વિભાવ તરીકે ઓળખાવે છે. મોટેભાગે પુદ્ગલ ક્રોધનું કારણ હોય છે. પણ આ ભાવનાનું ચિંતન પુદ્ગલના પૂરણ અને ગલન સ્વભાવનો પરિચય આપે છે. તેથી ક્રોધને કોઇ અવકાશ રહેતો નથી. કાળ દ્રવ્યનું ચિંતન આયુષ્યની તથા સર્વ ભાવોની ક્ષણિકતાનો પરિચય આપે છે. આ લોકસ્વરૂપનું ચિંતન પણ ક્ષમાના પરમાર્થ સુધી પહોંચાડે છે.

(૧૨) બોધિદુર્લભ ભાવના : આ ભાવનાની વિચારણામાં પ્રાપ્ત થયેલા પવિત્ર સંયોગોની દુર્લભતાને વિચારવાની છે. વિશ્વમાં અનંત જીવો છે. તેમાંથી મનુષ્યો તો બહુ પરિમિત છે. પશુ આદિના ભવોમાં પુરાયેલા જીવો કેવું કંગાળ જીવન જીવી રહ્યા છે ! વિરાટ સમુદ્રમાં ખોવાયેલું રત્ન મળવું મુશ્કેલ હોય છે. શાસ્રોમાં મનુષ્ય જન્મને તેવા ખોવાયેલ રત્નની પ્રાપ્તિ જેવો દુર્લભ જણાવ્યો છે. મનુષ્ય દેહ તો મળી જાય પણ આર્યાવર્તની પવિત્ર ભુમિ, જન્મભુમિ રૂપે મળવી વધુ દુર્લભ છે. આર્યાવર્તમાં પણ ઊચ્ચ સંસ્કારી કુટુંબ મળવું વધુ દુર્લભ ! ધર્મગુરુઓનો સમાગમ અને ધર્મનું શ્રવણ તેથી પણ વધુ દુર્લભ અને ક્ષમાદિ ધર્મોના પરિચય થયા પછી તેની સાધના કરવાનો ઉલ્લાસ સહુથી વધુ દુર્લભ. માનવમનની એ ખાસિયત છે કે જ્યાં બહુ ઓછાનો હાથ પહોંચી શકે, તે વસ્તુ મેળવવાની ઝંખના તેને વધુ રહે છે. અને આવી દુર્લભ ચીજોનું મૂલ્ય ઘણું ઊંચું હોય છે. તે મૂલ્યવાન ચીજોને કોઇ શ્રીમંત જ વસાવી શકે. તો ક્ષમા અત્યંત દુર્લભ છે, માટે ખૂબ જ કિંમતી છે અને માટે તે આપણી પાસે આવે તો આપણી શોભા અને દરજ્જો વધે છે, આટલું જાણ્યા પછી આ દુર્લભ રત્નને પ્રાપ્ત કરીને પરમ વૈભવપતિ બનવાનો લ્હાવો લેવાનો કોડ કોને ન જાગે ?

(૧૩) મૈત્રી ભાવના : વિશ્વના સર્વ જીવો પ્રત્યેનો સ્નેહ પરિણામ તે મૈત્રી. સહુના હિતની ચિંતા મૈત્રીભાવમાંથી ઉદ્ભવે છે. વિશ્વના સર્વ જીવો મારા પરમ મિત્ર છે, તે આ ભાવના દ્વારા રોજ ચિંતવવાનું છે. મૈત્રીમાંથી પ્રેમ ઉદ્ભવે છે. અંગ્રેજીમં એક વાક્ય છે : Where love is thick, fault is thin. Where love is thin, fault is thick જેના પ્રત્યે સ્નેહભાવ છે તેનો મોટો ગુનો પણ બહુ મામૂલી લાગે છે, અને સ્નેહનો અભાવ હોય તો મામૂલી ગુનો પણ અક્ષમ્ય જણાય છે. એકનું એક ઝુમ્મર નોકરથી તૂટી જાય તો ક્રોધ વધુ. પત્નીથી તૂટે તો રોષ ઓછો.

પોતાનાથી તૂટે તો રોષ સાવ ઓછો. જગતના જીવમાત્રને અત્યંત પ્રેમભાવથી હૃદયમાં સમાવી લેવામાં આવે તો કોઇ આપણને અપરાધી નહિ લાગે. માટે, રોષ પણ નહિ થાય. જ્યારે કોઇ વ્યક્તિ પ્રત્યે ક્રોધ થાય ત્યારે સમજવું કે તેના પ્રત્યે આપણો સ્નેહ પાતળો છે. માટે તુરત ક્રોધથી બચવાનો ઉપાય જડી જશે કે તે વ્યક્તિ પ્રત્યે સ્નેહભાવ વધારવાની જરૂર છે. મૈત્રીભાવથી શત્રુ પણ મિત્ર બની જાય છે તેમ યોગવાશિષ્ઠમાં કહ્યું છે. કૈક્સવૃક્ષની પ્રત્યેક ડાળી કાંટાવાળી હોય છે. એક વનસ્પતિશાસ્ત્રી રોજ પ્રાર્થના કરવા લાગ્યો કે હે વૃક્ષ ! મને એક ડાળી કાંટા વગરની પણ આપ અને થોડા દિવસ બાદ ખરેખર તે વૃક્ષ પર એક ડાળી કાંટા વિનાની ઊગી. સંગ્રામ સોનીની પ્રેમભાવનાથી આંબો અકાળે ફળ્યો હતો. અને ઉદેપુરનાં મંત્રીએ પ્રેમથી સિંહને શાકાહારી બનાવ્યો હતો. મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે મૈત્રીભાવના દ્વારા ક્રોધવિજયની વાત બહુ સુંદર શબ્દોમાં કરી છે.

सर्वे ते प्रियबान्धवाः, नहि रिपुरिह कोऽपि ।
मा कुरु कलिकलुषं मनो, निजसुकृतविलोपि ॥

"સર્વ જીવો તારા પ્રિય બંધુઓ છે. કોઇ તારો શત્રુ નથી. માટે કજિયાના કલેશથી તારા મનને મલિન કરીને તું કરેલાં સુકૃત્યોનું ધોવાણ ન કર."

આટલું રોજ આત્માને સમજાવવામાં આવે તો ક્રોધ સાથે કેટલું સુંદર વેર બંધાઇ જાય !

(૧૪) પ્રમોદ ભાવના : ગુણનો પક્ષપાત તે પ્રમોદ. અન્યનો ઉત્કર્ષ નજરે પડતાં અસૂયાની પીડા ઊપડે છે. આ અસૂયા એ દ્વેષનો જ એક પરિણામ છે. ઇર્ષ્યાના ભાવ શત્રુતાના ભાવને ઊભો કરે છે. પ્રમોદ ભાવના દ્વારા અન્યના ઉત્કર્ષમાં આનંદ માણવામાં આવે તો અંતરનાં દરિયામાં કેટલાંય તોફાનો ઊઠતાં પહેલા જ શમી જાય છે. કોઇનાં દુઃખમાં દુઃખી થવું સહેલું છે. પણ અન્યના ઉત્કર્ષમાં રાજી થવું તે મોટી કસોટી છે. તેથી, મૈત્રી અને કરુણા ભાવના કરતાં પણ પ્રમોદ ભાવના બહુ કઠણ છે. જેની સાથે ઉછર્યા, સાથે ખાધુ, સાથે રમ્યા તે વહાલસોયો ભઇલો કોઇ પણ ક્ષેત્રમાં આગળ વધી જાય તો પ્રમોદગુણના અભાવેમાં તે પણ ઇર્ષ્યાનું પાત્ર બની જાય. ક્યારેક બાપને દીકરાની ઇર્ષ્યા પીડે, બોસને આસિસ્ટન્ટની, શિક્ષકને વિદ્યાર્થીની અને ગુરુને શિષ્યની. આ અસૂયામાંથી શત્રુતા પેદા થતા વાર નથી લાગતી. શાસ્ત્રોમાં નયશીલસૂરિ નામના એક આચાર્યનું કથાનક આવે છે. મહાન પ્રભાવક આચાર્ય હતા. તેમનો એક શિષ્ય અત્યંત પ્રતિભાશાળી હતો. તે શાસ્ત્રોનો પારગામી બન્યો હતો. અદભુત વાક્ચાતુર્યનો સ્વામી હતો, સહુના આદરનું પાત્ર હતો. તેની પુણ્યપ્રતિભાથી સહુ અંજાઇ જતા. સહુને તે સુંદર બોધ આપતો. તેનું

ચારિત્ર પણ ઉત્તમ હતું. ગુરુ કરતાં શિષ્ય સવાયા થાય ત્યારે ગુરુની છાતી ગજગજ ફૂલવી જોઇએ. પણ આ ગુરુની છાતી તો બેસતી ગઇ. બહારથી તો તેની પ્રશંસા કરે છે. પણ હૈયામાં તો તેલ રેડાય છે. તેનાં ઉત્કર્ષને સહી પણ શકતાં નથી અને કોઇને કહી પણ શકતા નથી. અસૂયાના ભાવોએ શત્રુતાનાં બીજ રોપ્યાં. શિષ્યનો ઉત્કર્ષ જેમ વધતો ગયો તેમ તેમ તે બીજ અંકુરિત થયું. પછી તો પત્રિત, પુષ્પિત અને ફલિત પણ થયું. શું ફળ પાક્યું ખબર છે ? અંતરમાં પેદા થયેલા શત્રુતાના ભાવોને દફનાવ્યા વિના જ મૃત્યુ પામ્યા, તેથી મરીને ફૂંફાડા મારતો નાગ બન્યા. યોગાનુયોગ તે જંગલમાંથી જ તેમના પ્રભાવક શિષ્યમુનિને વિચરવાનું થયું ત્યારે આત્મામાં રોપેલા વૈરના સંસ્કારો જાગી ઊઠયા. જંગલમાં પડેલો કાળોતરો નાગ સળવળી ઊઠયો અને ફૂંફાડા મારતો તે પૂર્વના પોતાના શિષ્ય મુનિને જ ડંખ દેવા દોડયો. સહવર્તી મુનિઓએ પ્રયત્ન કરીને તેમને નાગના ડંખથી બચાવ્યા. પણ, નાગ તેમનો કેડો જ છોડતો નથી. જાણે "મારું નહિ ત્યાં સુધી જંપું નહિ" તેવા શપથ જ ન લીધા હોય ? એક વિશિષ્ટ જ્ઞાની મહાત્માનો ભેટો થતા, પેલા પ્રભાવક શિષ્ય મુનિરાજે આ નાગના ભયનું કારણ જ્ઞાની મહાત્માને પૂછયું. જ્ઞાની મહાત્માએ ઓળખ આપી : આ નાગ એ બીજું કોઇ નથી, તમારા પરમોકારી ગુરુદેવ છે. તમારી પ્રત્યેના ઇર્ષ્યાં અને દ્વેષને કારણે અંતરમાં તમારા પ્રત્યે ક્રોધ અને વૈરભાવ ઊભાં થયાં હતા. તે ક્રોધના ભાવોએ તેમને સાધુમાંથી સર્પ બનાવ્યા અને વૈરના સંસ્કારોને કારણે તમને ડસવા ધસે છે." વૃત્તાંત સાંભળી મુનિરાજ ચકિત થઇ ગયા. ઘણા પ્રયત્નો કરીને અવગતિ પામેલા ઉપકારી ગુરુદેવના આત્માને ઉપશાંત બનાવ્યો.

ક્ષમાની સાધના માટે પ્રમોદ ગુણ કેટલો અનિવાર્ય છે, આ કથાનક જ ટૂંકમાં ઘણું સમજાવી દે છે.

(૧૫) કરુણા ભાવના : કરુણા ભાવનાનો વિષય દીન દુઃખી જીવો છે. અન્યના સુખમાં સુખી થવાનું પ્રમોદ ભાવના શીખવે છે, તો અન્યના દુઃખમાં દુઃખી થવાનું શિક્ષણ કરુણા ભાવના આપે છે. શાસ્ત્રોમાં લખ્યું છે :

કરુણા નદીના તટ પર જ ધર્મનું વૃક્ષ ઊગે છે. હૃદયમાં વહેતું તે ઝરણું સુકાઇ જાય છે, તો પાનખરના પીપળાની જેમ ધર્મવૃક્ષ ઠૂંઠું બની જાય છે.

કરુણા ભાવનાથી ભાવિત બનેલાં હૈયામાં અન્ય વ્યક્તિનો વિચાર કરવાની સૂઝ પ્રગટે છે. બીજાની વેદના તેને તુરત સ્પર્શી જાય છે. કોઇ ભૂખ્યા હોય ને વેદના પોતે અનુભવે. કોઇ વ્યાધિનો ભોગ બને અને પીડા તેને થાય. હવે, અન્યની વેદનાની

પીડા જેને તુરત સ્પર્શી જતી હોય તે કરુણાસંપન્ન વ્યકિત અન્યનાં હૃદયને વેદના થાય તેવી વર્તણૂંક પોતે તો કરી જ કેવી રીતે શકે ? પોતાના આક્રોશ વચનો અન્યના હૈયામાં શૂળની વેદના ઊભી કરશે તેટલું ભાન તેને ન રહે ? કરુણાવાસિત ચિત્ત એટલે ક્રોધના પાકને ઊગવા માટેની ઉખરભૂમિ, અને ધર્મને ઊગવા માટેની ફળદ્રુપ ભૂમિ.

(૧૬) માધ્યસ્થ્ય ભાવના : ઉદાસીન વૃત્તિ કે ઉપેક્ષાભાવ એ માધ્યસ્થ્ય ભાવના પર્યાયો છે. ઉન્માર્ગે રહેલી કે દોષથી ભરેલી કેટલીય વ્યક્તિઓમાં સુધારણાની કોઇ સંભાવના ન દેખાતી હોય તેવું બને. ત્યારે તેમના પ્રત્યે હૃદયમાં તિરસ્કારભાવ ઊપજવો ઘણો શક્ય છે. તે તિરસ્કારવૃત્તિથી આત્માનું રક્ષણ કરવા જ્ઞાની ભગવંતોએ બહુ મજાની ભાવના આપી છે : માધ્યસ્થ્ય ભાવના. મૈત્રી આદિ ત્રણ ભાવનાઓનું પાત્ર અન્ય જીવો છે. દેખીતી રીતે માધ્યસ્થ્ય ભાવનાનું પાત્ર પણ દોષયુક્ત અન્ય જીવો જ જણાય છે. પણ, અપેક્ષાએ આ માધ્યસ્થ્ય ભાવના એ સ્વ પ્રત્યેની કરુણાભાવના છે એમ કહી શકાય. અન્યના દોષયુક્ત આચરણ પ્રત્યે જુગુપ્સા કે તિરસ્કાર કરીને દ્વેષથી ખરડાતો આત્મા કર્મનાં થોકડાં ભેગા કરે છે. તે મહાનુકસાનથી બચાવવા અને મનના ભાવોને કલુષિત થતા અટકાવવા માટે આ માધ્યસ્થ્ય ભાવના છે. અન્યના દોષો તરફ દષ્ટિ જાય છે ત્યારે જ ક્રોધ પેદા થાય છે. વચ્ચે માધ્યસ્થ્ય ભાવનાનો પડદો આવી જાય તો ક્રોધનો ત્રાસ ઓછો થઇ જાય.

સંવેગ અને વિરાગના મનોહર રંગોથી આત્માને મઢી દેતી આ અનુપમ ભાવનાઓ હૈયામાં ધર્મ પેદા કરે છે, પેદા થયો હોય તા વૃદ્ધિ પમાડે છે, વૃદ્ધિ પામેલો હોય તો સ્થિર કરે છે, સ્થિર થયેલો હોય તો સચેતન બનાવે છે. આ સોળેય ભાવનાથી ભાવિત બનેલા હૃદયરૂપી મહેલની છત ઉપર એક મનમોહક મોતીમય ઝુમ્મર શોભી ઊઠે છે - તે ક્ષમા.

પાંચ મહાવ્રતો અને ક્ષમા

શ્રમણ ભગવાન મહાવીરે બે પ્રકારના ધર્મનો ઉપદેશ આપ્યો : ૧ શ્રમણધર્મ, ૨. શ્રાવકધર્મ. શ્રમણને માટે પાંચ મહાવ્રતોનો ઉપદેશ કર્યો. હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પ્રરિગ્રહનાં ત્યાગ રૂપ પાંચ મહાવ્રતોને મૂલગુણ કહેવામાં આવે છે. તે મૂલગુણોનું સમર્થન કરનારા ક્ષમા આદિ અનેક ગુણોને ઉત્તરગુણો કહેવામાં આવે છે. ઉત્તરગુણો પ્રત્યેની બેકાળજી કે તેના ધ્વંસ મૂલગુણોના ઘાત સુધી પહોંચાડી શકે છે. તેથી ક્ષમા આદિ ઉત્તરગુણોની મહત્તા પણ જરાય ઓછી નથી. તે સંબંધોનો આપણે જરાક પરિચય કરી લઇએ.

(૧) સર્વથા પ્રાણાતિપાતવિરમણ મહાવ્રત : સાધુને અજાણતા પણ સૂક્ષ્મ જીવની પણ હિંસા નહિ કરવાની પ્રતિજ્ઞા હોય છે. હિંસક ભાવ એ ક્રોધનું જ એક રૂપક છે !

હિંસા એ ક્રોધના છોડવા પર આવેલું એક ફળ છે. ક્રોધ નાશ પામતાં હિંસકભાવ પેદા જ ક્યાંથી થાય ? ક્રોધનાં કાલુષ્યથી મન ખરડાય પછી તે કલુષતા વધુ તીવ્ર બને તો હિંસાનો હડકવા લગાડી દે છે. દુનિયામાં બનતા હિંસા કે ખૂનના બનાવોની તપાસ કરો. માટે ભાગે તે બનાવોનું મૂળ કોઇ નાનકડા ક્રોધાવેશમાં પડેલું હશે. ક્રોધાવેશને નિયંત્રિત કરવામાં ન આવે તો એ વિરાટ સ્વરૂપ પકડે છે અને હિંસામાં પરિણમે છે. ક્રોધના આવેગો હૈયાને નિષ્ઠુર બનાવે છે. અને પ્રથમ મહાવ્રતના અણિશુદ્ધ પાલન માટે પણ ક્ષમાની ખૂબ સહાય જરૂરી બને છે. પતંજલિ ઋષિએ પણ યોગસૂત્રમાં કહ્યું છે કે " अहिंसाप्रतिष्ठायां तत्संनिधौ वैरत्याग: "- જેણે અહિંસા વ્રતને આત્મસાત્ કર્યું છે તેની નિકટમાં આવનાર હિંસક પ્રાણીઓનો હિંસકભાવ અને વૈરભાવ સહજ રીતે વિસર્જન પામે છે.

(૨) સર્વથા મૃષાવાદવિરમણ મહાવ્રત : આ મહાવ્રતને ધારણ કરનારા મુનિએ અસત્યનો સર્વથા ત્યાગ કરવાનો છે. સત્યથી વેગળું હોય તે જ અસત્ય, તેટલી જ અસત્યની સીમા મર્યાદિત નથી. અસત્યનો પથારો બહુ પહોળો છે. સત્ય પણ અપ્રિય અને અહિતકર હોય તો અસત્ય બને છે. શ્રી પ્રજ્ઞાપનાસૂત્ર નામના આગમમાં અસત્ય ભાષાનાં ૧૦ ભેદ બતાવવામાં આવ્યા છે. તેમાં ક્રોધનિશ્રિત સત્ય ભાષાને પણ અસત્ય ઠેરવવામાં આવી છે. સાધુઓના પાક્ષિકસૂત્રમાં મૃષાવચનના જણાવેલા ચાર કારણોમાં ક્રોધને પ્રથમ ગણવામાં આવ્યું છે. ક્રોધથી નીકળેલું આક્રોશવચન સત્યથી વેગળું ન હોય તેવું બને, છતાં તે અસત્ય જ કહેવાય. તો તે ક્રોધાવેશ સાધુથી કરી જ કેવી રીતે શકાય ? સાધુની જેમ સત્યના આગ્રહી દરેક વ્યક્તિએ ક્રોધને દેશવટો દેવો જ પડે. કદાચ, મનમાં ક્રોધની ડમરી ઊઠે તોય તેને વચનનો માર્ગ તો ન જ દેખાડાય. ક્ષમાની સાધના વિના મૃષાવાદનું સર્વથા વિરમણ કેવી રીતે થઇ શકે ?

(૩) સર્વથા અદત્તાદાનવિરમણ મહાવ્રત : માલિકની અનુમતિ વિના રસ્તા પરનાં તણખલાંને પણ નહિ અડકવાનું સાધુને વ્રત છે. પારકી વસ્તુની માલિકી સાધુથી ન થઇ શકે. આ મહાવ્રતના ચિંતનમાં ઊંડા ઉતરીને સાધકની દૃષ્ટિ ઘણે દૂર સુધી પહોંચે તો તેને ક્રોધાદિ ભાવો પણ પોતાના નહિ, પારકા લાગે છે. તો એ પરભાવોને અડાય પણ કેવી રીતે ? તેના માલિક તો ક્યાંથી બની જવાય ? તેને તો આ ક્રોધાદિ ભાવોને પરવશ બનવામાં પણ પોતાનું ત્રીજું મહાવ્રત અતિચરિત

થતું દેખાય. તે દુષ્ટ ભાવોને તગેડીને જ તે જંપે.

(૪) સર્વથા મૈથુનવિરમણ મહાવ્રત : નવ ગુપ્તિ પૂર્વક ચોથા બ્રહ્મચર્યવ્રતનું પાલન કરતો મહાત્મા સ્વરૂપરમણતાના પરમ સુખને માણે છે. વિજાતીય તત્ત્વથી તે દૂર ભાગે છે. ભોગના કીચડિયા સુખ (સુખાભાસ) કરતાં કાંઇ ગણું ચડિયાતું શુદ્ધિનું આહ્‌લાદજનક સુખ અનુભવે છે. શુક્ર એ શરીરનો રાજા છે. તેના રક્ષણથી આત્માનું પૌરુષ ખીલી ઊઠે છે. તે વિકસિત સત્ત્વ સફળતાનાં કોઇ પણ શિખરને છેટું રહેવા દેતું નથી. પણ, વિકાર અને વાસનાના પ્રભાવે ધાતુનું સ્ખલન થતા આત્માનું સત્ત્વ નબળું પડે છે. અને, આ સત્ત્વહીન બનેલા રાંકડા પર ક્રોધ આદિ ગુંડાઓ ચડી બેસે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે : कामात् क्रोधोऽभिजायते । ક્રોધનું પ્રસવ-સ્થાન કામ છે. ક્રોધવિજય માટે કામવિજય અનિવાર્ય છે. અને, કામ સામેનો પરાજય આત્માને ક્રોધથી પણ અભિભૂત કરી દે છે. માટે, ક્ષમા ગુણના સાધક માટે તો બ્રહ્મચર્યનું શરણું અત્યંત આવશ્યક છે.

(૫) સર્વથા પરિગ્રહવિરમણ મહાવ્રત : સંગ્રહ અને પરિગ્રહના પાશથી અને ત્રાસથી મુક્ત બનેલો શ્રમણ અકિંચન કહેવાય છે. સર્વસંગનો ત્યાગ કરીને તે અસંગી બન્યો છે. પણ, માત્ર ધન, ધાન્ય આદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહોનો જ ત્યાગ નથી કરવાનો, ને નવ ઉપરાંત ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ પણ શાસ્ત્રોમાં જણાવેલા છે. તે ચૌદમાં એક ક્રોધનો પણ નંબર છે. ક્રોધ એ આંતરિક પરિગ્રહ છે. તેનો સર્વથા ત્યાગ થાય છે ત્યારે અકિંચનપણું સોળે કળાએ ખીલી ઊઠે છે. આ ૨૩ પ્રકારનાં બાહ્ય-અભ્યંતર પરિગ્રહોને ગ્રંથિ કહેવામાં આવે છે. સાધુ ગ્રંથિરહિત હોવાથી તેને નિર્ગ્રન્થ કહેવામાં આવે છે. આમ, ક્ષમા વિના અપરિગ્રહ વ્રત પરિપૂર્ણ કેવી રીતે બને ?

હે વીર !

ક્રોધના અગ્નિની ભઠ્ઠી જેવું મારું જીવન ક્યાં ?
અને, ક્ષમાના અમૃતની કોઠી જેવું તારૂં જીવન ક્યાં ?
તારા જેવા ક્ષમાશીલ બનવાનું તો
મને સ્વપ્ન પણ ક્યાંથી દેખાય ? પણ, તારા
ભવ્ય જીવનના અદ્‌ભુત પ્રસંગોને વાગોળતા
ક્ષમાપ્રિય બનું તો ય ઘણું. '

ક્ષમાનો સાર્વત્રિક સ્વીકાર

બ્રાહ્મણ અને ક્ષમા :

જૈન શ્રમણ માટે ક્ષમા જેમ અનિવાર્ય અંગ છે, તેમ અન્ય સર્વ કોઇ ધર્મશાસ્ત્રોએ ક્ષમાને સાધનાનું મહત્ત્વનું અંગ માન્યું છે. ક્રોધને સાધનાનો વિક્ષેપક ગણવામાં સર્વ ધર્માચાર્યોની અને ધર્મશાસ્ત્રોની એકમતી છે. વેદો, પુરાણો અને વૈદિક ધર્મગ્રંથોમાં બ્રાહ્મણને ખૂબ પૂજ્યસ્થાન આપવામાં આવ્યું છે. પરંતુ, બ્રાહ્મણ સ્ત્રીની કુક્ષિમાં નવ મહિના ગાળી લેવા માત્રથી તેને બ્રાહ્મણત્વનું સર્ટીફિકેટ મળી જતું નથી. બ્રાહ્મણસ્ત્રીની કુક્ષિએ અવતરેલો માનવી કર્મથી ચંડાલ હોય તો વૈદિક મહર્ષિઓ તેને બ્રાહ્મણ કહેવા તૈયાર નથી.

મહાભારતમાં વ્યાસ મુનિએ લખ્યું :

चण्डालोऽपि स विप्रः स्यात्, लोकेशो हि क्षमाकर : ।

ક્ષમાશીલ વ્યક્તિ લોકનો સ્વામી છે. તે જાતનો ચંડાલ હોય તો પણ બ્રાહ્મણ છે

બૃહદાન્હિકા અને બૃહદારણ્યક જેવા ગ્રંથોમાં બ્રાહ્મણનાં લક્ષણો બતાવવામાં આવ્યાં છે. તેમાં પ્રથમ સ્થાન ક્ષમાને આપવામાં આવ્યું છે.

મહાભારતે - શાંતિપર્વના પંદરમાં અધ્યાયમાં બ્રાહ્મણની વ્યાખ્યા કરી :

कामक्रोधनिवृत्तस्तु ब्राह्मणः स युधिष्ठिर !

હે યુધિષ્ઠિર ! જે કામ અને ક્રોધથી નિવૃત્ત છે, તે બ્રાહ્મણ છે.

તે જ ગ્રંથમાં ૪૭ મા અધ્યાયમાં ફરી તે જ વાત પર ભાર મૂક્યો :

कामक्रोधौ वशे यस्य, तं देवा ब्राह्मणं विदुः ।

કામ અને ક્રોધ જેણે વશ કર્યા છે, તેને દેવતાઓ બ્રાહ્મણ કહે છે.

ભગવદ્ગીતાના અઢારમાં અધ્યાયમાં ક્ષમાને બ્રાહ્મણના સ્વાભાવિક કર્મ તરીકે ઓળખાવવામાં આવી છે.

વિષ્ણુપુરાણના ત્રીજા અધ્યાયનો એક શ્લોક મૈત્રીભાવને બ્રાહ્મણના શ્રેષ્ઠ ધન તરીકે ઓળખાવે છે.

मैत्री कर्मसमस्तेषु ब्राह्मणस्योत्तमं धनम् ।

સ્મૃતિચન્દ્રિકા નામનો ગ્રંથ પણ ગળામાં ભરાવેલી જનોઇ કે કપાળમાં

તાણેલા તિલક પરથી કોઇને બ્રાહ્મણ માની લેવાની ઉતાવળ કરવાનો નિષેધ કરે છે. તેમ, તે ચિન્હો જેનામાં ન દેખાય તેને અબ્રાહ્મણ પણ કહેવામાં અન્યાય જણાવે છે. બ્રાહ્મણને ઓળખવાનું એક દૂરબીન આ ગ્રંથ આપણા હાથમાં આપે છે.

જેનાં જીવનમાં સત્ય, દાન, તપ, અદ્વેષ, અક્રૂરતા, ક્ષમા અને લજ્જા દેખાતાં હોય તે બ્રાહ્મણ છે.

ક્ષમાનાં સાહચર્ય વિના બ્રાહ્મણત્વને ગોઠતું નથી. ક્રોધનો તપારો તેનાથી ખમાતો નથી. ક્રોધને જીવનનિકાલની સજા કરીને અને હૃદયનાં સિંહાસન પર ક્ષમાદેવીનો અભિષેક કરીને હરકોઇ વ્યક્તિ બ્રાહ્મણ પદના ગૌરવને પ્રાપ્ત કરી શકે છે. જન્મ કે જાતિના સ્થૂલ ભેદોથી પર બનીને હરકોઇના ગળામાં બ્રાહ્મણત્વની જનોઇ પહેરાવવાની ઉદારતા વૈદિક ગ્રંથોએ દાખવી છે. માત્ર તેમણે બ્રાહ્મણોના વાડામાં પેસવા માટેની પ્રવેશ ફી રાખી છે: ક્ષમા આદિ ગુણોની સિદ્ધિ.

વેદના અધ્યયનની યોગ્યતા માટે પણ શમ, શ્રદ્ધા, વૈરાગ્ય આદિ ગુણો જરૂરી ગણાવવામાં આવ્યા છે.

અન્યવર્ણો અને ક્ષમા :

જેને દ્વેષની મૈત્રી છોડવાની જરાય તૈયારી નથી તે તો કહેશે - કોઇ અમને બ્રાહ્મણ ન કહે તેમાં અમારું શું બગડી જવાનું છે ? બ્રાહ્મણ સિવાય પણ બીજા ત્રણ વર્ણો છે, તેમાં તો પ્રવેશ મળશે ને ? પણ, ધર્મશાસ્ત્રો આ નફ્ફટાઇને જરાય મચક નથી આપતા. મહાભારત ગ્રંથમાં ચારે વર્ણના સાધારણ ધર્મો જણાવવામાં આવ્યા છે, તેમાં એક છે : અક્રોધ. શૂદ્ર પણ ક્રોધનો દાસ તો ન જ બને. ઋષિમુનિઓએ ક્રોધી વ્યક્તિને વર્ણવ્યવસ્થામાં બિનઅધિકારી ઠેરવીને કોઇ પણ વર્ણમાં પ્રવેશ આપવાનો નિષેધ કર્યો છે તે જોઇને ય આ મહાદોષની ભયાનકતા આપણે પિછાણી શકીશું ?

ભર્તૃહરિએ 'નીતિશતક' માં સત્પુરુષનાં લક્ષણો જણાવ્યા છે તેમાં ક્ષમાને પણ સ્થાન આપ્યું છે.

શ્રીમદ્ ભાગવત તો હજુ તેથી પણ આગળ વધે છે. ક્રોધાભિભૂત વ્યક્તિને તે તો 'પુરુષ' કહેવા પણ તૈયાર નથી. તેમાં લખ્યું છે : જે વ્યક્તિ ઉત્પન્ન થયેલા ક્રોધ અને માનને શમાવી દે છે, તે જ વાસ્તવિક પુરુષ છે.

'દક્ષસ્મૃતિ' નામના ગ્રંથમાં દયા, લજ્જ, ક્ષમા, શ્રદ્ધા, બુદ્ધિ, દાન અને કૃતજ્ઞતાથી યુક્ત હોય છે તે વ્યક્તિને ઉત્તમ ગૃહસ્થ ગણાવ્યો છે.

પુરાણોમાં ક્ષમા :

દેવતાઓ પૂજાથી તૃષ્ટ થાય છે. જેટલા ઊંચી જાતનાં પુષ્પોથી દેવની પૂજા કરવામાં આવે તેટલા દેવ જલ્દી તુષ્ટ થાય છે. માર્કણ્ડેય પુરાણ, પદ્મપુરાણ આદિ પુરાણો દેવપૂજા માટેનાં આઠ ઉત્તમ પુષ્પો ચૂંટીને આપણા પૂજાના થાળમાં ગોઠવી આપે છે. આ રહ્યાં તે પુષ્પો :

अहिंसा परमं पुष्पं, पुष्पमिन्द्रियनिग्रहः ।
सर्वभूतदया पुष्पं, **क्षमापुष्पं** विशेषतः ॥१॥
ध्यानपुष्पं तपः पुष्पं, ज्ञानपुष्पं च सप्तमम् ।
सत्यं चैवाष्टमं पुष्पं, तेन तुष्यन्ति देवताः ॥२॥

માર્કણ્ડેય પુરાણ, આધ્યાય - ૯

અહિંસા ઉત્તમ પુષ્પ છે, ઇન્દ્રિયનિગ્રહ બીજું પુષ્પ છે. સર્વ પ્રાણી પર દયા એ ત્રીજું પુષ્પ છે. **અને ક્ષમા તો વિશેષ મહત્ત્વનું ચોથું પુષ્પ છે.** ધ્યાન પાંચમું, તપ છઠ્ઠું, જ્ઞાન સાતમું અને સત્ય આઠમું પુષ્પ છે. આ પુષ્પોની પૂજાથી દેવતા તુષ્ટ થાય છે.

આપણે તો આપણી પૂજાની થાળીમાં ક્રોધની અશુચિ ગોઠવી છે અને દેવનો આશીર્વાદ પામવો છે. અશુચિની પૂજાથી આશીર્વાદ મળે કે શાપ, તે તો મૂરખને ય ખબર પડે.

ભગવદ્‌ગીતામાં ક્રોધ અને અક્રોધ :

આર્યાવર્તે જગતને આપેલી એક અણમોલ ભેટ તરીકે ભગવદ્‌ગીતાને સાક્ષરો નવાજે છે. "કૌરવો-પાંડવો વચ્ચે સર્જાયેલી કટોકટીની વિકટ ક્ષણોમાં કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ પર અર્જુનને સ્વધર્માભિમુખ કરવા શ્રીકૃષ્ણે જે જ્ઞાનગંગા વહાવી તે ભગવદ્‌ગીતા. સમગ્ર વિશ્વના અનેક મહાન તત્ત્વજ્ઞો અને ચિંતકો પર આ મહાગ્રંથની ઘેરી અસર પડેલી છે." એવો આજના અનેક વિદ્વાનોનો અભિપ્રાય છે. તે ગ્રંથના કેટલાક સંદર્ભોને વિચારીને આપણી ક્રોધવિજયની કૂચને વધુ સબળ બનાવીશું.

• અર્જુન કૃષ્ણને પૂછે છે.

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पुरुषः ।
अनिच्छिन्नपि वार्ष्णेय ! बलादिव नियोजितः ॥

હે કૃષ્ણ ! પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ જાણે બળાત્કારથી પાપમાર્ગે ધકેલાતો હોય તેમ જીવ કોની પ્રેરણાથી પાપાચરણ કરે છે ?

કૃષ્ણ પ્રત્યુત્તર આપે છે :

काम एष क्रोध एष, रजोगुणसमृद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥

હે અર્જુન ! તે કામ અને ક્રોધ છે. તેઓની ઉત્પત્તિ રજોગુણમાંથી થયેલી છે. તે બન્ને અકરાંતિયા અને મહાપાપી છે. તું તેમને શત્રુ સમજજે.

ત્રીજા અધ્યાયમાં પાપના મૂળ તરીકે ક્રોધની ઓળખાણ આ રીતે બતાવી અને સત્તરમાં અધ્યાયમાં તો કામ, ક્રોધ અને લોભને નરકનાં દ્વાર તરીકે ઓળખાવીને તેનો ત્યાગ કરવાનો ઉપદેશ ગીતાકારે આપ્યો છે.

ગીતાના તેરમા અધ્યાયમાં જ્ઞાનદશાનાં વીસ લક્ષણો બતાવ્યાં છે તેમાં એક ક્ષમા મૂકી છે. દેહભાવનો ત્યાગ કરાવીને આત્મભાવમાં લઇ જાય તે જ્ઞાન. આવી જ્ઞાનદશા પ્રગટતા નિરભિમાનતા, નિર્દંભ, અહિંસા, ક્ષમા આદિ લક્ષણો જોવા મળે છે.

ભગવદ્‌ગીતાના સોળમાં અધ્યાયમાં માનવી પોતાની જાતને માપી શકે તેવું સુંદર બેરોમીટર મૂક્યૂં છે. અધમ વૃત્તિઓનું જોર હોય છે ત્યારે માનવી દાનવ બને છે અને સાત્ત્વિક વૃત્તિઓનું પ્રાગટય થાય છે ત્યારે દેવત્વ તેનામાં પ્રાદુર્ભાવ પામે છે. અધમ વૃત્તિઓને ગીતાકારે આસુરી સંપત્તિ અને સાત્ત્વિક વૃત્તિઓને દૈવી સંપત્તિ તરીકે ઓળખાવી છે. એક તટસ્થ ભોમિયાની જેમ ગીતાકાર આપણને બે રસ્તાનો પરિચય આપે છે. આ રસ્તો દિવ્ય અને રમ્ય સૃષ્ટિ ભણી તમને દોરી જશે અને આસુરી વૃત્તિઓને ઉત્તેજિત કરનારો બીજો પંથ પતનની ખીણમાં ગબડાવશે. માત્ર રસ્તો બતાવીને ગીતાકાર છૂટી જાય છે. પસંદગી આપણા પર છોડે છે. દૈવી સંપત્તિમાં અક્રોધ અને ક્ષમાનો નંબર છે. ક્રોધને આસુરી સંપત્તિ ગણવામાં આવી છે ક્રોધનો ઊભરો આવે ત્યારે સમજવાનું કે અંદરમાં સૂતેલો દાનવ અત્યારે જાગ્યો છે.

એક માનસચિકિત્સકની અદાથી ગીતાકાર ક્રોધનું સ્વરૂપ ઓળખાવે છે. મૂળથી માંડીને ફળ સુધીની ક્રોધની ઓળખાણ ગીતાના અધ્યાયમાં મળે છે.

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ॥
क्रोधाद् भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात्प्रणश्यति ॥

ઇન્દ્રિયોનાં વિષય તરફ ખેંચાણ....

તેનાથી વિષયની આસક્તિ...

આસક્તિમાંથી કામ...

કામમાંથી ક્રોધ...

ક્રોધમાંથી મૂઢતા...

મૂઢતાથી સ્મૃતિભ્રંશ...

સ્મૃતિભ્રંશથી બુદ્ધિનાશ...

બુદ્ધિનાશથી સર્વનાશ.

ગબડતાં બચવું હોય તો પરિણામમાં સર્વનાશ જોઇને પાછળ ફરતા જાઓ, અધવચ્ચે આવશો ત્યારે સર્વનાશના કારણ તરીકે ક્રોધ દેખાશે. તે ક્રોધને ય કાઢવો હશે તો તેનાં મૂળ સુધી પહોંચવું પડશે. અને, આ તો સહુ કોઇનો અનુભવ છે કે મોટે ભાગે અતૃપ્ત ઇચ્છા જ ક્રોધનો પ્રસવ કરતી હોય છે.

ભોજન ઠંડું છે, ગુસ્સો આવ્યો.

ટી.વી. પર ફિલ્મનો સમય થયો ત્યારે જ ફ્યુઝ ઊડી ગયો, ગુસ્સો આવ્યો. દરજીએ સિલાઇ બરાબર ન કરી, પિત્તો ગયો.

બરાબર તપાસ કરીશું તો ક્રોધના દરેક પ્રસંગમાં આપણને કારણ જાણવા મળશે કે કોઇક ઇન્દ્રિયનો અસંતોષ જ અંદરમાં સૂતેલા ક્રોધસર્પની પૂંછડી પર ચૂંટલી ભરીને તેને છંછેડે છે.

ક્રોધનું મૂળ મળી ગયું એટલે તેના નિર્મૂલનનો ઉપાય પણ મળી ગયો. મનની ફેક્ટરીમાં ઇચ્છાઓનું ઉત્પાદન ઓછું થાય તે ક્રોધ વિજય માટે બહુ જરૂરી છે. ઇન્દ્રિયો સખણી રહે તે ક્રોધના ત્રાસથી બચવા માટે જરૂરી છે. આસક્તિ જેટલી મોળી પડશે તેટલો ક્રોધ માંદો પડશે.

બૌદ્ધધર્મ અને ક્ષમા :

ગૌતમબુદ્ધે પણ ક્ષમાને પ્રાધાન્ય આપ્યું છે. કોઇને શિષ્ય બનાવતા પહેલાં તે ખાસ તેની ક્ષમાની કસોટી કરતા. તેમની ક્ષમાશીલતા માટેના અનેક પ્રસંગો પ્રસિદ્ધ છે. કેટલાક પ્રસંગો આ પુસ્તકમાં પણ વાંચવા મળશે. ગૌતમબુદ્ધનો અક્રોધથી ક્રોધને જીતવાનો ઉપદેશ સુપ્રસિદ્ધ છે. બૌદ્ધ ગ્રન્થોમાં લખ્યું છે કે - જે ઉત્પન્ન થયેલા ક્રોધને પથભ્રષ્ટ થયેલા રથની જેમ રોકી લે તે જ ખરા સારથી છે, બાકી બધા તો માત્ર લગામ પકડનારા છે.

કુરાનેશરીફ અને ક્ષમા :

ઇસ્લામનો ધર્મગ્રન્થ છે - કુરાને શરીફ. ઇસ્લામ ધર્મના અનુયાયીઓ આ ગ્રંથને અત્યંત પવિત્ર અને પૂજનીય માને છે. આ ધર્મગ્રંથમાં અનેક જગ્યાએ ક્ષમાનો મહિમા ગવાયો છે.

અરબસ્તાનમાં હુસૈન નામનો ધર્મચુસ્ત શ્રીમંત હતો. તેને કુરાન પ્રત્યે અત્યંત પૂજ્યભાવ હતો. પણ તે ક્રોધી હતો. એકવાર તેના ગુલામના હાથમાંથી ગરમ પાણી ભરેલું વાસણ છટક્યું અને હુસૈનના પગ પર પડ્યું. નોકર શેઠની પ્રકૃતિ જાણતો હતો તેથી તે ખૂબ ગભરાયો, પણ તેને ખબર હતી કે શેઠને કુરાને શરીફનાં વચનો પ્રત્યે અત્યંત આદર અને પૂજ્યભાવ છે.

ગરમ પાણી અડતા શેઠ લાલપીળા થયા કે તુરત ગુલામે કુરાનનું વાક્ય તેમને યાદ કરાવ્યું. :

"જેઓ પોતાના ક્રોધને જીતે છે, તે સ્વર્ગ પામે છે."

કુરાનનું વાક્ય સાંભળતા જ તેનો ક્રોધ અટક્યો. ગુલામે કુરાનનું બીજું વાક્ય કહ્યું :

"જે ક્ષમા આપે છે તેમને સ્વર્ગ મળે છે."

તુરત જ હુસૈને ગુલામને તેની ભૂલ માટે ઉદારતાથી ક્ષમા આપી. હુસૈનના કુરાન પ્રત્યેના આદર ભાવનો હજુ વધુ લાભ આ ગુલામ ઉઠાવે છે. તે કુરાનનું ત્રીજું વાક્ય બોલ્યો :

"જે દયાળુ છે તે અલ્લાહને પ્રિય છે."

તુરત હુસૈનના હૈયામાં દયાનું ઝરણું ફૂટ્યું. તેણે ગુલામને ગુલામીમાંથી મુક્ત કર્યો અને કુરાનનાં આ બોધવચનો સંભળાવવા બદલ ચારસો અશરફી તેને ભેટ આપી.

કુરાનના ક્ષમાસંદેશનો પરિચય આપતો બીજો પણ એક પ્રસંગ :

એક ફકીરે કુરાનના એક વાક્ય પર ચોકડી મારી. તે જોઇને મૌલવી ખૂબ ગુસ્સે થયો :

"કુરાન ખુદાનું રચેલું છે, તેમાં કાંઇ ખોટું હોઇ શકે ખરું ? તેમાં તને શું બરાબર ન લાગ્યું ?"

ફકીરે તે વાક્ય બતાવ્યું.

"શયતાનસે તિરસ્કાર કરો."

મૌલવીએ કહ્યું : "આ વાક્યમાં ખોટું શું છે ? ખુદાએ શયતાનને તિરસ્કાર કરવાનું કહ્યું તે બરાબર છે." ત્યારે ફકીરે પોતાની મૂંઝવણ રજૂ કરી :

"પણ કુરાન પઢનારને જગતમાં કોઇ પણ વ્યક્તિ શયતાન લાગે ખરી ?"

ફકીરે કુરાનમાંથી ગુણદષ્ટિના અને અધિક્કારના સુંદર પાઠોને કેવા હૃદયસ્થ કર્યા હશે !

ઇશુ ખ્રિસ્ત અને ક્ષમા :

ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઇશુખ્રિસ્ત અને ધર્મગ્રંથ બાઇબલ પણ ક્ષમા ધરવાની રૂડી શિખામણો આપે છે. ઇશુનો ઉપદેશ છે કે - કોઇ તમારા એક ગાલે તમાચો મારે ત્યારે તમે તમારો બીજો ગાલ પણ ધરજો. શત્રુની શત્રુતાને ખલાસ કરવાનો સુંદર ઉપાય ઇશુએ બતાવ્યો છે.

ઇશુને તેમના એકે શિષ્યે પૂછ્યું :

"પ્રભુ, કોઇ મારો અપરાધ કરે તો અને કેટલીવાર ક્ષમા આપવી ? સાત વાર ?"

ઇશુએ કહ્યું : "સાત વાર નહિ, સિત્તેર વાર. ક્ષમાને ક્યારેય આંકડાથી મપાય નહિ."

કોઇના અપરાધો માટે એકાદ-બે વાર આંખ આડા કાન કરી લઇએ, પણ તેથી વધારે ચલાવી લેવાની આપણી તૈયારી નથી હોતી. પણ ત્યારે ઇશુનો આ ઉપદેશ યાદ કરવા જેવો છે.

તેમને જ્યારે ક્રોસ પર ચડાવવામાં આવ્યા ત્યારે પણ તેમણે અપરાધીઓ પ્રત્યે દ્વેષ નથી કર્યો, તે કટોકટીના સંયોગમાં પણ તેમના મુખમાંથી વચનો નીકળ્યા:

"પ્રભુ, તું તેમને ક્ષમા કરજે, કારણ કે, તેમને ખબર નથી કે તે શું કરી રહ્યાં છે."

ક્ષમાભાવ લાવવાનો કેટલો સરસ ઉપાય છે - અપરાધીની અજ્ઞાન દશાને નજર સામે લાવો. અજ્ઞાનતાને કારણે કોઇ ભૂલ કરે તો સહુ કોઇ ક્ષમ્ય ગણવા તૈયાર હોય છે. જાણી જોઇને ભૂલ કરતો લાગે ત્યારે પણ તેની અજ્ઞાનદશા (મોહદશા) જ તેને માટે જવાબદાર હોય છે તેવું બરાબર સમજાઇ જાય તો કોઇની ભૂલ ક્યારેય અક્ષમ્ય લાગે ખરી ?

જરથોસ્તી અને ક્ષમા :

અષો જરથુસ્તે જરથોસ્તી ધર્મની સ્થાપના કરી અને પારસીઓ તે ધર્મના અનુયાયીઓ છે. તેમનું ધર્મસ્થાન અગિયારી કહેવાય છે. પતેતી તેમનો મુખ્ય તહેવાર છે. આ દિવસે અગિયારીમાં એકત્ર થઇને મૃત્યુ પામેલા સ્વજનો પ્રત્યે થયેલા અપરાધોની પારસીઓ ક્ષમા યાચે છે. ક્ષમાયાચનાના આ પવિત્ર વ્યવહારને 'પશ્યેમાની' કહેવામાં આવે છે.

જ્ઞાનેશ્વરીમાં અક્રોધ :

ભગવદ્ગીતા પર સંત જ્ઞાનેશ્વરે રચેલું મરાઠી વિવેચન 'જ્ઞાનેશ્વરી' ખૂબ લોકપ્રિય બન્યું છે. તેમાં 'અક્રોધ' ની સુંદર વ્યાખ્યા કરી છે:

પથ્થર પર પાણીનું સિંચન કરવા છતાં જેમ અંકુર ફૂટતો નથી, કેવળ છાશ પર તરતા પાણીને વલોવવાથી માખણ નીકળતું નથી, સર્પની કાંચળીના મસ્તક પર પગ મૂકવા છતાં તે ફેણને ઊંચકતો નથી, વસંતઋતુમાં પણ આકાશને પુષ્પ ઊગતા નથી, ભસ્મમાં ઘી હોમવા છતાં અગ્નિ પ્રદીપ્ત થતો નથી, બ્રહ્મદેવના પગમાં પડવાં છતાં અમરણું પ્રાપ્ત થતું નથી. તેમ-ગમે તેવા કાતિલ નિમિત્ત મળવા છતાં જરા પણ ક્રોધ ઉત્પન્ન ન થાય તે અક્રોધ.

ક્રોધનો ક્યારેય પ્રસવ ન થાય તેવું વન્ધ્યત્વ તે અક્રોધ.

દ્વેષના બીજો વાવીને ઉશ્કેરાટના પાણી સિંચવા છતાં ક્રોધનાં અંકુર ન ફૂટે તેવું ઉખરપણું તે અક્રોધ.

પ્રકીર્ણક :

તાઓ ધર્મના સ્થાપક લાઓત્સેએ કહ્યું છે કે સાચો યોદ્ધો અવસરે વીરતા બતાવે પણ ક્રોધવશ તો ન જ બને.

શિતો ધર્મની માન્યતા છે કે બધા વૈભવમાં ચડિયાતો વૈભવ ક્ષમા છે.

શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઇ પણ
લખાયું હોય તો
મિચ્છામિ દુક્કડં

મેં એક ચમચમતું વાગ્બાણ તેનાં કૂણાં કાળજાં પર છોડ્યું,
મેં ધારેલું કે...
તેનાં કાળજાંની કોતરમાંથી
તેજાબ જેવાં આક્રોશવચનોના
તોફાની ઘોડા પર સવાર થઈને ધમધમતો
એક પિશાચ બહાર ધસી આવશે...
લાલ ભડકા જેવું તેનું સ્વરૂપ હશે...
વિકરાળ તેની કાયા હશે...
'ક્રોધ' તેનું નામ હશે.
પણ...
મારી ધારણા ખોટી ઠરી.
તેના કાળજાની કોતરમાંથી પિશાચને બદલે એક પરી
મૃદુ વચનોરૂપી
ગરવી ગાય પર સવાર થઈને આવી,
નરમાશની નમણી ચૂંદડી તેણે ઓઢી હતી.
અશ્રુનાં અણમોલ આભૂષણો
તેના દેહ પર ચમકતાં હતાં.
સૌમ્યતાના સુશોભનોથી
તેનું રૂપ અત્યંત મોહક બન્યું હતું.
તેણે મારા પર શું જાદુ કર્યો
તેની મને ખબર નથી.
પણ, મારી સમગ્રતામાંથી
દ્વેષભાવના વિષ નીચોવાઈને સૂકી ધરતીમાં
રોળાઈ ગયાં.
સ્તબ્ધપણે મારાથી પુછાઈ ગયું.
"મેડમ ! તમારી ઓળખાણ ?"
"ક્ષમા કુમારી..."
આટલું જ બોલીને
મોહક સ્મિત વેરતી તે પરી પેલી કાળજાંની
કોતરોમાં પાછી પુરાઈ ગઈ.

પ્રજ્ઞા પ્રબોધ પરિવારનાં પ્રકાશનો

પૂ. પંન્યાસ શ્રી મુક્તિવલ્લભવિજય મ.સા.ની કલમે...

- નિસર્ગનું મહાસંગીત — અપ્રાપ્ય
- ઢોળાયેલો આનંદ — અપ્રાપ્ય
- પળોનું સૌંદર્ય — અપ્રાપ્ય
- શબ્દોનું સૌંદર્ય
- બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિઆ
- સમાધિની સીડી
- હૃદયકંપ
- ક્ષણોનું સ્મિત — અપ્રાપ્ય
- મનનો મહોત્સવ — અપ્રાપ્ય
- મનને મહેંકતું રાખો
- ગૌતમ ગીતા
- ઊર્મિનો ઉત્સવ
- કૃતજ્ઞતાની કેડી

પૂ. મુનિરાજશ્રી ઉદયવલ્લભવિજય મ.સાની કલમે...

- સુખનું સરનામું
- શિક્ષણની સોનોગ્રાફી
- મનનો મેડિક્લેઈમ
- ઘરશાળા

ક્રોધનાં લક્ષણો
ક્રોધ ઉત્પન્ન થવાનાં કારણો
ક્રોધવિજયના ઉપાયો
ક્ષમાને આત્મસાત્ કરવાની ભાવનાઓ
ક્ષમાના વિવિધ પ્રકારો
આત્મવિકાસના માર્ગમાં ક્ષમાનું સ્થાન
આવી અઢળક સામગ્રીનો
રસથાળ એટલે

બુજ્ઝ ! બુજ્ઝ ! ચંડકોસિઆ

પ્રજ્ઞા પ્રબોધ પરિવાર